# ઉડતી નજરે....

**ઓક્ટોબર-૨૦૧૦ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | પ્રવૃત્તિ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા<br>શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ. | |
| | (અ) | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ..................<br>કે જેમાંથી | ૮,૮૬૦ |
| | (બ) | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ.................. ૪૫૨ | |
| | (ક) | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો .................. ૪૦ | |
| | (ખ) | મોતિયા - આંખના ઓપરેશન .................. ૧૩ | |
| | (ગ) | સોનોગ્રાફી .................. ૫૭૧ | |
| | (ઘ) | ટી.એમ.ટી. .................. | |
| | (ચ) | બોડી ચેક-અપ .................. ૨૨૫ | |
| | (છ) | અન્ય .................. ૭,૫૫૯ | |
| ૨. | | જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................. | ૨,૦૭૪ |
| ૩. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) અતિથિ ભવન,<br>પાલડી, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................. | ૯૬૫ |
| ૪. | | માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન,<br>ગીતા મંદિર, અમદાવાદ<br>કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................. | ૬૩૭ |
| ૫. | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ.................. | ૨,૯૭૦ |
| ૬. | | શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ .................. | ૬,૨૦૦ |
| | | ઓક્ટોબર-૨૦૧૦ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ.................. | ૨૧,૭૦૬ |

## ‘મંગલ મંદિર’ નિયમિત અંકોમાં જાહેરાતના દર

| વિગત | કુલ પાનું | અડધું પાનું | પા પાનું | બોટમ પટ્ટી |
|---|---|---|---|---|
| **બ્લેક એન્ડ વ્હાઈટ** | રૂા. ૧,૫૦૦ | રૂા. ૧,૦૦૦ | રૂા. ૬૦૦ | રૂા. ૨૫૦/- |
| **મલ્ટી કલર** | રૂા. ૪,૦૦૦ | રૂા. ૨,૫૦૦ | રૂા. ૧,૫૦૦ | – |

- આપશ્રી આપના ધંધાની જાહેરાત ભારતભરના મુખ્ય શહેરોમાંના મુખ્યત્વે કચ્છી સમાજોમાં કરાવી શકશો.
- દરેક અંકનું સૌજન્ય રૂા. ૫૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. વહેલા તે પહેલાના ધોરણે ‘સૌજન્ય’નો સ્વીકાર કરવામાં આવશે.

*મુખ્ય તંત્રી, મંગલ મંદિર,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*સો શિક્ષક કરતા એક માતા ચડે... સદ્‌ગુણ સંસ્કાર આપી બાળકને ઘડે.*

# આગામી કાર્યક્રમો

| | તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● | શનિવાર, તા. ૧૮-૧૨-૨૦૧૦<br>બપોરના ૩.૦૦ વાગે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રીમતી લીલાવતીબહેન નવીનચંદ્ર વેરશી હરિયા મહિલા ઉત્કર્ષ સમિતિ આયોજિત વન મિનિટ્સ ગેઈમ તેમજ અન્ય અવનવી ગેઈમ્સ તથા હાઉસી રમાડવાનો કાર્યક્રમ. |
| ● | રવિવાર, તા. ૧૯-૧૨-૨૦૧૦<br>સવારે ૧૦.૦૦થી સાંજના ૪.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત સમાજના સભ્યોના ધોરણ-૯ તથા ૧૦માં ભણતા બાળકોના એપ્ટિટ્યૂડ ટેસ્ટ |
| ● | શનિવાર, તા. ૨૫-૧૨-૨૦૧૦<br>સવારમાં ૯.૩૦થી સાંજના ૬.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન, પાલડી<br>અમદાવાદથી સવારે ૯.૩૦ વાગે પ્રયાણ | યુવા વિકાસ સમિતિ આયોજિત ઔદ્યોગિક પ્રવાસ. |
| ● | રવિવાર, તા. ૨૬-૧૨-૨૦૧૦<br>સવારે ૧૦.૦૦થી બપોરના ૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ આયોજિત સમાજના સભ્યોના ધોરણ-૧૧ તથા ૧૨માં ભણતા બાળકોના એપ્ટિટ્યૂડ ટેસ્ટ |
| ● | મંગળવાર, તા. ૪-૧-૨૦૧૧<br>વહેલી સવારે | અમદાવાદ રેલવે સ્ટેશનેથી<br>ટ્રેઈન દ્વારા ઇંદોર. | વયસ્ક સમિતિ આયોજિત મધ્ય પ્રદેશમાં નાગેશ્વર પાર્શ્વનાથ વગેરે સ્થળે ત્રિ-દિવસીય યાત્રા પ્રવાસ. |
| ● | રવિવાર, તા. ૯-૧-૨૦૧૧<br>સવારમાં ૯.૩૦ વાગે | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન. | વર્ષ ૨૦૧૦ દરમ્યાન અવસાન પામેલ, સમાજના આપ્તજનોને શ્રદ્ધાંજલિ સ્વરૂપે સમૂહ પ્રાર્થના. |
| ● | રવિવાર, તા. ૯-૧-૨૦૧૧<br>સવારમાં ૯.૩૦થી ૧૨.૩૦ | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન. | દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ આયોજિત તથા ગુજરાત કેન્સર સોસાયટી - અમદાવાદ અને રેડ ક્રોસ સોસાયટી - અમદાવાદના સૌજન્યથી બ્લડ ડોનેશન કેમ્પ. |
| ● | બુધવાર, તા. ૨૬-૧-૨૦૧૧<br>સવારમાં ૯.૦૦ વાગે | પટાંગણ, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી. | પ્રજાસત્તાક દિને ધ્વજવંદન કાર્યક્રમ. |
| ● | રવિવાર, તા. ૨૬-૧-૨૦૧૧<br>સવારમાં ૯.૩૦થી ૧૨.૩૦ | શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર, શ્રી કચ્છી જૈન ભવન. | દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ આયોજિત તથા ગુજરાત કેન્સર સોસાયટી - અમદાવાદ અને રેડ ક્રોસ સોસાયટી - અમદાવાદના સૌજન્યથી બ્લડ ડોનેશન કેમ્પ. |

**'મંગલ મંદિર'ના લવાજમના દરો : ● ૧વર્ષના : રૂા.૧૫૦/ ● ૩ વર્ષના : રૂા.૪૦૦/- ● ૫ વર્ષના : રૂા. ૬૦૦ ● આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નામનો ચેક (**Payable at AHMEDABAD**) / ડ્રાફ્ટ મોકલવા વિનંતી.

## 'મંગલ મંદિર' લવાજમ સ્વીકારવાના સ્થળો

- **અમદાવાદ** શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, ૪૩/૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧, ૨૬૫૭ ૭૪૬૮
- **ગાંધીધામ** લબ્ધિ મોમાયા. શ્રી ભલારા દાદા એસ્ટેટ એજન્સી, શોપ નં.-૨૨, પ્લોટ નં.-૨૨૨, નૈતિક કોમ્પ્લેક્સ, જૈન દેરાસર રોડની બાજુમાં, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧. મો. ૦૯૮૨૫૩ ૫૧૦૦૧
- **ભુજ** હરનીશ સી. મહેતા, C/o. ક.વી.ઓ. જૈન મહાજન, અમરસન્સ ભવન, ડુંગરશી ટોકરશી વોરા માર્ગ, જી.ઈ.બી. હેડ ઓફિસની સામે, વિજયનગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૫૫૩૧૮, મો. ૦૯૪૨૮૫ ૬૬૬૭૦
- **ભુજ** અશ્વિન તલકશી શાહ,C/o. જૈન ટ્રાવેલ્સ, પાંજરાપોળ શેરી, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : ૦૨૮૩૨-૨૫૨૭૫૯, મો. ૯૪૨૬૯ ૩૧૮૨૬
- **રાજકોટ** જિતુભાઈ છગનલાલ શાહ, "વિરાગ", ૩, મહાવીર સોસાયટી, નિર્મલા સ્કૂલ પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૮. ફોન : ૦૨૮૧-૨૪૭૬૩૬૦
- **વડોદરા** નીતિન નાનજી હરિયા, ૨૧, થોલાની સોસાયટી, કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮. ફોન : ૦૨૬૫-૨૪૩૯૭૮૪, મો. ૦૯૪૨૬૭ ૬૦૮૮૩
- **સુરત** જગદીશ રવિલાલ શાહ, ૭, શંખેશ્વર એપાર્ટમેન્ટ, સંગના સોસાયટી સામે, રાંદેર રોડ, સુરત-૩૯૫ ૦૦૯. મો. ૯૨૨૭૯ ૮૫૨૩૯
- **ભાત બજાર, મુંબઈ** શેઠિયા ટૂર્સ, ૨૫/ડી, ગ્રાઉન્ડ ફ્લોર, કેશવજી નાયક રોડ, ફૂવારાની સામે, ભાતબજાર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૭૭૩૬૩૬
- **ઘાટકોપર, મુંબઈ** રશ્મિન્ ખોના, સી-૧૩, ઈન્દ્રદીપ સોસાયટી, એલ.બી.એસ. રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોન : ૦૨૨-૨૫૧૧૩૯૩૦
- **ડોંબીવલી, મુંબઈ** રમણ શેઠિયા, વીરા શોપિંગ સેન્ટર, ત્રીજે માળે, સ્ટેશનની સામે, ડોંબીવલી (વેસ્ટ), મહારાષ્ટ્ર-૪૨૧ ૨૦૧. મો. ૦૯૮૧૯૭ ૨૩૬૬૩
- **ચેન્નાઈ** ભદ્રેશ વાડીલાલ શાહ, સ્વસ્તિક કલેક્શન, ૯૦/૧૭, પટની પ્લાઝા, એન.એસ. બોઝ રોડ, ચેન્નાઈ-૬૦૦ ૦૭૯. મો. ૦૯૮૪૦૧ ૩૬૦૩૭

# જલારામ અન્નક્ષેત્ર

જી.એમ.ડી.સી.ની સહાયથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે, શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું નિર્માણ, વર્ષ ૨૦૦૨માં શાહીબાગ - અમદાવાદ ખાતે કરેલ હતું. શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું નિર્માણ કરવા પાછળનો મુખ્ય ધ્યેય કચ્છથી અમદાવાદની સિવિલ હોસ્પિટલ તથા રાજસ્થાન હોસ્પિટલમાં સારવાર અર્થે પધારતા દર્દીઓ તથા તેમની સાથે આવેલ તેમના સગાસંબંધીઓ માટે રહેવા-જમવાની સગવડ પૂરી પાડવાનો રહેલ હતો. સાથે સાથે અન્ય હેતુસર અમદાવાદ પધારતા કચ્છીઓ માટે પણ અમદાવાદના તેમના રોકાણ દરમ્યાન રહેવા-જમવાની સગવડતા પૂરી પાડવાનો રહેલ હતો.

આટલા વર્ષના અનુભવે એ જાણવા મળ્યું કે કચ્છથી સારવાર અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં દરરોજ અનેક દર્દીઓ પધારે છે અને તેમાંના મોટાભાગના દર્દીઓ કેન્સરની બીમારીમાં સપડાયેલ હોય છે. આમાંના મોટા ભાગના દર્દીઓ બી.પી.એલ. કક્ષાના અથવા તો ખૂબ જ ગરીબ હોય છે કે જેઓને સારવાર-રહેવા-જમવાનો ખર્ચ પરવડતો નથી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, પોતાનાથી બને તેટલા પ્રયાસો આ દર્દીઓની સહાય માટે કરતું આવેલ છે.

એ દરમ્યાન શ્રી એલ.ડી. શાહ, શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટ - મુંબઈનો પત્ર આવેલ, કે જેમાં તેઓશ્રીએ, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર કચ્છથી સારવાર અર્થે અમદાવાદ આવતા આ પ્રકારના દર્દીઓ માટે સેવા ભાવનાના હેતુથી "જલારામ અન્નક્ષેત્ર" શરૂ કરવા જણાવેલ. અને જો સમાજ તેઓશ્રીની ઑફર સ્વીકારે તો તેઓ આ અંગે સારા એવા અનુદાનની ઑફર પણ મોકલેલ હતી.

સમાજે તેમની ભાવનાની કદર કરી, તેમની ઑફરનો સ્વીકાર કરેલ છે અને તેના અનુસંધાને તેઓશ્રીએ રૂા. ૧૦.૦૦ લાખની રકમ આ સમાજ પર મોકલી પણ આપેલ છે.

'કોટિ વૃક્ષ અભિયાન'વાળા કચ્છ બિદડાના શ્રી એલ.ડી. શાહ, યાને જલારામ ટીમ્બર ડેપો પ્રા.લિ. - દાદરના સર્વેસર્વા શ્રી એલ.ડી. શાહ યાને શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી એલ.ડી. શાહને તથા તેમના ધર્મપત્ની શ્રીમતી સાકરબાઈને તથા તેમના સુપુત્રોને તેમના આ સરાહનીય કૃત્ય બદલ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવે છે.

**તા. ૧-૧૨-૨૦૧૦થી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ પર "શ્રી જલારામ અન્નક્ષેત્ર" શરૂ કરવામાં આવેલ છે અને આ અભિયાન હેઠળ કચ્છથી પધારતા જરૂરિયાતવાળા દરેક દર્દી તથા તેમની સાથે આવેલ તેમના સગા-સંબંધીને વિનામૂલ્યે જમાડવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

આ અહેવાલ દ્વારા સાધન સંપન્ન તથા દાનવીર સદ્‌ગૃહસ્થોને અપીલ કરવામાં આવે છે કે તેઓ પણ આ વિભાગમાં પોતાનું દાન "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ" પર શક્ય વધુ પ્રમાણમાં મોકલી આપે કે જેથી ભવિષ્યમાં ભંડોળના અભાવના કારણે આ પ્રવૃત્તિમાં બાધ ના આવે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેના આ સોપાન દ્વારા તેની સેવાકીય પ્રવૃત્તિઓમાં એક વધુ પ્રવૃત્તિનો ઉમેરો કરે છે અને દાનવીર જનતાને અપીલ કરે છે કે તેઓ પણ તેમના આર્થિક સહયોગના સહકારથી "જલારામ અન્નક્ષેત્ર"ના દાનની ઝોળી છલકાવી દે. જેથી ભવિષ્યમાં આ પ્રવૃત્તિને ઊની આંચ પણ ન આવે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને આપેલ દાન કલમ-૮૦જી હેઠળ અનુદાનને પાત્ર છે.

**પ્રતાપ નારાણજી દંડ**

**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## ભારતની આઝાદી અગાઉના મહામૂલ્ય કચ્છ ગેઝેટ્સ – સી.ડી. સ્વરૂપે

જે સદ્‌ગૃહસ્થોને ઐતિહાસિક અને જૂની વિગતોનો અભ્યાસ કરવાની ઈચ્છા હોય તેવા રસ ધરાવનાર સજ્જનો માટે શ્રી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદે એક યોગ્ય વ્યવસ્થા ગોઠવેલ છે.

કચ્છના અપ્રાપ્ય મહામૂલા અને ઐતિહાસિક ગેઝેટ્સના ૫૯ વોલ્યુમ કે જેના દરેક વોલ્યુમના અંદાજિત ૩૦૦ પાના હોય તેને એક સી.ડી. સ્વરૂપે સંગ્રહી, આ વારસો જાળવી રાખેલ છે. આ ગેઝેટ્સ ઈ.સ. ૧૮૭૭થી ૧૯૫૫ સુધીના સમયગાળા દરમ્યાનના છે.

જેઓને પણ આ વિગતમાં રસ હોય અને લગભગ ૧૭,૦૦૦થી ૧૮,૦૦૦ પાનામાં સંગ્રહાયેલ હકીકતોનો અભ્યાસ કરવાની ઈચ્છા હોય તેઓને આ સી.ડી. માત્ર રૂા. ૧૦૦/-ની કિંમતે વિતરણ કરવામાં આવનાર છે.

આ પ્રકારની સી.ડી. મેળવવા ઈચ્છનાર, રૂા. ૧૦૦/- નીચેના સરનામે મોકલી તેમની સી.ડી. મેળવી શકે છે.

**શ્રી કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ**
C/o. શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૭૭૪૬૮, ૨૬૫૭૯૪૬૮.

***પ્રતાપ નારાણજી દંડ***

***સેક્રેટરી, કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ***



~~નરેન્દ્ર મોદી સાહેબ ને લખો..!!~~
પાંચ કરોડ ભલે પાછા મળ્યા...
એ બદલામાં અહીં મોટેલ આપો... અહીં
ફાઈવસ્ટાર હોટલ – મલ્ટીપ્લેક્ષ સિનેમા –
શોપિંગ મોલ બનાવવાનો નિર્ણય.!!



નગરપાલિકાના પ્રમુખનું "રસ્તાઓ
નાં ધોવાણ" ને લીધે પડી જતા ખાડાઓ
પૂરવા માટે ધ્યાન દોરાયું... પણ દાદાઓ
મળતાં એમેય પણ મુંબઈના નગરસેવકોની
જેમ રસ્તાઓના ખાડામાં "વૃક્ષારોપણ"
કરવાનું નક્કી કર્યું છે...!!



આમેય હું અંગરક્ષક વગર ક્યાંયે નીકળતી
નિકળતી જ નથી... પણ આ મોંઘવારીમાં
જેમ-જેમ ભાવ વધ્યા એ અંગરક્ષકો
નાકાછુટા થાય તે માટે "ધાણાભાજી" લેવા
મોટરકાર આવી છું..!!



આ તો લોકશાહીનું અપમાન છે...
આપણા પગાર ભથ્થાં વધતાં દેશના એવે
પેટમાં દુઃખતું હોય તેવા જાહેરાતને
છ વરસ માટે મતાધિકાર આપવામાં એ
બરતરફ કરી નાંખો !!






તમે કાર્ટૂન બનાવીને ~~[illegible]~~ કુદરતે
ગામને ભેટ આપ્યું હતું... એના બદલામાં
માં ઓફિસમાંથી સમાજ આપ્યું છે...
ઓફિસવાળા કોઈ ભાઈ...

બચપણમાં જેણે તમને પાળ્યા... ઘડપણમાં જો એના હૈયા બાળ્યા, તો યાદ રાખજો દીકરાઓ... તમારા ભાગ્ય મરી પરવાર્યા.

છેલ્લા ૩૫ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchi_jainamd@hotmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**
અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
સૂરજલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
પોપટલાલ નેણશી ધરોડ (૦૭૯-૨૭૪૮૫૮૧૨)

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**શબ્દ રમત**
સૂરજલાલ મોતીલાલ મહેતા (૦૭૯-૨૬૬૧૨૦૮૯)

**મંગલમંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ**
ચંદ્રા મહેન્દ્ર શાહ

**લેખકોને નમ્ર વિનંતી**

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

*લેખ* — *લેખક* — *પાના નં.*

- તંત્રી લેખ : ભ્રષ્ટાચાર પેદા કરતી પદ્ધતિ કઈ રીતે નાબૂદ કરી શકાય? .............. અશોક મહેતા ...... ૧૧

*લેખ વિભાગ :*

## કચ્છ

- કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ પ્રાયોજિત કચ્છમાં આર્કિટેક્ચરલ કૉલેજ ............પ્રતાપ નારાણજી દંડ ...... ૧૫
- કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત (પ્રકરણ-૧૫) જૈન સ્ત્રીઓની સામાજિક સ્થિતિનું યથાર્થ દર્શનરૂપ નવલકથા – "વિદ્યાચંદ્ર અને સુમતિ" ......... ડૉ. નીતા ઠાકર ...... ૧૯
- ઝારાનો ભીષણ સંગ્રામ : છેલ્લા અંગારા (પ્રકરણ-૧૮) .................... ઠાકરશી પુરુષોત્તમ કંસારા ...... ૨૧

## વિચાર-મંથન

- સત્યની શોધ અને સ્વીકાર – ૧ .................... મુરજી ગડા ...... ૨૩
- 'ખુદ કો કર બુલંદ ઈતના....' .................... ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૨૫
- પગ ખેંચવા કરતા પીઠ થાબડવી સારી અને સહેલી ........................ ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૨૭

## વિચાર-વિમર્શ

- સમાજસેવા કરતી સંસ્થાઓ અખાડો બનવી જોઈએ નહીં .................... રસિક શુક્લ ...... ૨૯
- જળ, જમીન અને જંગલ .................... એલ. ડી. શાહ ...... ૩૦

## માહિતી

- મારો વાંચન પ્રેમ .................... કાંતિ ભટ્ટ ...... ૩૧
- મેનેજમેન્ટ .................... ત્રિલોક ઠાકર ...... ૩૩
- મેડિક્લેઈમ ઈન્સ્યુરન્સ .................... સી.એ. પુષ્પા અશોક શાહ ...... ૩૪
- બુક્સની કેર કરો .................... ૩૫

## સમાજ દર્પણ

- નવા વરસમાં ભાઈચારાની ભાવના વિકસાવીએ .................... પ્રા. પૃથ્વી શાહ ...... ૩૯
- 'પગમેં ભમરી' લઈને રઝળતા રાજવી .................... કેશુભાઈ દેસાઈ ...... ૪૦

## સાહિત્ય આચમન

- કચ્છી ભાષાના સર્વાંગી વિકાસ માટે સહિયારા પ્રયાસો જરૂરી કચ્છી શબ્દકોશની પ્રથમ જરૂરિયાત .................... ચંદ્રવદન જી. મહેતા ...... ૪૧

## વ્યક્તિ વિશેષ

- વ્યક્તિ વિશેષ : કુસુમબહેન શશીકાંત વીરા .................... પ્રિયંકા વિસરિયા ...... ૪૩
- વ્યક્તિ વિશેષ - સમાજનું ગૌરવ : ડૉ. વિનોદ કે. શાહ .................... ડૉ. ગિરીશ વીછીવોરા ...... ૪૪
- ભારતની પ્રથમ મહિલા પ્રેસ ફોટોગ્રાફર : હોમાય વ્યારાવાલા .................... જિતેન્દ્ર વી. શાહ ...... ૪૫

## જીવન ચરિત્ર

- વિરલ વાદ્યના વિરલ વાદક : સુલેમાન જુમ્મા .................... સંજય પી. ઠાકર ...... ૪૭

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
ઘર : ૩૦૧૫ ૦૦૨૨, મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી કાંતિલાલ વેલજી સાવલા
ઘર : ૨૬૫૬૩૩૩૩/૨૬૪૪૯૯૪૪
મો. ૯૮૨૫૦ ૩૬૬૫૧

**ઉપપ્રમુખ-૨**
શ્રી નવીનચંદ્ર વેરશી હરિયા
ઘર : ૨૬૭૫ ૧૪૧૫, ઓ. ૨૭૫૭ ૩૩૬૬
મો. ૯૮૨૫૦ ૦૭૨૫૪

**માનદ્ મંત્રી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૨૬૪૦૫૦૪૭, ઓ. : ૨૬૪૦૧૭૩૫/૪૨
મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
(ઘર) ૨૬૬૦૩૪૫૮, (ઓ) ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ (ઘર) ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## તંદુરસ્તી


- બે બીમારીઓ (તન તથા મનની) સાથે હોવી ..... ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) ...... ૪૯
- શસ્ત્રક્રિયા દરમ્યાન પીડામુક્ત કરતું અદ્ભુત રસાયણ : એનેસ્થેશિયા ............... પ્રા. મનોજ જગતાપ ...... ૫૨
- એલર્જીના લક્ષણો અને નિદાન ............ ડૉ. હર્ષદ વી. કામદાર ...... ૫૪
- બાયપાસથી બચવા માટેના પ્રયોગો ............ વલ્લભજી હીરજી 'કેવલ' ...... ૫૫
- ન્યુટ્રીશન ............ શૈલજા મધુકર અંગારે ...... ૫૬
- યોગ ............ કેપ્ટન મધુકર અંગારે ...... ૫૭


## વાર્તા


- કાબુલી ............ રવીન્દ્રનાથ ટાગોર ...... ૫૯
- મનની આંખ ............ પ્રા. પૃથ્વી શાહ ...... ૬૩
- બા નો જનમ દિવસ ............ શાંતિલાલ સંઘવી ...... ૬૪


## હળવાશની ક્ષણોમાં


- નિરંજન ત્રિવેદીના વાઈડ બોલ... ............ નિરંજન ત્રિવેદી ...... ૬૬
- લખે ગુજરાત ............ ચિત્રસેન શાહ ...... ૬૭
- બાલુડેં જ્યું ગાલિયું ............ સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા ...... ૭૦


## મહિલા વિશ્વ


- રેસીપી – જૈન વાનગી માટે ............ સુરભિ નીરવ વસા ...... ૭૧


## નિયમિત વિભાગો


- આંજો કાગર ............ ૭૨
- અન્ય સંસ્થાઓના સમાચાર ............ ૭૬
- મંગલ મંદિર – પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ ............ સંકલન : ચંદ્રા મહેન્દ્ર શાહ ...... ૭૯
- 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ ............ ૮૦
- 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોનું લિસ્ટ ............ ૮૧
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો - સાભાર સ્વીકાર ......... ૮૩
- સાર સમાચાર ............ સંકલન : શાંતિલાલ સંઘવી ...... ૮૭
- જાણવા જેવું ............ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૮
- શબ્દ રમત-૫૫ ............ સંકલન : સૂરજલાલ મહેતા ...... ૮૯
- સુડોકુ – ૧૦૧૨ ............ હરખચંદ સાવલા ...... ૯૧
- વલોવતન ............ સંકલન : પોપટલાલ નેણશી ધરોડ ...... ૯૨
- સમાજ દર્પણ ............ ૯૫
- સંસ્થા સમાચાર ............ ૯૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ............ ૧૧૬


Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Print Vision,** Nr. Parimal Garden, Ambawadi, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## ભ્રષ્ટાચાર પેદા કરતી પદ્ધતિ કઈ રીતે નાબૂદ કરી શકાય?

*– અશોક મહેતા*

સવારમાં ઊઠીને વર્તમાનપત્રો હાથમાં લઈએ તો તેના પાના ને પાના ભ્રષ્ટાચારીઓની વાતોથી છવાઈ જતા દેખાય. દરરોજ નવા નવા ફણગા ફૂટતા દેખાય અથવા તો નવી નવી વાતો બહાર આવતી દેખાય. નીત નવા ભ્રષ્ટાચારો પણ ફૂટી નીકળતા દેખાય. તેઓની કડકથી કડક શબ્દો દ્વારા આલોચના પણ થતી હોય.

પરંતુ દરેક ભ્રષ્ટાચારી, શતરંજની રમતના પ્યાદા માત્ર હોય છે. આ પ્યાદાઓને સજા કરવાથી ભ્રષ્ટાચાર નાબૂદ થવાનો નથી. જેટલા પ્યાદાને હડસેલવામાં આવશે, તેની જગ્યાએ નવા પ્યાદા આવી જશે.

**ભ્રષ્ટાચારને કઈ રીતે નાબૂદ કરવો તેની વિચારણા કરતા અગાઉ આ ભ્રષ્ટાચારીઓના કરતૂતો પર એક નજર નાખી લઈએ.**

આપણે શરૂઆત કરશું શતરંજ (ભ્રષ્ટાચાર)ની રમતના કિંગ અને ક્વીનથી.

ભૂતપૂર્વ કાયદા પ્રધાન અને હાલના જનતા પક્ષના અધ્યક્ષ શ્રી સુબ્રમણ્યમ સ્વામીએ ટેલિકોમ પ્રધાન એ.રાજા સામે કાનૂની કાર્યવાહી કરવા પ્રધાનમંત્રી પાસે પરવાનગી માંગી. કાયદા મુજબ ત્રણ મહિનામાં આ પત્રનો જવાબ આપવાના બદલે ૧૬ મહિના સુધી તેઓએ ચૂપકીદી સેવી અને ત્યારબાદ નાછૂટકે જવાબ આપ્યો. જ્યારે સુપ્રીમ કોર્ટે આ હકીકતની કડક આલોચના કરી પૂછ્યું કે પ્રધાન મંત્રીએ કાયદા મુજબ ૩ મહિનામાં જવાબ આપવાના બદલે ૧૬ મહિના સુધી ચૂપકીદી કેમ સેવી? આ પ્રશ્નનો સીધો મતલબ એ થાય કે પ્રધાન મંત્રી કાં તો ભ્રષ્ટાચારી પ્રધાનની વિરુદ્ધ કામ ચલાવાય તેમ ઈચ્છતા ન હતા અથવા તો તેમના ખુદના હિતને પણ તેથી નુકસાન પહોંચતું હોય. પરંતુ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની દલીલના જવાબમાં જેમને સીધા, સાદા અને પ્રામાણિક ગણવામાં આવે છે એ પ્રધાન મંત્રીશ્રીની ધૃષ્ટતા તો જુઓ! આ પ્રશ્નથી લાજી મરવાના બદલે તેમણે તેમના વકીલ દ્વારા સુપ્રીમ કોર્ટમાં જવાબ મોકલાવ્યો કે "કાયદા મુજબ પ્રથમ તો ફરિયાદીએ સુપ્રીમ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવી જોઈએ. ત્યારબાદ ન્યાયાધીશને એ પ્રથમદર્શી કેસ જણાય તો પ્રધાન મંત્રીશ્રીને પૂછાવી શકાય કે તેઓ આ કેસ કોર્ટમાં દાખલ કરવાની પરવાનગી આપવા માંગે છે કે નહીં? ફરિયાદીએ આવી કોઈ વિધિ કરેલ નહીં, તેથી જવાબ આપવાનું અમે મુનાસિબ માનેલ નહીં."

જ્યારે ભગવાનશ્રી રામે સીતાની અગ્નિ પરીક્ષા લેવાનું નક્કી કર્યું ત્યારે તેમના મનમાં એ વાત હતી કે સીતા માત્ર પવિત્ર હોય તેવું નહીં પરંતુ પ્રજાને પણ પ્રતીતિ થવી જોઈએ કે તે પવિત્ર છે. દલીલને ખાતર માની લો કે ટેલિકોમ મંત્રી અણિશુદ્ધ હોય તો પણ પ્રધાન મંત્રીશ્રીને એ સમજાવવું પડશે કે સત્તા પર બેસનાર વ્યક્તિ માત્ર પ્રામાણિક હોવી જોઈએ તેવું નહીં પરંતુ પ્રજાની દૃષ્ટિએ પણ તેની પ્રામાણિકતાની પ્રતીતિ થવી જોઈએ! પ્રધાનમંત્રીશ્રી ૧૬ મહિના સુધી મૌન જાળવવાના બદલે ફરિયાદીને આ કાયદાકીય વિગત જણાવી શકત પરંતુ તેઓશ્રીએ તે પણ કરેલ નથી! તેથી ફલિત થાય છે કે પ્રજાની દૃષ્ટિએ પ્રધાનમંત્રીશ્રી પણ શંકાના ઘેરાવામાં આવી જાય છે... આ થઈ શતરંજની રમતના કિંગની વાત.

હવે આપણે આવીએ કિંગથીયે અધિક એવા ક્વીન (વજીર)ની વાત પર.

શ્રી સુબ્રમણ્યમ સ્વામીને વર્તમાનપત્રોમાં એવું કહેતા ટાંકવામાં આવેલ છે કે કથિત ટેલિકોમ કૌભાંડમાં રૂા. ૬૦,૦૦૦ કરોડની રુશવત લેવામાં આવેલ છે કે જેમાંથી ૧૦ ટકા એ. રાજાને, ૩૦ ટકા તામિલનાડુના મુખ્યમંત્રી એમ. કરુણાનિધિને અને બાકીના ૬૦ ટકા સોનિયા ગાંધીની બે બહેનો નાદિયા અને અનુષ્કાને મળેલ છે. રાણી સાહેબાએ હજુ સુધી આ ચેલેન્જનો કોઈ જ જવાબ આપેલ નથી.

સમયે સમયે ભારત દેશમાં ભ્રષ્ટાચાર થતો જ આવેલ છે. જેમ જેમ ભારત પ્રગતિ કરતા આગળ વધતો રહે છે તેમ તેમ દેશમાં ભ્રષ્ટાચાર પણ આગળને આગળ વધતો રહેલ છે. ૧૯૫૦ના દાયકામાં નટવરલાલથી વિખ્યાત ધર્મા તેજાએ ભ્રષ્ટાચાર આદરેલ હતો. એ અરસામાં પંજાબના મુખ્યમંત્રી શ્રી પ્રતાપસિંહ કૈરોનની વાતો પણ ખૂબ ચગેલી. ખુદ નહેરુના જમાઈ (ઇંદિરા ગાંધીના પતિ)એ સસરાજી નહેરુ સમક્ષ ધા નાંખેલ હતી. પરંતુ એ વાતને ધ્યાનમાં લેવામાં આવેલ ન હતી. નહેરુજીએ એ ભ્રષ્ટાચાર દાબવા કોઈ પગલાં ન લીધા. તેથી એવું માની શકાય કે તેઓ આ બાબતે નિષ્ક્રિય રહ્યા અથવા તો એ ભ્રષ્ટ નાણા, પક્ષ માટે એકત્રિત કરવામાં આવેલ હોય. એ સમયના વી.કે. મેનનનું જીપ પ્રકરણ અને કાશ્મીરના શેખ અબ્દુલ્લાના ભ્રષ્ટાચાર તો લોકો આજે પણ યાદ કરે છે. ત્યારબાદના જમાના માટે એવું કહેવાય છે કે વિદેશોમાં થતા સંરક્ષણ સોદામાં તત્કાલીન

*બચપણમાં જે દીકરા મા-બાપને બોલતા શીખવે છે, એ જ દીકરા ઘડપણમાં મા-બાપને ચૂપ રહેતા શીખવે છે.*

પ્રધાન મંત્રી ઈંદિરા ગાંધીએ કટકી રાખીને ભ્રષ્ટાચાર આદરેલ (કદાચ આ નાણા પક્ષમાં વાપરવા માટે હોય). રૂા. ૬૪ કરોડના બોફોર્સ કૌભાંડમાં ત્યારના પ્રધાન મંત્રી રાજીવ ગાંધી સલવાયા. ૯૦ના દાયકામાં નરસિંહરાવ સરકારના ટેલિકોમ મંત્રી સુખરામના હિમાચલ પ્રદેશના ઘર પર દરોડો પાડતાં રૂા. ૪.૨૫ કરોડની ચલણી નોટો મળી આવેલ હતી. તેમના પર કેસ ચાલતા તેમને ત્રણ વર્ષની સજા પણ થયેલ. તેમ છતાં પાછળથી ભાજપ - કોંગ્રેસ એમ બંનેએ તેમનો સહકાર મેળવેલ હતો. રાજકારણીઓ ભ્રષ્ટાચારને કદાચ લાંછનરૂપ નહીં ગણતા હોય કેમકે સામાન્યપણે આ નાણા પક્ષ માટે ઉઘરાવાતા હોય છે. પાછળથી ભ્રષ્ટાચારીને લાલચ થઈ આવે અથવા દાનત બગડે એ અલગ વાત છે. સુખરામ બાદ એન.ડી.એ.ના જમાનામાં રામવિલાસ પાસવાન ટેલિકોમ મંત્રી તરીકે ખરડાયેલ. પરંતુ ત્યારબાદ ભાજપી પ્રમોદ મહાજને તો બધા જ પ્રકારની હદ વટાવી દીધેલ. લશ્કરનું કોફીન કૌભાંડ પણ બહાર આવેલ. ઝારખંડી મુખ્ય પ્રધાન ૪૦૦૦ કરોડના ભ્રષ્ટાચારમાં સંડોવાયેલ. યુ.પી.એ. – એકના સમયે જ્યારે સી.પી.આઈ.એ કેન્દ્રમાંથી કોંગ્રેસને આપેલ ટેકો પાછો ખેંચ્યો ત્યારે કોંગ્રેસે લાલુ પ્રસાદ, મુલાયમસિંહ અને માયાવતીનો સહકાર મેળવીને નાણા કોથળી છૂટી મૂકી દીધેલ હતી. આ નાણાની બેગ ભરીને ચાલુ લોકસભામાં નોટોના બંડલો બતાવવામાં આવેલ કે જેને ટી.વી. પર દેશની સારીયે જનતાએ નિહાળેલ હતા. કહેવાય છે કે લોકસભામાં પ્રશ્નો પૂછવાના પણ આ ભ્રષ્ટ નેતાઓ નાણા લેતા હતા. સ્પેક્ટ્રમ ૨-જી ના કૌભાંડમાં એ. રાજાના ભ્રષ્ટાચારનો આંકડો રૂા. ૧,૭૬,૦૦૦ કરોડ જેટલો બોલાય છે. એન.સી.પી.ના શરદ પવાર પણ ભ્રષ્ટ નીતિના કારણે ખૂબ જ વગોવાયેલ છે. શરદ પવારની પુત્રી સુમિત્રા પણ કરોડપતિ સાંસદ બની ગયેલ છે. કોમનવેલ્થ ગેઈમ્સમાં સુરેશ કલમાડીનો ભ્રષ્ટાચાર રૂા. ૮૦,૦૦૦ કરોડ જેટલી ખર્ચની રકમને અસર કરે છે. ત્યારબાદ આવે છે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી અશોક ચવ્હાણનો આદર્શ સોસાયટી કૌભાંડ. ભાજપના કર્ણાટકી મુખ્યપ્રધાન યેદીયુરપ્પા રૂા. ૨૦ કરોડના જમીન કૌભાંડમાં સંડોવાયેલા જાહેર થયેલ છે. ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી શ્રી અમિત શાહ ખંડણી અને નકલી એન્કાઉન્ટરમાં સલવાયા છે. તાજેતરમાં જ સ્વીસ બેંક એસોસિએશને જાહેર કરેલ છે કે તેમની બેંકોમાં સૌથી વધુ વિદેશી નાણા ભારતના ખાતેદારોના રૂા. ૬૫,૨૨૩ અબજ રૂપિયા જમા છે. આ નાણા ભ્રષ્ટ રાજકારણીઓના, અમલદારોના, ઉદ્યોગપતિઓના, વ્યાપારીઓના અને માફિયાઓના હોવાનું મનાય છે.

૧૯૫૦થી ૨૦૧૦ના ૬૦ વર્ષના સમયગાળા દરમ્યાન આવા તો અનેક ભ્રષ્ટાચારીઓ આવી ગયા. સ્ટેજ પર આવી દરેકે પોતાનો રોલ ભજવ્યો. અત્યાર સુધી કોઈની પણ સામે તેના પક્ષે કોઈપણ જાતના પગલા લીધા નથી કે નથી કોઈને સજા થઈ. મતલબ સ્પષ્ટ છે કે મોટાભાગના કિસ્સામાં નાણા, પક્ષ માટે ઉઘરાવાતા હોય.

ઉપર વર્ણવેલ તાજેતરના ભ્રષ્ટાચારો પોતાના માટે અસહ્ય બનતા અન્ના હઝારે, કિરણ બેદી, મલ્લિકા સારાભાઈ, સ્વામી અગ્નિવેશ, બાબા રામદેવ, જસ્ટિસ ટેવાટિયા તથા અરવિંદ કે. જરીવાલ જેવા પ્રતિષ્ઠિત નાગરિકોએ પ્રધાનમંત્રી શ્રી મનમોહન સિંઘને એક ખુલ્લો પત્ર લખીને ભ્રષ્ટાચારીઓ સામે કામ ચલાવવા અપીલ કરેલ છે. પરંતુ સત્તા પક્ષ કે વિપક્ષના રાજકારણીઓને નાણાની અપરંપાર જરૂરિયાત હોય ત્યારે તેઓ નાણા ઊભા કરવાના આ સાધન સામે પગલાં કેમ લઈ શકશે?

**ભ્રષ્ટાચારના ઉપાયની ચર્ચા કરતા અગાઉ આપણે રાજકીય પક્ષોની વાર્ષિક આવક તથા તેમની સ્થાવર તથા જંગમ મિલકત પર એક દૃષ્ટિપાત કરી લઈએ.**

## • વિવિધ રાજકીય પક્ષોની વાર્ષિક આવક :

કોંગ્રેસ જ્યારે સત્તા પર ન હતો ત્યારે ૨૦૦૧માં તેની આવક જે રૂા. ૭૦ કરોડ હતી તે ૨૦૦૨માં રૂા. ૬૧ કરોડ થઈ ગઈ. ૨૦૦૩માં તેની આવક રૂા. ૫૩ કરોડે પહોંચી. જ્યારે ૨૦૦૪માં તે સત્તા પર આવતા તેની આવક રૂા. ૨૨૨ કરોડે પહોંચી. ૨૦૦૮-૦૯માં તેની આવક રૂા. ૪૯૭ કરોડ પર પહોંચી ગઈ.

ભાજપ ૨૦૦૧થી ૨૦૦૩ સત્તા પર હોતા તેની વાર્ષિક આવક ૨૦૦૧માં રૂા. ૪૫ કરોડ હતી તે ૨૦૦૨માં રૂા. ૫૦ કરોડ થઈ અને ૨૦૦૩માં તેની આવક રૂા. ૯૧ કરોડ જેટલી થઈ ગઈ. ૨૦૦૫માં સત્તા પરથી ઉતરી જતાં તેની આવક રૂા. ૩૯ કરોડ સુધી નીચે ઉતરી ગઈ.

ઉત્તર પ્રદેશમાં માયાવતીના બસપાની આવક જ્યારે તે ૨૦૦૧માં સત્તા પર ન હતો ત્યારે રૂા. ૬ કરોડ પર હતી. પરંતુ ૨૦૦૭માં એ સત્તા પર હતો ત્યારે તેની આવક રૂા. ૭૦ કરોડ પર પહોંચી ગઈ.

૨૦૦૮માં કોંગ્રેસની આવક રૂા. ૪૯૭ કરોડ, ભાજપની આવક રૂા. ૧૨૫ કરોડ, સી.પી.એમ.ની આવક રૂા. ૬૩ કરોડ, સ.પા.ની આવક રૂા. ૩૯ કરોડ, એન.સી.પી.ની આવક રૂા. ૪૦ કરોડ અને રા.જ.દ.ની આવક રૂા. ૪ કરોડ હતી.

આ રીતે રાજકીય પક્ષો જ્યારે સત્તા પર હોય ત્યારે તેની આવકમાં ધરખમ વધારો થઈ જતો હતો. પરંતુ જ્યારે તે સત્તા પરથી ઉતરી જાય ત્યારે તેની આવક સારી એવી ઘટી જતી હતી અને તેથી જ દરેક રાજકીય પક્ષ સત્તા પર આવવા હવાતિયા મારતા હોય છે – મરણિયા પ્રયાસ કરતા હોય છે.

## • રાજકીય પક્ષોની સ્થાવર - જંગમ મિલકત :

૩૧ માર્ચ, ૨૦૦૯ના જાહેર થયેલ વિગતના અનુસંધાને કોંગ્રેસ પાસે રૂા. ૫૪૯ કરોડની મિલકત, બસપા પાસે રૂા. ૨૮૬ કરોડની મિલકત,

*અંગ નિચોવી અમૃત પાયા... ગાયા ગીતથી મધુર છટા. ઘેરૂ ગર્જી વરસતી જાણે... અષાઢની એ મેઘ ઘટા.*

જ્યારે ભાજપ પાસે રૂા. ૨૪૬ કરોડની મિલકત હતી. સી.પી.આઈ. પાસે રૂા. ૭ કરોડ અને રા.જ.દ. પાસે રૂા. ૩ કરોડની મિલકત હતી.

પ્રશ્ન એ થાય છે કે રાજકીય પક્ષોની આટલી આવક અને આટલી બધી મિલકત થઈ કઈ રીતે છે? કાયદા પ્રમાણે ઉદ્યોગપતિઓ વગેરે તેમને ચેકથી નાણાકીય સહાય વગેરે કરે છે પરંતુ તે આટલા મોટા પ્રમાણમાં તો નથી જ. બાકીના નાણા ભ્રષ્ટ નીતિ-રીતિઓથી પેદા થાય છે. આખા દેશમાં પોતાના પક્ષનું તંત્ર ચલાવવા અને દર ૫ વર્ષે આવતી ચૂંટણીઓ લડવા દરેક પક્ષને અઢળક નાણા જોઈએ છે કે જે ભ્રષ્ટ નીતિ-રીતિઓથી જ તેઓ પેદા કરે છે. આ રીતે ભ્રષ્ટાચારની ગંગોત્રી છેક ટોચથી શરૂ થઈ છેક પટ્ટાવાળા સુધી અથવા તો રોડ પરના સિગ્નલ પાસે ઊભેલી ટ્રાફિક પોલીસ સુધી વ્યાપી ગયેલ છે.

**ભ્રષ્ટાચાર આચરતા પ્યાદાઓ કરતાં ભ્રષ્ટાચાર પેદા કરતી આ પ્રથાને તોડવાની જરૂરત છે, કે જેના એક પણ ઉપાય હજુ સુધી કારગત નીવડેલ નથી.**

**નીચે મુજબના ઉપાયો વિચારી શકાય.**

૧. એક જૂની કહેવત છે કે 'યથા રાજા તથા પ્રજા.' આજે આપણે કહી શકીએ કે 'યથા પ્રજા તથા રાજા.' આજના રાજકારણીઓ કે અધિકારીઓ છેવટે આવે છે તો પ્રજામાંથી જ. પ્રજામાં જે પ્રકારનું નૈતિક મૂલ્ય હશે તેવું મૂલ્ય આ મહાનુભાવોમાં આવવાનું. આજના ભારતની મોટાભાગની પ્રજાનું અવમૂલ્યન થયેલ છે. તેણે નૈતિકતા ગુમાવી દીધેલ છે. તેથી પ્રજાના નૈતિક મૂલ્યોનું ઉત્થાન કરવાની જરૂરત છે. બાળક નાનું હોય ત્યારથી જ તેનામાં આ સંસ્કાર રેડાવા જોઈએ કે જેથી જ્યારે તે 'રિયલ લાઈફ'માં આવે ત્યારે પ્રલોભનો સામે ટક્કર ઝીલી શકે. દરેક સેવાભાવી સંસ્થાઓએ કે મહાજનોએ કે એ પ્રકારની સંસ્થાઓએ આળસ ખંખેરી, કટિબદ્ધતા દાખવી, પોતાના કાર્યક્ષેત્રમાં આવતા વિસ્તારમાં એકેક બોર્ડિંગ સ્કૂલ ચાલુ કરવી જોઈએ કે જ્યાં ઉચ્ચ શિક્ષણની સાથે નીતિમત્તાનું શિક્ષણ અગ્રીમ ધોરણે અપાય. જો કે આ લાંબી પ્રક્રિયા છે કે જેના પરિણામ આવતા ૧૫-૨૦-૨૫ વર્ષ લાગી જાય. પરંતુ ભ્રષ્ટાચારને નાબૂદ કરવા અત્યારે તો આજ એક વિકલ્પ દેખાય છે.

૨. કોઈ એવી પ્રક્રિયા શોધી કાઢવામાં આવે કે જ્યાં 'વિદ્યાર્થીઓની જે રીતે દર ત્રણ મહિને ટેસ્ટ લેવાય છે અને વાર્ષિક ગુણોમાં તેની ગણના કરવામાં આવે છે' એવી રીતે રાજકારણીઓની પણ દર ત્રણ મહિને ટેસ્ટ લેવાય અને પાસ ગુણ મેળવનાર જ ચૂંટણીમાં ઊભા રહી શકે. કદાચ આ પ્રથાથી રાજકારણી સરખો રહે.

૩. એવો કાયદો કરવામાં આવે કે ચૂંટાયેલા ઉમેદવારને પાછો બોલાવવાની પ્રજા પાસે સત્તા હોય.

૪. રાજકારણને અગાઉના જમાનાની માફક સત્તાને બદલે સેવાના ક્ષેત્રનું માધ્યમ બનાવવામાં આવે.

૫. ભ્રષ્ટાચાર આદરતા રાજકારણી, અધિકારી વર્ગ, અમલદાર વર્ગ અને સરકારી નોકરિયાતને સખત સજા – ફાંસી સુધીની સજા – કરવાનો કાયદો બનાવવામાં આવે. – આ પ્રકારના કેસનો નિકાલ કોઈ પણ સંજોગોમાં વધુમાં વધુ ત્રણ મહિનામાં આવી જવો જોઈએ.

૬. અન્ય ભ્રષ્ટાચારીઓને પણ સખત સજા મળે તેવો કાયદો કરવામાં આવે. આ પ્રકારના કેસોનો નિકાલ પણ વધુમાં વધુ ત્રણ મહિનામાં આવી જવો જોઈએ.

૭. ભ્રષ્ટાચારની તપાસ કરવા, સરકારની શેહ-શરમ વગરની – સંપૂર્ણ સત્તા સાથેની એક સ્વતંત્ર સંસ્થા અસ્તિત્વમાં લાવવી જોઈએ. (સી.બી.આઈ. જેવી સંસ્થાઓમાં ઉપલી અધિકારી વર્ગની નિમણૂક સરકાર દ્વારા થાય છે. તેથી તેના પર સરકારનો પ્રભાવ રહે છે.)

૮. માન્ય પક્ષોને તથા તેના માન્ય ઉમેદવારોને પક્ષ ચલાવવા તથા ચૂંટણી લડવા નક્કી ધારાધોરણ મુજબ સરકાર જ પૈસા આપે.

૯. કોઈ પણ કંપની અથવા અન્યો, નક્કી કરેલ ધારાધોરણથી વધુ રકમનું ડોનેશન રાજદ્વારી પક્ષને આપી ન શકે.

૧૦. રાજદ્વારી પક્ષોએ જેમની પાસેથી ડોનેશન લીધેલ હોય, તેમના ફોટા સહિતની વિગતો સરકારશ્રીના કોઈ એક નક્કી કરેલ વિભાગ પાસે દર વર્ષે રજૂ કરે. એ વિભાગ ડોનેશન આપનારમાંથી કોઈને પણ બોલાવીને આ વિગતની ચકાસણી કરી શકે.

ઉપર સૂચવેલ ઉપાયો અર્ધદગ્ધ હોઈ શકે – કદાચ વ્યવહારિક ન પણ હોય.

**"મંગલ મંદિર" તેના વાચક વર્ગને સચોટ ઉપાય સૂચવવા આહ્વાન કરે છે. વાચક વર્ગના યોગ્ય સૂચનો આવકાર્ય રહેશે અને તેને હવે પછીના અંકોમાં પ્રસારિત કરવામાં આવશે.**

જાગૃત નાગરિક ભારતભરમાંથી ભ્રષ્ટાચાર નાબૂદ કરવા અંગેની આ ચર્ચામાં જોડાય તેવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય.


*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (ઘર) ૨૬૮૭૨૩૨૮ મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯ / ૯૪૨૮૦ ૪૦૨૬૧*

*જે દીકરાઓના જન્મ વખતે મા-બાપે પેંડા વહેંચ્યા, દીકરાઓ મોટા થઈને મા-બાપને વહેંચી રહ્યા છે.*


કચ્છ

# કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ પ્રાયોજિત કચ્છમાં આર્કિટેક્ચરલ કોલેજ

• પ્રતાપ નારાણજી દંડ •




GROUND FLOOR




FIRST FLOOR

સંસારની બે કરુણતા : મા વિનાનું ઘર અને ઘર વિનાની મા.

કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે તેની લાખોંદ - ભુજ ખાતેની ૫,૦૦૦ ચોરસ વાર જમીન પર એક આર્કિટેક્ચરલ કૉલેજ સ્થાપવાનો તેની તા. ૨૧-૧૧-૨૦૧૦ની મિટિંગમાં નિર્ણય કરેલ છે. આ નિર્ણય અનુસાર ૫૦ વિદ્યાર્થીઓની બેચ હશે. ચાર વર્ષના કોર્સમાં ૨૦૦ વિદ્યાર્થીઓની કેપેસિટીવાળી આ કૉલેજ શરૂ કરવામાં આવનાર છે.

આર્કિટેક્ચરલ કૉલેજના નીતિ-નિયમ અનુસાર આ કૉલેજમાં કોન્ફરન્સ હૉલ, ઓડિટોરિયમ, આર્ટ સ્ટુડિયો, રિસોર્સ રૂમ, મટિરિયલ મ્યુઝિયમ, વર્કશોપ, ડિઝાઈન સ્ટુડિયોઝ, ક્લાસ રૂમ વગેરે વિવિધ જાતની સગવડો ઉપલબ્ધ કરવામાં આવનાર છે. કચ્છ યુનિવર્સિટી સાથે સંલગ્ન થવા અરજી કરી દેવામાં આવેલ છે.

ગ્રાઉન્ડ ફ્લોર તથા પ્રથમ માળ મળીને અંદાજિત ૩૬,૦૦૦ ચો.ફૂટનું બાંધકામ કરવામાં આવનાર છે. આ બાંધકામ આવતા ૮ મહિનામાં પૂરું કરવાની ગણના રાખવામાં આવેલ છે.

તેની આર્થિક જરૂરિયાતને પહોંચી વળવા નકરાની એક યોજના વિચારવામાં આવેલ છે કે જેની વિગત આ સાથેના લિસ્ટ મુજબ નક્કી કરવામાં આવેલ છે.

કચ્છમાં આ પ્રકારની કૉલેજ પ્રથમ વખત જ સ્થપાતી હોવાથી અને કચ્છના વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓને તેનો ઉપયોગ કરવાની બહોળી તક મળી રહે એ હેતુથી સહુ વિદ્યાપ્રેમી સદ્‌ગૃહસ્થો / વેપારીઓ / ઉદ્યોગપતિશ્રીઓને અપીલ કરવામાં આવે છે કે તેઓ આ યોજનામાં ભાગ લઈ અમને આર્થિક સહકાર પૂરો પાડવામાં પૂરેપૂરા સક્રિય રહે.

ઉપરોક્ત નકરાઓનું બુકિંગ વહેલા તે પહેલાના ધોરણે શરૂ કરી દેવામાં આવેલ છે. દાન આપનારને કલમ ૮૦-જી નું સર્ટિફિકેટ આપવામાં આવશે.

મુખ્ય નામ માટે રૂા. ૫.૦૦ લાખની એક એવી ૧૦૮ કૂપનો રાખવામાં આવનાર છે. અનુકૂળ સમયે સહુ ઉપસ્થિતોની હાજરીમાં ડ્રો કરવામાં આવશે. ડ્રો માં જેમનો નંબર લાગશે, તે કહેશે, એ પ્રમાણે કૉલેજ પર મુખ્ય નામની તક્તી મૂકવામાં આવશે. મુખ્ય નામની ડ્રો યોજનામાં સહકાર આપનાર અન્ય સદ્‌ગૃહસ્થના નામો યોગ્ય સ્થળે દીવાલ પર તક્તી લગાવી હંમેશને માટે પ્રસારિત કરવામાં આવશે.

મુખ્ય નામ અથવા અન્ય નામો વધુમાં વધુ ૫ શબ્દના રાખી શકાશે. પથી વધુ શબ્દોનો સ્વીકાર થઈ શકશે નહીં.

મુખ્ય નામ નીચે મુજબ રહેશે.

**કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ સંચાલિત**

**“ ______ ______ ______ ______ ______ ”**

## આર્કિટેક્ચરલ કૉલેજ

નકરા દ્વારા નક્કી થયેલ રકમ પૂરેપૂરી ભરપાઈ થયા બાદ જ જે-તે નામની તક્તી લગાવવામાં આવશે.

આર્કિટેક્ચરલ કૉલેજના નકરાની યોજનામાં કોઈ પણ જ્ઞાતિની કોઈ પણ વ્યક્તિ ભાગ લઈ શકશે.

અંતમાં, ફરીથી સહુ દાનવીરોને સહકાર આપવા હૃદયપૂર્વકની અપીલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| **પ્રતાપ નારાણજી દંડ** | **શશીકાંત ઠક્કર** | **અશોક મહેતા** |
| **સેક્રેટરી** | **વાઈસ ચેરમેન** | **ચેરમેન** |

**કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ - અમદાવાદ**

## માતા જેવો જ વાત્સલ્યભાવ

“જેલમાં પણ સરદાર તો ખુશમિજાજ! ખડખડાટ હસવાવાળા. સરદારે જે અદ્વિતીય શૂરવીરતા બતાવેલી અને દેશપ્રેમને કારણે જે ભગીરથ કાર્ય કર્યું હતું તેનાથી તો હું સારી રીતે પરીચિત હતો પરંતુ જેલમાં સરદારે જે જાતનું પ્રેમસભર વર્તન મારી સાથે કર્યું તેનાથી તો મને મારી વહાલી મા યાદ આવી ગઈ. મને ખબર ન હતી કે સરદારમાં મારી માતા જેવો જ વાત્સલ્યભાવ હશે.

***– ગાંધીજી (‘જનકલ્યાણ’ ૨૦૧૦ ઓક્ટોબર અંકમાંથી)***

***આવા હતા સરદાર.***

***– શાંતિલાલ સંઘવી***

***મા વગરનું બાળક એટલે કડી વગરનો દરવાજો.***

# નકરાની યોજના

**• મુખ્ય નામ (ડ્રો પદ્ધતિ – ૧૦૮ કૂપન) દરેક કૂપનના રૂા. ૫.૦૦ લાખ**

| નામોની તક્તીઓ | રૂપિયા |
|---|---|
| **ગ્રાઉન્ડ ફ્લોર - વિવિધ તક્તીઓ** | |
| • પ્રવેશદ્વાર | ૩૧.૦૦ લાખ |
| • પ્રિન્સિપાલ ઓફિસ | ૨૫.૦૦ લાખ |
| • એડમિનિસ્ટ્રેટિવ ઓફિસ | ૨૫.૦૦ લાખ |
| • કોન્ફરન્સ હોલ | ૪૧.૦૦ લાખ |
| • લેબોરેટરી | ૩૧.૦૦ લાખ |
| • આર્ટ સ્ટુડિયો | ૧૫.૦૦ લાખ |
| • રિસોર્સ રૂમ | ૧૫.૦૦ લાખ |
| • ઓડિટોરિયમ | ૫૧.૦૦ લાખ |
| • મટિરિયલ મ્યુઝિયમ | ૧૫.૦૦ લાખ |
| • વર્કશોપ | ૧૫.૦૦ લાખ |
| • ભોજન કક્ષ (કેન્ટીન) | ૪૧.૦૦ લાખ |
| • બીજો પ્રવેશદ્વાર | ૧૫.૦૦ લાખ |
| • કોર્ટ યાર્ડ | ૩૧.૦૦ લાખ |
| **પ્રથમ માળ - વિવિધ તક્તીઓ** | |
| • ડિઝાઈન સ્ટુડિયો – ૧ | ૩૧.૦૦ લાખ |
| • ડિઝાઈન સ્ટુડિયો – ૨ | ૩૧.૦૦ લાખ |
| • ડિઝાઈન સ્ટુડિયો – ૩ | ૩૧.૦૦ લાખ |
| • ડિઝાઈન સ્ટુડિયો – ૪ | ૩૧.૦૦ લાખ |
| • ડિઝાઈન સ્ટુડિયો – ૫ | ૩૧.૦૦ લાખ |
| • ક્લાસ રૂમ – ૧ | ૧૫.૦૦ લાખ |
| • ક્લાસ રૂમ – ૨ | ૧૫.૦૦ લાખ |
| • ક્લાસ રૂમ – ૩ | ૧૫.૦૦ લાખ |
| • ક્લાસ રૂમ – ૪ | ૧૫.૦૦ લાખ |
| • જનરલ સ્ટાફ રૂમ | ૨૧.૦૦ લાખ |
| • મેઈન સ્ટાફ રૂમ – ૧ | ૧૧.૦૦ લાખ |
| • મેઈન સ્ટાફ રૂમ – ૨ | ૧૧.૦૦ લાખ |
| • ડિસ્કશન રૂમ – ૧ | ૧૧.૦૦ લાખ |
| • ડિસ્કશન રૂમ – ૨ | ૧૧.૦૦ લાખ |
| • કોમન રૂમ – ૧ | ૧૧.૦૦ લાખ |
| • કોમન રૂમ – ૨ | ૧૧.૦૦ લાખ |
| • લાઈબ્રેરી | ૨૧.૦૦ લાખ |

| નામોની તક્તીઓ | રૂપિયા |
|---|---|
| **ગ્રાઉન્ડ ફ્લોર – ફર્નિચરની તક્તીઓ** | |
| • પ્રિન્સિપાલ ઓફિસ | ૧૧.૦૦ લાખ |
| • એડમિનિસ્ટ્રેટિવ ઓફિસ | ૧૧.૦૦ લાખ |
| • કોન્ફરન્સ હોલ | ૧૫.૦૦ લાખ |
| • લેબોરેટરી | ૧૧.૦૦ લાખ |
| • આર્ટ સ્ટુડિયો | ૭.૦૦ લાખ |
| • રિસોર્સ રૂમ | ૭.૦૦ લાખ |
| • ઓડિટોરિયમ | ૨૧.૦૦ લાખ |
| • મટીરિયલ મ્યુઝિયમ | ૭.૦૦ લાખ |
| • વર્કશોપ | ૭.૦૦ લાખ |
| • ભોજનકક્ષ (કેન્ટીન) | ૧૫.૦૦ લાખ |
| **પ્રથમ માળ - ફર્નિચરની તક્તીઓ** | |
| • ડિઝાઈન સ્ટુડિયો – ૧ | ૧૧.૦૦ લાખ |
| • ડિઝાઈન સ્ટુડિયો – ૨ | ૧૧.૦૦ લાખ |
| • ડિઝાઈન સ્ટુડિયો – ૩ | ૧૧.૦૦ લાખ |
| • ડિઝાઈન સ્ટુડિયો – ૪ | ૧૧.૦૦ લાખ |
| • ડિઝાઈન સ્ટુડિયો – ૫ | ૧૧.૦૦ લાખ |
| • ક્લાસ રૂમ – ૧ | ૫.૦૦ લાખ |
| • ક્લાસ રૂમ – ૨ | ૫.૦૦ લાખ |
| • ક્લાસ રૂમ – ૩ | ૫.૦૦ લાખ |
| • ક્લાસ રૂમ – ૪ | ૫.૦૦ લાખ |
| • જનરલ સ્ટાફ રૂમ | ૭.૦૦ લાખ |
| • મેઈન સ્ટાફ રૂમ – ૧ | ૨.૫૧ લાખ |
| • મેઈન સ્ટાફ રૂમ – ૨ | ૨.૫૧ લાખ |
| • ડિસ્કશન રૂમ – ૧ | ૨.૫૧ લાખ |
| • ડિસ્કશન રૂમ – ૨ | ૨.૫૧ લાખ |
| • કોમન રૂમ – ૧ | ૨.૫૧ લાખ |
| • કોમન રૂમ – ૨ | ૨.૫૧ લાખ |
| • લાઈબ્રેરી | ૭.૦૦ લાખ |

*મા-બાપની આંખમાં બેવાર આંસુ આવે છે : દીકરી સાસરે જાય ત્યારે.... દીકરો મોં ફેરવી લે ત્યારે...*

(પ્રકરણ-૧૫)

## કચ્છમાં જૈન સંસ્કૃતિ એક દૃષ્ટિપાત

# જૈન સ્ત્રીઓની સામાજિક સ્થિતિનું યથાર્થ દર્શનરૂપ નવલકથા – 'વિદ્યાચંદ્ર અને સુમતિ'

• ડૉ. નીતા ઠાકર •

જૈન સમાજમાં સ્ત્રીઓની પરિસ્થિતિ વિશે કચ્છનાં જ ગ્રંથકાર (લેખક) શ્રીયુત શિવજીભાઇ દેવશી (દેવસિંહ) એ એક નવલકથા 'વિદ્યાચંદ્ર અને સુમતિ' ભાગ-૧ લખી છે. આ પુસ્તકનાં ઉપોદ્‌ઘાતમાં નોંધ્યું છે કે જૈન લેખકોની કલમથી નવલકથારૂપે લખાયેલું સચિત્ર આ પ્રથમ જ પુસ્તક ગણાય છે. સં. ૧૯૬૭ (ઇ.સ. ૧૯૧૧) માં આ નવલકથા પ્રસિદ્ધ થઇ. જૈન સમાજનું પ્રતિબિંબ આ નવલકથામાં સ્પષ્ટ ઉપસી આવે છે. તેના પાત્રો પણ કચ્છીને જ અનુરૂપ દર્શાવ્યા છે. છતાં સમગ્ર ગુજરાતના જૈન સમાજને અસર કરતા હોય તેમ નિરૂપણ કરવામાં આવ્યું છે.

'વિદ્યાચંદ્ર અને સુમતિ' ભાગ-૧ નવલકથામાં તેના પાત્રો દ્વારા જૈન સમાજમાં પ્રવર્તતા બાળલગ્ન, વૃદ્ધલગ્ન અને કન્યાવિક્રય જેવા મુદ્દાઓની સમસ્યા રજૂ કરેલી છે. અને તેના ઉકેલ માટે મહાજન તેમજ જૈન સમાજ સુધારકોને અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત શિક્ષણના અભાવે અજ્ઞાન સ્ત્રીની કુટુંબજીવન પર કેવી અસરો પડે છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

આ નવલકથાના મુખ્યપાત્રોમાં :- સરસ્વતી જે કિશોરી સુમતિની માતા છે અને 'કન્યાવિક્રય'નો વિરોધ કરે છે. સુમતિના પિતા મૂર્ખદત્ત જે પોતાની પુત્રીને પૈસા લઇને જીર્ણ શેઠ જેવા વૃદ્ધને પરણાવવા તૈયાર થાય છે. જીર્ણશેઠને પણ 'મોતી' નામે એક પુત્રી છે. તે (જીર્ણશેઠ) તેના બાળલગ્ન કરે છે. તેનો પતિ શાંતિચંદ્ર જેને સંસાર શું છે? કે પત્ની શું છે? તેનો ખ્યાલ પણ નથી. તેથી શાંતિચંદ્રની માતા અજ્ઞાન હોવાથી પોતાની વહુ મોતી પર અત્યાચાર કરે છે. વિશેષ પાત્ર તરીકે વિદ્યાચંદ્ર છે જે શિક્ષિત છે અને કન્યાવિક્રય, બાળલગ્ન તથા વૃદ્ધલગ્નનો વિરોધી છે. અંતિમ પ્રકરણોમાં ફરી બાળલગ્ન સંદર્ભે 'કસ્તૂરી'નું પાત્ર રજૂ થયું છે. તેની વય ૧૫ વર્ષની છે અને રાયસિંહ ભોજરાજ સાથે તેના સગપણ થાય છે. જેની ઉંમર ૭૦ વર્ષની છે. આ સમયે 'કસ્તૂરી' કચ્છી વીસા ઓસવાળ જ્ઞાતિ સુધારક સમાજના સેક્રેટરીને એક અરજી કરી ન્યાય માંગતી વિહવળ દર્શાવી છે. અંતિમ પ્રકરણમાં કલ્યાણચંદ્ર નામે સત્પુરુષનું પાત્ર રજૂ કરવામાં આવ્યું છે જે સમાજ માટે સદુપદેશ આપે છે. જેમાં તે જણાવે છે કે કચ્છી વીસા ઓસવાળ અને કચ્છી દશા ઓસવાળ કોમના આગેવાનો આ દુઃખદાયક રિવાજોને કાઢી નાખે તો ઉત્તમ સામાજિક કાર્ય ગણાશે. આ ઉપરાંત મહાજન અને દાનવીરોના નામો આપી જણાવ્યું છે કે તે દરેકનો જૈનધર્મના પ્રસાર અને વિકાસમાં ફાળો છે. તેમને હું (કલ્યાણ-ચંદ્ર-પાત્ર) કહીશ તો સ્ત્રીઓની પરિસ્થિતિ સુધારવા આ દૂષણો દૂર કરવા સહકાર આપશે.

ઉપરોક્ત નવલકથામાં સામાજિક દૂષણો અને તેના ઉકેલ માટે સત્પુરુષનું પાત્ર રજૂ કરી જૈન મુનિઓને પણ પ્રયત્નો કરવા માટેની અપીલ સ્પષ્ટ જણાય છે. સમ્મુચય રીતે વિચારતાં સમગ્ર નવલકથામાં સમાજનું આબેહૂબ ચિત્ર રજૂ કરવાનો પ્રયાસ જોવા મળે છે. બાળલગ્ન, કન્યા વિક્રય અને વૃદ્ધ લગ્ન – આ ત્રણ પાસાંઓને અનુલક્ષીને જ સમગ્ર નવલકથા લખાઇ છે. તેથી જ તેને બોધાત્મક નવલકથા કહી છે.

તેઓ (લેખક) પાલિતાણા જૈનબોર્ડિંગ સ્કૂલ, કચ્છી જૈન બાલાશ્રમ, પાલિતાણા જૈન વિધવાશ્રમ, ભાવનગર આનંદ પ્રિન્ટિંગ, મુંબઇ જૈન શ્રાવિકા શાળા, કચ્છી જૈન મહિલા સમાજ, કચ્છમાં અનેક જૈન કન્યા શાળાઓ અને પાઠશાળાઓ, પાલિતાણા શ્રી જૈનધર્મ વિદ્યાપ્રચારક વર્ગ અને વીરશાસન આનંદ સમાજના સ્થાપક છે. અને 'શિવવિનોદ', 'શિવબોધ', 'શિવ પ્રબોધ', 'શિવ વિલાસ'નાં લેખક પણ છે. તેથી સ્વાભાવિક છે કે એક સુધારક તરીકે જૈન સમાજના દૂષણો સમાજ સામે રજૂ કરવા માટે સાહિત્યનો સહારો લીધો હોય.

### • નવલકથાના પ્રત્યાઘાતો :-

પ્રખર વક્તા મુનિશ્રી વિદ્યા વિજયજીએ શ્રી શિવજીભાઇ દેવસિંહનું પુસ્તક 'મારા જીવન પ્રસંગો' ભાગ-૨ની પ્રસ્તાવનામાં નોંધ્યું છે કે 'શિવજીભાઇ એટલે જૈન સમાજનો ક્રાંતિકારી યોદ્ધો. સંસારનો કયો ક્રાંતિકારી એવો થયો છે કે જેનો સમાજ દુશ્મન ન બન્યો હોય, જેની જાતવાળાઓ દુશ્મન ન બન્યા હોય, જેના સાથીઓ દુશ્મન ન બન્યા હોય?'

ઉપર્યુક્ત મંતવ્ય કેટલું સચોટ છે! કારણકે ટૂંક સમયમાં જ શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિના સેક્રેટરીનો તા. ૨૨મી એપ્રિલ ઇ.સ. ૧૯૧૨નો (જાવક નં. ૧૫૯-૧૯૬૮) પત્ર શ્રી શિવજી દેવસિંહને મળ્યો. જેમાં જણાવેલું કે 'વિદ્યાચંદ્ર અને સુમતિ' નવલકથાના પ્રત્યાઘાત રૂપે શા. દામજી શામજી સલાટ (માંડવી-મુંબઇ)ની દસ વ્યક્તિઓની સહી સાથે તા. ૨૪-૧૨-૧૯૧૧ની અરજી મહાજનમાં તેની વિરુદ્ધ આવી છે. બીજી અરજી શા. પાસવીર રામઇઆની આશરે ૨૦૦ વ્યક્તિઓની સહી સાથે અરજી આવેલી છે. તે સંદર્ભે આપને કંઇ રદિયો આપવો હોય તો તા. ૧૫મી મે ઇ.સ. ૧૯૧૨ પહેલાં પત્ર લખી મોકલવો. આ બાબતની તપાસ કરવા માટે મહાજનની વ્યવસ્થાપક કમિટિએ એક સબકમિટિ નીમી છે. તેની બેઠક તા. ૧૫મી મે ૧૯૧૨ના રોજ યોજાશે તેમાં તમારે હાજર રહેવું.

ત્યારબાદ શ્રી શિવજી દેવસિંહે વિગતવાર પત્ર લખી મોકલ્યો. અને અંતે શિવજી દેવસિંહે રાજીનામું આપ્યું. પરંતુ જૈન મહાજનોની વિચિત્રતા તો એ હતી કે રાજીનામું પાસ

*માતા-પિતાનો ખજાનો ભાગ્યશાળી સંતાનને મળે...*

કરવાને બદલે દશા ઓસવાળ જ્ઞાતિએ તેમને જ્ઞાતિ બહાર કરવાનો ઠરાવ કર્યો અને દશા ઓસવાળ જ્ઞાતિનો કોઈપણ સભ્ય તેને જમાડે નહિ અને પાણી પણ પીવડાવે નહીં. સામાપક્ષે શિવજીભાઈએ આવી ક્રુરતાને પણ પચાવી પાડી.

મુનિશ્રી કલ્યાણચંદ્રજી મહારાજે (સોનગઢ) લખ્યું છે કે, 'શિવજીભાઈ જૈન સમાજમાં એક વખત ખૂબ વખણાયા અને એક વખત ખૂબ વગોવાયા. છતાં એ તો હંમેશાં પોતાના મંતવ્ય અને સ્વભાવમાં એક સરખા અડગ રહ્યાં. જ્ઞાતિ, સમાજ અને છેવટે સંઘ તરફથી પણ ત્યજાયા. આમ છતાં એમનામાં તો જેની તે જ ખુમારી કાયમ રહી. એમનું અભિષ્ટ કાર્ય એ તો કરતા જ રહ્યાં. એમની શૈલી કદી જ બદલાવી નહીં. હરહાલમાં એ મસ્ત રહ્યાં.'

- **વર્તમાનકાળે કચ્છની કેટલીક પ્રેરણામૂર્તિ જૈન સ્ત્રીઓ :-**

કચ્છ બહાર વસતા જૈન સ્ત્રી સમાજનો મહત્તમ વિકાસ થયો છે. તેમાં પણ ખાસ કરીને મુંબઈમાં તેના પ્રમાણમાં કચ્છમાં ક્રમિક વિકાસ જણાય છે. છતાં વર્તમાનકાળે જે સ્ત્રીઓ કચ્છમાં આગળ પડતું અને વિશિષ્ટ સ્થાન ધરાવે છે તેવી કેટલીક જૈન સ્ત્રીઓ વિશે જોઈએ તો :-

**(૧)** ભુજમાં નલિનીબહેન શાહનું એક નારી આદર્શના પ્રતીકરૂપે અગત્યનું સ્થાન છે. ઇ.સ. ૧૯૪૦માં કરાંચીમાં જૈન દહેરાવાસી કુટુંબમાં તેમનો જન્મ થયો અને ભાગલા સમયે તેમનું કુટુંબ કચ્છમાં આવી વસેલ. તેમના પિતા ચુસ્ત ગાંધીવાદી હતાં.

એમ.એ. - બી.એડ. થયેલા નલિનીબહેનની કારકિર્દીની શરૂઆત ઇન્દ્રાબાઈ કન્યાશાળામાં શિક્ષક તરીકે થઇ. ત્યારબાદ આચાર્યપદે રહ્યાં. શ્રી જૈન મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સંચાલિત ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયમાં પણ આચાર્યપદે રહ્યાં. તેના આ સમયગાળા દરમ્યાન ઇ.સ. ૧૯૮૬માં ગુજરાત સરકારે માતૃછાયા કન્યા વિદ્યાલયને શ્રેષ્ઠ શાળા જાહેર કરી નવાજી હતી.

તેમની વિશિષ્ટ કામગીરીરૂપ ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તકના તજજ્ઞપદે રહી યોગ્ય શિક્ષણનાં વાહક બન્યાં. રાષ્ટ્રીય શિક્ષણનીતિ પરિષદ, આચાર્ય સજ્જતા કાર્ય શિબિર, શિક્ષણ સંવધર્ન અભિયાન, આકાશવાણી પરના વાર્તાલાપો, બાળ ઉપયોગી પ્રકાશનો અને કચ્છમિત્ર વર્તમાનપત્રમાં નારીજગત અને બાલજગત વિભાગનું એક સમયનું સંપાદન કાર્ય પ્રશંસનીય રહ્યું છે. ઇ.સ. ૧૯૯૧માં ભારત સરકારે તેમના વ્યક્તિગત ખંતને બિરદાવતા શ્રેષ્ઠ શિક્ષકનું રાષ્ટ્રીય પારિતોષિક અર્પણ કર્યું જે યથાર્થ છે.

આજે પણ તેઓ નિવૃત્તિને પ્રવૃત્તિમય રાખે છે. અપરિણીત હોવા છતાં પરિણીત સ્ત્રીનાં પ્રશ્નોને સહજતાથી સમજી શકે છે. તેમની આગવી સૂઝમાં પણ માનવતાનાં દર્શન થાય છે. અને અહોભાવની લાગણી તો દરેક સ્ત્રી સમાજ માટે આકર્ષક રહે તેવી છે. જૈન સમાજમાં જ નહીં પણ સમગ્ર સ્ત્રી સમાજ માટે તેઓ એક આદર્શ અને પ્રેરણામૂર્તિ બની રહ્યાં છે.

**(૨)** ભુજમાં શ્રીમતી તારામતી શાહનું પણ કર્મનિષ્ઠ તરીકે અગત્યનું સ્થાન છે. ગૂર્જર દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન કુટુંબ હોવાથી ચુસ્તપણે જૈન ધર્મનું પાલન કરે છે. તેમના પતિ પ્રાણલાલભાઈ સમાજસેવક અને મૂળ ગાંધીવાદી અને આઝાદી પછી કચ્છમાં ગાંધીનીતિના આંશિક વિરોધી અપક્ષના તેઓ સુકાની હતાં.

મૂળ સરકાર અને રાજાશાહી વિરુદ્ધ લખેલ પોતાના પુસ્તકના કારણે તેમને બે વર્ષ કચ્છમાંથી હદપાર કર્યા ત્યારે તારામતી શાહે પતિનું કાર્યક્ષેત્ર સંભાળ્યું અને કચ્છક્રાંતિ, જાગૃત કચ્છ, આઝાદ કચ્છ નામના વાંચનપત્રો પ્રકાશિત કરવા લાગ્યાં. પ્રાણલાલભાઈ લેખ લખી કચ્છ મોકલે અને તારામતી શાહ તેને પ્રકાશિત કરે.

એક સ્ત્રીમાં કેટલી શક્તિઓ છૂપાયેલી છે તેનું સ્પષ્ટ ઉદાહરણ તારામતી શાહ છે. તેમણે ઇ.સ. ૧૯૬૨માં વાણિયાવાડ સ્થાને જમીનનો ટુકડો ખરીદેલ. જ્યાં 'જનતાઘર' નામે હોટલ શરૂ કરી. રાજકારણમાં ઓતપ્રોત રહેલા પ્રાણલાલભાઈ જ્યારે ચૂંટણીમાં ઊભા રહ્યા ત્યારે પણ તેઓ પતિ સાથે પ્રચારાર્થે નીકળતાં અને સાથે પોતાના નાના બાળકો પણ હોય. ઇ.સ. ૧૯૮૭માં પ્રાણલાલ શાહનું અવસાન થયું અને સંપૂર્ણ જવાબદારી તેમણે સંભાળી. આજે જનતાઘરની સાથે 'આભા' હોટલ તેમના પરિશ્રમનું પરિણામ છે. તેમના જનતાઘરમાં જૈન ધર્મના અનેક મહારાજ સાહેબ તથા સાધ્વીઓ વહોરી ગયા છે. પૂ. છોટેલાલજી મહારાજ, નાગચંદ્રજી મહારાજ, રત્નચંદ્રજી મહારાજ ઉપરાંત મણિબાઈ અને રતનબાઈ સાધ્વીજી મહારાજ પણ જનતાઘરને પાવન કરી ગયાં છે. એક સ્ત્રી ધારે તો ઘર અને વ્યવસાય બન્નેનો સુમેળ કઇ રીતે સાધી શકે તેનું ઉદાહરણ તારામતી શાહ છે. નોંધનીય છે કે ધર્મ અને માનવતાની રુએ તેમણે ૩૦ લાખ રૂપિયાના ખર્ચે ધર્મસ્થાનક પણ બનાવ્યું છે.

આ ઉપરાંત બાબુભાઈ મેઘજી શાહના સુપુત્રી જાગૃતિ શાહ અને શ્રીમતી હંસાબહેન છેડાનું સ્ત્રી નેતૃત્વ શક્તિની દૃષ્ટિએ અગત્યનું સ્થાન છે. જ્યારે વાગડ વિસ્તારમાં ભચાઉની ઇલા શાહનું સમાજ સેવિકા તરીકે પ્રશંસનીય સ્થાન છે. આમ કચ્છમાં જૈન સ્ત્રીઓનું નેતૃત્વ ક્રમિક રીતે જોવા મળે છે.

*(ક્રમશઃ)*

*ઉપવનમાત્ર ફૂલને પાત્ર,*
*માનવમાત્ર ભૂલને પાત્ર!*
*જીવમાત્ર છે ક્ષયપાત્ર;*
*પુસ્તકમાત્ર અક્ષયપાત્ર.*
***મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'***

(પ્રકરણ-૧૮)

ઝારાનો ભીષણ સંગ્રામ

# છેલ્લા અંગારા

• ઠાકરશી પુરુષોત્તમ કંસારા •

મહારાવ ગોડજીને, રાણીઓ તથા રાજકર્મચારીઓએ ભાયાતોની મદદથી સીદીઓને કચ્છમાંથી દરિયાપાર કર્યા ત્યાં સુધી રાજમહેલમાં નજરકેદ રાખ્યા હતા એ વાત કાઠિયાવાડમાં ફેલાઇ. તેથી જામનગર, મોરબી, જૂનાગઢ વગેરે રાજ્યોના સત્તાધીશો કચ્છ રાજ્યના દુશ્મન બન્યા હતા. સિંધના ગુલામશાહ ક્લોરાનો ભય પણ હજી ચાલુ હતો. આ સંયોગોમાં કોઇ પ્રબળ રાજસત્તા કચ્છ રાજ્યની મદદમાં હોય એ ઇચ્છવા જોગ હોવાથી વડોદરાના શ્રીમંત ગાયકવાડની મદદ મેળવવા કારભારી દેવચંદ શેઠ વગેરેએ મહારાવને સમજાવ્યા. શ્રીમંત ગાયકવાડના સરદારો સેવકરામ તથા સદાશિવ વર્ષો પૂર્વે મહારાવ લખપતજી સાથે મસલત કરવા માટે ભુજ આવ્યા હતા. તે વખતે સિંધ પર ચડાઇ લઇ જવાની વાત હતી, જે અમલમાં ન આવી શકી. નવા દીવાને વડોદરાનો સંપર્ક સાધવા તજવીજ કરી. વડોદરાના શ્રીમંત ગાયકવાડ સાથે સંબંધ બંધાય તો કચ્છ રાજ્યને સારી ઓથ મળે એમ લાગ્યું. કાકા નોંઘણજીનાં કુંવરી ધનકુંવર ઉર્ફે રઇબા આ વખતે અઢાર વીસ વરસની ઉંમરનાં હતાં. ગોહિલ કુમાર મહાવીર સિંહનું અકાળે મૃત્યુ નીપજ્યું હતું. ધનકુંવર માટે યોગ્ય મુરતિયાની શોધમાં કાકા નોંઘણજી હવે ચિંતાગ્રસ્ત બન્યા હતા. ધનકુંવરબાના વડોદરાના શ્રીમંત ગાયકવાડ સાથે લગ્ન થાય તો કચ્છનાં રાજકુટુંબ તથા રાજ્યને સારી ઓથ મળે એમ હતું અને આ લગ્નથી રાજકુટુંબને કંઇ નીચું જોવાપણું થતું ન હતું. કાકા નોંઘણજીને સમજાવવામાં આવ્યા અને એઓ સહમત થયા. શ્રીમંત ગાયકવાડને એમના સરદારોએ સમજાવ્યા ત્યારે એઓ પણ સહમત થયા. સન ૧૭૭૦માં એક રોજ કુંવરી ધનકુંવરબાનાં લગ્ન વડોદરાના શ્રીમંત ગાયકવાડ સાથે થયા અને રાજકુમારી વડોદરા ગયાં.

મહારાવશ્રી હવે કંઇક અંશે નિશ્ચિત બન્યા હતા. મેરુ ખવાસે બળપૂર્વક આંચકી લીધેલ બાળંભા પાછું કબજે લેવા એઓ વિચારતા હતા, પણ કુદરત મહારાવ વિરુદ્ધ હતી. વિધિએ જુદું જ કરવા ધાર્યું હતું. સિંધમાં ગુલામશાહ સન ૧૭૭૨માં મૃત્યુ પામ્યો. એના મૃત્યુ બાદ એનો પુત્ર સરફરોજ ગાદીએ આવ્યો. એણે સન ૧૭૭૫માં કચ્છ પર ચડાઇ કરવા માટે રણ ઓળંગી સુમરાસર રસ્તેથી ભુજ પર સીધું આક્રમણ કરવા તજવીજ કરી, પણ એનો પ્રબળ સામનો કરવામાં આવ્યો અને તેથી ભુજ સુધી નહિ આવતાં પૂર્વમાં કંથકોટ તરફ ગયો અને ત્યાંના ગરાસદારની કુંવરી પરણીને સિંધ પાછો ગયો. થોડા વખત બાદ સિંધમાં કરાર થવાથી સરફરોજે ગાદી ગુમાવી અને એનો કાકો ગુલામનબીખાન ગાદીએ આવ્યો. સિંધમાં અંધાધૂંધી ફેલાઇ. પૂંજા શેઠનો પુત્ર દેવજી અત્યાર સુધી સિંધમાં હતો. તે કથળેલ સ્થિતિનો લાભ લઇને કચ્છમાં નાસી આવ્યો. મહારાવશ્રીએ એને કચ્છના દીવાનપદનું નિમંત્રણ આપ્યું, પણ એણે એ નહિ સ્વીકારતાં લખપતમાં રહી, એને આબાદ કરવા માટે ત્યાં રહી કામ કરવાની પરવાનગી માગી. એણે ત્યાં વ્યવસ્થા આણી અને લખપત ફરીથી આબાદ થયું. મહારાવે એને ફરી વાર દીવાનપદ સંભાળવા આગ્રહ કર્યો. એ નિમંત્રણ સ્વીકારીને દેવજી લખપતથી ભુજ આવવા નીકળ્યો, પણ મિરઝા અમીરબેગ તથા પૂંજા શેઠના બીજા કેટલાક દુશ્મનોને એ ગમ્યું નહિ એટલે રસ્તામાં જ એનું અજાણ્યા શખ્સોના હાથે ખૂન થયું. આમ એક જ કુટુંબના પિતા, પુત્ર તથા પૌત્ર કચ્છની રાજખટપટમાં હોમાયા. આવી રીતે ઘણા દીવાન થોડા વખત માટે દીવાનપદ પર રહીને મોતને હવાલે થયા હતા. રાજાની નાણાંની ભૂખ દીવાનોનાં કમોત માટે ઘણીવાર કારણભૂત બનતી, તો કોઇ વાર અંગત દુશ્મનો દીવાનોનાં કમોત માટે જવાબદાર હતા. ચતુર બુદ્ધિશાળી દેવચંદ શેઠ મહારાણીના કારભારી-પદે જ રહેવાનો સંતોષ રાખી ફરીવાર દીવાનપદે આવ્યા નહિ તેથી સલામત રહી શક્યા હતા અને બચી ગયા હતા. મહારાવ પ્રજામાં બહુ અળખામણા બન્યા હતા.

સન ૧૭૭૭માં સિંધમાં ફરી વાર સત્તા-પલટો થયો. ગુલામનબીખાનને મારીને એનો ભાઇ અબ્દુલ નબીખાન સિંધની ગાદી પર આવ્યો હતો. એનો પ્રધાન મીર બિજર નામે એક જુવાન હતો. એના પિતાનો, ગુલામશાહના હુકમથી, વર્ષો પૂર્વે બે બલુચી ભાઇઓ મામ્બ્રીન હસન તથા લાખાએ શિરચ્છેદ કર્યો હતો. તેથી સત્તા પર આવતાં મીર બિજર એ બંને બલુચીઓ પર વેર લેવા માટે એઓની તપાસ કરવા લાગ્યો. એ બંને જણને મિરઝાની ભલામણથી મહારાવ ગોડજીએ ભુજમાં આશ્રય આપ્યો હતો. મીર બિજરને એની જાણ થતાં એ બંને જણને સોંપી આપવા માટે મહારાવશ્રી પર સિંધનું દબાણ આવ્યું, પણ મહારાવે શરણાગતને સોંપવાનો સાફ ઇન્કાર કર્યો. એ પરથી મીર બિજર સિંધથી મોટું લશ્કર લઇને, કચ્છનું રણ પાર કરીને ભુજ તરફ કૂચ કરતો આગળ વધ્યો. એ વખતે કચ્છમાં સૈન્ય વ્યવસ્થા સારી હતી અને સેનાપતિ મિરઝા કુરપાબેગે અબડાસામાં મીર બિજરનો પ્રબળ સામનો કરીને એને ભયંકર શિકસ્ત આપી કચ્છમાંથી હાંકી કાઢ્યો.

પણ મિરઝા કુરપાબેગ આ વિજયથી બહુ ફુલાઇ ગયો. એને સેનાનું પીઠબળ હતું અને તેથી એ પોતાને કચ્છનો સર્વસત્તાધીશ સમજીને લોકો પાસેથી નાણાં કઢાવવા લાગ્યો. મહારાવશ્રીના હુકમોનો પણ એ અનાદર કરીને મનસ્વીપણે રાજ્ય કારભારમાં પણ દખલગીરી

*'મા' અને ક્ષમા બંને એક છે કેમકે માફી આપવામાં બંને નેક છે.*

કરવા લાગ્યો. મહારાવ કંઇક અંશે લાચારી ભોગવતા અને જ્યાં સુધી મિરઝા કુરપાબેગને મારી નાખવા અથવા એને હટાવી કચ્છમાંથી કાઢી મૂકવા શક્તિમાન ન બને ત્યાં સુધી રાહ જોતા લાગ શોધતા રહ્યા.

મિરઝા કુરપાબેગ સ્વચ્છંદી બન્યો હતો. એણે નાણાં કઢાવવા માટે અનેક જણને હેરાન કર્યા હતા અને ખૂબ નાણાં કઢાવ્યાં. પણ એની નાણાં ભૂખ શાંત થવાને બદલે દિવસોદિવસ વધતી ચાલી. એને એમ લાગ્યું હતું કે આશ્રિત બલુચી ભાઇઓ પાસે ઘણું ધન છે. વળી એમની ઓરતો પાસે ખૂબ ઘરેણાં હોવાના અને એઓ સુંદર હોવાના પણ એને ખબર મળ્યા. એક દિવસ એણે બલુચી ભાઇઓને બોલાવીને એમની પાસે નાણાંની અયોગ્ય માગણી કરી. એઓએ ઉત્તરમાં જણાવ્યું કે ‘અમારી પાસે ધન નથી, દાગીના નથી, જમીન નથી અને પરિશ્રમ કરીને ગુજરાન જોગું કમાઇએ છીએ.’

‘તમારી ઓરતો પાસે ઘરેણાં છે તે વેચીને નાણાં આપો. એઓ સુંદર છે અને ગુલામ તરીકે વેચશો તો પણ સારાં નાણાં ઊપજશે. તમે જાણો છો કે તમને જીવતદાન અપાવેલ છે, નહિ તો ક્યારનાયે મીર બિજરના હાથે કતલ થયા હોત. બે દિવસમાં નાણાં લઇ આવો, નહિ તો તમારી ઓરતોને ગુલામ તરીકે વેચીશું.’

બલુચી ભાઇઓ ભયત્રસ્ત બની ઘેર આવ્યા. એમણે મહારાવશ્રીને ખાનગી રીતે મળીને એમને બધી હકીકત જણાવી તથા રક્ષણ માગ્યું. મહારાવશ્રી એમને મદદ કરવા લાચાર હતા. બલુચી ભાઇઓએ પોતાનું ફોડી લેશે એમ જણાવી રજા લીધી. બીજે દિવસે એઓ મક્કમ નિરધાર કરીને, ખાનગી રીતે શસ્ત્રસજ્જ થઇને મિરઝા કુરપાબેગ પાસે ગયા. મિરઝાએ ફરી વાર નાણાંનો તકાદો કર્યો ત્યારે એમણે જરા નરમાશથી ગરીબાઇ તથા અસહાયતા બતાવી, પણ તેમ તેમ મિરઝા વધારે ગુસ્સે થઇ ઉશ્કેરાઇને એઓને અપશબ્દ બોલવા લાગ્યો. બંને બલુચી ભાઇઓએ તરત જ અસાવધ મિરઝા પર ઝેર પામેલી છરીઓ વડે ઓચિંતો હુમલો કર્યો અને છરીઓ એની કૂખમાં ઘોંચી દીધી. થોડીવારમાં જ એ નિષ્પ્રાણ બન્યો. બલુચી ભાઇઓ તરત ત્યાંથી નાસીને મહારાવશ્રી પાસે આવ્યો અને બધી વાત કરી. મહારાવશ્રીએ નિરાંતનો શ્વાસ લીધો અને બલુચી ભાઇઓને અભયવચન આપ્યું તથા થોડા દિવસ બાદ એમને બાસેઠ ગામ બક્ષીસમાં આપ્યું.

થોડા વખત બાદ સન ૧૭૭૮માં નાગપંચમીની સવારીમાં છેલ્લા ભુજમાં લોકોની દૃષ્ટિએ પડ્યા બાદ મહારાવ ઓચિંતા બીમાર પડ્યા અને થોડા દિવસમાં કચ્છના આ કમનસીબ અને પ્રજામાં અપ્રિય બનેલા મહારાવનું ટૂંકી બીમારી ભોગવ્યા બાદ અવસાન થયું.

*કબીરે ગાયું છે :*

*“દુનિયા દરસનકા હય મેલા,*
*ઉસકો સમજ સકે અલબેલા....*
*દુનિયા દરસનકા હય મેલા....!”*

**(સમાપ્ત)**

*C/o. હંસરાજ કંસારા*
*એ/૧/૧/૪, સમૃદ્ધિ, રામેશ્વરમ્ એપાર્ટમેન્ટ,*
*રામદેવ નગર ચાર રસ્તા,*
*દેવાશિષ સ્કૂલ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૨૩૫૦*

વિચાર મંથન

# સત્યની શોધ અને સ્વીકાર – ૧

• મુરજી ગડા •

દુનિયાની બધી જ ધાર્મિક વિચારધારાઓએ સત્યને આગવું મહત્ત્વ આપ્યું છે. ગાંધીજીએ તો "સત્ય એ જ ઈશ્વર" કહ્યું હતું. જ્યારે ધર્મોએ સાચું બોલવું, સાચું કરવું વગેરે પાયાની વાતો કરી છોડી દીધું છે. સાચું બોલવા અને કરવા ઉપરાંત સત્યમાં ઘણું વધારે સમાયેલું છે. કોઈએ પણ બધા ક્ષેત્રોને લગતા સત્યને વિસ્તૃત રીતે આવર્યું હોય એવું જણાતું નથી.

આનું એક કારણ એ છે કે સત્યની વિસ્તૃત વ્યાખ્યા કરવી અશક્ય કહી શકાય એટલી અઘરી છે. બીજું કારણ એ છે કે સત્ય આપણી ચારેબાજુ મોજૂદ હોવા છતાં અદશ્ય છે. એ કુદરતના નિયમોના રૂપમાં સંતાયેલું છે. એને શોધવું પડે છે. માત્ર આંખોથી નહીં પણ બધી જ જ્ઞાનેન્દ્રિયોથી જાણવું / અનુભવવું પડે છે અને બુદ્ધિથી સમજવું - ચકાસવું પડે છે. આ લેખમાળામાં એને શક્ય એટલા વિસ્તારથી સમજવાની કોશિશ કરશું. જ્ઞાનેન્દ્રિયો અને બુદ્ધિથી પર એવા કહેવાતા સત્યોની પણ ચર્ચા કરશું. આની શરૂઆત સાવ સાદા ઉદાહરણથી કરીએ.

શરીરનો કોઈપણ ભાગ અગ્નિને અડતાં બળવા લાગે છે. વધારે બળીએ તો મૃત્યુ પણ થઈ શકે છે. દરેક વ્યક્તિએ જાતે અનુભવેલું કે બીજાઓના બહોળા અનુભવે સ્વીકારેલું આ એક સત્ય છે. માણસ જ નહિ, પ્રાણીઓને પણ આની ખબર છે. એટલેજ બધા પ્રાણીઓ અગ્નિથી દૂર રહે છે. સજીવોના સામૂહિક અનુભવના આધારે મેળવેલું દુનિયાનું આ કદાચ સૌથી પહેલું જ્ઞાન છે. એના વિશે ક્યાં પણ મતભેદ નથી.

બધાજ સજીવ સહેલાઈથી બળે છે. મૃત સજીવોના અવશેષ પણ સહેલાઈથી બળે છે. જ્યારે જૂજ અપવાદ બાદ કરતાં મુળભૂત નિર્જીવ પદાર્થ સહેલાઈથી બળતા નથી. આની પાછળ કુદરતનો નિયમ છે જે અનાયાસે નહિ પણ બુદ્ધિથી શોધાયો છે. તે ઉપરાંત શું ધીરે ધીરે બળે છે, શું ભડકો થઈને બળે છે, બળી શકે એવા પદાર્થને નિયંત્રણમાં બાળીને આપણા ઉપયોગમાં કેવી રીતે લેવાય વગેરે બધું સારી એવી બુદ્ધિ અને મહેનત પછી શોધાયું છે.

આવોજ બીજો દાખલો લઈએ. પાણીમાં પથ્થર ડૂબે છે અને લાકડું તરે છે – એ જોઈને આદિમાનવે લાકડાંના ટુકડાઓને સાથે બાંધીને પાણીમાં લાંબું અંતર કાપવા તરાપા બનાવ્યા. તરાપાની મર્યાદા સમજાતાં લાકડાંમાંથી હોડી બનાવી. ત્યારે ધાતુઓ શોધાઈ નહોતી. આજે આપણે જાણીએ છીએ કે લોખંડ પાણીમાં ડૂબી જાય છે. પણ એજ લોખંડના ટુકડાને તગારા જેવા આકારમાં ઘડીએ તો એ પાણી પર તરે છે. એ તગારાને પાણીથી પૂરું ભરીએ તો પાછું ડૂબી જાય છે.

કઈ વસ્તુ પાણી પર તરી શકે છે, તરે ત્યારે કેટલી અંદર અને કેટલી બહાર રહે છે, ક્યારે ડૂબે છે વગેરે બધું કુદરતના નિયમને આધારે થાય છે. આ બધું શોધી, એના સમીકરણો બનાવાયા છે. એના આધારે આજે લોખંડના બનેલા તોતિંગ જહાજો મહાસાગરોમાં ફરે છે. લોખંડની બનેલી સબમરીન પાણીમાં ડૂબકી મારીને પાછી સપાટી પર આવી શકે છે, વગેરે વગેરે...

માણસ પણ પાણીમાં તરતા શીખી શકે છે, ચત્તો સૂઈને શાંત પાણીની સપાટી પર સ્થિર રહી શકે છે, પણ કોઈ માણસ પાસે એવી શક્તિ નથી કે તે બાહ્ય સાધન વગર પાણી પર બે પગે ચાલી શકે, (એમાં કુદરતના નિયમનો ભંગ થાય છે) જે શક્ય નથી.

આવી બધી નાની મોટી શોધો વૈજ્ઞાનિક વિચાર પદ્ધતિથી થઈ છે. એ જ્ઞાન કહેવાય છે. દરેક જણ આ જોઈ અને અનુભવી શકે છે એટલે એ સત્ય પણ છે. વિજ્ઞાનના વિષયમાં જ્ઞાન અને સત્ય એકરૂપ થઈ જાય છે.

શિક્ષિત લોકોમાં પણ વિજ્ઞાન વિશે ઘણી ગેરસમજ પ્રવર્તે છે. એટલે અત્યાર પૂરતી વિજ્ઞાનની વાત બાજુએ રાખીએ. માત્ર એક ચોખવટ કરવી છે કે **વિજ્ઞાનના કહેવાતા નિયમો વૈજ્ઞાનિકોએ "બનાવ્યા" નથી. નિયમ તો કુદરતી છે, પહેલેથી જ છે. વૈજ્ઞાનિકોએ એમને "શોધ્યા" છે અને આપણી ભાષામાં સમજાવ્યા છે. આ શોધખોળ વણથંભી ચાલી રહી છે.**

કુદરતના નિયમોમાં ભેદભાવ નથી કે પક્ષપાત નથી. કોઈની પણ જાતિ, વર્ણ, ધર્મ, નૈતિકતા કે ચારિત્ર્યનો એમને ફરક પડતો નથી. બધાને તે એકસરખી રીતે લાગુ પડે છે. આ અફર સત્ય છે.આ સત્યનો સ્વીકાર કરવો રહ્યો.

અગ્નિ અને પાણી સાથેના આપણા અનુભવ સહેલાઈથી સમજાય એવા છે અને સર્વત્ર સ્વીકારાઈ ગયા છે. એજ પ્રમાણે પ્રકૃતિના કેટલાક તત્ત્વો સમજવા, પ્રમાણમાં સહેલા છે. જ્યારે અન્ય તત્ત્વો સમજવા અઘરા છે. એમાંના એક એવી પૃથ્વીની વાત કરીએ.

પૃથ્વી એટલી મોટી છે કે આપણા દૃષ્ટિબિંદુથી, આપણા વેન્ટેજ પોઈન્ટથી એનું સંપૂર્ણ કદ દેખાતું નથી. આ મર્યાદિત અવલોકનને લીધે પ્રાચીનકાળમાં બધાએ પોતપોતાની રીતે જે અર્થઘટન કર્યું તે અધૂરું હતું, એકબીજાથી ઘણું અલગ હતું અને મુળભૂત રીતે ખોટું હતું. બધી જ પ્રાચીન સંસ્કૃતિઓએ બનાવેલ અને આજ સુધી સચવાયેલ પૃથ્વીના (અને આકાશના) નકશા આ વાતના પુરાવા છે. બધાએ પૃથ્વીને સપાટ બતાવી હતી, પોતાના પ્રદેશને પૃથ્વીના કેન્દ્રસ્થાને બતાવ્યા હતા અને પૃથ્વીને બ્રહ્માંડના કેન્દ્રમાં બતાવી હતી. એમના અવલોકનના આધારે એ વાજબી હતું પણ સત્ય નહોતું.

*જગતરૂપી ખારા સમુદ્રમાં મા એ મીઠી વીરડી સમાન છે. મા તું મા છો બાકી તો બધા વગડાના વા જેવા છે.*

આ બધી માન્યતાઓ ખોટી હોવાનું ૪૦૦ વરસ પહેલાં બહાર આવ્યું ત્યારે મોટો હોબાળો થયો જેણે ઘણા લોકોનો ભોગ લીધો. જ્યારે વહાણવટો ખીલવા લાગ્યો અને યુરોપિયનો દુનિયામાં ફેલાવા લાગ્યા ત્યારે પૃથ્વી સપાટ નહીં પણ ગોળ હોવાનું સ્વીકાર્યા વગર છૂટકો નહોતો. કેટલાક સાગર ખેડૂઓએ વહાણમાં પૃથ્વીની પ્રદક્ષિણા પણ કરી.

ખ્રિસ્તી ધર્મગુરુઓએ આ વિષયમાં જરૂરી પીછેહઠ કરી. એમણે પૃથ્વીના ખરા આકાર સાથે અન્ય ખગોળીય સત્યોનો પણ સ્વીકાર કર્યો. થોડાં વર્ષો પહેલાં, ખ્રિસ્તીઓના વડા પૉપની ચર્ચા દ્વારા ભૂતકાળમાં ઘણાને સહન કરવું પડ્યું હતું એ માટે અફસોસ દર્શાવી જાહેરમાં એમની માફી માંગી હતી. હવે જૂજ અપવાદ બાદ કરતાં દુનિયાના બધા લોકો ભૂગોળ અને ખગોળ વિશેના વૈજ્ઞાનિક સત્યો સ્વીકારી રહ્યા છે.

થોડાં વર્ષો પહેલાં પ્રવાસ દરમિયાન એક જૈન ધર્મશાળામાં રહેવાનું થયું હતું. એ ધર્મશાળાના પ્રાંગણમાં જૈન માન્યતા પ્રમાણેની પૃથ્વીનું મોટું મોડલ હતું. થાળી જેવા ગોળ આકારના કુંડની વચ્ચોવચ થાંભલા જેવો એક ઊંચો આકાર બનાવેલો હતો, જેને મેરૂ પર્વત કહ્યું હતું. એ સિવાય બીજી કોઈ પર્વતમાળા નહોતી. તે ઉપરાંત એકમાત્ર પર્વતના તળિયાની આસપાસ સાત ખંડ અને સાત સમુદ્ર બતાવાયા હતા. એવી જ રીતે વર્ષો પહેલાં પાલિતાણાની તળેટીમાં "સાચી ભૂગોળ" નામે અડધા કલાકની એક ફિલ્મ જોઈ હતી. એમાં પણ આજ પ્રકારની વાતો કહેવાઈ હતી.

જે લોકો હજી પણ પૃથ્વીનું પ્રમાણભૂત સ્વરૂપ સ્વીકારતા નથી એમને પૂછવાનું કે એમની માન્યતાથી અલગ હોય એવું સત્ય અન્ય કોઈ શોધે એ સ્વીકારવામાં એમનું અહમ્ આડે આવે છે કે પછી બીજું કંઈ કારણ છે? વધુ અગત્યની વાત એ છે કે સત્યને અવગણી, અસત્યનો સાથ આપી એનો પ્રચાર કરવામાં કયો ધર્મ પળાય છે?

આપણી કામની વસ્તુ જ્યારે કામ કરતી અટકી જાય ત્યારે નકામી થયેલી વસ્તુનો યોગ્ય નિકાલ કરીએ છીએ. **તો પછી કોઈ માહિતી કે માન્યતા ખોટી પુરવાર થતાં એને ભૂલી જઈ સત્યને સ્વીકારવામાં શું તકલીફ છે?** મનની સફાઈની વાતો દરેક ધર્મમાં કરેલી છે. એ જ રીતે મગજની સફાઈની પણ જરૂર છે. એની વાતો ક્યાંય કરવામાં આવી હોય એમ લાગતું નથી.

આ તો એક નિર્દોષ બાબત છે. આવી એકેડેમિક બાબતોમાં કોણ શું માને છે એથી બીજા કોઈને કંઈ ફરક પડતો નથી. ફરક માત્ર આપણને પડે છે. એમાં આપણી મનોવૃત્તિ છતી થાય છે. પોતાને ઉદાર મતવાદી અને પ્રગતિશીલ ગણાવતા આપણે અજ્ઞાની, જડ અને દંભી પુરવાર થઈએ છીએ.

સૌને સમજાય એવું આ એક સરળ ઉદાહરણ હતું. બાકી ધર્મના નામે, ધર્મની ઓથે, ધર્મના કાર્યક્ષેત્રમાં ન હોય એવા વિષયોમાં ઘણું અગડમ - બગડમ ફેલાવવામાં આવે છે એની પણ વાતો કરવી છે. એ પહેલાં આ લેખનો શું પ્રતિભાવ આવે છે તે જોઈએ.

શ્રદ્ધા - અંધશ્રદ્ધા વિશે આજ સુધી ઘણું લખાયું છે. વર્ષોની એ ચર્ચાનો સાર ટૂંકમાં કહેવો હોય તો એ છે કે અંધશ્રદ્ધા ઓછી કરવા આપણે કોશિશ કરતા રહેવું જોઈએ પણ શ્રદ્ધાને છોડવી ના જોઈએ. વાત સાચી છે, પણ શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચેનો ભેદ કોણ નક્કી કરે? અને કોઈ કરે તોય બીજા એને સ્વીકારશે એવું માની ન લેવાય.

**આપણને જે નજર સામે દેખાય છે, અનુભવાય છે એને અવગણીને પરંપરાથી ચાલી આવતી કોઈ માન્યતાને પકડી બેઠા રહીએ, એને અંધશ્રદ્ધા સિવાય બીજું કંઈ ન કહેવાય.** પૃથ્વી વિશેની આગલી ચર્ચા તો અંધશ્રદ્ધા કરતાં પણ બદતર છે. ઘણી અંધશ્રદ્ધાઓ તાર્કિક રીતે અયોગ્ય હોય તોય એમને ખોટી પુરવાર કરવી અઘરી હોય છે. પૃથ્વીના કદ, આકાર, પર્વતમાળાઓ, મહાસાગરો વગેરે બધા શંકા કે પ્રશ્નોથી પર છે. એમના અસ્વીકાર માટે અંધશ્રદ્ધાથી પણ આકરો શબ્દ શોધવાની જરૂર છે.

સત્ય સામે આવીને ઊભું છે. હવે પુરાણી માન્યતાને છોડીએ. *(ક્રમશઃ)*

*૧, શ્યામ વાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*

## જળ, જમીન અને જંગલ

**(અનુસંધાન : પાના નં.-૩૦ ઉપરથી ચાલુ)**

લિટર પાણી દરિયામાં જતું અટકાવી આપણું સ્વાસ્થ્ય અને દવામાં ખર્ચાતી મોટી રકમ બચાવી શકીશું.

આપને જણાવતા આનંદ થાય છે કે કેટલાક સેવાભાવી મહાનુભાવોએ આ કાર્ય માટે પોતપોતાનાં ગામોમાં આ કાર્ય ઉપાડી લેવાની જવાબદારી લીધી છે.

આ કાર્યમાં શ્રી વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ સેન્ટર, માંડવી (સંપર્ક : ૦૨૮૩૪-૨૨૩૨૫૩) યોગ્ય માર્ગદર્શન આપે છે.

સંપર્ક : શ્રી માવજીભાઈ બારૈયા

મો. ૯૦૯૯૯ ૭૧૮૦૬

દરેક સારા કાર્યમાં ઈશ્વરનો સાથ હોય છે, એમ સમજીને આ કાર્યને અત્યારથી જ ઉપાડી લઈએ.

*કચ્છ ઇકોલોજી ફાઉન્ડેશન*
*કોટી વૃક્ષ અભિયાન*
*જલારામ બાગ, બિદડા, કચ્છ-૩૭૦ ૪૩૫.*
*ફોન : ૦૨૮૩૪-૨૪૪૧૭૭*
*મો. ૯૮૭૯૬ ૪૭૯૧૫*

## મારો વાંચન પ્રેમ

**(અનુસંધાન : પાના નં.-૩૨ ઉપરથી ચાલુ)**

૭. મશહુર વાર્તા લેખિકા અગાથા ક્રિસ્ટી ૭૫ વર્ષ પહેલાં તેના બીજા પતિ સાથે ઇંગ્લીશ રેલવે સ્ટેશને ટ્રેનની રાહ જોઈ ઊભા હતા. સમય પસાર કરવા રેલવેના બુક સ્ટોલ પર પુસ્તક ખરીદવા ગયા પણ એકેય નવલકથાનું પુસ્તક ન મળ્યું. આજેય રેલવે સ્ટોલોની આ હાલત છે. મેગેઝિનો કે પોર્નોગ્રાફિક પુસ્તકો મળે છે. યોગાનુયોગ અગાથા ક્રિસ્ટીનો બીજા પતિ એલેક લેન પુસ્તક પ્રકાશક હતો. તેણે સારાં પુસ્તકોના પ્રચારમાં રેલવે સ્ટોલોમાં પુસ્તકો ખડકાવ્યા. વડોદરાના રેલવે સ્ટેશને અને એરપોર્ટ ઉપર કોઈ સયાજીરાવ બુક સ્ટોલ ઊભો કરશે, જ્યાં ગુજરાતી પોએટ્રી - નવલકથા મળે?

*૭૦૩, ક્ષિતિજ એપાર્ટમેન્ટ, સાંઈબાબા મંદિર પાસે,*
*ભાટિયા સ્કૂલની પાછળ, પોઈસર,*
*કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૭.*

*કાનની બુટ્ટીની જોડ મળે, હાથના કંકણની જોડ મળે; પગના બુટની જોડ મળે, પણ જનનીની જોડ મળવી દુર્લભ છે.*

# 'ખુદ કો કર બુલંદ ઇતના...'

• ડૉ. ગિરીશ વીછીવોરા •

વ્યક્તિનું સર્વસ્વ એનું વ્યક્તિત્વ છે. વ્યક્તિત્વ એટલે સ્વત્વ. સત્ત્વશીલ ગુણજ્ઞતા. એક આગવી, અલગને અનોખી ઓળખ. જેનું વ્યક્તિત્વ વિકસેલું છે તે હંમેશાં સ્વસ્થતાથી રહી શકશે. એને ખુદમાં પૂરો વિશ્વાસ હશે. પોતા પર મુસ્તાક રહેશે. એની આખી જીવનચર્યા પોતાના વ્યક્તિત્વની આજુબાજુ જ ચણાયેલી રહેશે. વ્યક્તિ સમાજનું એક અંગ થઇ રહેશે. સૌની સાથે હળશે, મળશે, સાર્વજનિક કામ કે પોતાની નિજી દિનચર્યામાં ઉમળકારભેર ભાગ લેશે, ઉમળકાથી સૌને વધાવશે, છતાં, એનો પોતાનો એક અલાયદો ખૂણો અકબંધ હોય છે. ગમે ત્યાં જાય, હરે ફરે, વિવિધ પ્રવૃત્તિ કરે, પણ, છેવટે નિજમાં જ વિરમે. એવી વ્યક્તિ જ્યારે પોતાની સન્મુખ થાય છે ત્યારે એને પોતાની, ખુદની કંપની સૌથી વહાલી લાગે છે. એનો ખુદનો સહવાસ ને સહચર્ય એને સૌથી વધુ ગમે છે ને ત્યાં જ તે વિરમે છે. બની શકે કે એવી વ્યક્તિ મિતભાષી હોય, સ્વમાં ખોવાયેલી રહેતાં ક્યારેક કોઇને અતડી પણ ભાસે. બહુધા એનો સંગ કે સત્સંગ સદ્‌ભાવપૂર્ણ વ્યક્તિઓ સાથે વધુ રહે છે. સામાન્યજનને એનું કહેવાતું અતડાપણું ખૂંચે પણ છે. ક્યારેક સામાન્ય જનસમુદાયમાં એની છાપ ખોટી પણ પડે છે. એવી છાપ કે ઉઠાવ સાથે એને નિસ્બત નથી હોતી. સહજતા ને સ્વસ્થતાથી પોતાના જીવનપથમાં તે મહાલતો રહે છે.

જેનું વ્યક્તિત્વ વધુ ખીલેલું હોય છે તેમનામાં એક અદ્‌ભુત અનોખી સ્વતંત્ર વિચારધારાની સરવાણી વહેતી જ રહે છે. એની સામે બનતી કોઇ પણ ઘટનાને એ સ્વસ્થતાથી સર્વાંગ રીતે નિહાળશે, એનાં વિવિધ પાસાં તપાસશે ને છેવટે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરશે. એ અભિપ્રાય જનસમુદાય જેવો જ હોય યા સાવ વિપરીત પણ હોઇ શકે. પોતાના અભિપ્રાયમાં મક્કમ રહેશે. ગાડરિયા પ્રવાહમાં તણાવાનું એને ક્યારેય નહિ જચે. પોતાના અભિપ્રાયથી કોઇને ખોટું લાગશે, મન દુઃખ થશે કે મિત્રતા મટશે એની એને મુદ્દલ પરવા હોતી નથી. પોતાના વિચાર પર એ અટલ ને અડગ રહે છે. સૌની સાથે હળીમળી, વિવિધ વાતો કરવાની, સૌની હા માં હા પુરાવવાની ને ખાસ તો ચીવટ એવી રાખવાની કે કોઇને ખોટું ન લાગે. એવી કસરત કરનારાઓથી એ જોજનો દૂર રહે છે. સ્વસ્થચિત્તે વિચાર કરી શકતી આવી વ્યક્તિ કદાચ વિશાળ જનસમુદાયમાં અપ્રિય પણ થઇ શકે, કારણ કે સામાન્ય જનસમુદાયની વિચારધારા ક્યારે પણ સ્વતંત્ર હોતી નથી. ટોળાંને ક્યારે પણ સ્વત્વ હોતું નથી. ત્યાં એકે જે કર્યું, તેનું બીજો અનુકરણ કરે. ને આમ અનુકરણના મણકા બંધાઇ માળા બની રહે છે.

આવી સત્ત્વશીલ વ્યક્તિઓમાં સમયાંતરે અન્ય ગુણો પણ આવતા થાય છે. હૈયે તો કહેનાર વ્યક્તિ પ્રામાણિક હોય જ. સત્ય વદનાર ભલે અપ્રિય હોય પણ સત્યનું એક અનોખું તેજ એનામાં ઊભરાતું હશે. અન્ય સદગુણો એનામાં આવતાં થશે ને છેવટે એવો સમય આવશે જ્યારે આવી વ્યક્તિનું જીવન એક ખુલ્લી કિતાબ જ થઇ રહેશે. આવું સ્વસ્થ જીવન જીવનારાની રોનક, આભા ને પ્રતિભા અલગ જ હોય છે. એના અવાજમાં સત્યનો જે ટકોરો હોય છે તે સાંભળનારના હૃદયને સ્પર્શ કરશે જ. અણસમજને ભોળપણમાં ઘણીવાર સામાન્યજનો એની અદેખાઇ કરતા થાય છે. અદેખાઇ સિવાય બીજું તેમનાથી કંઇ થઇ શકે એમ હોતું નથી. સામે પક્ષે આવી અદેખાઇ એ સ્વસ્થભાવે જુએ છે તે સહજતાથી ભૂલી પણ જાય છે. એ વિશાળ હૃદયી હોય છે. ઘણીવાર લોકોની આવી હરકતોથી એના મનમાં કરુણા યા દયા પણ આવે છે. બહુધા આવા કોઇ અનુભવને ભૂલતાં એને વધુ વાર લાગતી નથી.

આવા વ્યક્તિત્વવાળા મોટા વિચારકો થઇ શકે. પોતાના વિચારો જે સાંપ્રત જમાનાથી ઘણા ભિન્ન અને આગળ હોય છે તે ખુલ્લેઆમ પ્રગટ કરે છે. ક્યારેક જનસમુદાય એ સ્વીકારે છે, ક્યારેક ન સમજતાં બંડ પણ પોકારે છે. હડધૂત કરે છે યા જીવનું જોખમ પણ થાય છે છતાં પેલો પોતાના વિચારને વળગી જ રહે છે.

દુનિયાની સર્વગ્રાહી પ્રગતિમાં આવા વિશિષ્ટ વ્યક્તિત્વ ને સ્વતંત્ર વિચારધારા ધરાવનારાઓનો મોટો ફાળો રહ્યો છે. સર્વસામાન્ય રીતે જોવા જઇએ તો જનસમુદાયનો લગભગ ૮૫% હિસ્સો સામાન્ય લોકોનો હોય છે. તેઓ જમાનાની ઘરેડ પ્રમાણે જ ચાલવાનું પસંદ કરશે. નવી કેડી કંડારવી એમને મુશ્કેલ હોય છે. દુનિયામાં આવી પોતાને ભાગે આવેલ રોલ અદા કરી પાછળ કોઇ ખાસ છાપ ન મુકી તેઓ વિદાય થાય છે. ૧૦થી ૧૨% વિચારવંત, સ્વત્વ ને વિશિષ્ટ વ્યક્તિત્વવાળા હોય છે. જેમને ચીલાચાલુ ઘરેડમાં રહેવું મુશ્કેલ લાગે છે. પોતાની આગવી વિચાર શક્તિને કામે લગાડી કંઇક નવું કરવાનું, સમાજ યા દેશને માટે કંઇક ઉપયોગી થવાનું તેમનું સ્વપ્નું સાકાર કરવાની મથામણ કરતા રહે છે. અલબત્ત એમના એ પ્રયત્ન થોડાક જ ફળીભૂત થાય છે, બાકીનાઓ પ્રયત્ન જરૂર કરે છે પણ વિપરીત સંજોગો સામે ઝઝુમવું પડે છે ને ક્યારેક ફળીભૂત નથી થઇ શકતા. બાકી રહેલા ૩ થી ૫% મહામાનવ થવાની ક્ષમતાવાળા હોય છે. તેઓ કંઇક નવી કેડી કંડારે છે. જીવનના કોઇપણ ક્ષેત્રમાં તેઓ ટોચના સ્થાને પહોંચવાની નેમ રાખે છે. એમાંના થોડા જ વિજયને વરે છે. સંજોગો

*રેતીના કણને કદાચ ગણી શકાય, પણ માની મમતાને ન ગણી શકાય.*

એમાં બહુ મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘણીવાર આવો કોઇ વિરલો સાવ છેવાડેના ગામડામાં પાક્યો તો? એને ટોચે પહોંચવાની શક્યતા કેટલી. એની આજુબાજુના પરિસરમાં કંઇ વિશિષ્ટ હોતું નથી જેની આંગળી પકડી એ આગળ વધી શકે. ક્યારેક એવું પણ બને ને કોઇ રત્ન પારખુની નજરે ચડે, ઉપાડી લે ને માવજત કરી ઉછેરે તો દુનિયામાં નામ રોશન પણ કરે. આવા નામ ઘણાં છે છતાં પ્રખ્યાત ગણિતશાસ્ત્રી રામાનુજમ અને આપણા જ ઘરદીવડા શ્યામજી કૃષ્ણવર્માના નામ સહેજે યાદ આવે. દુનિયામાં આવા હજારો લાખો રત્નો માટીમાં મળી ગયા હશે. એટલે જ કવિ થોમસ ગ્રે ગામડાંના કબ્રસ્તાનમાં જાય છે ત્યારે એમને વિચાર આવે છે કે અહીં સુતેલાઓ બધા જ સામાન્ય હશે કે એમાં કોઇ વણઓળખાયેલા રત્નો પણ હશે. એમનું હૃદય દ્રવી ગયું ને જન્મ્યું જગવિખ્યાત દીર્ઘ કાવ્ય 'Grays elegy written in a Country Churchyard.' આખું કાવ્ય કાવ્યશાસ્ત્રને કરુણતાનો લાજવાબ નમૂનો છે. એમાં તેઓ કહે છે, 'Some Mute inglorious Milton here may rest, Some Crownwell guiltless of his country's Blood.' અહીં, સુતેલાઓમાં કોઇક એવા પણ હશે કે તેઓને જો તક મળી હોત તો મિલ્ટન યા ક્રોમવેલ થઇ શક્યા હોત!

આવી વ્યક્તિઓ પોતે જ પોતાની ભાગ્યવિધાતા બનતી હોય છે. સામે આવેલ વિપત્તિઓનો અડીખમ થઇ સામનો કરે છે, વિપત્તિઓને નમવું જ પડે છે. આપણા જાગ્રત મન સાથે બીજું સુષુપ્ત મન (Subconscious Mind) પણ કામ કરતું જ હોય છે. આવી મક્કમ મનોબળવાળી વ્યક્તિઓ પોતાને, ખુદને, આદેશ આપતી રહે છે કે આમ કરવાનું છે ને તે થવું જ જોઇએ. આવો દૃઢ સંકલ્પ આખા શરીરમાં સંદેશો મોકલાવી દે છે. શરીર આવું કરવા તૈયાર થઇ જાય છે આવી પ્રક્રિયા થવાને સમય જોઇએ, વર્ષોના વર્ષ જોઇએ છે એક પ્રકારનો યોગ જ છે. શરીર આવેલા આવાહનને સ્વીકારી તે કરી બતાવે છે. મન, વચનને કર્મથી કોઇ શુભ કાર્ય કરવાની વાત કરીએ છીએ ત્યારે આમાં સુષુપ્ત મનને પણ આમેજ કરી લેવામાં આવે છે. એટલે જ કહેવત આવી કે 'God helps them, those who help themselves.' ઇશ્વર પણ આવા વીરલાને હેરાન કરતાં વિચાર કરે છે. Against all odds એ ફળીભૂત થાય છે ત્યારે ઇશ્વર પણ ઘડીભર વિચારમાં પડી જાય છે. 'સારે જહાં સે અચ્છા હિંદોસ્તા હમારા'ના નારા લગાવનાર શાયર મહમદ ઇકબાલ બોલી ઊઠે છે, 'ખુદ કો કર બુલંદ ઇતના, કે હર તકદીર સે પહેલે, ખુદા બંદે સે ખુદ પુછે, બતા તેરી રઝા ક્યા હૈ.' તું ખુદને એટલો શક્તિશાળી બનાવી દે કે ખુદ ખુદાને તારી કિસ્મત લખતાં પહેલાં પુછવું પડે કે તારી ઇચ્છા શી છે!!

*૫૦/૪ રામસદન,*
*માટુંગા, મુંબઇ-૪૦૦૦૧૯*

*જોઈ શકો તો કાંટા વચ્ચે ગુલાબ છે,*
*નહિંતર તો ચહેરા જેવો ચહેરો નકાબ છે!*
*વાંચી શકો, તો જિંદગાની પાઠ્યપુસ્તક છે,*
*પણ બંધ રાખશો, તો કોરી કિતાબ છે!*
**મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'**

# પગ ખેંચવા કરતાં પીઠ થાબડવી સારી અને સહેલી

• ગુલાબચંદ ધારશી રાંભિયા •

ક્યાંક વાંચવામાં આવ્યું હતું, એક મજાનો દિશા નિર્દેશ કરતું વાક્ય કે **"પગ ખેંચીને કોઇને પછાડી દેવા કરતાં પીઠ થાબડીને પ્રોત્સાહિત કરવામાં મહેનત ઓછી છે અને લાભ ઘણો છે."**

પ્રથમ નજરે જ અલગ તરી આવે એવો લાભ એ છે કે જેની આપણે પીઠ થાબડીએ અર્થાત્ પ્રશંસા કરીએ, એની સાથેના આપણા સંબંધો લાગણીસભર, ઉષ્માસભર ઝડપથી બની રહે. કેમકે આપણું પ્રોત્સાહન, આપણી પ્રશંસા, એનો આપણા પ્રત્યેનો લગાવ ઊભો કરવામાં સ્વાભાવિક જ મુખ્ય પરિબળ બને. જ્યારે પગ ખેંચીને અન્યને પછાડી દેવામાં અર્થાત્ ટીકા, નિંદા, અવગુણ દર્શાવવામાં નજરે તરી આવે તેવું નુકસાન એ છે કે તે વ્યક્તિ સાથેના આપણા સંબંધો કલેશમય - સંઘર્ષમય પ્રતિશોધમય બની જવાના, કેમકે આપણું એ ખોટું વર્તન - ટીકા - નિંદા સ્વાભાવિક જ એનો આપણા પ્રત્યે અભાવ અને આગળ જતાં દુશ્મનાવટ સર્જવામાં નિમિત્ત બને.

પ્રથમ નજરે જ અલગ તરી આવતી આ બંને બાબતોને બરાબર ખ્યાલમાં લેવાય તો એમ લાગ્યા વિના ન રહે કે **કરવા જેવું કાર્ય પીઠ થાબડવાનું, પ્રશંસાનું છે અને છોડવા જેવું કાર્ય પગ ખેંચવાનું ટીકા - નિંદાનું છે.** હા, તેમાં એટલો વિવેક ચોક્કસ અપેક્ષિત છે કે જેની આપણે પીઠ થાબડીએ, પ્રશંસા કરીએ એ વ્યક્તિની તે વૃત્તિ - પ્રવૃત્તિ તો શુભ પ્રેરણાદાયી હોવી જ જોઈએ.

આ રીતે પીઠ થાબડવાનો, પ્રશંસા કરવાનો જલદી નજરે તરી આવે તેવો અન્ય એક મહાન લાભ એ થાય કે એના જીવનમાં શુભનો - સારપનો સતત સરવાળો થતો જાય. આપણી પ્રશંસાનું જલચિંતન એ વ્યક્તિના જીવનબાગમાં ગુણોના ગુલાબ ખીલવવામાં અગત્યનો અને મહત્ત્વનો ભાગ ભજવી જાય.

આ વિધાનની સત્યતાની પ્રતીતિ કરાવે એવી એક હૃદયસ્પર્શી સત્ય ઘટના અહીં આલેખવામાં આવી છે.

એલિસ નામે એક શિક્ષિકા, સ્કૂલમાં બાળકોને વિદ્યાદાન કરે. એ અત્યંત સમજદાર અને ઋજુ હૃદયની નારી હતી. એનું લક્ષ્ય બાળકોને વિદ્યાદાન સાથે સંસ્કારદાનનું પણ હતું. અને આથી જ તે ઘણીવાર નાના નાના નિમિત્તે બાળકોને સારી સારી વાતો શીખવે.

પણ, એક દિવસ એલિસને આઘાત લાગે તેવી ઘટના બની. થયું હતું એવું કે સ્કૂલની રિસેસ દરમ્યાન એના જ વર્ગના નાના નાના બાળકો વાર્તાલાપમાં જોરજોરથી બરાડીને પરસ્પરના દૂષણો બોલતા હતા. એક કહે, તું બીકણ છે. બીજો કહે, તું લુચ્ચો છે. ત્રીજો કહે, તું ઊંઘણશી - આળસુ છે. ચોથો કહે, તું બુદ્ધિ વગરનો બબૂચક છે વગેરે વગેરે. બરાબર એ જ સમયે એલિસ ત્યાંથી પસાર થતી હતી. **માસુમ બાળકોની આવી વાતો સાંભળીને ક્ષણભર તો તે સ્તબ્ધ બની ગઈ કે આવી કુટેવથી તો આ બાળકોની દૃષ્ટિ વધુને વધુ દોષગ્રાહી બનતી જશે. અને પરિણામે એમનું સમગ્ર જીવન દોષ ભરપૂર થઈ જશે.**

એલિસે શાંતિથી વર્ગમાં બેસીને આનો ઉપાય વિચાર્યો. અને એ ઉપાય હતો પીઠ થાબડવાનો, પ્રશંસા કરવાનો, ગુણદર્શન કરાવવાનો હતો. એણે તમામ બાળકોને એકત્રિત કરી રમત રમાડવા કહ્યું. તમે સૌ તમારી નોટબુકનું એક એક પેજ લઈ આવો. બાળકો હોંશે હોંશે એકે એક પેજ લઈ આવ્યા. એલીસે કહ્યું, 'હવે વર્ગના કોઈપણ એક વિદ્યાર્થીનું નામ શીર્ષકમાં લઈને તેની નીચે એ વિદ્યાર્થીના જે જે ગુણો, જે જે સારી વાતો તમને ગમતી હોય તે લખી આપો. હા... શાંતિથી વિચારીને એ ગુણો, સારી વાતો લખજો. એક પણ સારી વાત ન રહી જવી જોઈએ.

બાળકોએ હોંશભેર કાગળમાં લખીને શિક્ષિકાને આપી દીધા. એમાં દરેક વિદ્યાર્થી માટે દસ-બાર પંદર સારી બાબતો સદ્‌ગુણો લખાયા હતા.

સાંજે એલિસ, એ બધા કાગળ ઘરે લઈ ગઈ. રાત્રે બે કલાક મહેનત કરી એણે દરેક કાગળ નીચે મરોડદાર અક્ષરે નોંધ લખી કે પ્રિય વિદ્યાર્થી, તારા સહાધ્યાયીઓ તારામાં આટલા બધા સરસ ગુણો હોવાનું માને છે. તારે હવે એ ગુણો વિકસાવવાના છે અને નવા નવા ગુણો પણ ખીલવવાના છે. મારા અંતરના એ આશીર્વાદ છે કે એ કાર્ય તું ચોક્કસ કરી શકીશ. જરા ચીવટપૂર્વક સાવધાન થઈને એ માટે પુરુષાર્થ કરતો રહેજે. બીજે દિવસે એ તમામ કાગળો એણે દરેક વિદ્યાર્થીને રૂબરૂ આપી દીધા.

બાળકો તો રાજીના રેડ થઈ ગયા કે શું અમારામાં આટલા બધા ગુણો છે? તો તો અમારે એનું જતન કરવું જ જોઈએ અને નવા ગુણોય વિકસાવવા જોઈએ. કેટલાય તોફાની બાળકોએ તોફાન છોડી દીધું - કેટલાય ઝઘડાખોર બાળકોના ઝઘડા શાંત થઈ ગયા. જાણે બાળકોના જીવનમાં પરિવર્તનની પળ આવી ગઈ. શિક્ષિકાના એક પત્રે અને એના પર થતી રોજેરોજની સરળ પ્રેરણાએ સમગ્ર પરિસ્થિતિ પલટી નાંખી. બાળકો આખો દિવસ એ પત્ર ખિસ્સામાં લઈને ફરે. વારંવાર એ પત્ર વાંચે અને એમને સારા બનવાની ચાનક ચડે.

સાવ સામાન્ય મહેનત દ્વારા થઈ શકતી પ્રશંસા કેવી ગજબનાક રીતે સામી વ્યક્તિના જીવનમાં શુભનો સરવાળો કરી શકે છે એ આ ઘટનામાં બહુ અસરકારક રીતે પ્રતિબિંબિત થાય છે.

આવો, આપણે સૌ એમાંથી પ્રેરણાપાથેય પ્રાપ્ત કરી કોઈને પછાડવામાં નહીં, બલકે પીઠ થાબડવામાં રસ ધરાવીએ.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ,*
*વસંત નગર સોસાયટી, ગોપાલચોક,*
*મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.*
*ફોન : ૨૫૪૬૮૦૧૬૦*

*મા એટલે વહાલ ભરેલ વીરડો, મા એટલે મંદિર કેરો દીવડો.*

વિચાર વિમર્શ

# સમાજ સેવા કરતી સંસ્થાઓ અખાડો બનવી જોઇએ નહીં

• રસિક શુક્લ •

સમાજ ઉપયોગી કોઇપણ શુભ કાર્ય એક વ્યક્તિ કરી શકે છે. પરંતુ તેમાં તેને અનેક મુસીબતો નડે છે. શુભ કાર્ય લાંબો સમય કરવું મુશ્કેલ બને છે, કાર્ય કરવું અશક્ય નથી. શુભ કાર્યમાં અનેક લોકોનો સહકાર મળે તો કાર્ય સરળ બને છે, કાર્ય વધારે થવાની શક્યતા છે. શક્યતા શબ્દ મેં એટલા માટે વાપર્યો છે કે **અનેક વ્યક્તિઓ ભેગા થવાથી કાર્ય સંબંધી ઝડપી નિર્ણય આવતો નથી, શુભ સારા કાર્યોનો પણ વિરોધ થાય છે, માટે કાર્ય કરનાર કંટાળી જાય છે.**

શુભ કાર્ય વધારવા સંસ્થાની સ્થાપના જરૂરી બને છે. **સંસ્થામાં જોડાયેલ બધાજ લોકોની આવડતનો (શક્તિ) સદ્ઉપયોગ થવો જોઇએ, બધાને તેઓની આવડત મુજબ જવાબદારી સોંપવી જોઇએ. તેઓ કાર્ય કરતા હોય ત્યારે, સંસ્થાના બીજા લોકોએ તેઓના કાર્યમાં માથાજિક અડચણ-સલાહ સૂચનો આપવા નહીં, બધાને સ્વતંત્ર રીતે કાર્ય કરવાની સ્વતંત્રતા મળવી જોઈએ.** હા, કદાચ કોઈ વ્યક્તિ સંસ્થાના નિયમોની વિરુદ્ધ કાર્ય કરતી હોય તો તેને રોકવી જોઈએ.

સાધારણ રીતે મોટા ભાગની સંસ્થાઓમાં એવું થાય છે કે એકાદ બે વ્યક્તિ ઘણું સુંદર કાર્ય કરે તો તેની સમાજમાં વાહ-વાહ થાય તો સંસ્થામાં તેની સાથે કાર્ય કરતા મિત્રોને તેની ઈર્ષ્યા થાય છે અથવા ડર લાગે કે મારી સત્તા જતી રહેશે. રસિકભાઈની વાહ-વાહ શા માટે થાય છે? મારી જ વાહ-વાહ થવી જોઈએ. મેં સંસ્થા ઊભી કરી છે, રસિકભાઈ તો હમણાં સંસ્થામાં આવ્યા. તે અમારાથી શા માટે આગળ નીકળી ગયા? રસિકભાઈને તેના મિત્રો (સંસ્થાના) તેને પરેશાન કરવાનું ચાલુ કરે છે. જેથી રસિકભાઈ કંટાળીને સંસ્થા છોડી જાય. સંસ્થાનું શુભ કાર્ય અગત્યનું છે, વ્યક્તિ અગત્યની નથી. સમાજના લોકો બધું જ સમજે છે. કઈ વ્યક્તિ નિઃસ્વાર્થભાવે સમાજસેવા કરે છે તે લોકો સમજે છે, પરંતુ સમાજના લોકો પણ આવી સેવાભાવી વ્યક્તિને સાથ સહકાર આપતા નથી.

**દરેક સંસ્થાઓ પાસે દરેક કાર્ય કરવા માટે નિષ્ઠાવાન આદર્શ કાર્યકર હોતા નથી. માટે ધ્યાન રાખવું કે કોઈ કાર્યકર કાર્યથી દૂર થાય નહીં.** સંસ્થાઓ ચલાવવા પૈસાની જરૂરત છે, પરંતુ સંસ્થા ફક્ત પૈસાથી ચાલતી નથી. સંસ્થાઓ કાર્યકરોથી ચાલે છે. બે ત્રણ સત્તા લાલચુ કાર્યકરોના લીધે સંસ્થાઓ તૂટે છે અથવા પૂરતું યોગ્ય કાર્ય થતું નથી.

સંસ્થામાં પ્રમુખ - સેક્રેટરી એવા બને એટલા ઓછા પદ રાખવા. શક્ય હોય તો આવા પદ રાખવા જ નહીં. બધા કાર્યકરો પોતાની જવાબદારી સમજીને કાર્ય કરે.

સંસ્થામાં બધા જ જી-હજૂરિયા (Yes Man) કાર્યકરો ભેગા કરવા નહીં. ખોટા અયોગ્ય કાર્યનો યોગ્ય રીતે વિરોધ કરનાર કાર્યકરો જરૂરી છે. **શુભ કાર્યનો વિરોધ કરવો નહીં.** વિરોધ પક્ષની વાતો સાંભળીને પ્રમુખ - સેક્રેટરી - ટ્રસ્ટીઓએ પોતાની ભૂલો સુધારવી જોઈએ.

સામાજિક સંસ્થાઓમાં મોટાભાગના કાર્યકરો એવું સમજતા હોય છે કે, મારા કાર્યથી આ સંસ્થા ચાલે છે. કાલે હું નહીં કાર્ય કરું તો સંસ્થા બંધ થઈ જશે. આ સમજણ ખોટી છે. આપણે નિઃસ્વાર્થભાવે સમાજસેવાનું કાર્ય કરવું જોઈએ. ઈશ્વર આપણા કાર્યોની નોંધ રાખે જ છે. તેનું ફળ આપણને આપે છે. લોકોની વાતો ઈર્ષ્યા તરફ ધ્યાન આપવું નહીં.

અનેક સંસ્થાઓએ સાથે મળીને કાર્ય કરવું જોઈએ. અનેક ધર્મગુરુઓ ધર્મની સ્થાપના કરવા કાર્ય કરે છે. તેઓએ સાથે મળીને કાર્ય કરવું જોઈએ. આ લોકો પણ સાથે મળીને કાર્ય કરી શકતા નથી અથવા કરતા નથી. આ ધર્મગુરુઓએ ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કર્યું છે, ધર્મમાં શું કહ્યું છે તે આ ધર્મગુરુઓ જાણે છે. છતાં એક સાથે મળીને કાર્ય કરતા નથી. ત્યારે આપણને પ્રશ્ન થાય કે સમાજમાં સુખ શાંતિ ક્યારે આવશે? શુભ કાર્યની શરૂઆત ક્યાંથી કરવી? આ ધર્મગુરુઓને સદ્બુદ્ધિ ઈશ્વર આપે.

સંસ્થાઓએ પૈસા ભેગા કરવા નહીં. સંસ્થામાં શુભ કાર્ય થશે તો લોકો સંસ્થાને જરૂર પૈસાનું ડોનેશન આપશે. અમુક લોકો આખી જિંદગી પોતાના કુટુંબ માટે નોકરી ધંધો કરે, પૈસા ભેગા કરે, નોકરી ધંધામાંથી આવા લોકો નિવૃત્ત થઈ નવી સંસ્થા ઊભી કરે, તે સંસ્થા ચલાવવા પૈસા ભેગા કરે. એક વર્ષમાં સંસ્થાને જે કાંઈ ડોનેશન મળે તે બધા જ પૈસા તે જ એકેડેમિમાં વર્ષમાં શુભ કાર્યોમાં વાપરી નાખવા. સરકારની ખરાબ નજર ટ્રસ્ટોના પૈસા ઉપર છે. તેઓ પૈસાનો હિસાબ પોતાની પાસે લઈ લેશે, તો ભેગા કરેલા પૈસાનો દુરુપયોગ થશે.

હું આશાવાદી છું. ભાગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે, ધર્મના કાર્યો કરનારના રક્ષણ માટે હું જન્મ લઈશ. ધર્મના કાર્યો કરનારને ઈશ્વર મદદ કરે છે, આપણે ધર્મોના શુભ કાર્યો કરીએ.

*વીર બિલ્ડિંગ, રાજાવાડી રોડ,*
*ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭.*

# જળ, જમીન અને જંગલ

● એલ. ડી. શાહ ●

સમગ્ર જીવસૃષ્ટિને ટકાવી રાખનાર જળ, જમીન અને જંગલ એ પ્રકૃતિનાં મૂળભૂત અંગો છે. કુદરતે એ આપણને વિના મૂલ્યે અને વિના મહેનતે આપ્યા હોવાથી આપણે એનું મૂલ્ય સમજી શકતા નથી. મારી દૃષ્ટિએ આપણાં જીવનમાં આ ત્રણ અંગો ધર્મ, શિક્ષણ અને આરોગ્યથી પણ પ્રથમ સ્થાન ધરાવે છે. જ્યાં સુધી ગ્લોબલ વોર્મિંગને કારણે વિશ્વમાં સમસ્યાઓ ઊભી થઈ ન હતી, ત્યાં સુધી આપણે આ પ્રશ્ન તરફ ક્યારે પણ ધ્યાન દોરેલ નહિ. જળ, જમીન અને જંગલનાં પર્યાવરણનું સંતુલન જળવાઈ રહ્યું હતું. ભૌતિકવાદના અતિરેકને કારણે ગ્લોબલ વોર્મિંગની ગંભીર સમસ્યાઓ ઊભી થવા લાગી છે. પ્રકૃતિનાં દરેક ક્ષેત્રે ગંભીર સમસ્યાઓ ઊભી થઈ છે અને આ સમસ્યાઓ તરફ હવે દુર્લક્ષ સેવી શકાય તેમ નથી. કારણકે આથી આપણી ભાવિ પેઢીને જીવવું મુશ્કેલ થઈ પડશે.

આપણાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. અબ્દુલ કલામનાં કહ્યા મુજબ આપણે વેળાસર નહિ જાગીએ તો આપણી ભાવિ પેઢી માટે શ્વાસ લેવા પ્રાણવાયુ, પીવા માટે પાણી અને ખાવા માટે ખોરાક પૂરતા પ્રમાણમાં નહિ મળે. ડૉ. કલામની આ ચેતવણીએ સમગ્ર વિશ્વને ચિંતીત કર્યા છે. એટલે જ સમગ્ર ધાર્મિક ક્રિયાઓ, શિક્ષણ અને આરોગ્ય કરતાં પણ પ્રથમ અગ્રતાક્રમ ધરાવતો આ પર્યાવરણનો વિષય છે.

આપણે જો કચ્છ જિલ્લાની વાત કરીએ તો ઝાડી જંગલોનો નાશ થવાથી દર બે-ત્રણ વર્ષે દુષ્કાળ પડતો હતો. તેથી માનવી અને પશુધનને અનહદ નુકસાન થતું હતું. દર દુષ્કાળ વખતે આ વતનપ્રેમીઓ કરોડો રૂપિયા ખર્ચતા પણ ફાયદો થતો ન હતો. આપણાં સદ્‌ભાગ્યે લોકોમાં વૃક્ષારોપણ ક્ષેત્રે જાગૃતિ આવતાં છેલ્લા આઠ વર્ષથી દુષ્કાળ પડ્યો નથી. દુષ્કાળને કાયમ માટે દૂર કરવા આ વૃક્ષારોપણની પ્રવૃત્તિ ચાલુ રાખવી પડશે. બલકે એને વધુ સઘન બનાવવી પડશે. ઉપરા ઉપરી દુષ્કાળોને કારણે તેમજ પાણીનાં અતિશય દુરુપયોગને કારણે આપણાં ભૂગર્ભ જળ અતિશય ઊંડા થઈ ગયા છે. ક્યાંક તો ૫૦૦ ફૂટની ઊંડાઈએ પણ પાણી મળતું નથી. પાણીનાં સ્તર નીચે જવાથી અને પાણીની ગુણવત્તા તદ્દન ક્ષારયુક્ત થવાથી એ પીવા તેમજ ખેતીલાયક પણ રહ્યા નથી. કચ્છ જિલ્લામાં અમુક ગામોમાં પીવા માટે નર્મદાનું પાણી ઉપલબ્ધ થઈ શક્યું છે પણ સમગ્ર જિલ્લામાં મળવું શક્ય નથી. નર્મદાનું પાણી પણ સેંકડો કિલોમીટર દૂરથી આવતાં તદ્દન શુદ્ધ રહેતું નથી.

- **રેઈન વોટર હાર્વેસ્ટિંગ (વરસાદી પાણી સંગ્રહ) (પાલર પાણી) :**

રાજસ્થાનમાં અલવર જિલ્લામાં કચ્છ કરતાં પણ ઓછો વરસાદ પડે છે. છતાં ત્યાં ઘણાં વર્ષોથી દરેક ઘરના પ્રાંગણમાં વરસાદી પાણીનો સંગ્રહ થાય છે. જેથી એ પાણી બારેમાસ પીવા માટે વપરાય છે. એને સૂર્યપ્રકાશ ન મળતા એ પાણી બારેમાસ શુદ્ધ, નિર્મળ અને પીવાલાયક રહે છે. આપણાં બાપ દાદાઓ પણ ભૂતકાળમાં વાસણોમાં વરસાદી પાણી ભરી રાખતા. જે થોડાં દિવસ સુધી વાપરી શકાતું. હવે તો ભારતનાં ઘણાંખરા રાજ્યોએ પીવા માટે રેઈન વોટર હાર્વેસ્ટિંગ (વરસાદી પાણી સંગ્રહ) ફરજિયાત કર્યું છે.

ઘણાં સુખી કુટુંબોએ પાણી શુદ્ધ કરવા આર.ઓ. પ્લાન્ટ બેસાડ્યા છે. તે ખર્ચાળ છે અને તેમાંથી નીકળતું ચારગણું ખરાબ પાણી જમીનને નુકસાન કરી વેડફાઈ જાય છે. **આપણે ત્યાં ધર્મને નામે જુદી જુદી ક્રિયાઓમાં કરોડો રૂપિયા ખર્ચાય છે, પણ આવી રચનાત્મક પ્રવૃત્તિ તરફ કોઈનું ધ્યાન ખેંચાતું નથી.** સુખી અને સમૃદ્ધ લોકો સહેલાઈથી વરસાદી પાણીના સંગ્રહનો ટાંકો જમીનમાં બેસાડી શકશે પણ નબળા વર્ગને તેમ કરવું મુશ્કેલ છે. એમને થોડો આર્થિક સહયોગ મળે તો ખરેખર એક મહાન પુણ્યનું કાર્ય થાય. એક નબળું કુટુંબ બારેમાસ શુદ્ધ અને મીઠું પાણી પીતું થાય અને દર વર્ષે અનેક બીમારીઓમાંથી બચી, હજારો રૂપિયા દવાના બચાવી શકે. કારણકે આજકાલ ક્ષારયુક્ત પાણી પીવાથી અનેક નાની મોટી બીમારીઓ થઈ રહી છે અને લોકો એમાં હજારો રૂપિયા ખર્ચી નાખે છે.

આપણી કચ્છની ખડતલ અને ખમીરવંતી વતનપ્રેમી પ્રજાએ જેમ દુષ્કાળને દેશવટો દીધો છે તેમ પીવાનાં પાણીનાં પ્રશ્ને પણ પાછી પાની નહિ કરે. આજકાલ આપણે જોઈએ છીએ કે વતનપ્રેમી કચ્છી પ્રજાએ સમસ્ત વિશ્વમાં દરેક ક્ષેત્રે ડંકો વગાડી દીધો છે. તો મને પૂરી શ્રદ્ધા છે કે દરેક એક સુખી કુટુંબ પોતાને ત્યાં તો આ વરસાદી પાણી સંગ્રહનો ટાંકો જરૂર બનાવશે. સાથે સાથે થોડાક આર્થિક રીતે નબળા કુટુંબોને પણ આર્થિક સહયોગ આપશે. જેથી રાજસ્થાનમાં અલવર જિલ્લાની જેમ આપણે પણ માથું ઊંચકીને કહી શકીશું કે અમે પણ આ કાર્યમાં પાછળ નથી.

છેલ્લાં થોડાંક વર્ષોમાં કચ્છમાં થઈ રહેલાં વિકાસના કાર્યોની નોંધ વિશ્વ કક્ષાએ લેવાઈ રહી છે ત્યારે આપણું આ ઘરે ઘરે વરસાદી પાણી માટે ટાંકાઓ બનાવવાનું કાર્ય પણ એક વિક્રમજનક અને ઐતિહાસિક પુરવાર થશે.

આશા છે કે આ કાર્ય આપણે સૌ પોતાના ગામોમાં યુદ્ધના ધોરણે શરૂ કરી દઈએ તો ખરેખર આ ચોમાસામાં આપણે કરોડો

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)

*માતા જે હાલરડાં પારણામાં સંભળાવે છે, તે જીવનના અંત સુધી સાથે આવે છે.*

માહિતી

# મારો વાંચન પ્રેમ

● કાંતિ ભટ્ટ ●

*શ્રી કાંતિભાઈ ભટ્ટે 'મારો વાંચન પ્રેમ' નામનો લેખ 'મંગલ મંદિર'ના નવેમ્બર-૨૦૧૦ એટલે કે દીપોત્સવી અંક માટે મોકલેલ હતો. પરંતુ એ લેખ મોડો આવવાથી તેનો દીપોત્સવી અંકમાં સમાવેશ થઈ શકેલ ન હતો. હવે વાંચો શ્રી કાંતિભાઈ ભટ્ટનો "વાંચન પ્રેમ" આ અંકમાં. લેખ વાંચીને સાશ્ચર્ય આનંદ અનુભવાય!*

**– મુખ્યતંત્રી**

★

આજથી ૧૦૧ વર્ષ પહેલાં મહાન ફ્રેન્ચ લેખક અને રાજપુરુષ મોન્ટેસ્કુએ લખેલું કે મેં એવી કોઈ આપત્તિ જોઈ નથી જે એક કલાકનું વાંચન તેને માનસિક ચિંતા છોડાવી ન શકે. મને કહેવામાં આવ્યું છે કે "મારો ગ્રંથરાગ" ઉપર અંગત લેખ લખો. ૨૧મી સદીમાં એક નવો ફેશનેબલ રોગ લાગુ પડ્યો છે. મુંબઈમાં કે બીજાં શહેરોમાં જેની પાસે બહુ વધુ પડતા પૈસા થઈ ગયા છે તે જથ્થાબંધ પુસ્તકો ખરીદીને રૂપાળી લાઈબ્રેરી ઊભી કરે છે પણ વાંચતા નથી. મુંબઈના પુસ્તકપ્રેમી અને લેખનપ્રેમી જયવદન તક્તાવાલાએ તેના ઘરમાં મોટી લાઈબ્રેરી ઊભી કરેલી. તેમનો ઈન્ટરવ્યૂ લેવા ગયો ત્યારે તેમને મેં પૂછ્યું કે આમાંથી કેટલાં પુસ્તકો વાંચ્યા છે? જવાબ : "એક પણ નહીં." મેં તમામ પુસ્તકો માંગી લીધા પછી મારી ૩૧૦ ચોરસ ફૂટની ઓરડીમાં લાઈબ્રેરી ઊભી થઈ. પણ લેખક તરીકે મને થોડાંક પુસ્તકોથી હજી ધરવ નથી. હું વળી પત્રકાર ઠર્યો અને દર મહિને ૮૦ની ઉંમરે મહિને ૪૫ લેખો (દૈનિક ભાસ્કરમાં દરરોજ) ૪૦ વર્ષથી લખું છું. તેથી મારે માટે પુસ્તકો અનિવાર્ય લાગે છે. **મહિને રૂા. ૨૦,૦૦૦/-થી રૂા. ૨૫,૦૦૦/-નાં પુસ્તકો, મેગેઝીનો, અખબારો ખરીદું છું.** ઈન્ટરનેટ ઉપર જગતભરનું સાહિત્ય ૨-૩ કલાક જોઉં છું.

ખરેખર તો મારો વાંચનનો પ્રેમ અમુક હદે મારા શિક્ષક પિતા હરગોવિંદદાસ તરફથી મળેલો. મારે ભાવનગરના મહારાજાનો ઉપકાર માનવો જોઈએ કે સ્ટેટના ગામડાંની પંચાયતોમાં તેમણે લાઈબ્રેરી ઊભી કરાવી. અમારા ઘરમાં પુસ્તકો વાંચીને ધરવ ન થયો. "ચંદ્રકાંત" અને "સરસ્વતીચંદ્ર" વાંચ્યા પછી હું ઝાંઝમેરની (મારું વતન) ગ્રામ પંચાયતની લાઈબ્રેરીનો બાળ લાઈબ્રેરિયન બન્યો. ગામના ખેડૂતો વાવણી કરી લે પછી વાંચવા આવતા. મને બચપણથી વાંચવાનું વ્યસન થઈ ગયેલું. બેભાન થઈ જાઉં ત્યાં સુધી વાંચતો, તે વાંચન મને પત્રકારત્વમાં કામ લાગ્યું. **નવટાંક લખવા માટે એક ટન જેટલું વાંચવું પડે છે.** ઝાંઝમેરમાં હાઈસ્કૂલ નહોતી એટલે મહુવાની મનજી નથુ હાઈસ્કૂલની લાઈબ્રેરી સુધી પહોંચતાં પહેલાં મહુવાની પ્રાથમિક શાળામાં પુસ્તકાલય નહીં હોઈને મારા ઉપર મોટી આફત આવી પડી. એ સમયે પ્રખ્યાત બાળવાર્તા લેખક જીવરામ જોશીના નાના ભાઈ દીનુભાઈ જોશી ૧૯૪૧માં અમારા પાડોશી થયા. મહુવાની નગરપાલિકામાં રસ લેનારા જશવંત મહેતાના મિત્રોએ મહુવામાં બાળમંદિર ઊભું કર્યું. દીનુભાઈ જોશીએ સૌ પ્રથમ શરત કરી કે રૂા. ૫,૦૦૦/-ના ખર્ચ વાળી લાઈબ્રેરી બાળકો માટે ઊભી કરો તો આવું અને મહુવામાં પ્રથમ બાળ લાઈબ્રેરી થઈ. પણ મને અને દીનુભાઈના પુત્રો નામે પ્રેમ અને ભરતને તે લાઈબ્રેરીમાં પ્રવેશ નહોતો. પરંતુ અમે જોયું કે લાઈબ્રેરીમાં અદ્ભુત સાહસ કથાના પુસ્તકો હતા. એટલે રવિવારે અમે બાળ મંદિરની ચાવી ચોરીને ચૂપચાપ ખાધાપીધા વગર આખો દિવસ વાંચીને ચાવી દીનુભાઈની કફનીમાં મૂકી દેતા. પણ કદી પુસ્તક ચોરતા નહીં.

મેં વિદેશની સફરમાં સ્ટીમરની લાઈબ્રેરીમાં વાંચ્યું છે, વિમાનમાં વાંચ્યું છે, બસની મુસાફરી કે ટ્રેનની મુસાફરીમાં પણ વાંચ્યું છે. જયપુરના મહારાણી ગાયત્રી દેવીને તેના પિતાએ જમતા જમતા વાંચતા જોયા ત્યારે પિતાએ કહ્યું, 'જ્યારે જમતી હોય ત્યારે માત્ર જમ. વાંચતા વાંચતા નહીં જમ. અને જ્યારે વાંચતી હો ત્યારે માત્ર વાંચન કરજે.' પણ ઘણા લોકો આ નિયમ પાળી શકતા નથી. હું લંડન ગયો ત્યાં એક અંગ્રેજ મિત્રને ઘરે ઉતર્યો તો તેની લાઈબ્રેરીમાં પણ પુસ્તકો હતા. હું પણ માફી સાથે લખું છું કે લઘુશંકા કરતી વખતે પણ હું પુસ્તક લઈ જાઉં છું કારણકે ૮૦ની ઉંમરે તે ક્રિયામાં ચાર પાંચ મિનિટ જાય છે, તે નક્કામી જવા દેતો નથી.

મેટ્રિક પછી સૌરાષ્ટ્રમાં કોમર્સ કોલેજ નહોતી એટલે વડોદરા પ્રતાપસિંહ કોમર્સ કોલેજમાં દાખલ થયો. સુરસાગરની પાળે કોલેજ હતી પણ સારી લાઈબ્રેરી નહોતી. અમારી પ્રતાપ નગરની હોસ્ટેલથી કોલેજ તો દૂર હતી પણ સયાજીરાવ ગ્રંથાલય તો ઘણું ઘણું દૂર હતું અને બસના પૈસા નહોતા. એટલે એ ભવ્ય પુસ્તકાલયનો લાભ ન મળ્યો.

૧૦ વર્ષ મલેશિયામાં ૧૯૫૬થી ૧૯૬૬ સુધી રહ્યો. ત્યાં કાકાના ઋણભારને ઉતારવા બિઝનેસમેન બનવું પડ્યું ત્યારે કાકાની ખાડે ગયેલી કંપનીને ઊંચી લાવવા ૧૮-૨૦ કલાક કામ કરતો. વાંચનનો સમય ન મળતો. પછી એ ગુલામીમાંથી છુટ્યો ત્યારે સ્ટીમર રસ્તે કલકત્તા થઈ રંગુન થઈ મુંબઈ આવી પત્રકાર બન્યો. સ્ટીમરમાં પુસ્તકાલય જોઈને આનંદ થયો. જાણે કોઈ યૌવનાની સાથે રોમાન્સ કરવાનું મળ્યું. મારી પુત્રી ફ્લોરીડામાં એકરટે કોલેજમાં ભણી તે કોલેજની ભવ્ય લાઈબ્રેરીનો મને લાભ મળેલો. મારી પુત્રીને પરીક્ષામાં હાથનું રાંધેલું ખાવા મળે તે માટે રસોઈ કરવા હું ફ્લોરીડા ગયેલો.

૧૯૬૬ના સપ્ટેમ્બરમાં પત્રકાર બન્યો

*મૂર્ખાઓ અખતરા કરે તે મને ગમે છે. હું હંમેશાં એવા અખતરા કરતો હોઉં છું – ડારવિન*

ત્યારે વ્યાપાર - જન્મભૂમિમાં ઉપતંત્રી બન્યો. ત્યાં જાણે લોટરી લાગી ગઈ. અમૃતલાલ શેઠ પછી તમામ તંત્રીઓએ અદ્‌ભુત લાઈબ્રેરી ઊભી કરી હતી. એનો લાભ મળ્યો પણ મને તૃપ્તિ નહોતી. એ પછી મને મારા સહતંત્રી મોહનલાલ ગાંધીએ મને એશિયાટિક સોસાયટી લાઈબ્રેરી બતાવી. અદ્‌ભુત લાઈબ્રેરી હતી. જન્મભૂમિની કચેરી નજીક જ આવેલી છે. તેનું ભવ્ય બિલ્ડિંગ છે. ભારતમાં જે કોઈ પુસ્તક પ્રકાશિત થાય તેને કાનૂનનું અગર સ્વૈચ્છિક બંધન છે કે બે નકલો એશિયાટિક લાઈબ્રેરીને મોકલવી. હું તેનો સભ્ય બન્યો. મને જોઈએ તેવા જૂનાં - નવાં પુસ્તકો મળતાં આખી દુનિયાનાં મેગેઝિનો આવતા. મારા ફેવરિટ એવા ન્યુસ્ટેટ્સમેન, સ્પક્ટેટર, નેશનલ જ્યોગ્રાફિક, ન્યુસાયન્ટીસ્ટ, ટાઈમ્સ લીટરરી સપ્લીમેન્ટ, મેઈન સ્ટ્રીમ વગેરે વાંચવા મળતા. હું લગભગ ૩૩ વર્ષથી સભ્ય છું. આ ઉંમરે લાઈબ્રેરીમાં જઈ શકતો નથી. મારે ઘરે કામ કરનારી હરિજન બહેન હેમા બોરીચા મારા વતી ત્રણ વિદેશી મેગેઝીનો અને જોઈએ તેવા પુસ્તકો મંગાવું છું તે લાવે છે.

પણ આ લેખ કોઈ ધનિક - પુસ્તકપ્રેમી વાંચશે તો મારી પ્રાર્થના છે કે આજે એશિયાટિક સોસાયટીની એ લાઈબ્રેરી નાણાંની તંગીથી પીડાય છે. નવાં પુસ્તકો કે અગાઉના વિદેશી મેગેઝિનોનું લવાજમ ભરી શકતી નથી. મુકેશ અંબાણીને કોઈ પુસ્તકપ્રેમી મિત્ર માત્ર એટલું કહે કે ત્યાં અંબાણી રીડિંગ કોર્નર ઊભો કરે દર વર્ષે ફક્ત રૂા. ૨ લાખનાં પુસ્તકો કે મેગેઝીનો માટેનું દાન આપે. જ્ઞાનદાન જેવું શ્રેષ્ઠ દાન કોઈ નથી. મુંબઈ સમાચારની ઓફિસ સામે ટાઉન હોલમાં આ લાઈબ્રેરી છે. આ લાઈબ્રેરીને મરવા દેવી જોઈએ નહીં. જન્મભૂમિની લાઈબ્રેરી પણ હવે પહેલાં જેવી રહી નથી. એટલા માટે કે પત્રકારો તેનો લાભ લેતા નથી. ઈન્ટરનેટે કમબખ્તી આણી છે.

પુસ્તકો વગરની જિંદગીની હું કલ્પના કરી શકતો નથી. મુંબઈ શહેર ભાગ્યશાળી છે કે તાજમહાલ હોટલ, ઓબેરોય હોટલ અને એરપોર્ટમાં પુસ્તક ભંડારો છે. ખાસ કરીને શેરી ઉપર પુસ્તકનો સ્ટોલ માંડીને જબ્બર પુસ્તક વિક્રેતા થયેલા મિ. શાનબાગનો સ્ટેન્ડ બુકસ્ટોલ મારા પુસ્તક પ્રેમને થોડોક સંતોષે છે. ઉપરાંત મારે 'ક્રોસવર્ડ' નામના બુક સ્ટોરના નિર્માતાનો આભાર માનવો જોઈએ કે મુંબઈ શહેરમાં ત્રણચાર જગ્યાએ તેના પુસ્તક ભંડારો છે. તે જગતભરનાં લેટેસ્ટ પ્રકાશનો મંગાવે છે. અમદાવાદ એરપોર્ટ ઉપરનો બુક સ્ટોલ ગરીબમાં ગરીબ છે. અમદાવાદી લોકો વાંચનમાં સાવ ખડુસ છે. અરે અમદાવાદનાં ઘણા પત્રકારો પુસ્તકો વાંચતા નથી ત્યાં પછી સામાન્ય માનવીનો શું ખરખરો કરવો? મારા વૈદ્યમિત્ર ડૉ. પંકજ નરમનો ખાસ આભારી છું કે અમેરિકાથી તાજા પ્રકાશિત થયેલ મોંઘા પુસ્તકો લાવી, ભેટ આપે છે.

આજે મને ચિંતા એ થાય છે કે ૧૫ વર્ષથી મારી પત્ની શીલા દિલ્હી રહે છે. મેં લાઈબ્રેરી ઊભી કરેલી તે જોઈને દિલ્હીમાં મારી પુત્રી શક્તિ અને તેના અંગ્રેજી ભાષામાં કવિતા લખતા કર્ણાટકના યુવાન કવિ જીતથૈલ – બંનેએ ઉત્તમ લાઈબ્રેરી ઊભી કરેલી. પોણું ઘર પુસ્તકોથી ભરેલું હતું. પણ મારી પુત્રીના મરણ પછી એ લાઈબ્રેરી, તેનો પતિ બેંગ્લોર લઈ ગયો છે. ચિંતા એ છે કે મારી લાઈબ્રેરી હું કોને સોંપતો જઈશ? મારી પાસે સાતેક એન્સાઈક્લોપીડિયા, ભગવદગો મંડળના ૯ ગ્રંથો અને ખાસ તો વૈદક - ફાર્મસી ઉપર ૧૦૦ પુસ્તકો ઉપરાંત ૧૦,૦૦૦થી વધુ બીજા પુસ્તકો છે. શીલાને પુસ્તકોનો શોખ છે તે મોડો મોડો જાગ્યો છે. પણ છતાં મને શક્તિના મરણ પછી દત્તક પુત્રી લેવી છે, જે પત્રકારત્વ અને પુસ્તકોને પ્રેમ કરતી હોય. આખું પુસ્તક લખાય તેવું વાંચનપ્રેમ કે પુસ્તક પ્રેમનું સાહિત્ય મારી પાસે છે. વાંચન ઉપર મેં એક પુસ્તક ભરાય તેટલા લેખો લખ્યા છે પણ કોઈ પ્રકાશક નથી. કેટલીક તાજી કે જૂની વાતો વાંચન અંગે તમને રસ પડે તે માટે આપું છું :

૧. **૧૨મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના રોજ જગતનું સૌથી મોંઘામાં મોંઘું પુસ્તક પ્રકાશિત થયું છે. તેની કિંમત ૮૮ લાખ ડોલર અગર ૫૭ લાખ સ્ટર્લિંગ પાઉન્ડ છે. એટલે કે એક પુસ્તકની કિંમત રૂા. ૪૧૩.૬ કરોડ છે! માનો છો? આ પુસ્તકની માત્ર ૧૧૯ નકલો છપાઈ છે! એટલે જગતની ઉત્તમ લાઈબ્રેરીમાં અને મ્યુઝિયમો જ આ પુસ્તક ખરીદી શકશે.** ઈંગ્લેન્ડમાં ગુરુવાર, તા. ૧૬-૯-૧૦ના રોજ પુસ્તક વેચવા કઢાયું હતું.

૨. હેરલ્ડ બ્લુમ નામના વિદ્વાને પુસ્તકનું બહુમાન કરતા કહેલું કે માનવ એકલો હોય અને તેના હાથમાં પુસ્તક હોય તો તે પુસ્તક વાંચીને સંસ્કૃતિનો આરાધક બની શકે.

૩. એલેકઝાન્ડર ધ ગ્રેટ ઉર્ફે સિકંદર રણ મોરચે પણ પુસ્તક વાંચતો.

૪. મોરારિ બાપુને મોઢેથી સાંભળેલી વાત છે કે તેમના કાકાબાપુ (પિતાના ભાઈ)ને પુસ્તકોનો શોખ હતો. એટલે તલગાજરડાથી ચાર કિલોમીટર ચાલીને મહુવાની લાઈબ્રેરીમાંથી પુસ્તક વાંચવા લાવી આપતા. માલણ નદીમાં પૂર હોય તો પણ ઘણી વખત પુસ્તક ઊંચું રાખીને ગળા સમાણા પાણી તરીને પુસ્તક બદલાવી આવતા. જો નદીના પૂર આકરા હોય તો મોરારિબાપુ નદી કાંઠે બેસીને પુસ્તકો વાંચી લેતા. તમને નવાઈ લાગશે કે માંડ સેકન્ડરી સ્કૂલ સુધી ભણેલા મોરારિબાપુ આટલું બધું વિદ્વતા ભરેલું વક્તવ્ય કેમ આપી શકે છે? જવાબ છે તેમનું વાંચન!

૫. સિકંદરે સૌ પ્રથમ કામ એ કર્યું કે લગભગ ૩૪૩ વર્ષ પહેલાં એલેકઝાન્ડ્રિયા શહેર સ્થાપ્યું ત્યાં જગતમાં મશહુર બને તેવી લાઈબ્રેરી ઊભી કરી.

૬. બગદાદના હારૂલ અલી રશીદનાં પુત્ર બલીઅલ મામુનને સપનામાં એરિસ્ટોટલ આવ્યા. સપનામાં ખલીફે એરિસ્ટોટલ સાથે ચર્ચા કરી ત્યારે તેમને ગ્રીક ફિલસુફની ભવ્યતા સમજાઈ. તુરંત બગદાદની લાઈબ્રેરીમાં રાખવા માટે એરિસ્ટોટલના તમામ પુસ્તકોનો અરબી ભાષામાં અનુવાદ કરાવ્યો.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૪ ઉપર)**

*દરેક અધિકારની સાથે જવાબદારી રહેલી છે. - ડોન રેકફલેટ*

# મેનેજમેન્ટ

• ત્રિલોક ઠાકર •

## લીડરશીપ : લેડર ફોર લીડરશીપ

### ટીમ બિલ્ડિંગ

લીડરની સફળતાનો આધાર તે ફોલોઅર્સમાંથી કેવા લીડર્સ તૈયાર કરે છે, તેના પર છે તે સ્વીકારેલું. આ માટે 'ટીમ'ની જરૂરત છે. કોમન વેલ્થ ગેમ્સ સફળ કરવી હોય તો, જુદી જુદી સ્પોર્ટ કમિટીની જરૂરત પડે છે. કેન્દ્ર સરકાર સફળતાપૂર્વક ચલાવવી હોય તો પ્રધાનોની ટીમની જરૂરત પડે છે. અરે સંસાર રથ ચલાવવા પણ 'પરિવારની-પતિ-પત્નીની ટીમની જરૂરત પડે છે. આપણે ત્યાં ટીમનું મહત્ત્વ વૈદિક કાળથી છે. યજ્ઞ કરવા એકથી વધુ અગ્નિ હોતા (મહારાજ)ની ટીમ, ગુરુકુળ-આશ્રમો ચલાવવા આચાર્યોની ટીમ પ્રચલિત હતી જ ને!' 'ઝાઝા હાથ રળિયામણા'ની કહેવત ઘણું કહી જાય છે.

તો ટીમ ફોરમેશન કેમ કરાય તે મુદ્દે વિચાર કરીએ તે પહેલાં ફરી કેટલીક ફરજિયાત વાતોને વાગોળીએ.

★ યાદ રહે, ટીમના બધા સભ્યો કંઇને કંઈક પ્રદાન કરવાની શક્તિ ધરાવે છે.

★ ટીમ બનાવતા પહેલાં તેના ઓબ્જેક્ટ લક્ષ્ય પર પૂરતો વિચાર કરવો જરૂરી છે.

★ આ ઓબ્જેક્ટ, લક્ષ્યો સ્પષ્ટ, નિશ્ચિત જે મેઝરેબલ છે.

★ આ લક્ષ્યો સંસ્થાના મુખ્ય ગૉલના ભાગ હોવા જોઇએ.

★ જે અર્જીત કરવાનો નિશ્ચિત સમય ગાળો છે.

★ ટીમના બધા સભ્યોએ એકબીજાને મદદરૂપ થવાનું છે. તેઓ એક બીજાના પૂરક છે, હરીફ નહીં.

★ લીડર એ ટીમનો મિત્ર છે, જ્યારે ટીમની કોઇ વ્યક્તિ ડોમીનંટ બને, તો તુર્ત ટીમ-ટોળું બની જાય, માટે લીડરનો રોલ મિત્રનો જ રહેવો જોઇએ.

★ ટીમના બધા સભ્યો ટાસ્ક-લક્ષ્ય મેળવવાની જુદી જુદી રીતો-દૃષ્ટિકોણ ધરાવતા હોય છે. તેથી આ દૃષ્ટિકોણોનું સમાપન કરવા, સંકલિત કરવા, ટાઇમ ટેબલ જાળવવા અને ટીમ વતી વિચારવા, રજૂઆતો કરવા, ટીમનો લીડર જરૂરી છે.

★ આ ટીમ લીડર ગુણવત્તા આધારીત, ગ્રૂપમાંથી કરાયેલો હોવો જોઇએ.

★ આ માટે લીડરની નીચે દર્શિત ગુણવત્તા જરૂરી છે.

કેટલાક આંતરિક ગુણો સંભવિત ટીમ લીડરમાં જરૂરી છે. જેવાંકે

■ આવડત-ટેક્નિકલ નૉલેજ,

■ પ્રામાણિકતા નિષ્ઠાપૂર્વક કામને વળગી રહેવાનો ખંત

■ હિંમત-પ્રશ્નોને રજૂ કરવાની, સભ્યોની ઉદંડતા, કામચોરી ડામવાની

■ રિઝલ્ટ ઓરિએન્ટેશન-લક્ષ્ય વેધીતા, અને સમય પાલન અર્જુન જેવી ફોકસનેસ.

■ આત્મ વિશ્વાસુ

### • કેટલાક બાહયીક ગુણો

■ કોમ્યુનિકેશન ગટ્સ-રજૂઆત કરવાની-સમજાવવાની આવડત, લીસનિંગ ગટ્સ, ફીડબેક પોઝિટીવ રીતે સ્વીકારવાની ક્ષમતા

■ દૂરદર્શિતા-પ્રશ્નોની આગવી સૂઝ,

■ પ્રશ્ન સોલ્વ કરવાની ખેવના

■ સંકલન કરવાની ક્ષમતા

■ ટીમ વર્ક પર ઓબ્જર્વેશનની ક્ષમતા.

■ ગ્રૂપ મિટિંગ કન્ડક્ટ કરવાની, મોટીવેટ કરવાની આવડત, ટીમ લીડ કરવાની સ્ટાઇલ

■ ટીમના સભ્યોની કાર્યક્ષમતાનું, વર્તણૂકનું ઇમ્પાર્શિયલ ઇવોલ્યુસન કરવાની નીતિમત્તા વગેરે.

ઉપરોક્ત ગુણોમાંથી વધુમાં વધુ ગુણો જે વ્યક્તિ ધરાવતા ફોલોઓરને ટીમ લીડર તરીકે ડેવલોપ કરવા જવાબદારી સોંપવી જોઇએ. ટીમના સભ્યોમાં જે કેટલાક ગુણો જરુરી છે : તેમાં,

★ ટીમના લક્ષ્યનું જ્ઞાન

★ ભૂતકાળમાં તેવાં કરેલાં કામનો અનુભવ, કે ટીમમાં કામ કરવાનો અનુભવ

★ વધુ નવું શીખવાની તમ્મના

★ પ્રામાણિકતા, નિષ્ઠા, ટીમ સભ્યોને મદદરૂપ થવાની ભાવના

★ ટીમલીડર પ્રત્યે શ્રદ્ધા, શિસ્ત.

ટીમ લીડર તથા સભ્યો માટે ઉપરોક્ત ગુણોમાંથી, ટાસ્ક, સંજોગ, સમય, સાધનો, ટોટલ પ્રોજેક્ટ વગેરેને નજરમાં લઇને જરૂરી ગુણવત્તાવાળી વ્યક્તિઓ પસંદ કરવા જોઇએ.

હવેનો જમાનો કોર્પોરેટ જગતનો ટેક્નિકલ નોલેજનો છે. ટીમમાં તેથી નોલેજ વર્કર હોવાના. જેમાં તેની આગવી વર્તણૂક, જરૂરત અને ક્ષમતા હોય છે. તેને સંભાળતા હોય છે.

ટીમ એ જીવંત, સતત બદલતી વ્યવસ્થા છે. ઘણીવાર એક જ સભ્ય અલગ અલગ બે ચાર ટીમોમાં રહી પોતાનું યોગદાન આપતો હોય છે. આવા મલ્ટી સ્કીલ્ડ (બહુમુખી કાર્યક્ષમતાવાળા) વ્યક્તિઓ અલબત્ત ઘણા જ ઓછા હોય છે પણ તે સંસ્થાની મૂલ્યવાન એસેટ છે. તે રીતે તે સાચવવા જરૂરી હોય છે.

*"સંકલન શ્રેણી (પાક્ષિક)" ૨૧ ઓક્ટોબર, ૨૦૧૦ના અંકના સૌજન્યથી*

*લોકો પોતાની મોટરગાડીમાં પેટ્રોલ ભરે છે, તે સાથે તેટલો અહંકાર પણ ભરે છે.*

# મેડિક્લેઇમ ઇન્સ્યુરન્સ

• સી.એ. પુષ્પા અશોક શાહ •

આજના મોંઘવારીના જમાનામાં જ્યારે માંદગીની સારવારનો ખર્ચ વધતો જ જાય છે ત્યારે દરેક વ્યક્તિની (નાના બાળકોની પણ) મેડિક્લેઇમ પોલિસી હોવી ખૂબ જરૂરી છે. આ પોલિસી લેતી વખતે નીચે જણાવેલ બાબતો ખાસ ધ્યાનમાં રાખવી.

✦ પોલિસી લેતી વખતે અલગ અલગ કંપનીના પ્રીમિયમના દરો અને શરતો સરખાવી જોવી.

✦ એવા એજન્ટની પસંદગી કરવી જે જાણકાર હોય અને જરૂરિયાતના સમયે આપની પડખે ઊભા રહે.

✦ પોલિસીનું ફોર્મ ભરતી વખતે બધી વિગતો બરોબર વાંચી ફોર્મ ભરવું. કોઇ વિગત આપણને લાગુ ન પડતી હોય તો એને કોરી ન રાખતાં છેકી દેવી. જેથી પાછળથી એમાં કોઇ લખી ન શકે. એજન્ટે ફોર્મ ભર્યું હોય તો બરોબર ચેક કરી એક કોપી પોતાની પાસે રાખવી. કોઇ ઑપરેશન વગેરે કરાવ્યા હોય તો તે વિગત છુપાવવી નહીં.

✦ પોલિસીનું પ્રીમિયમ દર વર્ષે યાદ રાખી નિયમિત ભરવું. જો એક પણ વર્ષ પ્રીમિયમ ભરવાનું ભૂલી ગયા અને એજ વર્ષે મોટી બીમારી થઇ તો મેડિક્લેઇમનો લાભ નહીં મળે. પોલિસી કઢાવ્યાના પહેલા વર્ષથી દરેક પોલિસીની કોપી સાચવી રાખો.

✦ પોલિસી હાથમાં આવે ત્યારે ચેક કરી લો કે ભૂલમાં કોઇ બીમારીનું એક્સ્કલુઝન નથી નોંધાયુને. તમારા એજન્ટની પાસેથી પોલિસી માટે કઢાવેલા મેડિકલ રીપોર્ટસની એક કોપી માંગી લો.

મેડિક્લેઇમ પોલિસી, ટી.પી.એ.ના આઇકાર્ડ વગેરે ૧ કવરમાં મૂકી તેની પર મોટા લાલ અક્ષરે મોસ્ટ ઇમ્પોર્ટન્ટ લખી એ કવર ઇમરજન્સીમાં તરત હાથમાં આવે તે રીતે રાખો.

✦ હોસ્પિટલમાં દાખલ થાવ ત્યારે પાસ્ટ હિસ્ટરી સમજી વિચારીને લખાવવી દા.ત. તમારી મેડિક્લેઇમ પોલિસીને ૧૦ વર્ષ થયા હોય અને હાસ્પિટલમાં પૂછે કે ડાયાબિટીસ કે બ્લડ પ્રેશર કેટલા સમયથી છે. અને કહી દો કે ૧૨ વર્ષથી છે તો તમારો ક્લેઇમ પાસ નહીં થાય.

✦ હોસ્પિટલમાં દાખલ થવાના ૨૪ કલાકની અંદર ઇન્સ્યુરન્સ કંપનીને જાણ કરો.

✦ હોસ્પિટલના બિલ બરોબર ચેક કરતા રહો. દરેક બિલ, રસીદ પર હોસ્પિટલનો સ્ટેમ્પ અને રસીદ પર રેવેન્યુ સ્ટેમ્પ હોવી જરૂરી છે.

✦ ફર્સ્ટ કન્સલ્ટેશન રિપોર્ટ, પેથોલોજીના રિપોર્ટ, દરેક તપાસ જેવી કે એક્ષ-રે, એમ.આર.આઇ. વગેરેના રિપોર્ટ અને દરેક બિલની ઓરિજિનલ કોપી સાચવી રાખો.

✦ પોલિસી રિન્યુ થઇને આવે ત્યારે તેમાં ક્યુમ્યુલેટીવ બોનસના જો તમે હક્કદાર હો તો તે ઉમેરાયું છે કે નહીં તે ચેક કરો.

✦ અમુક વર્ષો જૂની પોલિસી હોય અને ક્લેઇમ ન લીધો હોય તો ઇન્સ્યુરન્સ કંપની તમને ફ્રી ચેક-અપનો લાભ આપે છે. તો એની શરતો એજન્ટ પાસે સમજી લઇ લાભ લઇ શકો.

*૧૦૧, રૂબી એપાર્ટમેન્ટ, ૨૫૩ વાલકેશ્વર રોડ,*
*સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની સામે, મુંબઇ-૪૦૦ ૦૦૬*
*મો. ૯૮૬૯૦ ૧૦૯૭૨*

## શ્રદ્ધા

કહેવાતા ધનિકોનો વિશ્વાસ ન કરો, તેઓ જીવતા કરતાં મરેલા વધારે છે. જેઓ વિનમ્ર, ગરીબ છતાં વફાદાર છે તેવા ઉપર, તમારા ઉપર આશા અવલંબી રહી છે. પરમેશ્વરમાં શ્રદ્ધા રાખો, મને અસલ મનુષ્ય આપો. મારે ઢગલે ઢગલા નકલી માણસોની જરૂર નથી. કોઈ તમને મદદ કરે એમ ઈચ્છો નહીં. બધા માનવ કરતાં શું પરમાત્મા અનંત ગણો મહાન નથી? પવિત્ર રહો, ઈશ્વરમાં શ્રદ્ધા રાખો, હંમેશાં તેના પર આધાર રાખો. તો તમે સાચા રાહ પર છો, તમારી સામે કોઈપણ ફાવશે નહીં.

આજ્ઞાપાલનનો સદ્‌ગુણ કેળવો. પરંતુ તમારે તમારી શ્રદ્ધાનું બલિદાન ક્યારેય આપવું નહીં. જો વડીલોની આજ્ઞા માનવામાં ન આવે તો શક્તિઓનું એકીકરણ થઈ શકે નહીં અને વ્યક્તિગત શક્તિઓનું એકીકરણ થાય નહિં ત્યાં સુધી મહાન કાર્ય થઈ શકે નહીં.

દરેક પ્રજાનો ઇતિહાસ તપાસશો તો માલૂમ પડશે કે જે વ્યક્તિઓમાં આત્મશ્રદ્ધા હતી, તે વ્યક્તિઓ જ મહાન અને શક્તિશાળી થયેલ છે.

ગયેલું ફરી પાછું આવતું નથી. વિતેલી ગત પાછી આવતી નથી. બળહીન બનેલું ભરતીનું મોજું ફરીથી સપાટી પર આવતું નથી તેમજ જીવાત્મા પણ એનું એજ શરીર ફરીથી પ્રાપ્ત કરી શકતું નથી. માટે નિર્જીવ ભૂતકાળને છોડી જીવંત વર્તમાનની પૂજા કરે એ જ સાચો માનવી. ગઈ ગુજરીનો સખેદ વિચાર કરવા કરતાં, વર્તમાનની પ્રવૃત્તિમાં ભાગ લેવાનો. ભૂંસાઈ ગયેલા જૂના ચીલાને ફરી સમા કરવાની નકામી તકલીફ લેવાને બદલે, નજીકમાં આવેલા અને તાજેતરમાં જ તૈયાર કરેલ નવા ધોરીમાર્ગ પર ચાલવું જ ઉચિત છે.

તમે જરા સુધારેલી ભાષામાં વાતચીત કરો છો એટલે તમે માનો છો કે સાધારણ માનવી કરતાં તમે વધારે ઊંચા દરજ્જાના છો અને આ ઉપરાંત તમારામાં જો આધ્યાત્મિક્તાનું ઘમંડ આવી જાય તો પછી સત્યાનાશ જ નીકળી ગયું સમજવું. એ તો બધા બંધનોમાં ભયંકર છે.

*સંકલન : મુકુંદ કે. મહેતા 'અલ્પ' - આદિપુર, કચ્છ*

# બુક્સની કેર કરો

**આજકાલ પુસ્તકો વાંચવાની ટેવ ઓછી થતી જાય છે, જોકે આ બાબત કોઈ સાહિત્ય અભિયાનને ટેકો આપતી નથી.**

**જો તમારી કોફી ટેબલ બુક્સ બહાર બગીચામાં ઝાકળના કારણે ખરાબ થઈ રહી હોય, તો અહીં છે કેટલીક ટિપ્સ તમારા માટે જે મદદગાર સાબિત થશે....**

આજકાલ લોકોમાં પુસ્તકો વાંચવાની ફેશન જતી રહી છે. પહેલાં તો લોકો સમય પસાર કરવા માટે થઈને પણ બસમાં કે ટ્રેનમાં પણ પુસ્તક રાખતા હતાં. હવે તો પુસ્તક પાણીમાં ભીનું થતું હોય કે ચાના ડાઘા પડ્યા હોય તો પણ લોકોને ઈન્ટરેસ્ટ નથી. પુસ્તકપ્રેમીઓ માટે તો ચોમાસું સમસ્યા ઊભી કરે છે. તે ઉપરાંત શહેરોમાં તો લોકોને પોતાની રહેવાની જગ્યા ઓછી પડે છે, તો પુસ્તકો તો ક્યાં રાખે.

જો કે ચોમાસામાં પણ પુસ્તકોને ભેજ લાગતો અટકાવી શકાય છે. એક જાણીતી ડિઝાઈનર કહે છે કે મારી પાસે ડિઝાઈનિંગનાં ઘણાં મોંઘાં પુસ્તકો છે પણ ચોમાસામાં તેને સાચવવાની વ્યવસ્થા અઘરી પડે છે. અર્જુન પાસે તેનો રસ્તો છે. તે કહે છે કે હું ચોમાસામાં પુસ્તકો લાકડાના મોટા કબાટમાં મૂકી દઉં છું. તે કહે છે કે ગોવામાં મારા ઘરે ઘણાં પુસ્તકો છે. તેને સાચવવા અઘરા છે. ઉપરાંત ગોવામાં તો કાયમ ભેજવાળું જ વાતાવરણ હોય છે. તેથી હું ડિહ્યુમીડિફાયરનો યુઝ કરું છું. ઉપરાંત મેં લોકોને પુસ્તક ખોલીને ખોળામાં રાખીને વાંચવાની ના પાડી દીધી છે. ફિલ્મ મેકર પ્રસૂન કહે છે કે મારે અવારનવાર રેફરન્સ બુક્સ વાંચવી પડે છે. ઓફિસમાં તો એ.સી. ચાલુ હોય છે તેથી ભેજ લાગતો નથી, પણ કિંમતી બુક્સ ઘરમાં હોય તો તેનું ધ્યાન રાખવું પડે છે.

મુંબઈના એક જાણીતા બુકસ્ટોરના હેડ જણાવે છે કે અમે કિંમતી બુક્સનું બાઈન્ડિંગ સેલોફન પેપરથી કરાવીએ છીએ જેથી ભેજ કવર સુધી જાય જ નહીં. ઉપરાંત તે કહે છે કે પુસ્તકને કોઈ એક જ જગ્યાએ ન રાખવું જોઈએ. તેને પણ હવા ફેર જરૂરી છે. વરસાદમાં તો પુસ્તકો કેનવાસની બેગમાં રાખવામાં સમજદારી છે. ઉપરાંત જો પુસ્તકોને લાંબા સમય સુધી રાખવાં હોય તો તેને હાર્ડકવર કરાવી લેવું જોઈએ. પુસ્તકોની આસપાસ ક્યારેય પાઉડર કે સ્પ્રેનો ઉપયોગ ન કરવો.

### પુસ્તકોની કેર કરવાની બેઝિક ટિપ્સ

- પુસ્તકોની આસપાસ સ્પ્રે અને પાઉડરનો ઉપયોગ કરવામાં ધ્યાન રાખો. તેનાથી ઊધઈ થવાની શક્યતાઓ વધી જાય છે.
- કબાટમાં રાખેલા પુસ્તકોની આસપાસ સિલિકા જેલના નાના નાના પેકેટ રાખવા જોઈએ. જેના કારણે જીવાત કે ઊધઈ થશે નહિ.
- પુસ્તકોને સાફ કરતા શીખો. તેની પર ધૂળ જમા થવા દેશો નહીં. જો તમે ઘરની લોનમાં કોફી ટેબલ પર પુસ્તકો રાખતા હો, તો તેને ખાસ સાફ કરવાની આદત રાખો. તેની પર ઝાકળ ન જામે તેનું ખાસ ધ્યાન રાખો.
- સામાન્ય રીતે કિંમતી પુસ્તકોને કાચના કે વુડનના મોટા કબાટમાં રાખો. તથા તેની પર ડિહ્યુમીડિફાયર્સનો ઉપયોગ કરો. જેથી કરીને ઝાકળની કે ભેજની અસર થાય નહીં.

## ડાયાબિટીસની તપાસ માટે લોહીની જરૂર નથી

દેશમાં પાંચ કરોડ મધુમેહ (ડાયાબિટીસ)ના રોગી છે અને અંદાજે ૧૫ કરોડ લોકો મધુમેહ (પ્રિ-ડાયાબિટીસ) ઉપર છે. એમણે સુગર લૅવલ ચેક કરાવવા માટે દરેકે લોહી આપવું પડે છે. પરંતુ લોહી આપ્યા વગર મધુમેહની તપાસ થવા માંડશે. માઈક્રોવેલ્સ આધારિત એક સેન્સર ઉપર ફક્ત ૩૦ સેકન્ડ અંગૂઠો ટેકાવવો પડશે ને ખબર પડી જશે કે કેટલી સુગર છે! આમ તો સમગ્ર દુનિયામાં એવી ટેક્નિક વિકસાવવાની દિશામાં શોધ ચાલી રહી છે. **ભારતીય સંશોધકો બાજી મારી ગયા છે.**

**ભારત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક મંત્રાલયના 'ટેકનોલોજી ઈન્ટરવેશન ફોર એલ્ડરલી' માટેના કાર્યક્રમના શોધકર્તા ડો. કે.એ. દયાની ટીમે આ ડિવાઈસ તૈયાર કરેલ છે.** ડૉ. દયાએ જણાવેલ કે માઈક્રોવેવ ગ્લુકોઝ સેન્સ આગરાની શરણ હોસ્પિટલમાં ક્લિનિક ટ્રાયલ ચાલી રહેલ છે. ત્યાં પેથોલોજિસ્ટની દેખરેખ હેઠળ ૭૦૦ લોકો ઉપર સફળ પરીક્ષણ કરાઈ ચૂક્યું છે.

આ ડિવાઈસની અંદાજે ૭૦૦થી ૯૦૦ વચ્ચે બજાર કિંમત હશે. તે ૧૦ વર્ષ સુધી મધુમેહની તપાસ માટે યોગ્ય રહેશે. ત્રીસ સેકન્ડ સુધી અંગૂઠો રાખવાથી ખબર પડશે કે કેટલું સુગર છે! નવા સાધનમાં પાંચ ટકાથી ધનાત્મક કે ઋણાત્મક ભૂલની સંભાવના રહેશે. ■

*બાળકનાં અશ્રુ કડવાં છે. એને વહેવા ના દેશો. – પામેલા ગ્લેન કોન્નર*

સમાજ દર્પણ

# નવા વરસમાં ભાઈચારાની ભાવના વિકસાવીએ

• પ્રા. પૃથ્વી શાહ •

દરરોજ એકની એક પ્રવૃત્તિ હોય તો સવારથી સાંજ જીવાતા એકધારા જીવનથી માનવી કંટાળી જાય છે. આજના સમયમાં અનેક સમસ્યાથી ઘેરાયેલા માનવીને જિંદગી તનાવભરી લાગવા માંડે છે. આમેય દરરોજ ખાવામાં એ જ વસ્તુ હોય તો ગમે તેટલી પસંદગીની વસ્તુ હોવા છતાં થોડા દિવસમાં માનવી તેનાથી ઉબી જાય છે. તેને પછી ખાવાનું ભાવતું નથી. તેથી જ જીવનને રસપૂર્ણ બનાવવા આપણા દેશમાં પુરાણકાળથી કેટલાક ઉત્સવોનું આયોજન કરાયેલ છે. ઉત્સવને લીધે રોજિંદા જીવનમાં બદલાવ આવે છે. માનવીનું મન આનંદ અને ઉત્સાહથી છલકાય છે. તેનામાં નવચેતનાનો સંચાર થાય છે.

આપણા દેશમાં તો વરસ દરમિયાન સામાજિક, ધાર્મિક, સાંસ્કૃતિક, રાષ્ટ્રીય વગેરે અનેક તહેવારો ઉજવાય છે. ધાર્મિક તહેવારો ઉજવવાથી ધાર્મિક ભાવનાનો વિકાસ થાય છે. જીવનમાં ભક્તિભાવના પ્રસરે છે. એકબીજાના ધર્મ પ્રત્યે આદરભાવના જળવાય છે. સામાજિક તહેવારો સમાજસેવાની ભાવનાને પ્રબળ બનાવે છે. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીથી દેશમાં સૌના દિલમાં રાષ્ટ્ર પ્રત્યે સમર્પિતતાની ભાવના જાગે છે. દેશની અખંડિતતા જાળવવામાં તે મહત્ત્વના સાબિત થાય છે. જ્યારે સાંસ્કૃતિક તહેવારથી દેશની સંસ્કૃતિ સદાકાળ જાળવી શકાય છે. તહેવારો માનવીમાં પ્રેમ, દયા, સદ્ભાવના જેવા ગુણો વિકસાવવામાં પણ ઉપયોગી નીવડે છે.

દીપોત્સવી, એ ભારતના સૌથી મોટા તહેવાર તરીકે ઉભરી આવેલ છે. દિવાળીના તહેવારમાં ધનતેરસ, કાળી ચૌદસ, દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજ અને લાભ પાંચમનું અનેરું મહત્ત્વ છે. ધન તેરસના લક્ષ્મી પૂજન થાય છે. એક વાયકા મુજબ પ્રાચીન કાળમાં દેશમાં માનવી ખેતી ઉપર આધારિત હતો. પાસે પશુધન રાખતો હતો. તે પ્રાણીઓની દરકાર રાખતો હતો. એ સમયે ચલણની જગ્યાએ સાટા પદ્ધતિ અસ્તિત્વમાં હતી. એ સમયે ગો-ધણની ગો-ધનની રીતે પૂજા થતી હતી. કાળક્રમે દેશમાં ચલણી નાણું અસ્તિત્વમાં આવ્યું. સોનું અને ઝવેરાત કિંમતી ધાતુ તરીકે પ્રસ્થાપિત થયા. પરિણામે ધન તેરસના નવા ધનની પૂજા થવા લાગી. ધનતેરસ બાદ કાળી ચૌદસ આવે છે. આ દિવસે સાધકો સ્મશાનમાં કે અન્યત્ર ભૂત અને કાલ ભૈરવની સાધના કરે છે. કેટલાક આ દિવસને આધ્યાત્મિક શક્તિ પ્રાપ્તિના દિવસ તરીકે માને છે. કેટલાક નજર ઉતારવાની વિધિ પણ કરતા હોય છે. આસો વદ અમાસ એટલે દિપાવલી. વિક્રમ સંવતના વરસનો છેલ્લો દિવસ. દિવાળી શબ્દ દીપાવલી પરથી બન્યો છે. અમાસની અંધકારભરી રાતે દરેક ઘરમાં રોશની ઝળહળે છે. આ દિવસે વેપારીઓ ચોપડા પૂજન કરે છે. એક વાયકા અનુસાર ચૌદ વરસનો વનવાસ પૂરો કરી શ્રી રામ, સીતાજી અને લક્ષ્મણે દિવાળીના દિવસે અયોધ્યામાં પુનઃ પ્રવેશ કરેલ. એ દિવસે અયોધ્યાવાસીઓએ ઘેર ઘેર ખુશી વ્યક્ત કરવા દીવા પ્રગટાવ્યા હતા. અસત્ય પર સત્યના વિજય સ્વરૂપે પણ આ દિવસને જોવામાં આવે છે. દિવાળીના દિવસે ફટાકડા ફોડવા ઉપરાંત આંગણામાં રંગોળી બનાવાય છે. દીવો તો જ્ઞાનનો દાતા ગણાય છે.

**દુનિયામાં સંપત્તિ મેળવવી, એ તો ઇશ્વરકૃપા ગણાય. પરંતુ સંપત્તિ આવતા માનવીમાં અહંકાર ભાવના પ્રવેશે છે. ધીમે ધીમે માનવીમાં આસુરી શક્તિ પ્રવેશે છે.** માનવીમાં લોભ, મોહ, અદેખાઈ, ક્રોધ, ઈર્ષ્યા પ્રવેશે છે. નિર્દોષતા - સરળતા તેનાથી દૂર થાય છે. માનવ સ્વભાવની એક અદ્ભુત વિશેષતા તેની બુદ્ધિ છે. પરંતુ ઘણી વખત સંપત્તિના નશામાં સંસ્કારિતા ભૂલાય છે. માનવી સદ્કાર્ય કરવાનું અને માનવીને આદર આપવાનું પણ ભૂલે છે ત્યારે આ પર્વે ખાસ યાદ રાખવાનું કે દિવાળી, એ તો પાપ ઉપર પુણ્ય, અંધકાર ઉપર પ્રકાશ તથા અસુરો પર સુરોના વિજયનો પર્વ છે. એટલે માનવીએ આ દિવસે માત્ર દીવો સળગાવી અજવાળું જ નથી કરવાનું પણ એ અજવાળામાં પોતાના પ્રત્યે નિહાળી પોતાની જાતને સુધારવાની છે.

આપણે યાદ રાખવાનું છે કે માણસ જ્યારે બજારમાં જાય છે અને પાસે નાણાકીય અથવા ઝવેરાતનું જોખમ હોય ત્યારે તે આ જોખમ લૂંટાઈ ન જાય તેની તકેદારી રાખે છે. એટલે જ જોખમ સાથે બહાર નીકળનાર માનવી ક્યારેય ગુંડા કે હલકી વૃત્તિવાળા માનવીઓના લતામાંથી નીકળતો નથી. ભીડવાળા રસ્તે જશે તો પણ અજાણ્યા સાથે વાત કરવા રોકાશે નહિ. તે જોખમ સાચવવા માંગે છે. આ જોખમ મિલકત અથવા પૈસાનું છે. આ પૈસા કે ઝવેરાત આ જિંદગી પૂરતા ઉપયોગી છે, છતાં માનવી તેની કાળજી રાખે છે.

તેથી દિવાળીના દિવસે તો માનવીએ તેનું મન હવે પછી સતત પવિત્ર રહે તેની કાળજી રાખવાની છે. આપણે જે દેશમાં વસતા હોઈએ તે દેશની કેટલીક પ્રણાલિકાઓ - સંસ્કારો - નીતિનિયમો હોય છે, રીતરિવાજો હોય છે. તેનું હંમેશાં પાલન કરવાનું હોય છે. જો આ સિદ્ધાંતોનું પાલન ન કરીએ તો ઘૃણા - નિંદાના ભોગ બનવું પડે.

આજના કાળે માનવીમાં હિંસકવૃત્તિ વધતી જણાય છે. સુખચેન હણાતા જણાય છે. ખરાબ નિમિત્તોની હાજરી વધી રહી છે ત્યારે દિવાળીના પવિત્ર ઉજાસમાં હલકી વૃત્તિને મનથી જાકારો આપવાની પ્રતિજ્ઞા લઈએ અને દિવાળી ટાંકણે ઘરમાં સફાઈ અભિયાન આદર્યું એમ મનને પણ પવિત્ર બનાવવાનો સંકલ્પ કરીએ. આપણા સ્વભાવથી સંબંધમાં ભરતી-ઓટ આવી હોય, નફા નુકસાન વેઠવા પડ્યા હોય તે માટે આપણે કેટલા જવાબદાર તેનો હિસાબ લગાવીએ. સારા આપસી સંબંધો વિક્સાવીએ અને ભાઈચારાની ભાવનાથી સમાજને પણ મજબૂત બનાવવાની દિશામાં આગળ ધપીએ.

*પ્લોટ ૫૭૨/૧/બી, સેક્ટર-૩૦,*
*ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૬૧૫૭૫*

*તું માટી છે ને માટીમાં મળી જવાનો છે એ કથન આત્માને લાગુ પડતું નથી. – ક્વિલોંગ ફૅલો*

# 'પગમેં ભમરી' લઈને રઝળતા રાજવી

• કેશુભાઈ દેસાઈ •

પગમાં ભમરી હોવી એ તો પૂર્વનાં પુણ્યોનો ઉદય : એ પરિવ્રાજકપણું સૂચવે છે.

મુંબઈ એની ભૌગોલિક સરહદો વળોટીને બહાર નીકળે છે ત્યારે વિશેષ મહિમાવંતુ બની રહે છે. એની સાચી ગરિમા પ્રગટે છે. ક્યાંક અંતરિયાળ ગ્રામાંચલમાં, ક્યાંક દૂરવર્તી વનાંચલમાં અથવા પછી કોઈ મૂકબધિર વિકલાંગ બાળકોના આશ્રમમાં કે વૃદ્ધ મંદિરમાં. **મુંબઈ અરબી સમુદ્રના કાંઠે બેઠું બેઠું કચ્છની કાળજી રાખે છે. ઉત્તર ગુજરાતના કે ડાંગ વાંસદાના અને પંચમહાલના આદિવાસી વિસ્તારના યોગક્ષેમની ચિંતા સેવે છે, એ કાઠિયાવાડ અને ઝાલાવાડ અને હાલારમાં હોસ્પિટલો ચલાવે છે – અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો, અન્નક્ષેત્રો અને વિદ્યાલયો નિભાવે છે.**

મુંબઈમાં ક્યારેક દોરી - લોટો લઈને આવેલા અને પાછળથી બે પાંદડે થયેલા લોકો 'દેશ'ને ભૂલતા નથી. એ વણ બોલાવ્યા વતનની વહારે ચડતા રહે છે. મુંબઈમાંથી પ્રેરણા લઈ વિદેશવાસી ગુજરાતીઓ એમનાં ગામોની રખેવાળી કરતા થયા છે. એમને વતન પણ એટલા જ ઉમળકાથી આવકારતું રહે છે.

છેક સમજણો થયો ત્યારથી હું વર્ણાશ્રમની નવી વ્યાખ્યા કરતો રહ્યો છું, જેમાં વાનપ્રસ્થાશ્રમની જગ્યા 'ગ્રામપ્રસ્થાશ્રમ' ગ્રહણ કરે છે! અલબત્ત, પચાસની વયે નિવૃત્ત થઈ જવાનું આ એકવીસમી સદીના માનવીને પોસાય નહીં, પણ એ સાઠ-પાંસઠ કે સિત્તેર પછીનો નિવૃત્તિકાળ વતનને અર્પણ કરે તો એને જિંદગીનો અંતિમ અધ્યાય જરા વધારે રોમાંચક લાગશે; થોડો 'ચેન્જ' પણ મળી રહેશે અને શહેરના ઘોંઘાટિયા - પ્રદૂષિત વાતાવરણમાંથી છુટકારો મળતાં શિથિલ થઈ ગયેલા વૃદ્ધ શરીરમાં પણ જરા જુદેરી ભાતની વસંત બેસશે. આવા સિત્તેર-પંચોતેર વટાવી ચૂકેલા ઘણા 'નવયુવાનો'ને હું અંગત રીતે ઓળખું છું.

આવા વડીલોને જોઉં છું ત્યારે મને વાર્ધક્યની ગરિમાનો ખરો અર્થ સમજાય છે. હમણાં જ એવા એક મોટા ગજાના મુરબ્બીના 'વરઘોડા'માં જઈ આવ્યો. પ્રસંગ એમની પગની ભમરીનો હતો પણ દોડ્યા મારા જેવા હરખઘેલા હુંશીલા ચાહકો! એ પણ અદના જાનૈયા સ્વરૂપે.

ગઈ સાતમી નવેમ્બરે લીલાધર માણેક ગડા ઉર્ફે 'અધા'એ જિંદગીના સાત દાયકા પૂર્ણકરી આઠમા દાયકામાં પ્રવેશ કર્યો. એમના ઇક્કોતેરમા જન્મ દિવસે એમને ઘેર એક કિતાબ રૂપી કન્યારત્નનું અવતરણ થયું. નામ છે એનું "પગમેં ભમરી..." જેનું પહેલું ચરણ તો ૨૦૦૫માં પ્રકાશિત થયેલું.

પગમાં ભમરી હોવી એ તો પૂર્વનાં સંચિતનો ઉદય. બધાના કિસ્મતમાં આવો સેવાયોગ પણ ન હોય કે ભ્રમણયોગ પણ ન હોય! આ ભમરી અધાને કચ્છથી ઈન્ડોનેશિયા પર્યંત રઝળપાટ કરાવતી રહી છે, અને ઇક્કોતેરમે વર્ષે પણ સત્તરમા વરસનો તરવરાટ અકબંધ રહ્યો છે. પગમાં ભમરી લઈને જન્મેલા આ ખમતીધર કચ્છી માડુ ભૂલથી પણ પોતાની જાતને સાહિત્યકાર તરીકે ઓળખાવવાનું પસંદ નહીં કરે. એ તો પરિવ્રાજક છે, ઘુમક્કડ છે! એમને 'ફક્કડ' કહેવામાં પણ અતિશયોક્તિ નહીં જ થાય. મુંબઈ દૂઝે છે – એટલે રોટલાની કે ઓટલાની ફિકર નથી. એમની ગેરહાજરીમાં પણ સ્વજનોનો ધંધો ધમધોકાર ચાલે છે. અને સ્વજનો એટલે ફક્ત લોહીની સગાઈવાળા જ નહીં, બાબુભાઈ મેઘજી શાહ જેવા કે 'ગામાઈ' ભાઈ માવજી મહેશ્વરી જેવા પણ ખરા. જોસેફ મૅકવાન તો 'બાઈ'ને બીજી જનેતા ગણતા. એટલે ઉંમરમાં વડેરા પણ અધાને મન પુત્રવત્! અધાને એમની મનગમતી પ્રવૃત્તિ કરવાની છૂટ મળી ગઈ છે. ધાર્યું હોત તો રાજકારણમાં પડીને પ્રધાન બની શક્યા હોત, પણ એમને સવેળું સમજાઈ ગયું કે સારા માણસોએ ચીલાચાલુ રાજકારણમાં પડી બરબાદ થવા કરતાં રચનાત્મક પ્રવૃત્તિમાં જીવ રેડી કંઈક કરી છુટ્યાનો ઓડકાર ખાવામાં શ્રેય છે. એથી એ ચેતીને વેળાસર સાજાં લૂગડે રાજકારણના કમઠાણથી અળગા થઈ ગયા. કચ્છ માટે એમનું આ લોકસેવક તરીકેનું સ્વરૂપ અનેરું વરદાન સાબિત થયું છે. મુંબઈ કચ્છમાં વસી ગયું પછી શા લાર પડ્યા છે! ભલભલા ભૂકંપો આવે તોય કચ્છ એમને ટાઢે કાળજે જીરવી શકે છે કારણકે એને પડતી બૂમે સધિયારો આપનાર અધા જેવા ધરતીના જાયા દોડી આવશે, એની ખાતરી છે. ભચાઉની હોસ્પિટલ એનો પુરાવો છે.

આવા ભેખધારી મહાજનોથી મુંબઈ પણ ઊજળું બની રહે છે. દીપચંદ ગાર્ડી જેવા શ્રેષ્ઠીઓ, તન્ના શેઠ કે ગફૂર બિલખિયા એમના વતન ઉપરાંત જ્યાં પણ જરૂરિયાતવાળા લોકો હોય ત્યાં દોડી જાય છે. સાબરકાંઠા જેવા પછાત વિસ્તારમાં ગાર્ડી પરિવાર અને તન્ના પરિવારની સંખ્યાબંધ તક્તીઓ નજરે પડે છે. અમરેલીનાં મૂળ વતની ઇંદુબહેન સંઘવી મુંબઈમાં રહ્યા રહ્યા મોડાસા અને વાત્રકની સાર્વજનિક હોસ્પિટલોની ચિંતા કરે છે. કચ્છમાં બિદડા અને ભોજાયમાં અખંડ નેત્રયજ્ઞ ચલાવીને તથા શારીરિક અને માનસિક વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિ કરીને પણ અધા જેવા આજીવન સેવકોને ધરવ નથી થતો. એ સેવાકાર્યની નવી ક્ષિતિજો સતત શોધતા રહે છે. વાત્રક હોસ્પિટલ ખાતે નર્સિંગ સ્કૂલની જવાબદારી સ્વીકારીને એમણે કચ્છ અને સાબરકાંઠા વચ્ચે સેતુ રચી દીધો! અલબત્ત,

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૧ ઉપર)

*ઈતિહાસ એટલે કેવળ ગપસપ – ઓસ્કાર વાઈલ્ડ*

સાહિત્ય આચમન

કચ્છી ભાષાના સર્વાંગી વિકાસ માટે સહિયારા પ્રયાસો જરૂરી

# કચ્છી શબ્દકોશની પ્રથમ જરૂરિયાત

• ચંદ્રવદન જી. મહેતા •

તાજેતરમાં ભુજ સ્થિત કચ્છ યુનિવર્સિટી દ્વારા કચ્છી ભાષાના સર્વાંગી વિકાસ માટે એક દિવસીય સેમિનારનું સુંદર આયોજન થયું હતું.

ભાગ લેનાર માર્ગદર્શકોએ પોતાના વિચારો રજૂ કર્યા અને નક્કર કામગીરી માટે યુનિ.માં કચ્છી ચેરની રચનાની વાત પણ થઈ. સાથે સાથે એમ.એ.માં કચ્છી વિષય તરીકે ભણાવાય તેવી વાત પણ રજૂ થઈ.

વાતો, વિચારો, સેમિનારો અને કચ્છી માટે જેમને દિલમાં દર્દ છે તેવી તમામ બાબતો કચ્છી ભાષાને જીવંત રાખવાના પ્રયાસરૂપ સારી છે. કચ્છી લેખન, કાવ્ય, વિક્લી પુસ્તકો પ્રગટ થયા; લેખકો, કવિઓ વધુ લખતા થયા અને બધાએ કચ્છી ભાષાની પોતાના પર જેવી અસર હતી જેમ કે પોતાના ઘર, ફળિયા, ગામ, જ્ઞાતિ કે બાળપણમાં જે રીતે બોલ્યા, શીખ્યા તે ભાષામાં, તે શબ્દોમાં સર્જન કર્યું.

આ પ્રગટ થયેલા તમામ પુસ્તકોની ભાષાનું શીર્ષક કચ્છી હોવા છતાંએ તે અલગ રીતે લખાયા. બાર ગાઉએ બોલી બદલે તે રીતે તમામ **લેખકોની પોતાની આગવી કચ્છીમાં લખ્યું, ત્યારે સવાલ એ થાય કે તો પછી સાચી કચ્છી કઈ?**

દરેક કચ્છી સાહિત્યકારોની કચ્છી ભાષા બોલવાની, લખવાની રીત અલગ અલગ છે. લખાણના શબ્દો અલગ છે. એ તો ઠીક છે પણ વર્ષો વિત્યા પછી કોઈ સંશોધન 'કચ્છી ભાષા' વિશે વિચારે, લખે કે સાચી કચ્છી ભાષાની શોધ કરે તો તેને હાલના લખાણોમાં અનેક વિરોધાભાસ દેખાય. તેથી મૂળ વાત એ છે કે, જ્યાં સુધી તમામ કચ્છી સાહિત્યકારો માટે એક સર્વમાન્ય કચ્છી શબ્દકોશની પ્રથમ તાતી જરૂરિયાત છે. પછી તે શબ્દકોશ પ્રમાણે જ સર્જન થાય તો ભવિષ્યમાં કચ્છી એક આગવી ઓળખ પોતાની ઊભી કરી શકે. તેથી સર્વપ્રથમ તો પ્રયાસ એ થવો જોઈએ કે, આવો શબ્દ કોશ પ્રસિદ્ધ થાય. તે માટે હાલના વિદ્વાનો અને પ્રયાસ કરનારાઓને પ્રથમ આ બાબતે વિચારવું જરૂરી બની રહે છે.

કચ્છી શબ્દકોશ જે અત્યાર સુધી પ્રગટ થયા છે ને કોશ પણ લેખકની ભાષા પ્રમાણે થયા છે. લાયજાના શિક્ષક દુલેરાય કારાણી, વિશન નાગડા, પ્રતાપરાય ત્રિવેદી, શાંતિભાઈ આચાર્ય, લક્ષ્મીનારાયણ લાલજી જોશીએ એ શબ્દકોશો પોતાની રીતે રજૂ કર્યા. સ્વ.કે.કા. શાસ્ત્રીનો શબ્દકોશ પ્રગટ થયો નથી. તે અધૂરો છે. ભરતભાઈ છાયા, કંચનપ્રસાદ છાયાએ પણ આ બાબતે કાર્ય કરેલું છે. તે છતાંય હાલના લેખકોએ આ બધા શબ્દકોશના આધારને બદલે લગભગ પોતાની ભાષામાં સર્જન કર્યું છે. આ એક કચ્છી માટે તેના ભવિષ્ય માટે વિવાદ કરનારી ઘટના બની રહેશે...

સવાલ માત્ર સાર્થ જોડણી ગુજરાતી કોશની જેમ **કચ્છીમાં પણ તેવા કોશની રચનાનો છે.** તેથી હાલના વિદ્વાનોને કચ્છીનો એક એક શબ્દ આપી અને તેના ઉપરથી તેઓ તે શબ્દ ઉપરથી કચ્છમાં બોલાતા કચ્છી શબ્દો એકઠા કરે. વળી જત, લોહાણા, જૈન, વાગડના અને કાંઠાના (મુંદ્રા, માંડવી, ભચાઉ) માંડવીના ભડલા, ભાટિયા, અંજારના લોહાણા, લખપતના ફકીરાણી, જત દરેકના તેમજ બીજી ઘણી જ્ઞાતિમાં કચ્છીમાં બોલવાના શબ્દો અલગ અલગ છે. લય ઢાળ અલગ છે. અચંન્તા — વિનંન્તા, અચેંતા — વિનેંતા, પરઇંયે — પરીયેં આવા અનેક જ્ઞાતિઓમાં બોલાય છે તેવા વિવિધ શબ્દોમાંથી એક સર્વમાન્ય શબ્દ શોધીને શબ્દકોશ થાય અને પછી તે પ્રમાણે જ કચ્છી ભાષા લખાય, વંચાય, ભણાવાય, શિખવાડાય તો જ ભવિષ્યને સાચી 'કચ્છી' મળી શકે. નાની લાગતી છતાં આ ગંભીર બાબતે સૌ વિચારે અને યુનિવર્સિટી પહેલ કરીને વધુ સંમતા માટે દાતાઓ આગળ આવે તે જરૂરી છે.

**કચ્છી ભાષા માટે ઘણું કરવાનું છે અને ઘણું થઈ શકે તેમ છે. એ વાત નક્કર જ છે. સહિયારા પ્રયાસો જ સફળતા પામશે એ પણ એટલું જ સત્ય છે.**

---

## પગમેં ભમરી.....

(અનુસંધાન : પાના નં.-૪૦ ઉપરથી ચાલુ)

ત્રિકોણનો ત્રીજો ખૂણો તો મહાનગર મુંબઈ જ રહેવાનું!

લીલાધર ગડાનું જીવન એક અદના માનવીથી મહાકાવ્ય સુધીની સુભગ યાત્રા સમું છે. વાલ્મિકી સમાજની મરણ પથારીએ સૂતેલી દીકરીને કચ્છના રણકાંઠાની ધૂળમાંથી ઉપાડી, મુંબઈની મોંઘીદાટ હોસ્પિટલ ખાતે સારવાર અપાવી સાજી કરી ત્યાં સુધી તો બરાબર હતું. 'અધા'એ અને 'બાઈ'એ એને પંડની દીકરી ગણીને પાળી; પરણાવી પણ એની જ જ્ઞાતિના મુરતિયા સાથે અને કરિયાવર સહિત બધા વહેવાર કર્યા. **'પગમેં ભમરી' લઈને ફરતા આવા મંગલમૂર્તિ ફિરસ્તાઓને જોઈએ ત્યારે એમ જ લાગે કે જેસલ-તોરલ અને દાદા મેકરણના કચ્છમાં કળયુગ નહીં પણ સતયુગ ચાલી રહ્યો છે.** એમની 'અભિયાન' અને અન્ય રચનાત્મક પ્રવૃત્તિઓની વચ્ચે 'પગદંડી' જેવા સમાજપત્રની કટાર પણ ચાલતી રહે છે. અલબત્ત, આવું ઉમદા સાહિત્ય સર્જ્યા પછીય એ પોતાને 'સાહિત્યકાર' નથી ગણતા; બલકે 'ભમરી'ના લેખોનો આસ્વાદ કરવા માટે પણ એ સાહિત્યેતર ક્ષેત્રના ભાવકો પર જ પસંદગી ઉતારે છે! અભિન્ન મિત્ર જોસેફ મૅકવાનને, મને કે ધીરેન્દ્ર મહેતાને એ ઊલટભેર બોલાવે ખરા — પણ ફક્ત શ્રોતા સમુદાયની શોભામાં અભિવૃદ્ધિ કરવા માટે!

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*
*મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨*

*વિશ્વાસના વહાણમાં તિરાડ પડે ત્યાંથી શંકાનો પ્રવેશ થતો હોય છે.*

વ્યક્તિ વિશેષ

વ્યક્તિ વિશેષ

# કુસુમબહેન શશીકાંત વીરા

• પ્રિયંકા વિસરિયા •

*એક સીધી સાદી ગૃહિણી જ્યારે મંજિલને પામવા કટિબદ્ધ બને, સમાજનું ઋણ ઉતારવા અને અનેકોના જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવાની નેમ લે ત્યારે એ ખરેખર સ્ત્રી શક્તિનું સ્વરૂપ જણાય. અમારી મુલાકાત થઈ આવા જ એક મજાનાં ગૃહિણી કુસુમબહેન વીરા સાથે. આજ સુધી આશરે ૩,૦૦૦ પ્રજ્ઞાચક્ષુના જીવનમાં દૃષ્ટિનો પ્રકાશ ફેલાવવામાં નિમિત્ત બનનારાં કુસુમબહેન સાથે કરીએ મજાની ગોઠડી.*

★

'માત્ર ચાર વર્ષની એ દીકરી હતી. એટલી ભલીભોળી અને મજાની દીકરી કે એને જોઈને હૈયું પણ હસી ઊઠે. પરંતુ કુદરતની કઠણાઈ એ હતી કે એ દીકરી પ્રજ્ઞાચક્ષુ હતી. દીકરી જ્યારે ગર્ભમાં હતી ત્યારે જ તેની માતાએ ઝેર ઘોળી લીધું હતું. પરિસ્થિતિ ગંભીર હતી. મહામહેનતે મા-દીકરીને બચાવી તો લેવાયાં પરંતુ આ અકસ્માતને કારણે ગર્ભમાં જ એ શિશુએ પોતાની બંને આંખોની દૃષ્ટિ ગુમાવી દીધી હતી. જ્યારે આખી વાતની ખબર પડી ત્યારે તો કમકમાટી અનુભવી હતી. જોકે તરુણ મિત્ર મંડળના યુવરાજ નેત્રદાન અભિયાન દ્વારા એ બાળકીને આંખ અપાવી અને આજે એ માસૂમ દીકરી આ જગતને જોઈ શકે છે, ખૂબ જ આનંદપૂર્વક પોતાનું જીવન માણી રહી છે. આવા તો હજારો કિસ્સા છે કે જેમાં પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓના જીવન હકારાત્મક પરિવર્તનોથી શોભી રહ્યા છે,' અત્યંત આત્મસંતોષથી છલકતા સ્વરે કહે છે કુસુમબહેન શશીકાંત વીરા.

નખશિખ ગૃહિણી એવાં કુસુમબહેનને ખરા અર્થમાં 'મૂક સેવક' કહી શકાય. દાયકાઓથી તરુણ મિત્ર મંડળની બુક બેંક, બ્લડ બેંક વગેરે પ્રવૃત્તિઓમાં પોતાના પતિ શશીકાંતભાઈ સાથે જોડાયેલાં કુસુમબહેન માટે ૧૫મી ઓગસ્ટ, ૧૯૯૭ની સવારે જાણે સોનાનો સૂરજ ઉગ્યો હતો. "અંધાપો, ભારત છોડો"ના નારા સાથે એ દિવસે 'યુવરાજ નેત્રદાન અભિયાન'નો પ્રારંભ કરવામાં આવ્યો હતો અને સંસ્થાના તત્કાલીન પ્રમુખ ધીરજ રાંભિયાએ કુસુમબહેનની આંતરિક શક્તિ, કાર્ય કરવાની ધગશ અને પરગજુ સ્વભાવને પારખીને આ અભિયાનના 'કો-ઓર્ડિનેટર' તરીકેની ફરજ એમને સોંપી હતી. ત્યારથી લઈને આજ સુધી કુસુમબહેન એમની સમગ્ર ટીમને સાથે લઈને સહસંયોજક તરીકેની ભૂમિકા બખૂબી નિભાવી રહ્યા છે.

કોઈપણ નાત-જાત-ધર્મના ભેદભાવ વિના આ અભિયાનનું સૂત્ર સંચાલન કરી રહેલાં કુસુમબહેન કહે છે કે 'અમારા આ અભિયાન માટે બે ફોન નંબર ફાળવવામાં આવ્યા છે. એક તો હેલ્પલાઈન નંબર છે ૧૯૧૯ અને બીજો ૩૬૫ દિવસ, ૨૪ કલાક કાર્યરત રહેતો નંબર છે ૨૪૯૨૨૮૯૭. કોઈપણ વ્યક્તિનું જ્યારે મૃત્યુ થાય અને પરિવારજનો જો એમના ચક્ષુઓનું દાન કરવા ઈચ્છતા હોય તો આ નંબર પર કુસુમબહેનને તાત્કાલિક જાણ કરે છે. ફોન કોલ આવતા જ કુસુમબહેનનું મગજ કમ્પ્યુટરની જેમ કામ કરવાનું શરૂ કરી દે છે. તેઓ મૃતકના આસપાસના વિસ્તારના ડોક્ટર અને સામાજિક કાર્યકરોને જાણ કરીને જે ઝડપથી મૃતકના ઘરે પહોંચી શકે એને પૂરતી સૂચનાઓ આપીને ઘટનાસ્થળે પહોંચવાનું જણાવે છે.

કુસુમબહેને મુંબઈમાં ચર્ચગેટથી વિરાર અને સી.એસ.થી થાણે તથા વાશીમાં એમ કુલ ૩૬ કેન્દ્ર બનાવ્યા છે. તમામ કેન્દ્રમાં ત્રણ-ચાર ડોક્ટર અને ત્રણ-ચાર સામાજિક કાર્યકરોની ટીમ બનાવવામાં આવી છે. વ્યક્તિનું મૃત્યુ થયા બાદ વધુમાં વધુ ચાર કલાકમાં જ તેની આંખોનું દાન કરવું પડે છે. ચક્ષુ જેટલા જલદી દાન કરવામાં આવે, એટલી એની દૃષ્ટિ વધારે સાબૂત રહેતી હોવાથી એ ચક્ષુ જેને મળે એની દૃષ્ટિની ગુણવત્તા ઊંચી રહે છે. "ચક્ષુદાનનું આ અભિયાન ચલાવવામાં એકે-એક પળની ખૂબ જ કિંમત રહેલી છે. જો કે પ્રભુકૃપાએ અમારા ડોક્ટર્સ અને સામાજિક કાર્યકરોની લગભગ ૫૦૦ જણાની ટીમ છે. અભિયાનમાં જોડાયેલી એક પણ વ્યક્તિ એક પૈસો પણ લેતી નથી. સમય આવ્યે ગાંઠના ગોપીચંદ ખર્ચીને પણ 'કોઈકને આંખો મળશે અને જીવન સુધરશે' એ જ હેતુથી સૌ કોઈના સાથ સહકારથી આ અભિયાન સુંદર રીતે ચાલી રહ્યું છે" પોતાની ટીમને તમામ શ્રેય આપતાં કુસુમબહેન કહે છે.

તેમના આ અભિયાનની નોંધ લીમ્કા બુક ઑફ રેકોર્ડસે પણ કરી છે. કુસુમબહેનને મેયર ઍવૉર્ડથી પણ નવાજવામાં આવ્યાં છે. જોકે નેત્રદાન અભિયાન બાબતે હજી આપણા સમાજમાં જોઈએ એટલી જાગૃતિ નથી. ભારતમાં લગભગ ૪૦ લાખ જેટલા પ્રજ્ઞાચક્ષુ છે, એમાંય ૬૦ ટકા તો ૧૨ વર્ષથી નાનાં બાળકો હોય છે. પ્રજ્ઞાચક્ષુઓની સંખ્યા સામે નેત્રદાન કરતા લોકોની સંખ્યા નહિંવત્ છે. નેત્રદાન અભિયાન અંતર્ગત ૧૩ વર્ષમાં આશરે ૧૦,૦૦૦થી વધારે ચક્ષુનું દાન મેળવી શકાયું છે. પરંતુ ઘણી વખત દાન કરનારી વ્યક્તિ વૃદ્ધ હોય કે મૃત્યુ પછી પાર્થિવ શરીરની કાળજી લેવામાં ભૂલચૂક થઈ હોય વગેરે કારણોસર માત્ર ૩૫-૪૦ ટકા જ ચક્ષુને ઉપયોગમાં લઈ શકાય છે. આ અભિયાનથી આજ સુધી ૩,૦૦૦ જેટલી પ્રજ્ઞાચક્ષુ વ્યક્તિઓના જીવનમાં દૃષ્ટિનો પ્રકાશ ફેલાવવામાં કુસુમબહેન નિમિત્ત બન્યાં છે.

૧૨મી ડિસેમ્બર, ૧૯૫૪ના રોજ લૉઅર પરેલમાં જ તેજબાઈમાંની કુખે જન્મેલાં કુસુમબહેને બી.એ. સુધીનું શિક્ષણ મેળવ્યું

*જિંદગી આખરે તો ઋણ ચૂકવવાનો અવસર જ છે ને!*

અને વર્ષ ૧૯૭૬માં શશીકાંતભાઈ સાથે પ્રેમલગ્ન કરી ખરા અર્થમાં તેમના અર્ધાંગિની બની રહ્યાં. શશીકાંતભાઈની સમાજસેવાની તમામ પ્રવૃત્તિઓમાં સાથ આપતાં આપતાં હવે કુસુમબહેન પોતે જ સમાજ માટે આદર્શ સાબિત થઈ રહ્યાં છે. 'મેં ક્યારેય વિચાર્યું નહોતું કે મને સમાજસેવાની આવી સુંદર તક મળશે. પરંતુ પતિ, પુત્ર વિકાસ, દીકરી હેતલ વગેરેના સાથ સહકારથી હું આ કાર્ય કરી શકું છું. લોકોની સવાર 'ગુડ મોર્નિંગ'થી થાય, પરંતુ મારી તો સેંકડો સવાર મૃત્યુના ખબરથી જ થાય છે. મોટાભાગના ફોનકોલ વહેલી સવારે ૩-૪ વાગ્યે જ આવતા હોય છે અને તરત જ અમારી ટીમને એક્ટિવ કરી દેવાની હોય મારે. એવીય રાતો પસાર થઈ છે કે જ્યારે હું આંખનું મટકુંય ના મારી શકી હોઉં! જોકે સંતોષ માત્ર એક જ વાતનો હોય કે આ જ ચક્ષુઓ કોઈના અંધારા જીવનમાં પ્રકાશ લાવશે. બસ, એનાથી રૂડું બીજું શું હોઈ શકે? સરળતાથી કહી જાણે છે કુસુમબહેન.

ચક્ષુદાન કરવાની ઈચ્છા હોય ત્યારે શું ધ્યાનમાં રાખવું? એ બાબતે તેઓ કહે છે કે, 'વ્યક્તિનું જ્યારે મૃત્યુ થાય ત્યારે સૌપ્રથમ તો હેલ્પલાઈન નંબર પર કોલ કરીને જાણ કરવી. **ત્યારબાદ જો બરફ ઉપલબ્ધ હોય તો પ્લાસ્ટિકની થેલીમાં એને મૂકીને આંખ પર મૂકવી અને જો બરફ ના હોય તો ભીનું રૂ આંખો પર મૂકવું. જો એ.સી. હોય તો ચાલુ કરવું. પરંતુ પંખો હોય તો બંધ કરી દેવો. મૃતકના માથા નીચે બે તકિયા મૂકી દેવા જેથી ચક્ષુઓ લેતી વખતે બહુ રક્તસ્રાવ ના થાય. અને હા, ડેથ સર્ટિફિકેટ તૈયાર રાખવું. એના વિના મૃતકના ચક્ષુઓ લેવાની અમને પરવાનગી હોતી નથી.'**

મૃત્યુ બાદ પણ જીવતા રહેવાનો આ એક સુંદર માર્ગ છે. નેત્રદાન દ્વારા વ્યક્તિ મૃત્યુ બાદ પણ કોઈને રોશની આપીને માનવતાને જીવંત રાખી શકાય છે. સમાજ સુધી આ સંદેશ પહોંચાડવા સતત ઝઝુમી રહેલી આ નારી શક્તિને મળો ત્યારે ચોક્કસપણે અનુભવાય કે,

*'ફાસલોં સે જ્યાદા હો જબ ઈરાદે બુલંદ,*
*તો મંજિલ કી ઓર ખુદ બઢને લગે કદમ.'*

***પ્રેષક : મણિલાલ કે. છેડા***

## વ્યક્તિ વિશેષ – સમાજનું ગૌરવ
# ડૉ. વિનોદ કે. શાહ

• ડૉ. ગિરીશ વીછીવોરા •

**Dr. Vinod K. Shah**
D.M. (Card.), M.D. (Med.) F.I.S.E., Interventional Cardiologist

ગામ ગુંદાલાના ડૉ. વિનોદ કે. શાહ આપણા સમાજના સર્વપ્રથમ સુપર કાર્ડિયોલોજિસ્ટ છે.

તેઓશ્રી પોતાની ખાનગી પ્રેક્ટિસ ઉપરાંત બ્રીચ કેન્ડી હોસ્પિટલ, સર હરકિશનદાન હોસ્પિટલ, સર એસ.આર. મહેતા હાર્ટ હોસ્પિટલ, વૉકહાર્ટ હોસ્પિટલ, રાજાવાડી મ્યુનિસિપલ હોસ્પિટલ તેમજ અન્ય સંસ્થાઓમાં સેવા આપે છે.

બિદડા સર્વોદય ટ્રસ્ટ, હોસ્પિટલ તેમજ અન્ય ઘણી સંસ્થાઓના જરૂરતમંદ દર્દીઓની તેમણે માનદ્ સારવાર કરી છે. ઓલ ઈન્ડિયા વિમેન્સ કોન્ફરન્સની એક શાખા - માટુંગાની બહેનોને તેઓશ્રી અવારનવાર સારવાર આપી રહ્યા છે.

પોતાના ક્ષેત્રમાં સંશોધન કરવું એમને ગમે છે. **હાર્ટ એટેક આવ્યા પછી હાર્ટ મસલને જે નુકસાન થયું હોય તેના Stem Cellનું કેથેટર દ્વારા કોઈપણ જાતની ચીરફાડ વગર પ્રત્યારોપણ કરનાર ભારતમાં તેઓ પહેલા છે.** એમની પદ્ધતિને આંતરરાષ્ટ્રીય માન્યતા મળી છે. ગયા વર્ષે Cardoilogical Society of India એ પોતાના વાર્ષિક અધિવેશનમાં ખાસ પ્રવચન આપવા આમંત્રી, તેમનું આટલી નાની વયે બહુમાન કર્યું હતું. જગતભરના દેશોમાં તેઓએ અસંખ્ય કોન્ફરન્સોમાં પેપર વાંચ્યા છે. વિધિની વક્રતા એ છે કે તેઓશ્રી પરદેશમાં વધારે ખ્યાતિ ધરાવે છે.

વર્લ્ડ કોંગ્રેસ ઑન કાર્ડિયોલોજી એન્ડ ઈમેજિંગ - ૨૦૧૦ સંસ્થાએ ભારતભરના કાર્ડિયોલોજિસ્ટમાંથી આ ઍવૉર્ડ માટે એમની વરણી કરી એમનું ગૌરવ કર્યું છે તે બદલ આપણે સૌ આપણા એક જ્ઞાતિ ભાઈની આવી વીરલ સિદ્ધિ હાંસલ કરી છે તે બદલ ગર્વ અનુભવીએ છીએ. ■

## P.O.K.માં "કાશ્મીર છોડો" આંદોલન

પાકિસ્તાન પોતાની જ દવાનો સ્વાદ ચાખી રહેલ છે. જમ્મુ એન્ડ કાશ્મીર લિબરેશન ફ્રન્ટ (JKLF)ના નેતા અમાનુલ્લા ખાને પાક અધિકૃત કાશ્મીરમાં "કાશ્મીર છોડો" આંદોલન શરૂ કરેલ છે. કાશ્મીરમાં ઉદ્દામ વિચારસરણી ધરાવતા હુર્રિયત કોન્ફરન્સે પ્રથમ આવી ચળવળ શરૂ કરી હતી. આ આંદોલનનો હેતુ "લાઈન ઑફ કન્ટ્રોલથી વિભાજિત જમ્મુ અને કાશ્મીરના પુનઃજોડાણ તથા સંપૂર્ણ મુક્તિ" છે.

આ પ્રકારનો નિર્ણય પાકિસ્તાનના રાવલપિંડી ખાતે આવેલ જે.કે.એલ.એફ.ની કેન્દ્રિય કમિટીની તારીખ ૩૦મી સપ્ટેમ્બરના રોજની બેઠકમાં લેવામાં આવેલ હતો.

સરદાર અહમદ ખાનના નેતૃત્વમાં મળેલ આ બેઠકમાં "કાશ્મીર છોડો" આંદોલન સહિત ઉત્તરના વિસ્તાર સુધી લંબાવવાનો નિર્ણય લીધો હતો. "આ આંદોલન હેઠળ શ્રેણીબદ્ધ દેખાવો કરવાનો નિર્ણય લીધો છે."

જે.કે.એલ.એફ.ના વડા પ્રચારક તોરીક ગિલાનીએ જણાવેલ કે ૧લીથી ૨૦મી ઓક્ટોબર સુધી પી.ઓ.કે. હેઠળના પ્રદેશમાં જિલ્લા મથકો, કૉલેજો અને યુનિવર્સિટી કેમ્પસમાં જાહેર બેઠકો યોજવામાં આવશે.

*કૃત્રિમ પ્રેમ વધુ સમય સુધી ટકતો નથી અને સ્વાભાવિક પ્રેમની તુલના કરી શકાતી નથી.*

# ભારતની પ્રથમ મહિલા પ્રેસ ફોટોગ્રાફર હોમાય વ્યારાવાલા

• જિતેન્દ્ર વી. શાહ •

રાષ્ટ્રની આઝાદી સમયે સર્વસ્વનું બલિદાન આપનાર સ્વાતંત્ર્ય સેનાનીઓના અને વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રદાન કરનાર અન્ય મહાનુભાવોના કાર્યના, એમની કાર્યપદ્ધતિનો અને એમના ફાળાનો વિગતવાર ઈતિહાસ નવી પેઢીને હાથવગો કરવો અત્યંત જરૂરી છે. રાષ્ટ્રના સમગ્ર સંગ્રામના વિવિધ અભિગમથી ઈતિહાસ નિરૂપાયો છે પણ પ્રાદેશિક કે સ્થાનિક ઈતિહાસ તરફ સંશોધકોનું પણ ધ્યાન ગયું નથી. આવી વિગતોના સંકલનથી રાષ્ટ્રનો ઈતિહાસ વધુ પ્રમાણભૂત થઈ શકે છે. આવા ખ્યાલની ગુજરાત સરકારના અભિલેખાગાર ખાતા (ARCHIVES DEPARTMENT) દ્વારા પ્રત્યેક જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાનીઓ અને અન્ય મહાનુભાવોની માહિતી એકઠી કરાય છે તથા હયાત સ્વાતંત્ર્ય સેનાનીઓ અને મહાનુભાવોની મુલાકાત લઈ રેકોર્ડિંગ કરવામાં આવે છે. એમના અનુભવો / સંસ્મરણો એ દરેક રાષ્ટ્રની મહામૂલી સંપત્તિ છે. ઈતિહાસની આ સહુથી કિંમતી અને અમૂલ્ય સંપત્તિ છે, સામગ્રી છે.

આજે હાલમાં વડોદરા રહેતા ભારતના પ્રથમ મહિલા પ્રેસ ફોટોગ્રાફર હોમાય વ્યારાવાલા અંગે માહિતી રજૂ કરી, તેઓની કામગીરીને બિરદાવવાનો નમ્ર પ્રયાસ કરેલ છે.

હોમાય વ્યારાવાલાનો જન્મ તા. ૯-૧૨-૧૯૧૩ના રોજ વડોદરા રાજ્યના ચાર પ્રાંતમાંના એક અને સમૃદ્ધ પ્રાંત નવસારી મુકામે થયો હતો. હાલમાં તેઓ વડોદરા મુકામે રહે છે. પ્રાથમિક અભ્યાસ વ્યારા મુકામે કરેલો. મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી અર્થશાસ્ત્ર વિષય સાથે ગ્રેજ્યુએટ (બી.એ.) થયેલા તેમજ ગવર્નમેન્ટ ડિપ્લોમા ઈન આર્ટસ જે.જે.સ્કૂલ ઑફ આર્ટસ, મુંબઈથી પાસ કરેલ છે અને પછી રિસર્ચ ડિપ્લોમા ઈન ઈકબાના (IKEBANA) ફ્રોમ ધી દિલ્હી સેન્ટર ઓફ સોજીત્સુ (SOJETSU) સ્કૂલ ઑફ જાપાનમાંથી મેળવેલ.

કૉલેજમાં અભ્યાસ કરતા કરતા તેઓ માણેકશા વ્યાસવાલાના સંપર્કમાં આવ્યા અને આના પરિણામે તેને ફોટોગ્રાફીનો ચસ્કો લાગી ગયો. ઈ.સ. ૧૯૪૧માં બંનેએ લગ્ન કર્યા. જોકે આ પૂર્વે તેઓ ૧૫ વર્ષ સુધી એકબીજાને મળતા રહ્યા અને સાથે ફોટોગ્રાફીનું કામ પણ કરતા. લગ્ન બાદ હોમાય વ્યારાવાલાએ ઘર વસાવ્યું દિલ્હીમાં. પિતાનું નામ ડોસાબાઈ હાથીરામ અને માતાનું નામ સુનાબાઈ અને પતિનું નામ માણેકશા વ્યારાવાલા અને પુત્રનું નામ ફારૂક વ્યારાવાલા. એમના પિતા આર્ટિસ્ટ હતા.

હોમાય વ્યારાવાલા મેટ્રિકમાં અભ્યાસ કરતા હતા ત્યારે વર્ગમાં માત્ર છોકરી તરીકે તેઓ એક જ હતા. એમની માતાએ અભ્યાસ માટે ખૂબ જ પ્રોત્સાહન આપી અભ્યાસ ચાલુ રખાવ્યો અને તેને કદી એવો અહેસાસ ન થયો કે વર્ગમાં તમામ છોકરાઓ છે અને તે માત્ર એક જ છોકરી છે. તેઓ પારસી કોમમાંથી આવતા હતા. જેનો એડવાન્ટેજ મળ્યો. જોકે ૧૩ વર્ષની વયે સાડી પહેરીને સ્કૂલે જવું પડતું હતું અને સાડી પણ એકદમ વ્યવસ્થિત રીતે. પરંતુ એને નવું નવું શીખવું હતું. આથી તેણે આ પોષાક પણ અપનાવી લીધો.

હોમાયના શોખમાં ચિત્રકામને અને બાગકામને પણ ગણાવી શકાય તેમ છે. ૧૯૩૦માં પ્રથમ ફોટોગ્રાફ બોમ્બે ક્રોનિકલમાં પ્રકાશિત થયો અને એક ફોટો પર રૂા. ૧.૦૦ મળતો હતો. આમ, ક્રમશઃ ચિત્રકામ ભૂલાવા લાગ્યું અને ફોટોગ્રાફીમાં શોખ વધારે ને વધારે કેળવતા ગયા. ઈલસ્ટ્રેટેડ વીક્લી અને ટાઈમ, લાઈફ, અમેરિકાના બ્લેક સ્ટાર અને લંડનના પૉલ પેપરમાં પણ તેના ફોટોગ્રાફ પ્રકાશિત થતા હતા. ૧૯૧૩થી ૧૯૪૨ સુધી મુંબઈમાં રહેતા. આ વખતે ગણપતિનો તહેવાર. દિવાળીનો તહેવાર કે રસ્તા પરથી પસાર થતા વિવિધ જાતના ફોટોગ્રાફ પાડતા હતા. એ સમયે હોમાય દ્વારા કોઈ અલગ સ્ટુડિયો હતો નહિ. પણ ઘરમાં, બાથરૂમમાં જ પ્રિન્ટિંગ કરતા હતા.

ઈ.સ. ૧૯૭૦ સુધી ફોટોગ્રાફનું કામ તેણે કર્યું. ફોટોગ્રાફર તરીકે એનો મુખ્ય વિષય રાજકારણ (પોલિટિકલ)નો હતો. આ કામમાં તેને કદી એવો અનુભવ નહોતો થયો કે તે પણ એક મહિલા છે. તેણે દિલ્હીમાં ૨૭ વર્ષ કામ કર્યું. પછી નવી પેઢી આ ક્ષેત્રમાં આવતા તેની વર્તણૂક સારી ન હોવાથી ફોટોગ્રાફરની કારકીર્દિનો ત્યાગ કર્યો અને સાથી મિત્રોને કહ્યું, 'માન-મર્યાદાથી કામ કરો, નહિ તો કરો જ નહીં, બસ.'

વ્યવસાય અનુસાર કપડાં પહેરવા જોઈએ એવું હોમાય કહે છે. જેમકે કોંગ્રેસની સભામાં ગાંધીજીનાં વિવિધ કાર્યક્રમોમાં જ્યારે લોકો ખાદીના કપડાં પહેરીને આવતા હોય ત્યારે હોમાય વ્યારાવાલા પણ સફેદ ખાદીની સાડી પહેરીને ફોટોગ્રાફ્સ લેતી હતી. એ સમયે આઈડેન્ટિટી કાર્ડની પ્રથા હતી અને હોમાયને

ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા, પ્રેસ ઈન્ફર્મેશન ઑફ બ્યૂરો તરફથી આઈડેન્ટિટી કાર્ડ આપવામાં આવેલું. હોમાયએ એની કારકીર્દિમાં જે મહાનુભાવોના ફોટોગ્રાફસ પાડ્યા એમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના ફોટોગ્રાફસે સૌથી વધારે પ્રભાવિત કરેલા. સમસ્ત દુનિયામાં રાધાકૃષ્ણનું નામ મોટા ફિલોસોફર તરીકે જાણીતું હતું પરંતુ તેઓ કૉમન મેન તરીકે રહેતા હતા. તમામની સાથે મજાક-મશ્કરી પણ કરતા હતા. હોમાય વધુ ઉમેરે છે કે અમે કોઈ એમના ફંકશનમાં ન જતાં તો પૂછતા હતા કે હોમાય કેમ નથી આવી? જ્યારે ફેવરિટ મોડલ જવાહરલાલ નહેરુ હતા.

વિદેશી મહાનુભાવોમાં હો ચી મિન્હ, લોર્ડ માઉન્ટ બેટન, બ્રિટિશ પ્રધાનમંત્રી હેરોલ્ડ મેકમિલન, અમેરિકન અભિનેતા ડેની ક્યોર વગેરેના ફોટોગ્રાફ્સ લીધેલ. હોમાય પાસે એ સમયે રોલી ફલેક્સ, સ્પીડગ્રેફિક, મામિયા ફ્લેક્સ, કાનટેક્સ વગેરે કંપનીના કેમેરા હતા. તેણી ફોટોગ્રાફરની કામગીરી સારી કરી શકાય તે માટે ફિઝિકલ ફિટનેસ પ્રત્યે ખૂબ જ સજાગ રહેતા હતા. (આજે ૯૭ વર્ષની ઉંમરે પણ તેઓ બાગકામ, રસોઈ અને ડ્રાઈવિંગનું કામ જાતે જ કરે છે.) હોમાયએ આર્ટિકલ લખવા પ્રત્યે પણ વિશેષ ધ્યાન રાખેલ નહીં. પરંતુ તેણી ફોટોગ્રાફ લેતી હતી. સ્ટોરી લખવાની હતી. તો એને માટે લખવું પડતું જ હતું. હોમાયની સાથે કામ કરવાવાળા ફોટોગ્રાફરમાં આજે બે ફોટોગ્રાફર દિલ્હીમાં હયાત છે. એક દિલ્હીના રંગુન સ્ટુડિયોમાં મથુરા નામે અને બીજા રવિ બેદી નામે.

હોમાય સ્વતંત્રતા પૂર્વેની વાત કરતા કહે છે કે એ સમય ખૂબ ઑર્થોડોક્સ હતો કે મહિલા ચશ્માં પહેરે તો પુરુષો એ જોઈ શકતા નહીં અને કહેતા કે મહિલાઓને ચશ્માં પહેરવાની કઇ જરૂરિયાત છે? હાથમાં પાકીટ લઈને પણ ચાલી શકાતું નહિ. હું જ્યારે પ્રથમવાર પર્સ લઈને નીકળી તો મારું પર્સ પકડીને ફેંકી દીધેલું. આમ, પર્સ લઈને ફરવું એ મહિલાની શોભા ન હતી.

હોમાય પોતાની જિંદગીનો સૌથી દુઃખદ પ્રસંગ વર્ણવતા કહે છે કે વર્ષ ૧૯૪૮, ૩૦ જાન્યુઆરીનો આ દિન નાથુરામ ગોડસેની ગોળીથી ગાંધીજીની હત્યા થઈ. હોમાય આ દિવસે ગાંધીજીની પ્રાર્થના સભામાં ફોટો લેવા માટે જવાના હતા. પરંતુ એના પતિએ કહ્યું કે, 'કાલે જજે.' અને પછી એ કામે કાલનો દિવસ ન આવ્યો.

હોમાય વ્યારાવાલાના ફોટોગ્રાફ કોઈપણ ફિલ્મથી વધારે મનમોહક, વધારે હૃદયસ્પર્શી હતા. તેના ફોટોગ્રાફ બ્લેક એન્ડ વ્હાઈટ હતા. હોમાય વ્યારાવાળા એક એવું નામ છે, જેને ફોટોગ્રાફીની મધર ઈન્ડિયા (MOTHER OF ALL INDIAN PHOTOGRAPHERS) કહેવામાં આવે તો અતિશયોક્તિ નથી. હોમાયને જાણવું, એમને મળવું એ એક યુગને મળવા જેવું છે. એ જીવનમૂલ્યોને મળવાનું છે, જે હવે દુર્લભ થઈ ગયા છે. આસ્થા, વિશ્વાસ અને ગરિમાને મળવાનું પ્રથમ મહિલા પ્રેસ ફોટોગ્રાફર સ્વયં પૂર્ણ શિષ્ટ છે. એક દુર્લભ વ્યક્તિત્વ પોતાના ચિત્રોની જેમ. હોમાયને એના જૂના મિત્રો હાલમાં "૨૪ કેરેટ ગોલ્ડ" (24 CARAT GOLD) તરીકે યાદ કરે છે.

*જિલ્લા દફ્તર કચેરી,*
*આયના મહેલ, સર્કલ ચોક, જૂનાગઢ.*

જીવન ચરિત્ર

# વિરલ વાદ્યના વિરલ વાદક : સુલેમાન જુમ્મા

• સંજય પી. ઠાકર •

કચ્છ અને સમગ્ર ગુજરાત જેમના પર ગૌરવ લે છે અને દેશ વિદેશમાં નગારા વાદનના તાલે સૌને ઝુમતા કરનાર કચ્છી નગારચી સુલેમાન જુમ્મા જુમાણીનો જન્મ ઈ.સ. ૧૯૦૫માં અંજાર તાલુકાના દેવળિયા ગામે થયો હતો. વિરલ વાદ્યના આ વિરલ વાદકની કલાયાત્રા એ કચ્છીઓ માટે યશસ્વી વારસો છે.

નગારાં (નોબત) વગાડનારા લંઘા કોમના એક સામાન્ય કુટુંબમાં જન્મેલા સુલેમાન બાપાએ ત્રણ પેઢીથી કચ્છના પેરિસ ગણાતા નગર મુંદ્રામાં વસવાટ કર્યો હતો. અનેક માન-સન્માન મેળવનાર સુલેમાન બાપાએ પોતાના જીવનમાંથી દરેક કલાકારને પ્રેરણા મળે એવું કલાને સમર્પિત છતાં સાદું જીવન ગાળ્યું હતું. પોતાની નગારા વાદનની કલા જેટલી ઉચ્ચ અને પ્રખ્યાત થતી ગયેલી તેમ તેમ બાપાએ વધુ નમ્ર, નિખાલસ અને સાદા-સીધા માનવી જીવન જીવવાની કલા હસ્તગત કરી હતી.

મોગલ શૈલીના આ એકમાત્ર કલાકારે ૧૪ વર્ષની ઉંમરે ઓસ્માન ઉસ્તાદ, જે તેરા (તા. અબડાસા)ના ભચુ ઉસ્તાદના શિષ્ય હતા તેમની પાસેથી નોબત વાદનની તાલીમ લીધી હતી. તેમની આત્મસૂઝ અને સતત લગનીથી તેઓએ વિવિધ તાલ પર કાબૂ મેળવ્યો હતો. લાંબો કોટ, ખભે કચ્છી ભાતનો ખેસ અને માથે કચ્છી પાઘડી પહેરેલા સુલેમાન જુમ્મા બે હાથે દાંડી પકડી નગારા વાદનની સૂરાવલિ છેડે ત્યારે માનવ સમુદાય તેમની વાદ્યકલામાં લીન થઈ જતો!

પેઢી ઉતાર પરંપરાને જાળવીને જૈન દહેરાસર જેવા ધર્મસ્થાનકો, નવરાત્રિ જેવા ધાર્મિક ઉત્સવો અને લગ્ન જેવા માંગલિક પ્રસંગોમાં નોબત વગાડનારા સુલેમાન જુમ્માએ વાદન (નાદ)માં બ્રહ્મ ઊભો કરી ફ્રાન્સના પેરિસમાંના ફેસ્ટિવલ ઑફ ઈન્ડિયા (જૂન ૧૯૮૫)માં મહારાઓશ્રી ખેંગારજી ત્રીજાથી મદનસિંહજી સુધી, ભૂતપૂર્વ વડાપ્રધાન ઇંદિરા ગાંધી (૧૯૭૦) અને રાજીવ ગાંધી સમક્ષ પોતાની 'કચ્છી લોકવાદ્ય કલા' રજૂ કરેલી ત્યારે મહાનુભાવો અને સંગીતપ્રેમીઓ ઝૂમી ઊઠતા હતા.

નોબતની સોબત કરનાર અને તેની સાથે મહોબ્બત કરનાર સુલેમાન બાપાને રામસિંહજી રાઠોડ 'કચ્છી રાગજી રોશનાઈ' કાર્યક્રમમાં તેમને પ્રથમવાર જાહેરમંચ પર લાવ્યા હતા. ભારતમાં જ્યારે અંગ્રેજી રાજ્ય હતું ત્યારે કચ્છમાં વાઈસરોય લૉર્ડ ઇરવિનનું કચ્છ રાજ્યે સ્વાગત કર્યું. તે સામૈયાની મોખરે ઘોડા ઉપર બેસીને તેમણે નોબત ગજાવી ત્યારે શહેર મસ્ત બન્યું હતું અને ખુદ વાઈસરોય ડોલી ઊઠ્યા હતા! સદ્ગત ઇંદિરા ગાંધીના નિવાસસ્થાને 'ના છડિયા હથિયાર' કચ્છી કોરસને નોબતના તાલમાં પેશ કરી ઇંદિરાજીને પણ રિઝવ્યા હતા. એ વખતે દુનિયાના વિખ્યાત વાયોલિન વાદક યહૂદી મેન્યુહિન સુલેમાન બાપાની નોબત સાંભળી મંત્રમુગ્ધ બની ગયા હતા. જનતા પક્ષના શાસન દરમ્યાન ગુજરાત સરકાર તરફથી તત્કાલિન મુખ્યમંત્રી બાબુભાઈ જે. પટેલના હસ્તે તેમનું શાનદાર સમારંભમાં સન્માન થયેલું. આ પછી જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટ (અમરેલી) અને લોક સાહિત્ય પરિવાર (શારદાગ્રામ)ના સંયુક્ત ઉપક્રમે જાન્યુ. ૧૯૮૩માં યોજાયેલા એક ખાસ કાર્યક્રમમાં તેમને રૂા. ૨૫,૦૦૦/-ની જીવનની સૌપ્રથમ મોટી રકમ ભેટ અર્પણ કરાઈ હતી. તા. ૩૦મી માર્ચ, ૧૯૮૪માં રાજ્ય સરકાર દ્વારા ગૌરવ પુરસ્કારથી સન્માનિત કરાયા હતા. એ પછી સંગીત નાટક અકાદમી તરફથી પણ તેઓનું સન્માન કરાયું હતું.

કચ્છીયતથી ભર્યાભર્યા કલાકાર સુલેમાન જુમ્માએ પ્રખ્યાત ભારતીય કલાકારોની સંગત કરી હતી. શહેનાઈવાદક બિસ્મિલ્લાખાન અને વાયોલિન વાદક ગજાનંદ રાવ જોશી સાથેના કાર્યક્રમોમાં તેમણે બંને દિગ્ગજ કલાકારોની ભારે દાદ મેળવી હતી. 'શરણાઈ'ની નામના બિસ્મિલ્લાખાંને આભારી છે, તો 'નોબત'ને નામના અપાવનાર તરીકે કચ્છ, છાતી ફુલાવીને બાપાનું નામ આપી શકે. જૈફ વયે પણ નોબત વગાડવાનું કોઈ કહે તો બાપાના શરીરમાં ચેતનાનો ફુવારો વછૂટતો! તેમની આંગળીઓ નોબતની દાંડી સાથે ફરતી ત્યારે લોકો તેમના વાદનમાં રમમાણ બની જતા. વાદનની પરાકાષ્ટા કહો કે પછી પ્રાપ્ત કરેલ કાંડાનું કૌવત કહો, પણ તેઓએ આ લોકવાદ્ય ઉપર 'શાસ્ત્રીયતા' સાધી હતી, નહિંતર નોબત પર શાસ્ત્રીય તાલ પર કાબૂ મેળવવો મુશ્કેલ હોય છે. તેમણે નોબત પર તીનતાલ, જપતાલ, ઝુમરા, ધ્રુપદ, ધમાર, દીપચંદી અને રૂપક તાલને નીપજાવ્યા હતા. મણિયારો, સિંગાડો અને હીંચ એ તેમના મનપસંદ તાલ હતા. નગારા ઉપરાંત ઢોલ પર પણ એમનો કાબૂ દાદ માંગી લે તેવો હતો. તેમના પુત્ર સુમારભાઈ સુંદરી વાદનમાં પ્રસિદ્ધિ પામ્યા હતા.

આકાશવાણી - દૂરદર્શનના સીમાડા પાર કરનાર અને અસંખ્ય સંસ્થાઓ દ્વારા સન્માન પ્રાપ્ત કરનાર કચ્છી લોકસંગીતના આ ઘરેણાંએ દ.આફ્રિકા, રંગુન, કોલંબો, ફ્રાંસ જેવા દેશોની સફર કરી હતી. શ્રીમંત ભાટિયા, જૈન કુટુંબોના માનીતા સુલેમાન બાપાના પુત્ર (સ્વ.) સુમારભાઈ, પૌત્ર જુસબભાઈ પણ એટલા જ લોકાદર પામતા રહ્યાં છે. બાપાએ સાધ્ય કરેલી આ સિદ્ધિના બદલામાં મળેલા હજારો રૂપિયાના પુરસ્કાર હોય કે પછી માત્ર પાંચ રૂપિયાની બક્ષીસ હોય — એ બંનેમાં સરખો સંતોષ અનુભવનાર આ અલગારી કલા ઉપાસકે પોતાની પ્રશંસા કરવાનું - કરાવવાનું કદીયે મુનાસિબ માન્યું નહોતું. શ્રી ઉમાશંકર જોશીએ આ કલાકારનું નોબતવાદન સાંભળીને આફરીન પોકારી કહ્યું હતું કે 'આ કલાકાર જો હોલીવુડમાં જનમ્યો હોત તો તેના આંગળાનો ૧૫ લાખ ડોલરનો વીમો હોત!'

કચ્છી લોકકલા ક્ષેત્રની આ ભાતીગળ ને મહાન પ્રતિભા ૮૧ વર્ષની વયે ૧૪મી ડિસેમ્બર, ૧૯૮૬ના જન્નતનશીન થઈ.

*સંજય પી. ઠાકરના પુસ્તક*
*'કચ્છની શતાબ્દી પ્રતિભાઓ'માંથી સાભાર*

*રાજાની જેમ જીવવું, મજૂરની જેમ કામ કરવું પણ મૃત્યુ પામવું સૈનિકની જેમ.*

તંદુરસ્તી

# બે બીમારીઓ (તન તથા મનની) સાથે હોવી (COMORBIDITY)

• ડૉ. (પ્રો.) મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા) •

## • કેસ સ્ટડી :

૫૬ વર્ષના વિજયને (નામ બદલ્યું છે) બે વર્ષ પહેલાં હૃદય રોગની બીમારી થયેલ. સમયસરનું યોગ્ય નિદાન કરી હોસ્પિટલમાં દાખલ કરી યોગ્ય સારવાર થઇ. બાયપાસ સર્જરી કરી. આને લીધે વિજય પૂર્વવત રીતે કામકાજ કરતા થઇ ગયેલ. છએક મહિના બરોબર રીતે બધું ચાલ્યું.

હાર્ટ એટેકના છએક મહિના બાદ વિજયને છાતીમાં ઝીણું ઝીણું દુઃખવા લાગ્યું. ભૂખ ઓછી થઇ ગઇ. માથું ભારી થઇ જતું હતું. ડોક્ટરને બતાડ્યું. કાર્ડિયોગ્રામ કરાવ્યો. કાર્ડિયોગ્રામ નોરમલ આવ્યો. કાર્ડિયોલોજિસ્ટે અભિપ્રાય આપ્યો ચિંતા કરવા જેવું નથી. સારવાર બાદ પણ ફરક ન પડ્યો. લક્ષણો વધવા માંડ્યા.

રાત્રે ઊંઘ ઓછી થઇ ગઇ. સવારના પરોઢિયે ઊંઘ જલદી ઊડી જતી હતી. નબળાઇ લાગતી હતી. થોડુંક ચાલવાથી થાક લાગતો હતો. હાથપગમાં ઝણઝણાટી થતી હતી. ઘણી વખત હાથપગ સૂઇ જતા હતા. વજન ચારેક કિલો ઘટી ગયું હતું.

સ્પેશિયાલિટી મોટી હોસ્પિટલમાં વિજયને દાખલ કર્યા. કાર્ડિયોગ્રામ કરાવ્યો. ૨-ડી (ઇકો) (2D ECHO), સ્ટ્રેસ ટેસ્ટ કરાવી. બધું જ નોરમલ આવ્યું. ડાયાબિટીસ, થાઇરોઇડ માટે પણ લોહીની તપાસ કરી. ફરીથી રિપોર્ટ નોરમલ આવ્યા. કાર્ડિયોલોજિસ્ટે અભિપ્રાય આપ્યો કે હાર્ટ નોરમલ છે. ઓપરેશન બરોબર થયેલ છે અને વ્યવસ્થિત રીતે હૃદય કામ કરે છે. ચિંતા કરવા જેવું નથી. નબળાઇ માટે ટોનિક તથા ભૂખ લાગવા માટે દવાઓ લખી આપી. આરામ કરવાની સલાહ આપી. બેએક મહિનાની સારવાર બાદ ફરક ન પડ્યો. ભૂખ ઓછી થવી, નબળાઇ લાગવી, છાતીમાં ઝીણું ઝીણું દુઃખવાને લગભગ આઠેક મહિના થયા.

વિજય ધંધા પર અનિયમિત જતા હતા. એક હિતેચ્છુને આ વિશે જાણકારી થઇ. વિજયને ઘરે આવ્યા. શારીરિક લક્ષણો હતા તથા રિપોર્ટ બધા નોરમલ આવતા હતા. એટલે લેખકનો (મનોચિકિત્સકનો) અભિપ્રાય લેવા સમજાવ્યા.

વિજયના કેસમાં ઊંડાણમાં જતા નીચે પ્રમાણેના મનના લક્ષણો વિશે જાણકારી મળી.

**ડૉ. (પ્રો.) મણિલાલ ગડા**
એમ.ડી., ડી.પી.એમ., એફ.આઇ.પી.એસ.
મનોચિકિત્સક અને સ્ટ્રેસ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ,
મનોસ્મૃતિ પોલીક્લિનિક, પ્રભુકૃપા,
એલ.બી.એસ. માર્ગ, સર્વોદય હોસ્પિટલની બાજુમાં,
હોટેલ રાધાક્રિષ્ણની બાજુમાં, ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ-૮૬.
ફોન : ૨૫૧૪૮૮૫૯

**ડૉ. દીપ્તિ એસ. શાહ (ગડા)**
*એમ.ડી. (ગોલ્ડ મેડલ), ડી.પી.એમ., એમ.આઇ.પી.એસ., બાળ મનોચિકિત્સક*
જાગૃતિ પોલીક્લિનિક,
કામદાર હોસ્પિટલ, કિરણ નિકેતન, ભાટિયાવાડીની બાજુમાં, તિલક રોડ, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઇ-૭૭.
ફોન : ૨૫૧૨૪૪૦૪, મો. ૯૮૨૧૩ ૨૬૨૬૯

## • મનના લક્ષણો :

વિજયને રાત્રે મોડેથી ઊંઘ આવતી હતી. સવારના ઉઠવામાં મોડું થઇ જતું હતું. સાતેક કલાકની ઊંઘ બાદ પણ સવારમાં ઉઠવાનું મન ન હતું. ઊંઘ કર્યા બાદ શરીરમાં તાજગી રહેતી ન હતી. સ્ફૂર્તિ પણ રહેતી ન હતી. સવારનું નિત્યક્રમ વિજય પરાણે કરતો હતો. ધંધામાં મન લાગતું ન હતું. બેચેની રહેતી હતી. ઘણી વખત ધંધા પર ગેરહાજર રહેતા હતા (જે એના સ્વભાવમાં ન હતું.)

ઘરમાં વાતચીત કરવાનું ઓછું કરી દીધું હતું. પોતાના વિચારોમાં વારંવાર ખોવાઇ જતા હતા. ટી.વી. કાર્યક્રમ જોવાનો વિજયને ખૂબ જ રસ હતો તે પણ ઓછો થઇ ગયો હતો. એકાદ મહિનાથી ટી.વી. કાર્યક્રમ જોયા નહોતા. મહિનામાં બે નાટક/સિનેમા વિજય જોતા હતા જે છેલ્લા આઠેક મહિનામાં એકેય નાટક/સિનેમા જોયા ન હતા.

નજીવી બાબતમાં વિજય અપસેટ થઇ જતા, સ્વભાવ ચીડિયો થઇ ગયો હતો.

વિજયને એમ લાગતું હતું કે 'આ બીમારીમાંથી એ સાજા થઇ શકશે નહીં. આ બીમારી જીવલેણ છે.' 'મારા લીધે કુટુંબીજનો દુઃખી થાય છે. હું ન હોઉં તો કુટુંબીજનો મારાથી છૂટી જશે.' (guilt feeling) આના કરતાં મરી જવું સારું. (suicidal ideas)

## • નિદાન :

આ એક 'હતાશાની બીમારી' (Major Depressive Disorder)નો કેસ છે. હૃદય રોગની બીમારી પણ સાથે છે. (Comorbidity) હૃદય રોગની બીમારી જોડે હતાશાની બીમારીને આ કેસમાં કોઇ સંબંધ નથી. બંને અલગ અલગ બીમારીઓ છે. જેથી બંનેની સારવાર અલગ અલગ રીતે પરંતુ એકસાથે (Simultaneously) કરવી જરૂરી છે.

## • મનોવિશ્લેષણ :

(૧) આનુવંશિક (વારસાગત) કારણ : વિજયની નાની બહેનને હતાશાનો રોગ થયેલ. જેની સારવાર લેખકે કરેલ. વિજયના કાકાને પણ હતાશાની બીમારી થયેલ.

આથી બીજી નોરમલ સામાન્ય વ્યક્તિઓની સરખામણીમાં વિજયને હતાશાની બીમારી થવાની શક્યતા ખૂબ

*જિંદગીના દરેક આચરણમાં સત્યને વળગી રહો.*

જ વધારે હતી.

(૨) માનસિક પરિબળ :

(અ) સંવેદનશીલ, લાગણીશીલ સ્વભાવને લીધે વિજયના મન પર નાની, નજીવી ઘટનાઓની ઊંડી નકારાત્મક અસર થતી હતી અને આ નકારાત્મક અસર લાંબો સમય સુધી રહેતી હતી.

(બ) વિજયમાં નિરાશાજનક લાગણીઓ અને ભાવનાઓને વ્યક્ત કરવાની આવડત ન હતી અને આ અવ્યક્ત લાગણીઓને દાબી દેવાની વૃત્તિ હતી. જેથી માનસિક તાણ વધી જતી.

(ક) ધંધામાં વિજયની અપેક્ષાઓ ખૂબ જ હતી. જે પ્રમાણેનો ધંધો થતો હતો એમાં એને સંતોષ ન હતો. ધંધાને આગળ વધારવાનું ટેન્શન હંમેશાં વિજયને રહેતું હતું.

ઉપરોક્ત સ્વભાવ, વલણ તથા પ્રતિક્રિયાઓને લીધે વિજય સતત માનસિક તાણમાં જીવતા હતા.

(૩) સામાજિક ઘટના : એકના એક દીકરાની વહુ ઝઘડો કરી પોતાના પિયરે ચાલી ગઇ હતી તથા વહુને છૂટાછેડા જોઇતા હતા. વિજયને આ પ્રસંગનો ઊંડો આઘાત લાગ્યો. એને થયું કે મારી ઈજ્જત ધૂળમાં મળી ગઇ.

આ પ્રસંગ બાદ ઉપરોક્ત લક્ષણો ધીમે ધીમે શરૂ થઇ, વધતા ગયા.

- **સારવાર :**

હૃદયરોગની દવાઓ સાથે હતાશા પ્રતિરોધક દવાઓ (Antidepressant) દવાઓ શરૂ કરી. નવી શોધાયેલી દવાઓની હૃદય પર કોઇ આડઅસર થતી નથી, એ પ્રકારની દવાઓ આપી.

ચારેક અઠવાડિયામાં તો ખૂબ જ ફરક પડ્યો તથા વિજય પૂર્વવત ધંધા પર નિયમિત જવા લાગ્યા. બે મહિનાની સારવારમાં તો વિજયના બધા શારીરિક તથા મનના લક્ષણો કાબૂમાં આવી ગયા. ચાર અઠવાડિયાની સારવાર બાદ વિજય કુટુંબ સાથે થિયેટરમાં સિનેમા જોઇ આવ્યા.

કાઉન્સેલિંગ તથા કોગ્નિટિવ બિહેવિયર થેરાપી શરૂ કરી. આથી માનસિક પરિબળમાં ફેરફાર થયા. વિજયે પ્રતિભાવ તથા પ્રતિક્રિયામાં યોગ્ય જરૂરી ફેરફાર કર્યા. ઘટના અને પ્રસંગને લાગણી વગર હકીકતથી સ્વીકારવાની પદ્ધતિ અપનાવી. નકારાત્મક લાગણી તથા નકારાત્મક પ્રતિક્રિયા ઓછી થઇ.

માનસિક પરિબળમાં ફેરફાર થવાથી હૃદયરોગમાં પણ એની હકારાત્મક અસર થઇ. હૃદયરોગની દવાઓનું પ્રમાણ ઘટાડી શકાયું. કાર્ડિયોલોજિસ્ટને પણ નવાઇ લાગી કે હૃદય રોગમાં આટલો જલદી સુધારો થયો.

- **બે બીમારીઓ સાથે હોવી શારીરિક તથા મનની બીમારી (COMORBIDITY)**

વિશ્વ આરોગ્ય સંસ્થાએ (World Health Organization – W.H.O.) બે દાયકા પહેલાં પરિપત્ર બહાર પાડેલ. આમાં નીચે પ્રમાણેના મુદ્દાઓ આવરી લેવાયા હતા.

(૧) બે બીમારીઓ એક સાથે દરદીમાં હોય ત્યારે બંને બીમારીઓનું (શારીરિક તથા મનની બીમારી) નિદાન કરવું જરૂરી છે.

(૨) શારીરિક બીમારી જોડે મનની બીમારીને પણ સરખું જ પ્રાધાન્ય આપવું જરૂરી છે.

(૩) સારવારમાં બંને બીમારી (શારીરિક તથા મનની બીમારી)ને પ્રાધાન્ય આપવું જરૂરી છે. બંને બીમારીઓની સારવાર સાથે સાથે થવી જોઇએ.

વિશ્વ આરોગ્ય સંસ્થાના પરિપત્રે મનની બીમારીને પ્રાધાન્ય આપ્યું છે. શારીરિક બીમારી જોડે મનની બીમારીનું નિદાન યોગ્ય સમયે થવું જોઇએ તથા મનની બીમારીની યોગ્ય સારવાર થવી જોઇએ.

છેલ્લા દાયકામાં થયેલા સંશોધનોએ સાબિત કર્યુ છે કે હૃદય રોગ સાથે હતાશાની બીમારી ૩૦થી ૪૦% દરદીઓમાં હોય છે. હતાશાની બીમારીને લીધે હૃદયરોગ પર નકારાત્મક અસર થાય છે. હૃદયરોગની બીમારી વધારે જીવલેણ નીવડે છે જો હતાશાની બીમારી સાથે હોય. આમાંથી બચવા માટે હતાશાની બીમારીની યોગ્ય નિદાન તથા યોગ્ય સારવાર જરૂરી છે. ચોથા ભાગના ડાયાબિટીસના દરદીઓમાં હતાશાની બીમારી જોવા મળે છે. ડાયાબિટીસની બીમારીની જોડે હતાશાની બીમારી હોય તો ડાયાબિટીસથી થતાં બીજા અવયવોમાં નુકસાન વધી જાય છે.

હતાશાની લાગણી તથા હતાશાની બીમારીમાં ફરક છે.

૧) હતાશાની બીમારીમાં મનોભાવ લાંબો વખત રહે છે. દિવસોના દિવસો સુધી રહે છે. (વિજયનો કેસ)

૨) લાગણી, વિચારો, વર્તણૂક પર દરદીનો કાબૂ રહેતો નથી. દરદી સમજી શકે છે કે જે થઇ રહ્યું છે તે યોગ્ય નથી પરંતુ આ બધું એના કાબૂમાં નથી.

૩) સુખદ, હકારાત્મક પ્રસંગો કે વાતાવરણ દરદીને આનંદ આપી શકતા નથી.

૪) રોજિંદા કામકાજ તથા જીવન પર હતાશાની બીમારીની નકારાત્મક અસર થાય છે. દરદી જવાબદારીઓ પૂર્ણપણે પૂરી કરી શકતો નથી. (વિજયનો કેસ) વિચારો, વર્તણૂક, શારીરિક તંદુરસ્તી, સ્વજનો જોડેના પરસ્પરના સંબંધો, કાર્યશક્તિ વગેરે પર નકારાત્મક અસર થાય છે.

- **સારાંશ :**

આનુવંશિક/વારસાગત કારણો તથા વ્યક્તિગત મનના નકારાત્મક પરિબળો વ્યક્તિને હતાશાની બીમારી તરફ દોરે છે. અણગમતી કૌટુંબિક/સામાજિક ઘટનાઓ માનસિક તાણ વધારી વ્યક્તિને હતાશાના રોગી બનાવે છે. આમ હતાશાની બીમારી એ ત્રિવિધ પ્રકારની (આનુવંશિક કારણ, માનસિક પરિબળ તથા કૌટુંબિક/સામાજિક ઘટનાઓ) પ્રક્રિયાનું પરિણામ છે.

શારીરિક બીમારી તથા મનની બીમારી એક સાથે વ્યક્તિમાં થઇ હોય ત્યારે શારીરિક બીમારી જોડે મનની બીમારીને પણ પ્રાધાન્ય આપી, યોગ્ય નિદાન કરી, યોગ્ય સારવાર કરવી જરૂરી છે. ■

*કુસંગથી સાધુનો, કુમંત્રણાથી રાજાનો, અત્યાધિક પ્રેમથી પુત્રનો અને અવિદ્યાથી બ્રાહ્મણનો નાશ થાય છે.*

શસ્ત્રક્રિયા દરમ્યાન પીડામુક્ત કરતું અદ્‌ભુત રસાયણ

# એનેસ્થેસિયા

● પ્રા. મનોજ જગતાપ ●

રોગોનો માનવ સાથેનો નાતો આદિકાળથી સંકળાયેલો છે. રોગ ઉપર વિજય મેળવવાના પ્રયાસોમાં શસ્ત્રક્રિયાનો ઉપયોગ પ્રાચીન તબીબીશાસ્ત્રમાં જાણીતો હતો. રોગજનક અંગ કે અવયવ કાપીને દૂર કરવાથી જીવ બચે છે અને દર્દ દૂર થાય છે તેવું સમજાયા બાદ તબીબી વિજ્ઞાને શસ્ત્રક્રિયાનો સહારો લેવાનું શરૂ કર્યું હતું. પરંતુ આ શસ્ત્રક્રિયા દરમિયાન પ્રાચીન સમયમાં દર્દીને અસહ્ય દુઃખ વેઠવું પડતું. દર્દથી ચિત્કારીઓ પાડતાં દર્દીને બે-ચાર બળવાન માણસો પકડીને જકડી રાખતા. ક્યારેક દર્દીને પથારી સાથે બાંધી દેવામાં આવે અને ત્યારબાદ દર્દીના શરીર ઉપર શસ્ત્રક્રિયા થતી. **સમય જતાં એનેસ્થેસિયાની શોધે શસ્ત્રક્રિયાની દુનિયામાં નવી ક્રાંતિ આણી.** દર્દીને કિડી કરડે તેટલી પણ પીડા થયા વિના શસ્ત્રક્રિયા શક્ય બની. આમ એનેસ્થેસિયાની શોધે મેડિકલ સાયન્સમાં તહેલકો મચાવ્યો. દર્દીને પીડામાંથી મુક્તિ અપનાવનાર એનેસ્થેસિયાનો ઇતિહાસ પણ રસપ્રદ છે. પ્રસ્તુત લેખમાં એનેસ્થેસિયા વિશેની વૈજ્ઞાનિક માહિતી આપવાનો પ્રયાસ કરેલ છે.

## ● એનેસ્થેસિયાનો રસપ્રદ ઇતિહાસઃ

વર્ષ ૧૮૪૦ પહેલાં દર્દીઓ ઓપરેશન રૂમમાં જતા ગભરાતા હતા કારણકે એ સમયે પીડામાં રાહત આપનાર એનેસ્થેસિયા ન હતું. તે સમયે સર્જનો ઑપરેશન રૂમમાં બંને હાથમાં એક એક વ્હિસ્કીની બોટલ લઈ જતા હતા. એક બોટલ દર્દી માટે અને બીજી બોટલ પોતાના માટે, જેથી તેઓ દર્દીઓની ચીસો સહન કરી શકે. ડોક્ટરો, દાંતના ડોક્ટરો અને દર્દીઓ ઑપરેશનની પીડા ઓછી કરવા લગભગ બધા જ પ્રયત્નો કરતા હતા. ચીની અને ભારતીય ડોક્ટરો બેહોશ કરવા માટે ભાંગ અને ગાંજાનો ઉપયોગ કરતા હતા. આલ્કોહોલની જેમ અફીણનો પણ જગતના જુદા જુદા ભાગોમાં બહોળા પ્રમાણમાં ઉપયોગ થતો હતો. **પ્રાચીન ગ્રીક ડૉક્ટર ડિઓસ્કોરિડીએ સૌપ્રથમ 'એનેસ્થેસિયા' શબ્દ વાપર્યો હતો.** સમય જતાં અમુક ડોક્ટરોએ વશીકરણ સાથે પણ એનો ઉપયોગ કર્યો હતો.

**વર્ષ ૧૨૭૫માં સ્પેનિશ ડોક્ટર રેમન્ડ લુલસે અલગ અલગ કેમિકલો પર પ્રયોગો કરીને સ્વીટ વિટ્રીઓલ નામનું દ્રાવણ બનાવ્યું.** સોળમી સદીમાં સ્વિટ્ઝરલેન્ડના એક ડોક્ટર, પારા સેલ્સયસે મરઘીઓને સ્વીટ વિટ્રીઓલ પીવડાવ્યું. તેમણે નોંધ્યું કે મરઘી ફક્ત બેભાન જ ન હતી પરંતુ એઓને દુઃખાવાનો અહેસાસ પણ થતો ન હતો. વર્ષ ૧૭૩૦માં જર્મન રસાયણશાસ્ત્રી ફોરબીન્યુ સ્વીટ વિટ્રીઓલનું નવું નામ ઈથર આપ્યું. જેનો અર્થ ગ્રીકમાં 'સ્વર્ગ' થાય છે. પરંતુ ૧૧૨ વર્ષ પછી ઈથરમાં બેહોશ કરવાની શક્તિ છે એની જાણ થઈ. **૧૮૪૨માં ક્રાઉફર્ડ લોંગ નામના તબીબે તેના એક મિત્રને થયેલા ગુમડાને દૂર કરવા માટે ઇથરનો ઉપયોગ કર્યો. ઇથર સુંઘાડ્યા બાદ તેના મિત્રને ગુમડું કાપીને દૂર કરાયાની ખબર પણ પડી નહીં.**

ડૉ. મોર્ટન નામના એક તબીબે ઈથરને પ્રખ્યાત કે પ્રસૂતિ દરમ્યાન સ્ત્રીઓને દર્દમુક્ત રાખવા તેણે ઈથરનો ઉપયોગ શરૂ કરેલો. ખ્રિસ્તી ધર્મગુરુઓએ એ પ્રસૂતિની પીડા ઈશ્વરદત્ત હોવાનું કહી તેનો વિરોધ કર્યો. પરંતુ બ્રિટનની રાણી પોતાના સાતમા પુત્રના જન્મ સમયે ક્લોરોફોર્મ લેવાનું સ્વીકાર્યું ત્યારે વિરોધીઓ ઠંડા પડ્યા અને શસ્ત્રક્રિયા દરમ્યાન દર્દીને બેભાન બનાવવાના સંશોધનોને વેગ મળ્યો. સમય જતા નાઈટ્રસ ઓક્સાઈડ, ઈથર અને ક્લોરોફોર્મ ઉપરાંત પ્રોકેન અને કોકન જેવા દ્રવ્યો પણ એનેસ્થેસિયા આપવા માટે પ્રચલિત બન્યાં. સુંઘાડવા ઉપરાંત ઈંજેક્શન દ્વારા ચામડી બહેરી કરી નાખવા જેવા ઉપાયો પણ શોધાયાં. આજે એનેસ્થેસિયાનું વિજ્ઞાન ગણું વિકસી ચૂક્યું છે. **એનેસ્થેસિયા આપનાર ખાસ તાલીમ પામેલા એનેસ્થેસ્ટીટનું પણ તબીબી જગતમાં મહત્ત્વનું સ્થાન છે.**

## ● એનેસ્થેસિયા એટલે શું?

એનેસ્થેસિયા, એ દર્દીના ચેતાતંત્રને સુષુપ્ત કરી અમુક સમય માટે નિદ્રામાં ધકેલી દે તેવું રાસાયણિક દ્રવ્ય છે. જેમાં વ્યક્તિ ચોક્કસ સમય માટે આખા શરીર અથવા શરીરના ચોક્કસ ભાગને સંવેદનાવિહીન અનુભવે છે. શસ્ત્રક્રિયા દરમ્યાન આધુનિક પદ્ધતિના એનેસ્થેસિયાના ચાર પ્રાથમિક પ્રકાર છે : જનરલ એનેસ્થેસિયા, રિજિઓનલ એનેસ્થેસિયા, લોકલ એનેસ્થેસિયા અને સીડેશન. આ દરેક પ્રકારના એનેસ્થેસિયા ચેતાતંત્ર ઉપર અસર કરીને ચેતાતંતુઓને સુષુપ્ત કરી નાખે છે.

## ● જનરલ એનેસ્થેસિયા :

જનરલ એનેસ્થેસિયા માણસનાં નિશ્ચેત અવસ્થા ઉત્પન્ન કરે છે. જે દરમ્યાન દર્દીનું હલનચલન પણ બંધ થઈ જાય છે અને તે શરીર ઉપર થતી અસરોથી અજ્ઞાન રહે છે. એટલું જ નહીં પણ તે સમયગાળાની યાદ પણ તેને રહેતી નથી. જનરલ એનેસ્થેસિયા વાયુ સુંઘાડીને અથવા તો પ્રવાહી ઈંજેક્શન દ્વારા અપાય છે. આ માટે ઘણા પ્રકારના વાયુઓ અને પ્રવાહી દવાઓ ઉપલબ્ધ છે. દરેક વાયુ કે પ્રવાહીની શક્તિ મિનિમમ એલ્વેબર કન્સન્ટ્રેશન (એમ.એ.સી.)ના પ્રમાણથી નક્કી થાય છે. ફેફસામાં આ વાયુઓ પ્રવેશવાના સ્થાનને એલ્વેલટ કહે છે. જ્યાંથી આ વાયુ કેપીલરી તંત્ર દ્વારા લોહીમાં ભળે છે. પ્રવાહી

*નાણાની પોટલી જેટલી ખાલી હોય છે, હૃદય તેટલું જ વિશાળ બનતું જાય છે.*

દવા લોહીમાં કેટલા પ્રમાણમાં ભળી શકે છે તેનું પ્રમાણ નિશ્ચિત હોય છે. દર્દીની જરૂરિયાત પ્રમાણે મેકના પ્રમાણમાં એનેસ્થેસિયા અપાય છે. એનેસ્થેસિયા અપાયા બાદ દર્દીના લોહીમાં આ દવા કે વાયુ ભળી જઈને આખા શરીરમાં પ્રસરે છે અને બીજા અંગ અવયવોને પણ અસર કરે છે. તે માટે દર્દીને સતત નિરીક્ષણ હેઠળ રાખવામાં આવે છે. આ દરમ્યાન દર્દીના હૃદયના ધબકારા, લોહીનું દબાણ, શ્વાસની ગતિ અને ઑક્સિજનની ગ્રહણ શક્તિ ઉપર યંત્રો દ્વારા ચાંપતી નજર રાખવામાં આવે છે.

- **લોકલ એનેસ્થેસિયા :-**

શરીર ઉપર નાના પ્રમાણની સર્જરી કરવા માટે શરીરની ચામડી ઉપર જ્યાં કાપ મુકવાનો હોય ત્યાં ઇંજેક્શન આપીને ચામડીનો તેટલો ભાગ બહેરો કરવાની પ્રક્રિયાને લોકલ એનેસ્થેસિયા કહે છે. આ એનેસ્થેસિયા હળવા પ્રકારનો અને સૌથી સલામત છે. જેમાં રહેલી દવા લીડોકેઈન, ચેતાતંતુઓને સોડિયમ આયન પ્રત્યે પ્રક્રિયા કરતાં રોકીને સંવેદનાવિહીન બનાવી દે છે. **લોકલ એનેસ્થેસિયામાં હવે તો ઇંજેક્શનને બદલે માત્ર ચામડી ઉપર દવા લગાડીને બહેરી કરતા મલમ અને ક્રીમ પણ હવે શોધાયા છે.**

- **રિજિઓનલ એનેસ્થેસિયા :**

રિજિઓનલ એનેસ્થેસિયામાં દર્દીને બેભાન કર્યા વિના શરીરનો જરૂરી ભાગ બહેરો કરી નાખવામાં આવે છે. પ્રસૂતિ અને પ્રસૂતિ માટેની સર્જરી દરમ્યાન આ એનેસ્થેસિયા અપાય છે. **રિજિઓનલ એનેસ્થેસિયા કરોડરજ્જુના નીચલા ભાગના મણકા વચ્ચે ઇંજેક્શન દ્વારા આપવામાં આવે છે.** શરીરના કમરથી નીચેના અવયવોને બહેરા કરી નખાય છે. આ એનેસ્થેસિયાને એપીડર્મલ એનેસ્થેસિયા પણ કહે છે. આ એનેસ્થેસિયા માટે કરોડરજ્જુના છેલ્લા મણકા વચ્ચે અનુકૂળતા પ્રમાણે કેથેરેટ લગાડી સતત પ્રવાહી એનેસ્થેસ્ટીક આપવાનું ચાલુ કરાય છે. જે કલાક કે ક્યારેક દિવસો સુધી પણ ચાલુ રાખી દર્દીને પીડામુક્ત રાખી શકાય છે. આ એનેસ્થેસિયા દ્વારા દર્દીનું કોઈ એક ખાસ અંગ જેમકે જમણો કે ડાબો પગ કે હાથ કે કોઈપણ એક અવયવને જરૂરી સમય માટે બહેરો કરી શકાય છે. આ એનેસ્થેસિયામાં નાર્કોટિક પેઈનકીલર ઉપયોગમાં લેવાય છે.

એનેસ્થેસીઓલોજિ તબીબી ક્ષેત્રે ખાસ મહત્ત્વનું બની ગયું છે. આજે એનેસ્થેસિઓલોજિસ્ટ એનો ઉપયોગ દર્દીઓની સર્જરી માટે કરે છે. તેઓ આધુનિક યંત્રોની મદદથી રસાયણ અને ઓક્સિજનથી બનેલા એનેસ્થેસિયાથી દર્દીને બેહોશ કરે છે. હકીકતમાં, ઘણા દર્દીઓને ખબર પણ નથી હોતી કે ડોક્ટરે એનેસ્થેસિયા ગેસનો ઉપયોગ કર્યો છે. તેથી કોઈ દિવસ તમારે પણ ઑપરેશન કરાવવાની જરૂર પડે તો ગભરાશો નહિ.

***"ફેસ ટુ ફેસ"***
***ઓક્ટોબર-૨૦૧૦ના સૌજન્યથી***

***જીવન મળ્યું છે તો તે પ્રભુના ચરણે સમર્પિત કરવું જોઈએ. સમર્પિત ભક્તના જીવનમાં જે સૌંદર્ય છે તે બીજે ક્યાંય નથી. ભક્તનું સમગ્ર જીવન પ્રભુ પ્રીત્યર્થ જ હોય છે.***

# એલર્જીના લક્ષણો અને નિદાન

● ડૉ. હર્ષદ વી. કામદાર ●
*એમ.ડી. ડી.પેડ., ડી.સી.એચ., (બોમ્બે), એફ.આઇ.સી.એ. (યુ.એસ.એ.), બાળ રોગ નિષ્ણાત*

એલર્જી એટલે શું અને તે શાનાથી થાય છે તે આગળ આપણે જોઇ ગયાં. સાથે સાથે એલર્જન વિશેનો પણ અભ્યાસ કર્યો. જેના સંપર્કમાં આપણા શરીરના વિવિધ અંગો આવતા એલર્જીનો હુમલો થાય છે. અનેક રસાયણિક ફેરફારો શરીરમાં થાય છે અને તેને લીધે એલર્જીના વિવિધ લક્ષણો આપણને જોવા મળે છે.

- **એલર્જીના હુમલા દરમ્યાન શરીરમાં થતાં ફેરફારો :**

બહારના કોઇપણ પ્રોટીનયુક્ત પદાર્થો શરીરમાં દાખલ થતાં એલર્જીનો હુમલો આવે છે. આ બધા પદાર્થોને 'એલર્જન' કહેવામાં આવે છે.

આ એલર્જન જ્યારે શરીરમાં પ્રવેશે છે, ત્યારે તેના જવાબરૂપે લોહીમાં રહેલા ઇમ્યુનોગ્લોબ્યુલીન નામના પ્રોટીનયુક્ત પદાર્થ છૂટા પડે છે, જેમાં મુખ્યત્વે IgE હોય છે.

લોહીમાં રહેલા શ્વેતકણોમાં માસ્ટસેલ અને બેઝોફીલ રહેલા હોય છે, જેની સાથે IgE ચોંટે છે. બહારના એલર્જન જ્યારે ત્યાં પહોંચે ત્યારે અંદર 'એન્ટિજન એન્ટિબોડી કોમ્પ્લેક્ષની' રચના થાય છે. એ વખતે તેમાંથી અનેક રસાયણો છૂટા પડે છે, જેને લીધે એલર્જીના લક્ષણો દેખાય છે.

સૌ પ્રથમ 'હિસ્ટામીન' છૂટું પડે છે, જેનાથી લોહીની કેશવાહિનીઓની પારદર્શકતા વધે છે. નાકમાંથી અને શ્વાસનળીમાંથી ચીકાશવાળું પ્રવાહી નીકળે છે અને અનિચ્છાવર્તી સ્નાયુઓ સંકોચાય છે. જેમાં મુખ્યત્વે શ્વાસનળીના સ્નાયુઓ સંકોચાવાથી દમનો હુમલો આવે છે, પછીથી 'હિપેરીન', 'પ્રોસ્ટાગ્લેન્ડીન' 'કાયનીન' જેવા અનેક રસાયણો છૂટા પડે છે. તેને લીધે એલર્જીના જુદા જુદા લક્ષણો જોવા મળે છે.

- **એલર્જીના લક્ષણો :**

બાળકના શરીરમાં એલર્જીના હુમલા વારંવાર થતાં હોવાથી કાયમી તકલીફો એલર્જીમાં વધારે જોવા મળે છે. જેમ કે કાયમી શરદી, કાયમી ઝાડા વગેરે. એક વખત એલર્જીનું નિદાન થાય પછીથી તેની સારવાર ચાલુ કરતાં તેના હુમલા ઓછા થાય છે.

એલર્જીની બીમારીઓ કુટુંબમાં ઉતરી આવતી હોવાથી એક જ કુટુંબમાં વિવિધ માણસોને જુદા જુદા સ્વરૂપે એલર્જી જોવા મળે છે, જેમ કે કાયમી શરદી, દમ, શીળશ વગેરે.

એલર્જીનો હુમલો થાય તે પહેલાં એલર્જનના સંસર્ગમાં દર્દી આવેલ હોય તો તે જાણી શકાય છે. જેમકે ઝાપટઝુપટ કરવાથી કે દિવાળીનું સાફસફાઇનું કામ કરવાથી, 'ઘરની રજ'ની એલર્જીવાળાને દમનો હુમલો આવે છે. જ્યારે પરાગરજની એલર્જીવાળાને તેની સીઝનમાં બગીચામાં ફરવાથી હુમલો આવી શકે છે. ઘરમાં પાલતુ કૂતરાં કે બિલાડી હોય તો તેના સંસર્ગમાં આવવાથી એલર્જીનો હુમલો આવે તે જાણી શકાય છે.

કેટલીક વખત સ્થળની પણ અગત્યતા હોય છે. કેટલાંક બાળકોને રજા દરમ્યાન એલર્જીના હુમલા ના આવે તો તેનું કારણ સ્કૂલમાં છે, તે જાણી શકાય છે. કેટલાંકને બંધિયાર, અવાવરું વાતાવરણમાં જતાંની સાથે જ દમનો હુમલો આવે છે.

રંગ રસાયણની એલર્જીવાળાને તેના સંપર્કમાં આવતાં જ ચામડી પર એલર્જી નીકળે છે. જ્યારે કેટલાકની તેલની કે વઘારની એલર્જી હોય તો તે વખતે રસોડામાં જાય કે તરત જ એલર્જીનો હુમલો આવે છે.

બાળકની ઊંચાઇ અને વજન સામાન્ય કરતાં કાયમી એલર્જીવાળાના ઓછા હોય છે. તેના નાકના ફણાં મોટાં અને આંખોની આસપાસ કાળા કૂંડાળા થયેલા હોય છે.

નાકની એલર્જીમાં કાયમ માટે નાકમાંથી પાણી જેવું પ્રવાહી દદડે છે. નાકની અંદરની ત્વચા ગુલાબી સોજાયેલી જોઇ શકાય છે, તેને લીધે કાકડાં અને એડિનોઇડ ફૂલે છે. આંખોની એલર્જીમાં વધારે પાણી, લાલાશ અને સોજો, એલર્જી દર્શાવે છે.

ચામડીની એલર્જીમાં લાલ ઉપસેલી સીળસ જોઇ શકાય છે, જેમાંથી બહુ જ ખુજલી આવે છે.

દમના દર્દીમાં અનેક લક્ષણો જણાય છે. બાળકને શ્વાસ લેવામાં તકલીફ પડે છે, છાતી ધમણની જેમ ફૂલે છે અને દૂરથી વ્હીસલ જેવો અવાજ પણ કેટલાંક દર્દીઓમાં આવે છે. જે સ્ટેથોસ્કોપથી સાંભળી શકાય છે.

આમ વિવિધ પ્રકારની એલર્જીના જુદા જુદા લક્ષણો જોવા મળે છે.

- **એલર્જીની તપાસો :**

(૧) લોહીની તપાસ : લોહીના શ્વેતકણોની તપાસમાં 'ઇઓસીનોફીલ' નામના કણોની સંખ્યા વધે છે. શ્વાસનળીના પ્રવાહીમાં કે નાકના પ્રવાહીમાં ઇઓસીનોફીલ જોઇ શકાય છે.

લોહીના સ્તરમાં ઇમ્યુગ્લોબ્યુલીન્સની તપાસમાં IgEનું પ્રમાણ વધે તો 'એટોપિક એલર્જી' જાણી શકાય છે.

(૨) ચામડીના એલર્જીના ટેસ્ટ :
ચામડીના બે પડ વચ્ચે કે ચામડીની નીચેના ભાગમાં વિવિધ પ્રકારના એલર્જનો, ઇંજેક્શન દ્વારા દાખલ કરવામાં આવે છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૬૫ ઉપર)**

*જિંદગીમાં શીખવા માટેની કોઈ ઉંમર હોતી નથી.*

# બાયપાસથી બચવા માટેના પ્રયોગો

• વલ્લભજી હીરજી 'કેવલ' •

(૧) દૂધીને છાલ સહિત ધોઇને ખમણીમાં ખમણી લેવી. પછી તેને ગ્રાઇન્ડરમાં નાખીને બરાબર એકરસ કરી લેવી. તેમાં સાત-આઠ પાન તુલસીના અને પાંચ-છ પાન ફુદીનાના નાખી દેવા. જેથી તે પણ દૂધીની સાથે બરાબર એકરસ થઇ જાય. પછી તેને પાતળા કપડામાં નાખી બરાબર નીચોવીને ધીમે ધીમે રસ કાઢી લેવો. આ રસ ૧૨૫થી ૧૫૦ મિ.લી. થવો જોઇએ. એમાં એટલું જ ચોખ્ખું પાણી મેળવી દેવું. આ રસમાં ચાર દાણા કાળા મરીના વાટીને તથા ૧ ગ્રામ જેટલું સીંધાલુણ નાંખી, હલાવીને જમ્યા પછીના અર્ધા કલાકે સવાર-બપોર-સાંજે ત્રણ વાર લેવું. દસ દિવસ બાદ ફાયદો થયો કે નહીં તે નક્કી કરવું.

(૨) એક તોલો કાળા ફોતરાવાળા આખા અડદ રાત્રે ગરમ પાણીમાં પલાળવા. સવારે પાણીમાંથી દાણા કાઢી ખાંડણી અથવા મીક્ષ્ચરમાં પીસી નાંખવા. પીસેલ અડદને ૧ તોલો શુદ્ધ ગુગળના ચૂર્ણમાં મીક્ષ કરવા. આ મિશ્રણમાં ૧ તોલો એરંડિયાનું તેલ અને ગાયના દૂધમાંથી બનાવેલ માખણ ૧ તોલો નાખીને સારી રીતે મીક્ષ કરવું. ત્યારબાદ સ્નાન કરી શરીર બરાબર લૂછીને આ લેપ છાતીથી પેટ સુધી ચોળીને લગાડી દેવું. પછી ૪ કલાક સુધી સૂઇ જવું. બેસી પણ શકાય. જ્યારે લેપ સૂકાઇ જાય ત્યારે સ્નાન કરી લેવું. આ પ્રયોગ રોજ સવારે પાંચ દિવસ સુધી કરવો. બાદમાં એક મહિનો બંધ રાખી ફરી પાંચ દિવસ એ જ પ્રમાણે કરવો.

(૩) ૧ ચમચી નાગરવેલના પાનનો રસ, ૧ ચમચી લસણનો રસ, ૧ ચમચી આદુનો રસ અને ૧ ચમચી મધ — ચારે મીક્ષ કરી સવાર સાંજ લેવું. ૨૧ દિવસ લીધા પછી રોજ સવારે એકવાર લેવું. આનાથી હૃદયરોગ કદી થશે નહીં અને થયેલ હશે તો મટી જશે.

*એ-૬૦૧, 'સમૃદ્ધિ' માર્વે રોડ, મલાડ (વે),*
*મુંબઇ-૪૦૦૦૬૪ ટે. ૨૮૬૫૦૯૭૨*

***(નોંધ : સ્ત્રીવર્ગ આ બાબતે કાળજી રાખે તો ઘરના પુરુષોને હૃદયરોગ અને બાયપાસથી બચાવી શકાય.)***

# ન્યુટ્રીશન

• શૈલજા મધુકર અંધારે •

## મહત્વનું પોષક તત્ત્વ પ્રોટીન (PROTEINS)

વિશ્વના દરેક સજીવ (પ્રાણી અને વનસ્પતિ)ની પેશીઓમાં પ્રોટીન મુખ્ય તત્ત્વ છે. ગ્રીક ભાષામાં પ્રોટીન્સનો અર્થ થાય છે 'જે પ્રથમ છે તે'. સજીવને કોઇપણ કાર્ય કરવા માટે પ્રોટીન્સની આવશ્યકતા છે. ફક્ત વનસ્પતિમાં એવી શક્તિ છે કે તે હવામાં રહેલા નાઇટ્રોજનમાંથી પ્રોટીન્સ બનાવી શકે છે. માનવો અને પ્રાણીઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રોટીન્સ મેળવવા વનસ્પતિ ઉપર આધાર રાખે છે.

પ્રોટીન્સમાં કાર્બન, હાઇડ્રોજન, ઓક્સિજન અને નાઇટ્રોજન મુખ્યત્વે હોય છે. પ્રોટીન્સ compley compound એમિનો એસિડ્સના સુક્ષ્મ એકમો (small blocks)થી બનેલું છે. શરીરને આવશ્યક એમિનોએસિડ પ્રોટીન્સમાંથી મળવા જોઇએ. આપણે જે ખોરાક ખાઇએ છીએ એમાંથી આવશ્યક એમિનો એસિડ બધાજ વર્ગના લોકોને મળવું જોઇએ. દૂધ, દૂધમાંથી બનતા પદાર્થો, ઇંડાં, માછલી અને માંસ જેવા પ્રાણીજ પદાર્થોમાંથી જે પ્રોટીન્સ મળે છે તેમાં આઠ એમિનો એસિડ હોય છે. એને પૂર્ણ પ્રોટીન્સ કહેવામાં આવે છે.

અપૂર્ણ પ્રોટીન્સની ગુણવત્તા વધારવા માટે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા જરૂરી છે.

(૧) હંમેશાં કઠોળ અને અન્ય અનાજના મિશ્રણથી બનતી વાનગીઓ ખાવી જોઇએ.

(૨) દૂધ, દહીં, છાશ, પનીર અને ચીઝ જેવા પદાર્થ કે જેમાં પૂર્ણ પ્રોટીન્સ છે તેનો ભોજનમાં સમાવેશ કરવો જોઇએ. જેથી વનસ્પતિજન્ય પ્રોટીન્સની ઊણપને ઘટાડી શરીરને માટે જરૂરી આઠ એમિનો એસિડ મેળવી શકાય અને તેથી પ્રોટીન્સનું યોગ્ય રીતે પાચન થઇ શકે.

વનસ્પતિજન્ય પ્રોટીન્સ બધા પ્રકારના અનાજ, કઠોળ અને તેલીબિયાંમાંથી મળે છે. જો કે અનાજમાં એ પ્રકારનું એમિનો એસિડ ઓછું છે.

એ પ્રકારનું એમિનો એસિડ કઠોળમાં વધારે હોય છે અને કઠોળમાંથી જે પ્રકારનું એમિનો એસિડ મળતું નથી એ પ્રકારનું એમિનો એસિડ અનાજમાંથી સારા પ્રમાણમાં મળે છે. આથી કઠોળ અને અન્ય અનાજનું મિશ્રણ કરવાથી બધા જ પ્રકારના એમિનો એસિડ મેળવીને પ્રોટીન્સની ગુણવત્તા વધારી શકાય છે.

આપણી ભારતીય આહાર પદ્ધતિનો અભ્યાસ કરવાથી ધ્યાનમાં આવે છે કે આપણા પ્રત્યેક પ્રાંતમાં ઉપર જણાવેલ બન્ને મુદ્દાને સમજીને આપણી વાનગીઓ બનાવવામાં આવે છે. આપણા પૂર્વજોને ભોજન અંગેનું શાસ્ત્રીયજ્ઞાન (scientific knowledge) હતું. આપણે પરંપરાગત રીતે એવું જ ભોજન લેતા આવ્યા છીએ. પરંતુ આધુનિક યુગમાં પાશ્ચાત્યોનું આંધળું અનુકરણ કરવાથી કેટલીક ખોટી પ્રથાઓ આપણા દૈનિક જીવનમાં પેસી ગઇ છે. આધુનિક પેઢી વૈજ્ઞાનિક આધારો સાથે આ બાબતને ખુલ્લા મને સમજે તો આપણે આપણા ભોજનમાંથી યોગ્ય પ્રમાણમાં પોષકતત્ત્વો મેળવી શકીશું.

ખીચડી, ઢોકળાં, હાંડવો, ઇડલી, ઢોંસા વગેરેમાં કઠોળ અને અન્ય અનાજનું મિશ્રણ કરવા પાછળનું રહસ્ય આ જ છે. જો કે આપણે ઢેબરા, મુઠિયા, લાડુ, સુખડીની બનાવટમાં મિશ્રણ કરતા નથી. આવી વાનગીઓમાં પણ બે-ત્રણ પ્રકારના લોટનો પ્રયોગ કરવાથી લાભ થઇ શકે.

રોટલી કે ભાતની સાથે દાળનું પાણી નહીં પણ ઘટ્ટ દાળ સારા પ્રમાણમાં ઉપયોગમાં લેવાથી વધારે પોષણ મેળવી શકાય.

પૌંવા કે ઉપમા બનાવીએ તેમાં ફણગાવેલા મગ કે લીલા વટાણા, સીંગ, ચણાની કે અડદની દાળનો ઉપયોગ કરવાથી બધા જ એમિનો એસિડ્સ મળી શકે.

આ સૂત્ર દરેક વાનગીને લાગુ પાડવા જેવું છે. પાણીપુરીમાં પુરી સાથે મગ કે ચણા વધારે વાપરીશું તો લાભકારી બનશે.

જો ભાજીમાં એકાદ કઠોળ નાંખીને ભાજી કરીશું તો ભાજીપાંવમાંથી પણ પૂર્ણ પ્રોટીન્સ મળી શકે.

પૂર્ણ પ્રોટીન્સયુક્ત પદાર્થોનો ભોજનમાં સમાવેશ કરવાથી વનસ્પતિજન્ય પ્રોટીન્સમાં જે એમિનો એસિડની ઊણપ હોય છે તે દૂર થવાથી પ્રોટીન્સની ગુણવત્તા વધે છે. આ હેતુથી સવારના ભોજનમાં દહીં કે છાશ અને રાત્રિ ભોજનમાં દૂધનો ઉપયોગ ઘણો લાભદાયક બનશે. એકજ સમયે આખો ગ્લાસ દૂધ પીવાના બદલે તે દૂધનો અડધો ભાગ ભોજનમાં લેવો સારો. પનીર કે ચીઝનો ઉપયોગ કરી શકાય પણ બાકીના પ્રાણીજ પદાર્થો ન લેવા તે આપણા હિતમાં છે. કારણ કે તે શરીરમાં કોલેસ્ટેરોલ વધારે છે અને ઘણી મુસીબતોને નોંતરે છે. પ્રાણીજ પ્રોટીન્સ આરોગ્ય અને પર્યાવરણ એ બન્ને દષ્ટિથી ઘાતક સિદ્ધ થયા છે.

આજે વિશ્વભરમાં શાકાહારી ભોજનના સ્વીકારનું સકારાત્મક વલણ જોવા મળે છે, તેની પાછળ પણ આ જ કારણ જણાય છે.

***"સંકલન શ્રેણી (પાક્ષિક)"ના ૨૧ ઓક્ટોબર, ૨૦૧૦ના સૌજન્યથી***

***(નોંધ : સ્ત્રીવર્ગ આ બાબતે યોગ્ય કાર્યવાહી કરી શકે – જો તે આ બાબતને પૂર્ણ ગંભીરતાથી ગ્રહણ કરે તો.)***

***સકારાત્મક દષ્ટિકોણ જીવનમાં આપણને આગળ લઈ જઈ શકે છે.***

# યોગ

• કેપ્ટન મધુકર અંગારે •

## બહિરંગ યોગ

બહિરંગ યોગના ચાર અંગોનો વધુ પરિચય મેળવતા પહેલાં આપણે મેળવશું એના વિશે વધુ પરિચય. આ ચાર અંગ છે : યમ, નિયમ, આસન અને પ્રાણાયમ. આમાંથી આપણે દરેકની વિસ્તૃત જાણકારી મેળવવા પ્રયાસ કરીશું.

(૧) યમ : યોગના આઠ અંગોમાં આ સૌથી પહેલું અંગ છે, જે નૈતિક આચરણના સિદ્ધાંતોનું પ્રણેતા છે. આ સમગ્ર સિદ્ધાંત ધર્મ, દેશ, યુગ કે કાળની મર્યાદાથી ઉપર છે.

૧) અહિંસા - અ = નહીં, હિંસા = હત્યા કે પીડા, શારીરિક કે માનસિક

૨) સત્ય

૩) અસ્તેય = ચોરી ન કરવી.

૪) બ્રહ્મચર્ય

૫) અપરિગ્રહ

આ બધા સ્વયં વ્યક્તિના તથા સમાજના નૈતિક નિયમ છે. એનું યથાયોગ્ય પાલન નહીં થાય તો અરાજકતા, હિંસા, અસત્ય, ચોરી, વ્યસનાસક્તિ, લોભવૃત્તિનું વાતાવરણ તૈયાર થવા લાગે છે. દરેક દુષ્પ્રકૃતિનો ઉદ્‌ગમ લોભ, વાસના અને આસક્તિમાં છે. આ બધું મનુષ્યને માટે ફક્ત દુઃખ પેદા કરે છે, એમાં અજ્ઞાનના સ્રોત હોય છે.

**(૧) અહિંસા :** કોઇપણ જીવને, કોઇપણ પ્રકારની પીડા આપવી નહીં, પરંતુ પ્રેમ વધારવો, પ્રેમથી વર્તવું. કોઇપણની હાંસી ઉડાવવી નહીં, હત્યા કરવી નહીં કારણકે હિંસાનો ઉદ્‌ગમ અજ્ઞાન, માનસિક કમજોરી, અસ્થિરતામાંથી થાય છે. આથી નિર્ભયતાથી પ્રેમપૂર્વક રહેવું, દરેક પ્રાણીને જીવવાનો એટલોજ હક્ક છે, જેટલો આપણને છે. એને ભૂલી જવાથી કેમ ચાલશે?

**(૨) સત્ય :** સત્યની તુલના અગ્નિ સાથે કરવામાં આવે છે, જે દરેક ખરાબ વસ્તુને બાળીને સ્વયં પવિત્ર અને તેજસ્વી રહે છે. સત્યના અગ્નિથી યોગી શુદ્ધ બને છે. જેઓ ત્રિકાલથી બંધાયેલ છે. એટલે કે ત્રણેય કાળમાં જેમાં સહેજ પણ બદલાવ નથી આવતો એને સત્ય કહેવામાં આવે છે. ફક્ત વાણીમાં જ નહીં, પરંતુ વર્તણૂકમાં અથવા આપણા વ્યવહારમાં સત્યતા હોવી જરૂરી છે. સત્યથી મનુષ્યનું અંતઃકરણ તથા વૃત્તિ શુદ્ધ થાય છે. શબ્દોમાં-આચાર-વિચારોમાં એક અનોખી તાકાત નિર્માણ થાય છે. દા.ત. મહાત્મા ગાંધી. જેમની રહેણી-કહેણી, અત્યંત સાદી પરંતુ વ્યવહાર અને વિચાર સત્ય સાથે જોડાયેલ હતા. આ કારણે તેઓએ આટલી પ્રસિદ્ધિ મેળવી હતી.

**(૩) અસ્તેય :** જે (કોઇ વસ્તુ) બીજા પાસે છે તે મને મળે તેવી ઇચ્છા રાખવી. મનુષ્યના દુષ્કૃત્ય, ચોરી, ડાકુગીરી, ખૂન આવા કૃત્ય કરવા પ્રેરિત કરે છે, તે માનવ મનની એક દયાજનક સ્થિતિ છે.

અ = નહીં, સ્તેય = ચોરી એટલે કે ચોરી કરવી નહીં. કોઇપણ સ્થિતિમાં ચોક્કસ સમય કરતાં વધારે સમય માટે કોઇની વસ્તુનો લાભ લેવો, અફરાતફરી, વિશ્વાસઘાત, દુરુપયોગ આ બધું તેમાં આવે છે. જે રીતે જે વસ્તુની જરૂરિયાત ન હોય તો એનો અનુચિત સંગ્રહ કરવો, એ બધું આ વર્ગમાં આવી જાય છે.

**(૪) બ્રહ્મચર્ય :** બ્રહ્મચર્યનો અર્થ ઋષિ પતંજલિના મત મુજબ એવી સ્થિતિ જેમાં શરીર, વાણી તથા મનનો સંયમ થાય છે. બ્રહ્મચર્યનો સંબંધ કૌટુંબિક હોવા કે ન હોવા સાથે નહિ પરંતુ તે એક મનોવસ્થા છે. આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન કહેતા હતા કે, હું અવિવાહિત તો છું, પરંતુ એનો અર્થ હું બ્રહ્મચારી છું એવો નથી. બ્રહ્મચર્યને લૈંગિક સુખના અર્થ સાથે જોડવું યોગ્ય નથી, કારણકે બ્રહ્મચર્યમાં આત્મસંયમન હોય છે.

આપણા પૂર્વજ ઋષિમુનિ, યોગી, મોટા ભાગના વિવાહિત હતા. સંસારસુખનો ઉપભોગ કરવાની સાથે પણ એમાં લિપ્ત ન હતા, અલિપ્ત હતા. તેમની સામાજિક-નૈતિક જવાબદારીઓનું એમણે સંપૂર્ણપણે પાલન કર્યું હતું.

(૫) અપરિગ્રહ : અ=નહીં, પરિગ્રહ=સંચય (સંગ્રહ કરવું) અપરિગ્રહ એટલે સંગ્રહ કરવાની પ્રવૃત્તિથી ઉપર રહેવું. પોતપોતાની જરૂરિયાતથી વધારે સંગ્રહ કરવો. અસ્તેય અને અપરિગ્રહ એક બીજાની ઘણી નજીક છે. આમાં બન્ને અંગોનો પ્રભાવ હોય છે. ફક્ત સંગ્રહ જ નહીં પણ કામ કર્યા વગર મહેરબાની ભાવથી કોઇની પાસેથી કાંઇ પણ લેવું એ પણ તેમાં આવે છે. આમાં આત્માની દરિદ્રતા પ્રતીત થાય છે. અવાસ્તવિક સંગ્રહની વૃત્તિમાં પોતાના યોગક્ષેમના વિષયમાં ઇશ્વર ઉપર શ્રદ્ધાનો અભાવ, સ્વાર્થીપણું, બીજાને થવાવાળા અભાવથી તેને થતી પીડા તથા અદેખાઇ કરવાનું પાપ વગેરેથી લાંછન લાગી શકે છે.

અપરિગ્રહ યમનું યોગ્ય રીતે પાલન કરવાથી યોગી પોતાનાં જીવનમાં સાદગી લાવે છે અને જીવનમાં આનંદનો અનુભવ થાય છે.

(૬) નિયમ : બહિરંગયોગનું આ દ્વિતીય અંગ માનવામાં આવે છે. મનુષ્યના આચાર-વિચારના સંબંધમાં પતંજલિ ઋષિએ પાંચ નિયમોની આચરણની સલાહ આપી છે તે છે.

(૧) ચોખ્ખાઇ, (૨) દેહ શુદ્ધિ, (૩) સંતોષ, (૪) તપ અને (૫) સ્વાધ્યાય

**(૧) ચોખ્ખાઇ અને દેહ શુદ્ધિ :** ચોખ્ખાઇ સ્વાસ્થ્યની દૃષ્ટિથી શરીરની સ્વચ્છતા, નિર્મળતા અત્યંત આવશ્યક માનવામાં

*અંતઃકરણ એ અંદરનો એવો અવાજ છે જે ચેતવણી આપતો રહે છે કે કોઈક જોઈ રહ્યું છે.*

આવે છે. સ્નાન કરવાથી બહારથી શરીરની સ્વચ્છતા અવશ્ય થાય છે, પરંતુ અંતર્ગત (આંતરિક) શરીરની સ્વચ્છતા અને સ્વાસ્થ્ય માટે આસન અને પ્રાણાયામની આવશ્યકતા હોય છે. આ બન્નેની આદત હોય તો શરીરમાં હંમેશાં ચૈતન્યનો અનુભવ થાય છે. અશુદ્ધ વિચારોની જગ્યાએ બુદ્ધિની શુદ્ધતાનો અનુભવ થાય છે. વાસનાઓને કાબૂમાં રાખી શકો છો. પરંતુ દેહશુદ્ધિની સાથોસાથ, વાચા શુદ્ધિ અને અન્ન શુદ્ધિનું પણ એટલું જ મહત્ત્વ છે, કારણકે 'જેવું અન્ન, તેવો વિચાર હોય છે' અન્નથી જ આરોગ્ય, બળ, ચૈતન્ય અને જીવન પરિપુષ્ટ થાય છે.

**(૨) સંતોષ :** સંતોષ એ મનની અવસ્થા છે જે નિર્માણ કરવા માટે મનોગ્રહ આવશ્યક હોય છે. અસંતુષ્ટ મનમાં એકાગ્રતાનો અભાવ હોય છે. સંતોષ હોય તો કોઈ ચીજની કમીનો અનુભવ થતો નથી, એવો સંતુષ્ટ મનુષ્ય સ્વયંપૂર્ણ હોય છે. સંતોષથી જ શાંતિ મળે છે અને શાંતિથી જ મન સ્થિર રહી શકે છે.

**(૩) તપ :** તપ પણ ત્રણ પ્રકારના બતાવાય છે.

(૧) શારીરિક, (૨) વાચિક અને (૩) માનસિક

બ્રહ્મચર્ય અને અહિંસાને શારીરિક તપ માનવામાં આવે છે. ઈશ્વરની સ્તુતિ, સત્યવાચન, બીજી વ્યક્તિને ખરાબ ન લાગે એવું બોલવું, નિંદા કરવાથી દૂર રહેવું એ બધું વાચિક તપ છે અને સુખ-દુઃખમાં સમતોલ વ્યવહાર કરી શકીએ એવી વિશાળ બુદ્ધિનો વિકાસ થાય એ માનસિક તપ માનવામાં આવે છે.

તપથી યોગીનાં તન, મન અને શીલની રક્ષા થાય છે, ધીરજ વધે છે, ગેર સમજ દૂર થાય છે.

**(૪) સ્વાધ્યાય :** સ્વ= સ્વયં પોતાનું અને અધ્યાય=અભ્યાસ/ શિક્ષણ. સ્વાધ્યાયનો અર્થ છે આત્મ શિક્ષણ. સ્વાધ્યાયમાં વક્તા અને શ્રોતા સાથે બેસીને સ્વયં શિક્ષણનો અનુભવ લે છે. એમ કહી શકાય કે સ્વાધ્યાયમાં મનુષ્ય પોતાના જીવનનું પુસ્તક લખે પણ છે, સુધારે પણ છે અને વાંચે પણ છે એવી આ પ્રક્રિયા છે. પવિત્ર ગ્રંથોનું વાંચન તથા એના ઉપર મનન કરવાની ટેવ રાખવાથી મનુષ્યના આચાર-વિચાર શુદ્ધ થઈ અજ્ઞાનનો નાશ થાય છે.

ધર્માચરણમાં તે રત થાય છે.

આ પછી એક બીજું પણ આવું માનવામાં આવે છે.

ઈશ્વર પરાયણ : પોતાના બધા જ કર્મો તથા ઈચ્છાશક્તિ ઈશ્વરને અર્પણ કરવી. એને ઈશ્વર પરાયણ કહેવામાં આવે છે. ઈશ્વર ઉપર જેની અસીમ નિષ્ઠા હોય છે તે વ્યક્તિ ક્યારેય હતાશાનો અનુભવ કરતો નથી. જેનામાં ભક્તિ ન હોય તેવી શારીરિક શક્તિ પણ ઘાતક બની શકે છે. ઈશ્વર પરાયણ વ્યક્તિ આસક્તિ રહિત બની જાય છે. ઇન્દ્રિય સુખની મર્યાદાની એને જાણકારી પૂરી હોય છે, આથી તેણે મન ઉપર નિયંત્રણ મેળવેલ હોય છે.

***"સંકલન શ્રેણી (પાક્ષિક)"***
***૨૧ ઓક્ટોબર, ૨૦૧૦ના અંકના સૌજન્યથી***

વાર્તા

# કાબુલી

**● રવીન્દ્રનાથ ટાગોર ●**

*કવિવર શ્રી રવીન્દ્રનાથ ટાગોરની આ ૧૫૦મી જન્મ શતાબ્દીનું વર્ષ છે. આ પ્રસંગે શ્રી રવીન્દ્રનાથ ટાગોરની આ જાણીતી વાર્તા "કાબુલી" ભાવાંજલિરૂપે પ્રસ્તુત કરીએ છીએ. આ નાનકડી વાર્તા પરથી "કાબુલીવાલા" ફિલ્મ પણ બની હતી. જેને લોકોએ ખૂબ પસંદ કરી હતી. તેનું પ્રખ્યાત ગીત "ગંગા આઈ કહાં સે ગંગા જાયે કહાં રે..." હતું.*

*– મુખ્યતંત્રી*

મારી પાંચ વરસની પોરી મીની એક ઘડી પણ બોલ્યા વિના રહી શકતી નથી. પૃથ્વી પર જન્મ ગ્રહણ કર્યા પછી ભાષા શીખવામાં તેણે માત્ર એક જ વરસ કાઢ્યું હતું. પણ તે પછીથી તો તે જાગૃત અવસ્થામાં હોય ત્યારે એક પળ પણ મૌન રહેવામાં બગાડતી નથી. એની મા ઘણી વખત ધમકાવીને એનું મોં બંધ કરી દે છે, પરંતુ મારાથી એ બનતું નથી. મીની ચૂપ બેઠી હોય તો મને એ એવું અસ્વાભાવિક લાગે છે કે મારાથી તે લાંબું સહન થતું નથી. તેથી કરીને મારી સાથે તે ખૂબ ઉત્સાહપૂર્વક વાતો કરવા લાગે છે.

એક દિવસ સવારે મારી નવલકથાનું સત્તરમું પ્રકરણ હું શરૂ કરતો હતો, ત્યાં મીનીએ આવીને લાગલું જ શરૂ કરી દીધું : "બાપા, રામદયાળ દરવાન કાગડાને કૌઆ કહે છે. એને કશું આવડતું નથી, નહીં?"

પૃથ્વી પર ઘણી જુદી જુદી ભાષાઓ ચાલે છે એ વિશે હું તેને કંઈ જ્ઞાનદાન કરવામાં પ્રવૃત્ત થાઉં તે પહેલાં તો તેણે બીજી વાત કાઢી : "બાપા, ભોળો કહેતો'તો કે આકાશમાં હાથી રહે છે. તે સૂંઢમાંથી પાણી રેડે છે, તેથી વરસાદ પડે છે! ઓ મા! ભોળો કેવું ખોટું ખોટું બકે છે! બસ, બક્યા જ કરે છે, રાતદિવસ બક્યા જ કરે છે!"

આ વિશે મારા મતામતની જરા પણ રાહ જોયા વિના અચાનક એણે પૂછી નાખ્યું : "બાપા, મા તમારી શું સગી થાય?"

હું મનમાં મનમાં બોલ્યો : "સાળી!" મોઢે બોલ્યો, "મીની, તું ભોળાની સાથે રમ, જા! હું અત્યારે કામમાં છું."

બીજી જ પળે તે મારા લખવાના મેજની પાસે મારા પગ આગળ બેસી પોતાનાં બે ઘૂંટણ અને હાથ વડે ઝડપથી કંઈ બબડતી અગડમ બગડમ રમવા લાગી ગઈ. તે વખતે મારા સત્તરમા પ્રકરણમાં પ્રતાપસિંહ કાંચનમાલાને લઈને અંધારી રાતે કારાગૃહની ઊંચી બારીમાંથી નીચે વહેતી નદીના પાણીમાં ઝંપલાવતો હતો.

મારું ઘર રસ્તા પર હતું. ઓચિંતાની મીની અગડમ બગડમ રમવાનું છોડી બારી આગળ દોડી ગઈ અને જોરથી બૂમ પાડવા લાગી : "કાબુલી! એ...ઈ કાબુલી!"

મેલું ઢીલું લૂગડું પહેરેલું છે, માથા પર પાઘડી છે, ખભા પર ઝોળી છે, હાથમાં બેચરા દરાખની પેટીઓ છે, એવો એક ઊંચો કાબુલી ધીમાં પગલાં ભરતો રસ્તા પર થઈને જતો હતો – તેને જોઈને મારા કન્યા રત્નના મનમાં કેવો ભાવોદય થયો તે કહેવું અઘરું છે. તેણે શ્વાસભેર તેને બોલાવવાનું શરૂ કરી દીધું. મને થયું કે હમણાં જ ખભા પર ઝોળીવાળી એક આફત આવીને ખડી થઈ જશે અને મારું સત્તરમું પ્રકરણ અધૂરું રહી જશે.

પરંતુ મીનીની બૂમ સાંભળી કાબુલીએ હસીને જ્યાં મોં ફેરવ્યું અને અમારા ઘર તરફ આવવા માંડ્યું, ત્યાં તો મીની અદ્ધર શ્વાસે ઘરની અંદર દોડી ગઈ અને ક્યાં સંતાઈ ગઈ તેની ખબરે ન પડી. એના મનમાં એવી કોઈક આંધળી માન્યતા હતી કે કાબુલીવાળાની એ ઝોળીની અંદર મીનીના જેવી બેચાર છોકરીઓ પૂરેલી છે.

આ તરફ કાબુલી આવી, હસીને મને સલામ કરી ઊભો – મને થયું કે પ્રતાપસિંહ અને કાંચનમાલાની હાલત બહુ દયાજનક છે. તો પણ આને ઘરમાં બોલાવી આણ્યા પછી એની પાસેથી કંઈ નહીં ખરીદીએ એ સારું નહીં!

કંઈક ખરીદ્યું. પછી આડી અવળી વાતો નીકળી પડી. આબદર રહમાન, રશિયા, અંગ્રેજો વગેરેથી તે સરકારની સરહદ નીતિ વિશે વાતો ચાલવા માંડી.

છેવટે ઊઠતાં ઊઠતાં તેણે પૂછ્યું : "બાબુ, આપની લડકી ક્યાં ગઈ?"

મીનીની ખોટી બીક દૂર કરવાના હેતુથી મેં તેને અંતઃપુરમાંથી બોલાવી આણી – તે મને વળગીને કાબુલીના મોં અને એની ઝોળીની તરફ સંદેહભરી નજરે જોતી રહી – કાબુલીએ ઝોળીમાંથી દરાખ, અખરોટ કાઢીને એને આપવા માંડ્યા. પણ તેણે તે ન લીધાં તે ન લીધાં. ઊલટું, બમણા વહેમથી તે મારા ઘૂંટણને વળગી રહી. પ્રથમ પરિચય આ રીતે પૂરો થયો.

★

થોડા દિવસ પછી, એક દિવસ સવારે હું કામપ્રસંગે ઘરમાંથી બહાર નીકળતાં જોઉં છું તો મારા દીકરીબા બારણા આગળ બેન્ચ ઉપર બેસીને કંઈ કંઈ બોલ્યે જ જાય છે અને કાબુલી તેના પગ આગળ બેસીને હસતે મોઢે બધું સાંભળી રહ્યો છે. અને વચમાં વચમાં પ્રસંગાનુસાર પોતાનો અભિપ્રાય પણ ભાંગીતૂટી બંગાળીમાં વ્યક્ત કરે છે. મીનીને એની પાંચ વરસની જિંદગીમાં, એના બાપ સિવાય, આવો ધીરજવાન શ્રોતા કદી મળ્યો નહોતો. વળી મેં જોયું તો એનો ખોળો દરાખ બદામથી ભરેલો હતો. મેં કાબુલીને કહ્યું :

*સો કામ છોડી જમો, હજાર કામ છોડી સ્નાનકરો, લાખ કામ છોડી દાન કરો.*

"એને આ બધું શું કરવા આપ્યું? હવે ફરી આપશો નહીં!" આમ કહી મેં ગજવામાંથી એક આઠ આની (અડધો રૂપિયો) કાઢી તેને આપી. તેણે લેશ પણ સંકોચ વગર આઠ આની લઈને ઝોળીમાં નાખી.

ઘેર પાછો આવીને જોઉં છું તો એ આઠ આનીની બાબતમાં ઘરમાં સોળ આની ધમાધમ મચી ગઈ હતી.

મીનીની મા હાથમાં એક સફેદ ચકચકતો ગોળ પદાર્થ લઈ ગુસ્સામાં મીનીને પૂછી રહી હતી : 'તું આ અડધો ક્યાંથી લાવી?'

મીની કહેતી હતી : 'કાબુલીએ આપ્યો.'

તેની મા કહેતી હતી : "પણ કાબુલીની પાસેથી તેં એ લીધો કેમ?"

મીનીએ રડવા માંડી કહ્યું : "મેં માંગ્યો નથી. એણે એની મેળે આપ્યો છે."

મેં આવીને મીનીને એના પર આવી પડેલી આ આફતમાંથી બચાવી લીધી. હું એને બહાર લઈ ગયો.

મને ખબર પડી કે કાબુલીની સાથે મીનીની આ બીજી મુલાકાત નથી. પણ આ પહેલાં લગભગ દરરોજ આવીને, પીસ્તા બદામ લાંચમાં આપીને તેણે મીનીનું નાનકડું હૃદય ઘણું કબજે કરી લીધું હતું.

મેં જોયું કે આ બે દોસ્તો વચ્ચે કેટલીક વાતો અને ગમ્મતો રોજ એકની એક ચાલ્યા કરતી હતી. દાખલા તરીકે, રહમતને જોતાં જ મારી દીકરી હસતી હસતી પૂછતી : "કાબુલીવાલા, એ...ઈ કાબુલી, તારી આ ઝોળીમાં શું છે?"

રહમત ઉચ્ચારમાં એક અનાવશ્યક ચંદ્રબિંદુ ચડાવી દઈ હસતો હસતો જવાબ દેતો : "હોંથી!"

અર્થાત્ એની ઝોળીમાં હાથી છે. એ જ તેના હસવાનો સૂક્ષ્મ મર્મ હતો. અતિ સૂક્ષ્મ તો ન કહી શકાય, તોપણ આ ગમ્મતમાં બંનેને ભારે મજા પડતી અને શરદ ઋતુના પ્રભાતમાં, એક મોટી ઉંમરના માણસનું અને એક નાની વયની બાલિકાનું સરળ હાસ્ય જોઈ મને પણ સારું લાગતું.

એમની વચ્ચે બીજી પણ એક વાત પ્રચલિત હતી. રહમત મીનીને કહેતો : "કીકી, તું સાસરે કદી જતી નહીં!"

બંગાળીના ઘરની છોકરી જન્મથી જ સાસરું શબ્દથી પરિચિત હોય છે, પરંતુ અમે જરા નવા જમાનાના માણસ હોવાથી છોકરીને સાસરી સંબંધી કંઈ જ જ્ઞાન આપ્યું નહોતું. એથી રહમતનો અનુરોધ મીની સમજી શકતી નહીં, છતાં એનો કંઈ પણ જવાબ દીધા વગર ચૂપ રહેવું એ બિલકુલ એના સ્વભાવની વિરુદ્ધ હતું. એટલે તે સામો સવાલ પૂછતી : "તમે સાસરે જવાના છો?"

રહમત કાલ્પનિક સસરાની સામે પ્રચંડ મુઠ્ઠી ઉગામી કહેતો : "સસુરને હું ઠોકીશ."

સાંભળી મીની સસુર નામે કોઈ એક અજાણ્યા માણસનું આવી બન્યું કલ્પીને ખૂબ હસતી.

★

નિર્મળ શરદ ઋતુ ચાલી રહી છે. પ્રાચીન કાળમાં આ જ સમયે રાજાઓ દિગ્વિજયો કરવા નીકળતા — હું કલકત્તા છોડીને કદી પણ ક્યાંય ગયો નથી. પણ એથી તો મારું મન આખી પૃથ્વી પર ચારેકોર ફર્યા કરે છે. હું જાણે મારા ઘરના ખૂણામાં ભરાઈ રહેલો ચિરપ્રવાસી છું; બહારની દુનિયા જોવા મારું મન હંમેશાં તલપાપડ રહે છે. કોઈ પરદેશનું નામ સાંભળતાં જ મારું ચિત્ત ત્યાં દોડી જાય છે. તેવી જ રીતે કોઈ પરદેશીને જોતાં જ નદી, પર્વત અને અરણ્યની વચમાં એક ઝૂંપડીનું દૃશ્ય મારા મનમાં ઉદિત થાય છે અને એક સુખમય સ્વતંત્ર જીવનની વાત મારી કલ્પનામાં જાગી ઊઠે છે.

આ તરફ હું એવો વનસ્પતિ પ્રકૃતિનો માણસ છું કે મારો ખૂણો છોડીને કોઈ વાર બહાર જવાનું થાય તો મને માથા પર વજ્રાઘાત જેવું લાગે છે. આથી સવારે મારી નાનકડી ઓરડીમાં મેજ આગળ બેસી કાબુલીની સાથે વાતો કરીને હું મારા પ્રવાસનું ઘણું કામ પતાવું છું. બંને બાજુએ ઊંચીનીચી દુર્ગમ દગ્ધ લાલ રંગની ઊંચી પર્વતમાળાઓ છે, વચમાં સાંકડો મરુપથ છે અને લાદેલાં ઊંટોની વણજાર ચાલી જાય છે. માથા પર ભારે પાઘડીવાળા વેપારીઓ કે મુસાફરો કોઈ ઊંટની ઉપર, તો કોઈ પગપાળા, કોઈ હાથમાં ભાલો લઈને, તો કોઈ જૂના જમાનાની જામગરીથી સળગાવવાની બંદૂક લઈને રસ્તો કાપી રહ્યા છે — કાબુલી ધીરગંભીર સ્વરે ભાંગીતૂટી બંગાળીમાં સ્વદેશની વાતો કરતો, અને આ ચિત્ર મારી આંખો આગળથી પસાર થઈ જતું.

મીનીની મા ખૂબ વહેમી સ્વભાવની બાઈ હતી. રસ્તા પર જરા જેટલો અવાજ થાય તો આખી દુનિયાના દારૂડિયાઓ બસ અમારા જ ઘરમાં ઘૂસવા દોડી આવે છે એવું એને લાગે. આખી પૃથ્વી ચારે ખૂણે ચોર, ડાકુ, દારૂડિયા, સાપ, વાઘ, મેલેરિયા, ઇયળો, વંદા, કાનખજૂરા અને ગોરાઓથી જ ભરેલી છે એ એનો ભય આટલા દિવસ (બહુ વધારે દિવસે નહોતા થયા) પૃથ્વી પર વાસ કરવા છતાં હજી એના મનમાંથી દૂર થયો નહોતો.

રહમત કાબુલી સંબંધી પણ તે સાવ નિઃસંશય નહોતી. એટલે તેની તરફ ખાસ નજર રાખતા રહેવાની તે મને વારંવાર આગ્રહ કર્યા કરતી. હું તેના વહેમને હસી કાઢવાનું કરું, તો એ સામી મારા પર પ્રશ્નોની ઝડી વરસાવતી : "કદીયે શું કોઈનાં છોકરાં ચોરાયાં નથી? કાબુલમાં શું ગુલામોનો વેપાર ચાલતો નથી? આવડા મોટા કાબુલીને માટે જરી જેવડી છોકરીને ઉપાડી જવાનું કામ શું સાવ અસંભવિત છે?"

મારે કબૂલ કરવું પડ્યું કે એવું બનવું સાવ અસંભવિત તો નથી, પરંતુ માન્યામાં ન આવે એવું છે. માનવા ન માનવાની શક્તિ સૌમાં સરખી નથી હોતી. એટલે મારી સ્ત્રીના મનનો ભય ટળ્યો નહીં. પરંતુ એથી કરીને વગર વાંકે રહેમતને અમારા ઘરમાં આવવાની હું મનાઈ કરી શક્યો નહીં.

★

દર વરસે મહા મહિનાની અધવચમાં રહમત દેશમાં ચાલી જતો. આ વખતે તે પોતાનું બધું લેણું વસૂલ કરવા પાછળ ખૂબ વ્યસ્ત રહેતો. એ માટે ઘેર ઘેર ફરવું પડે, છતાં પણ તે મીનીને એક વાર તો દર્શન દઈ જતો. એ જોઈને ખરેખર એમ લાગે, જાણે એમની વચ્ચે કંઈ ષડયંત્ર ચાલી રહ્યું છે. કોઈ દિવસ સવારે તે આવી ન શકે તો સાંજે આવે.

*ધન, જોબન, ચાકરી ઉપર અવિવેક એ ચાર ભેગા થાય તો અનેક અનર્થ કરે.*

અંધારા ઓરડાના ખૂણામાં એ ખૂલતા પહોળા જામા પાયજામાવાળા અને ઝોળાઝોળીઓવાળા ઊંચા કદાવર માણસને જોઈ ખરેખર એકદમ મનમાં આશંકા પેદા થાય. પરંતુ જ્યારે મીનીને "કાબુલી, એ...ઈ કાબુલી!" કહી હસતી હસતી દોડી આવતી જોઉં અને એ બે ભિન્ન વયના મિત્રોમાં એમનો જૂનો જાણીતો વિનોદ ચાલવા માંડે ત્યારે મારું સમસ્ત અંતઃકરણ પ્રસન્ન થઈ જતું.

એક દિવસ સવારે મારી ઓરડીમાં બેસીને હું પ્રૂફ તપાસતો હતો. વિદાય લેતાં પહેલાં બેત્રણ દિવસથી ઠંડી ખૂબ સખત પડવા લાગી હતી. ગાત્રો ગળી જતાં હતાં, બારીમાંથી સવારનો તડકો મેજની નીચે મારા પગ ઉપર આવી પડતો હતો અને તેનો ગરમાવો અત્યારે ખૂબ જ મીઠો લાગતો હતો. લગભગ આઠેક વાગ્યા હશે. માથે ગળપટા વીંટાળીને વહેલા પહોરના ફરવા ગયેલા માણસો પાછા ઘેર આવી ગયા હતા, એવામાં રસ્તામાં ભારે કોલાહલ સંભળાયો.

જોયું તો અમારા રહમતને બે સિપાઈઓ બાંધીને લાવતા હતા – એમની પાછળ કુતૂહલપ્રિય છોકરાંનું ટોળું હતું. રહમતના શરીર પર ને કપડાં પર લોહીના ડાઘા હતા અને એક સિપાઈના હાથમાં લોહિયાળ છરો હતો. મેં બહાર નીકળી સિપાઈને ઊભો રાખી પૂછ્યું : "શું થયું છે?"

થોડુંક તેણે કહ્યું, થોડુંક રહમતે કહ્યું – એમ મને જાણવા મળ્યું કે અમારા કોઈ પડોશીએ પૈસા બાકી રાખી રહમતની પાસેથી રામપુરી શાલ લીધી હતી. રહમતે એના પૈસા માગ્યા, ત્યારે પેલાએ જૂઠું બોલી, પૈસા દેવાનો જ ઈનકાર કર્યો. એ બાબતમાં ઝઘડો થતાં રહમતે તેને છરો ભોંકી દીધો હતો.

રહમત એ જૂઠાબોલાને ઉદ્દેશીને અનેક અશ્રાવ્ય ગાળો સંભળાવતો હતો. એટલામાં "કાબુલી, એ...ઈ કાબુલી!" કરતી બૂમો પાડતી પાડતી મીની ઘરમાંથી બહાર દોડી આવી.

રહમતનું મોં પલકમાં હાસ્યથી ખીલી ઊઠ્યું. તેના ખભા પર અત્યારે ઝોળી નહોતી, એટલે ઝોળી સંબંધી તેમનો રોજનો વાર્તાલાપ આજે થયો નહીં. મીનીએ એકદમ તેને પૂછી નાખ્યું : "તમે સાસરે જવાના છો?"

રહમતે હસીને કહ્યું : "ત્યાં જ જાઉં છું."

પણ એ જવાબથી મીનીને હસવું આવ્યું નહીં. એ જોઈ રહમતે પોતાના હાથ દેખાડી કહ્યું : "સાલા સસુરને ઠોકત, પણ શું કરું, મારા હાથ બાંધેલા છે!"

ખૂનની કોશિશ કરવાના ગુનાસર રહમતને કેટલાક વરસની કેદની સજા થઈ.

રહમતની વાત હવે હું લગભગ ભૂલી જ ગયો હતો. અમે જ્યારે ઘરમાં બેઠાં બેઠાં હંમેશની ટેવ મુજબ કામકાજમાં દિવસો વિતાવતાં, ત્યારે એક સ્વતંત્ર મિજાજનો પહાડોમાં ફરનારો આદમી કારાગારની દીવાલોની વચમાં કેવી રીતે વર્ષો વિતાવતો હશે તે અમને કદી યાદ પણ આવતું નહીં.

અને, ચંચળ હૃદયની મીનીની રીતભાત તો ખરેખર ખૂબ જ શરમાવા જેવી હતી. તેની તેના બાપથીયે ના પાડી શકાય એમ નથી. લહેરથી પોતાના જૂના મિત્રને ભૂલી જઈ પહેલાં એણે નબી ગાડીવાળાની સાથે મૈત્રી બાંધી. પછી જેમ તેની ઉંમર વધતી ગઈ તેમ એક એક સખાને બદલે એક એક સખી આવતી ગઈ. તે એટલે સુધી કે હવે તે તેના બાપાની લખવાની ઓરડીમાં પણ ભાગ્યે જ જોવા મળે છે. મેં તો જાણે તેની સાથે બોલવાના કટ્ટા કર્યા છે.

★

કેટલાક વરસ વહી ગયાં! વળી એક શરદઋતુ આવી. મારી મીનીનું સગપણ નક્કી થઈ ગયું છે. પૂજાની રજાઓમાં તેના લગ્ન થવાનાં છે. દુર્ગા કૈલાસમાં જશે, અને તેની સાથે મારા ઘરની આનંદમયી પણ પિતૃભવનમાં અંધારું કરીને હવે પતિ ભવનમાં જશે.

પ્રભાત ખૂબ જ રમણીય લાગતું હતું. વરસાદ થઈ ગયા પછી, આ શરદ ઋતુના તડકાએ જાણે ધોવાઈને ટંકણખારમાં ગાળેલા સોનાના જેવો નિર્મળ રંગ ધારણ કર્યો હતો. એટલે સુધી કે કલકત્તાની ગલીઓનાં, ગંદાં જર્જરિત ઈંટોનાં કોટડાં જેવા સાંકડાં ઘરોની ઉપર પણ આ તડકાની આભાએ એક પ્રકારનું અદ્‌ભુત લાવણ્ય પ્રસાર્યું હતું.

રાત હજી તો પૂરી થઈ નથી, ત્યાં મારા ઘર આગળ શરણાઈ વાગવી શરૂ થઈ ગઈ હતી. તેનો અવાજ જાણે મારી છાતીના હાડપિંજરમાંથી ધબકી ધબકીને નીકળતો હતો અને ભૈરવીના કરુણ સૂરમાં, નજીક આવી રહેલી વિયોગ વ્યથાને શરદ ઋતુના તડકાની સાથે આખી પૃથ્વી પર ફેલાવી દેતો હતો. આજે મારી મીનીનાં લગ્ન હતાં.

સવારથી જ ભારે ધમાલ મચી ગઈ હતી. માણસોની આવજા શરૂ થઈ ગઈ હતી. આંગણામાં વાંસ નાંખી મંડપ બંધાઈ રહ્યો હતો. ઘરના એકે એક ઓરડામાં અને પરસાળમાં હાંડી ઝુમ્મરો લટકાવવાનો અવાજ થઈ રહ્યો હતો. બૂમાબૂમ અને દોડધામનો પાર નહોતો.

હું મારી ઓરડીમાં બેસીને હિસાબ જોતો હતો, એટલામાં રહમત આવીને સલામ કરીને ઊભો.

પહેલાં તો હું એને ઓળખી શક્યો નહિ. એની પેલી ઝોળી નહોતી, લાંબા વાળ નહોતા, એના શરીરમાં પહેલાંના જેવું તેજ નહોતું. છેવટે તેના હાસ્ય પરથી મેં તેને ઓળખ્યો.

મેં કહ્યું : 'કેમ રહમત, ક્યારે આવ્યો?'

તેણે કહ્યું : 'કાલે સાંજે જેલમાંથી છૂટ્યો!'

શબ્દો જાણે કાનમાં ખટ કરતા વાગ્યા! આ પહેલાં કદી કોઈ ખૂનીને મેં નજરે જોયો નહોતો. આને જોઈ મારું આખું હૃદય સંકોચાઈને જાણે બિંદુ જેવડું થઈ ગયું. મને થયું કે આજના આવા શુભ દિવસે આ માણસ અહીં ન હોય તો સારું.

મેં તેને કહ્યું : 'આજે અમારા ઘરમાં અવસર છે. હું બહુ કામમાં છું. તમે આજે જાઓ...'

આ સાંભળતાં જ એણે તરત ચાલવા માંડ્યું, પરંતુ બારણા આગળ જઈને એ બીતો બીતો બોલ્યો : 'કીકીને જરી મળાશે ખરું?'

તેના મનમાં એ એવું માનતો હશે કે મીની હજી એવડી ને એવડી છે. તેના મનમાં એવું હશે કે હમણાં મીની પહેલાંની પેઠે

*શોખ ગમે તે હોય તેમાં જો સાહસ અને ખંત હોય તો ચોક્કસ સફળતા મળે.*

'કાબુલીવાળા, એ...ઈ કાબુલીવાળા' કરતી દોડી આવશે અને તેમની વચ્ચે ફરી પાછો પેલો જૂનો હાસ્યાલાપ ચાલશે. એટલું જ નહીં, પણ જૂની દોસ્તી યાદ કરી તે એક બોક્સમાં અંગુર અને કાગળના પડીકામાં દરાખ બદામ પણ લેતો આવ્યો હતો — કોઈ ઓળખીતા કાબુલીવાળાની પાસેથી માગી તાગીને એ લઈ આવ્યો હશે — કારણકે એની પેલી ઝોળી તો હવે હતી નહીં.

મેં કહ્યું : 'આજે ઘરમાં ધમાલ છે. આજે કોઈને મળવાનું નહિ બને!'

તે જરા ખિન્ન બની ગયો. સ્તબ્ધભાવે ઊભો રહી એ ઘડીક મારી સામે જોઈ રહ્યો, પછી "બાબુ સલામ!" કહી એ ઘરમાંથી બહાર નીકળી ગયો.

મને હૃદયમાં કંઈક દુઃખ થયું. હું એને પાછો બોલાવવાનો વિચાર કરતો હતો, ત્યાં એ પોતે જ પાછો આવતો દેખાયો.

પાસે આવીને તેણે કહ્યું : "આ અંગૂર અને કિસમીસ બદામ કીકીના સારુ લાવ્યો હતો. એને આપવા કૃપા કરશો!"

મેં એના પૈસા આપવા માંડતા તેણે એકદમ મારો હાથ પકડી લઈ કહ્યું : "આપે ખૂબ દયા બતાવી છે. હું એ કદી નહીં ભૂલું — મને પૈસા આપવાનું ન કરશો! — બાબુ, તમારે જેવી છોકરી છે, તેવી દેશમાં મારે પણ એક છોકરી છે. એનું મોં યાદ કરી હું તમારી કીકીને આપવા જરાતરા મેવો લઈને આવું છું. હું કંઈ વેપાર કરવા આવતો નથી."

આમ કહી તેણે પોતાના ખૂલતા પહોળા અંગરખામાં હાથ નાખી, છાતી પાસે ક્યાંકથી એક મેલો ચોળાયેલો કાગળ બહાર કાઢ્યો. ખૂબ જતનપૂર્વક તેની ગડી ઉકેલી તેણે તે બે હાથે મારા મેજ ઉપર પાથર્યો.

મેં જોયું તો કાગળ ઉપર એક નાનકડા હાથની છાપ હતી. ફોટો નહોતો, તૈલચિત્ર નહોતું; હાથમાં જરા કાજળ લગાડી કાગળ ઉપર તેની છાપ લીધેલી હતી. દીકરીનું આ સ્મરણ છાતીસરસું રાખીને રહમત દર વર્ષે કલકત્તાના રસ્તાઓ પર મેવો વેચવા આવતો હતો — જાણે એ સુકોમળ નાજુક બાળ હસ્તનો સ્પર્શ તેના વિશાળ વિરહી હૃદયમાં સુધાનો સંચાર કરતો હતો!

આ જોઈ મારી આંખો છલછલ કરતી ઊભરાઈ આવી. તે વખતે, એ કોઈ કાબુલી મેવાવાળો છે અને હું કોઈ બંગાળી સંભ્રાન્ત વંશનો છું એ હું ભૂલી ગયો — તે વખતે હું સમજી શક્યો કે જેવો એ છે તેવો જ હું પણ છું; તે પિતા છે, હું પણ પિતા છું. પર્વતગૃહમાં વસેલી તેની એ નાનકડી પાર્વતીના હાથની છાપ જોઈ મને પણ મારી મીની યાદ આવી ગઈ. મેં તરત જ તેને અંતઃપુરમાંથી બોલાવી મંગાવી. સ્ત્રીઓએ ઘણો વિરોધ કર્યો પરંતુ મેં એ તરફ બિલકુલ લક્ષ આપ્યું નહીં. લાલ રેશમી સાડીમાં, કપાળમાં ચંદનની ચર્ચા સાથે, વધૂના વેશમાં, મીની શરમાતી સંકોચાતી મારી પાસે આવીને ઊભી.

એને જોઈ કાબુલી પહેલાં તો ચમકી ગયો. પહેલાંની પેઠે તેમનો વાર્તાલાપ જામી શક્યો નહીં. છેવટે હસીને તેણે કહ્યું : "કીકી, તું સાસરે ચાલી?"

મીની હવે સાસરીનો અર્થ સમજતી હતી, હવે તે પહેલાંની પેઠે જવાબ દઈ શકી નહીં — રહમતનો સવાલ સાંભળી લજ્જાથી લાલ બની તે મોં ફેરવી ઊભી રહી. કાબુલીવાળાની સાથે મીનીને જે દિવસે પહેલી ઓળખાણ થઈ હતી, એ દિવસ અત્યારે મને યાદ આવી ગયો અને મારું મન કેવુંય વ્યથિત થઈ ગયું.

મીનીના ગયા પછી એક ઊંડો નિઃશ્વાસ નાખી રહમત જમીન ઉપર બેસી પડ્યો. તેને અચાનક ભાન થયું કે તેની છોકરી પણ અત્યારે આવડી મોટી થઈ ગઈ હશે, એની સાથે પણ હવે નવી ઓળખાણ કરવી પડશે. — પહેલાં હતી તેવી હવે એ એને જોવા નહીં મળે. આ આઠ વરસમાં તેનું શું થયું હશે તે પણ કોણ જાણે છે! સવારના પહોરમાં શરદ ઋતુના સૂરજનાં સ્નિગ્ધ કિરણો વચ્ચે શરણાઈ વાગવા માંડી હતી. રહમત કલકત્તાની એક ગલીમાં બેઠો બેઠો અફઘાનિસ્તાનના કોઈ બોડિયા પહાડનું દશ્ય જોઈ રહ્યો.

મેં એક નોટ કાઢી તેના હાથમાં મૂકી કહ્યું : "રહમત, તું દેશમાં તારી દીકરીની પાસે પહોંચી જા! તમે બાપ-બેટી સુખે મળો એથી મારી મીનીનું કલ્યાણ થશે!"

આ રૂપિયા આપવાને લીધે, મારે લગ્નની ધામધૂમમાંથી એક-બે બાબત કાઢી નાખવી પડી. મનમાં ધાર્યા પ્રમાણે વીજળીનો ભપકો કરી શકાયો નહીં, કિલ્લાનું બેન્ડ પણ લવાયું નહીં. અંતઃપુરમાં સ્ત્રીઓ બહુ બબડવા લાગી, પરંતુ કોઈ અનેરા પ્રકાશમાં મારો શુભ ઉત્સવ ઝળહળી ઊઠ્યો.

***"ટાગોરની વાર્તાઓ" પુસ્તકમાંથી સાભાર***

***પ્રેષક : મગનલાલ સંઘવી - અમદાવાદ***

વાર્તા

# મનની આંખ

• પ્રા. પૃથ્વી શાહ •

સવારનો સૂરજ ઊગ્યો. ગઈકાલની જેમ જ પક્ષીઓનું મધુરું સંગીત ગુંજવા લાગ્યું. મંદિરમાં આરતીનો ઘંટારવ થયો. દૂધવાળાએ ઘરની ડોરબેલ વગાડી. છાપાવાળાએ છાપું નાખ્યું. અને એમ, આજે પણ બપોરની શરૂઆત થઈ. સામાજિક પ્રસંગોની ઉજવણી થઈ. લોકો અહીંથી તહીં ઘૂમવા લાગ્યા. સૂરજ ઢળવા લાગ્યો. તેનું સૌંદર્ય માણવા કેટલાય લોકો નદીના પુલ પર અને બગીચામાં જવા લાગ્યા.

પણ આજ સવારથી સાંજની પ્રત્યેક ક્ષણ નીના માટે કંઈક અલગ હતી. સવારે પક્ષીઓના સંગીતે તેને વધુ એક ડૂસકું લેવડાવ્યું. દરવાજો ખુલ્લો જ હતો છતાં તે તપેલું લઈ દૂધ લેવા ઊભી ન થઈ. છાપાને શેરીનું કૂતરું નહોર ઘસીને ફાડતું હતું છતાં તે ખુલ્લી આંખે બેધ્યાન હતી. આજની પરોઢ તેના માટે પરોઢ ન હતી, પણ કાળમિંઢ અંધકારભરી મધરાત હતી. પતિ બાજુમાં જ હતો છતાં તેની ખુલ્લી આંખો પેલી તસવીરથી ભરાયેલી છતાં ભાવશૂન્ય હતી. દિલમાં દર્દ ઘૂંટાતું હતું, તેના સ્પષ્ટ ચિહ્નો એના ચહેરા પર ચિતરાયાં હતા.

પુત્રી ભાવિનીએ આગલા દિવસે જ ચીરવિદાય લીધી હતી. એ વિદાય માત્ર ભાવિનીની ન હતી. તે કોઈની પુત્રી, ભત્રીજી, સહેલી, લાડલી એમ ઘણા સંબંધોથી જોડાયેલી હતી. ખાસ તો તેની હાજરીથી નીના એક મા હતી. આજ નીના માતા મટી ગઈ હતી, માત્ર પત્ની રહી ગઈ હતી.

નીનાના નયનો સમક્ષ, ભાવિની જન્મી ત્યારથી ગઈકાલ સુધીના અલગ અલગ બનાવોની તસવીરો ઝડપભેર પસાર થવા લાગી. એ તસવીરો જળની લહેરો સમાન હતી, જે જાણે મુઢ દીવાલને અથડાઈ પાછી ફેંકાતી - ફંગોળાતી હતી. આજે એ તસવીર ભૂતકાળનું એક સ્મરણ માત્ર બની રહી હતી.

નીનાને કદાચ આજે સમજાયું કે ભાવિની ભોળી, સરળ હૃદયની હતી. એનું કોમળ દિલ લાગણીઓના તંતુઓથી ઘેરાયેલું હતું. માનવીઓના મનની લાગણીઓના તાણાવાણાથી હજુ તો તે સાવ અપરિચિત હતી. આજે સર્વત્ર નિર્દોષતાનો સૂકો દુકાળ છે ત્યારે એક નિર્દોષ, ભાવિના સ્વપ્નની હેલીમાં રાચતી, કલ્પનાના માંડવામાં બેઠેલી ભોળી પારેવડી સમી ભાવિનીએ નીનાની સદાયને માટે વિદાય લઈ લીધી હતી.

ભાવિની જીવનને હરપળે આનંદથી વધાવતી. પવનની લહેરખી આવતાં તે નાચી ઉઠતી. વરસાદ વરસતો ત્યારે તેની ધારા ઝીલવા ખુલ્લા આકાશ તળે દોડી જતી. રેડિયા પર ક્યાંક મધુર સુરાવલી સંભળાય ત્યારે એ ગુંજન સાથે તે સહજતાથી ગણગણતી. નવરાત્રીના તહેવારમાં સાડી પહેરી દાંડિયા રમવા જવાની પોતાની ઈચ્છાને વશ થઈ જતી. ગૌરીવ્રતના તહેવારમાં તેને જાગરણની અને પૂજાની અભિલાષા રહેતી. પક્ષીને ઊડતા જોઈ તેને પણ ગહન અવકાશમાં ઊડવાની કલ્પના થઈ આવતી.

પણ આવી પ્રત્યેક પળે માતા તરફથી તો પ્રતિકૂળ પ્રતિભાવો જ આવી મળતા. નિશાળેથી આવી માતાના ખોળામાં તે માથું મૂકે ત્યાં જ તેને કપડાં બદલી લેવાની, જમવા બેસી જવાની સૂચના મળતી. માતાને જોઈ તે માથામાં ફૂલ પરોવે ત્યારે તેને નખરાળી બનવા બદલ ઠપકો મળતો. હજુ પ્રાથમિક શાળાના ઉપલા ધોરણોમાં પગ મૂકતી ભાવિની ગરબા રમી માતા સાથે પાછી ફરતી ત્યારે મોડે સુધી ગરબા જોવા બેઠેલી માતા, સમયના ભાન વગર રખડવા બદલ તેને શિક્ષા કરતી. તેના જ દાંડિયાથી એકાદ-બે ફટકારી દેતી.

'ભાવિની, ભણવા બેસી જા...' 'શેરીના છોકરાઓ સાથે વાત કરતાં શરમાતી નથી?' 'કયા પાપે ભગવાને આ છોકરીને મારી કૂખે જન્મ આપ્યો?' એવી વિચિત્ર વાતો તો ભાવિનીએ કંઈ કેટલીય વખત સાંભળી હશે.

નીના પુત્રની માતા થવા ઝંખતી હતી. પુત્રની પ્રાપ્તિ માટે બાધા - આખડી રાખનાર નીના એ ભૂલી જતી હતી કે ભાવિની પણ એક સંતાન છે. આવું રૂડું સંતાન એ ઈશ્વરની અનોખી બક્ષિસ છે.

ગઈકાલે સવારે નીના પોતાની બહેનપણીના લગ્નમાં ગઈ હતી. એ પ્રિયંકા બાળવર્ગથી તેની સાથે જ ભણી હતી. સાત તાળી રમી હતી, લડી હતી - મનામણા કર્યા હતા. ઉત્સવ ઉજવ્યા હતા. વરસો સુધી કુંવારીકા રહ્યા બાદ આજે લગ્નના માંડવે પ્રભુતામાં પગલાં માંડવા પોતાનો સુનહરો સંસાર રચવા તે પધારતી હતી. આ આનંદના પર્વને ઉલ્લાસથી ઉજવવા નીના પણ પૂરા શણગાર સાથે સખી પ્રિયંકાની ખુશાલીમાં ભાગીદાર થવા જતી હતી.

લગ્ન સમારંભમાં સમયસર ઉપસ્થિત રહેવા નીના પોતાની ગાડિમાં પસાર થઈ રહી હતી. રસ્તામાં તેણે અચાનક ભીડ જોઈ, અકસ્માતની શક્યતા જણાતા ડ્રાઈવરે ગાડી ધીમી કરી તો જાણવા મળ્યું કે ટ્રકની નીચે કચડાઈ જવાથી કોઈ છોકરીનું કરુણ મૃત્યુ થયું છે. પોતાનો મોટા ભાગનો સમય હીંચકા પર ઝુલી વ્યતીત કરનારી નીનાએ ડ્રાઈવરને નિષ્ઠુરપણે સંભળાવ્યું :

'જુઓ ધનુભાઈ, આવી રીતે અકસ્માત જોવામાં સમય ન બગાડાય. આ તો શહેર છે. અહીં તો રોજ કેટલાય અકસ્માતો થાય અને કેટલાયના જીવન જાય. આવું તો ચાલ્યા જ કરવાનું. તમારા જેવા ડ્રાઈવર પણ લાગણીવેડા દાખવે તો થઈ રહ્યું.'

લગ્નોત્સવ માણી નીના ઘેર પાછી ફરી ત્યારે તેને ઘર પાસે સખત ભીડ જોવા મળી. ખરી માહિતી મળતાં તેને આઘાત લાગ્યો.

*વિવેક, ધૈર્ય અને સહનશીલતાથી સમસ્યાનો સાચો ઉકેલ આવે છે.*

પોતાની પુત્રી ભાવિની જ ટ્રક અકસ્માતનો ભોગ બની હતી. ભાવિની પાસે ઝડપથી પહોંચવા નીનાએ દોટ મૂકી. ભાવિનીના સફેદ ચાદરથી ઢંકાયેલા શબને જુએ ન જુએ ત્યાં તો શબ આગળ ફસડાઈ પડી. હૈયાના બોજ તળે યાતના ગુંગળાઈ ગઈ હતી. વાચા સૂકાઈ ગઈ હતી. તેની ખુલ્લી સૂકી આંખો વેદનાને વાચા આપતી હતી. તરત બોલાવી લવાયેલ ડૉક્ટરે નીનાને ઘેનનું ઇંજેક્શન આપી સ્વસ્થ રાખવા પ્રયત્ન કર્યો હતો.

....અને આજે, આજના ઉગતા સૂરજની સાખે નીના માતા રહી નથી, પણ તેના હૃદયમાં માતૃત્વ જાગી ઊઠ્યું છે. પુત્ર-પુત્રીનો ભેદ ગઈકાલ સુધી તેના ગમા-અણગમાનો આધાર હતો. પરંતુ આજે એક માતાનો પુત્રી માટેનો પ્રેમ નીનાના ઉરના ઊંડાણમાં મહોરી ઊઠ્યો છે. તે પોતાની ભાવિનીના ખ્યાલમાં જ ખોવાયેલી છે. તેને આજે ભાવિનીની આંગળીઓ પકડી નાચતા-નાચતા ગીત ગાવાનું મન થાય છે, નિશાળેથી ઘેર આવતી અને ખોળામાં માથું મૂકતી ભાવિનીને ઊંચકી ચૂમી લેવાનું મન થાય છે. તેના ગૌરીવ્રતના તહેવારની મંગલ ભવ્ય ઉજવણી કરવાની કલ્પના થઈ આવે છે. નાનકડી ઢીંગલી જેવી ભાવિનીને શણગારી, સાથે તેડી, બજારમાં - બગીચામાં જવાની રમણા થાય છે.

નીનાની ઉદાસ - હતાશ - મૂંગી આંખો આગળથી ભાવિનીની તસવીરો પસાર થયા કરે છે, પણ રે હાય! ઘરમાં ભાવિનીની તસવીર પણ નથી કે જેને વિવિધ શણગાર સજાવી મા પોતાના એકલપણાને ઓગાળી શકે, ઊંડાણમાં ધબકતા વાત્સલ્યને દિલાસાનું દાન દઈ શકે.

આજે નીના પાસે પુત્રીના પ્રેમ વિશેની કલ્પનાઓમાં રાચવા મન છે. સ્નેહવંચિત ભાવિનીને વહાલની વર્ષાથી ભીંજવી દેવા માટે હૃદય છે. ભાવિનીને નિહાળવા અને અમી છાંટવા આંખો છે, પણ વાસ્તવિક તસવીર હવે સદાય માટે અદૃશ્ય થઈ ચૂકી છે. અને સતત નિસાસા નાખતી ખુલ્લી રહી ગઈ છે નીનાની મનની આંખ.

*પ્લૉટ ૫૭૨/૧/બી, સેક્ટર-૩૦, ગાંધીનગર-૩૮૨ ૦૩૦.*
*ફોન : ૦૭૯-૨૩૨૬૧૫૭૫*

વાર્તા

# બા નો જનમ દિવસ

• શાંતિલાલ સંઘવી •

કાલે આપણા બાનો જનમ દિવસ છે.

અચાનક જ મોટા દીકરાએ ઘરનાં સૌને જણાવ્યું. જયસુખલાલ મહેતાના દોઢેક વર્ષ પહેલાં થયેલા અવસાન પછી તેમના પત્ની ઈચ્છાગૌરીના પરિવારમાં બે દીકરા, તેમની પત્નીઓ અને તેમના ચાર સંતાન મળીને નવ જણનો સંયુક્ત પરિવાર હતો.

'પણ આપણે તો કદી બાનો જનમ દિવસ ક્યારે આવે છે તેની ખબર જ નથી. મોટાભાઈને ક્યાંથી ખબર મળી?' નાનાની પત્નીએ પૂછ્યું.

'આજે સવારે જ જૂનું આલ્બમ હાથમાં આવ્યું. તેમાં બાની ઘણી જૂની તસવીર હતી. તેની પાછળ જ બાની જનમતારીખ લખેલી હતી.આવતી કાલે બાને સિત્તેર વર્ષ પૂરા થશે.' મોટાએ જવાબ આપ્યો.

'હેં બા! કાલે તમારો જનમદિવસ છે?'

'હશે કદાચ. મને તો યાદેય નથી' બા બોલ્યા.

આઠેય જણાએ નક્કી કર્યું કે બા નો જન્મદિવસ ખૂબ ઉત્સાહથી સરસ રીતે ઉજવવો. કાલે સવારથી જ ઉજવણી શરૂ થવી જોઈએ એમ નક્કી થયું.

પહેલો પ્રશ્ન એ થયો કે કાલે નાસ્તામાં કઈ નવી વાનગી બનાવવી. કેટલાંક સૂચનો થયા. પણ મોટી વહુએ કહ્યું કે બાના હાથના ડબલ પોરીવાળા તાવલી ઉપર કરેલા રોટલા અને ઉપર ઘરનું ઘી, એવી વાનગી તો એકેય નહીં. બા જેવા રોટલા તો કોઈને આવડે જ નહીં.

બાએ કહ્યું, 'ભલે બેટા, કાલે હું તમને બધાને સરસ રોટલા બનાવી આપીશ!'

બાએ તો સવારે જરા વહેલા ઊઠી તાવડી પર સરસ ગરમાગરમ રોટલા બનાવી બનાવી સૌને ભરપેટ નાસ્તો કરાવ્યો. બધા ખૂબ રાજી થયા.

પછી બધા વિચારતા થયા કે બાનો જનમદિવસ છે તો ઊજવણી તો બરાબર થવી જોઈએ ને? તો બપોરે શું બનાવીશું? સૌએ અલગ અલગ સૂચન કર્યા. બીજો દીકરો કહે કે 'બાના હાથનો બનાવેલો શીખંડ કોઈ એક જ વાર ચાખે તો તે જનમભર એનો સ્વાદ ભૂલે નહીં!'

આ સૂચન બધાને ગમ્યું. બા કહે, 'ભલે બેટા, હું શીખંડ બનાવી આપીશ.'

બાએ તો શરૂઆત કરી દીધી. બપોર સુધીમાં સરસ શીખંડ બની ગયો. બાએ તો બધાને શીખંડ - પૂરી - બટાકાવડા બનાવીને સૌને આગ્રહ કરી કરી જમાડ્યા. બધા ખૂબ રાજી થયા.

'આજે તો ખરો જન્મદિવસ મનાવ્યો!' જમ્યા બાદ પેટ જરા ભારે થતાં અને આંખમાં ઘેન ભરાતા બધા પોતપોતાના રૂમમાં સૂઈ ગયા.

બાએ ડાઈનિંગ ટેબલ પરની ચીજવસ્તુ ઠીકઠાક કરી, જે ચોકડીમાં મૂકવાના હતા તે વાસણો ચોકડીમાં મૂક્યા. ફ્રિજમાં મૂકવાની ચીજો ફ્રિજમાં મૂકી. રસોડું સાફસૂફ કરી, ઢાંકોઢુંબો કરી પછી બા જમવા બેઠા. પણ ખાસ ભૂખ ન હોવાથી થોડા ભાત ને કઢી ખાઈ તેઓ પણ પોતાના રૂમમાં જઈ જરા આડે પડખે થયા.

બપોરે ત્રણ-સાડા ત્રણ વાગે બધા ઊઠ્યા. બધાએ વિચાર્યું કે 'આજ તો બાનો જનમ દિવસ છે. તો કાંઈક મજેદાર પ્રવૃત્તિ કરીએ.' આમ વિચારી સૌએ અંતકડી રમવાનું નક્કી કર્યું. બધાને ખબર હતી કે બાને ફિલ્મી ગીતો ન આવડે, એને એ ન ફાવે. પણ બાને સ્તવનો, ભજનો, લગ્નગીતો તો આવડતા હતા. પરંતુ કોઈએ બાને કહ્યું નહીં કે 'બા, ચાલો અમારી સાથે અંતકડી રમો ને રમો. તમને જે આવડે તે ગાવાનું. જે પાર્ટી હારે તેના તરફથી તમારે ગાવાનું.'

એકાદ કલાકે અંતકડીની રમત પૂરી થઈ. પણ આજે તો બાનો જનમદિવસ છે. તો

*જગતમાં કોઈપણ વસ્તુ ગુણદોષ વિનાની નથી.*

એમને એમ બેસી થોડા રહેવાય? 'ચાલો, પત્તા રમીએ.' બાને તો તીન પત્તી કે રમી કે ટ્વેન્ટી નાઈન આવડે નહીં. કોઈએ બાને કહ્યું નહીં કે 'બા, ચાલો અમારી સાથે પત્તા રમો. તમને ઠો-ઠો કે સતીયોપીસ આવડે છે ને? આપણે એ રમત રમીશું.'

પણ બધા રમી રહ્યા હતા. બા પોતાના રૂમમાં માળા ફેરવતા હતા.

સાંજ પડી. એમ ને એમ કેમ બેસી રહેવાય? કારણકે આજે તો બાનો જનમ દિવસ છે. બધાએ નક્કી કર્યું કે ચાલો, આજે કોઈ સરસ પિક્ચર જોવાનો પ્રોગ્રામ બનાવીએ.

સૌએ વિચાર્યું કે બાને તો ફિલમમાં મજા ન આવે. એટલે કોઈએ બાને કહ્યું જ નહિ કે 'બા, અમારી સાથે ફિલમ જોવા ચાલો ને ચાલો.' જો કોઈએ ખરા મનથી કહ્યું હોત તો સૌના રાજીપા માટે બા જરૂર સિનેમામાં હાલવા તૈયાર થઈ જાત.

બધા સિનેમા જોવા ગયા. જતાં જતાં બાને કહીને ગયા કે, 'બા, અમારી સાંજની રસોઈની ચિંતા ન કરશો. અમે કંઈક ખાઈને જ આવીશું.'

સિનેમા જોઈને, બાનો જનમ દિવસ છે એટલે સારામાં સારી હોટલમાં ડીનર લઈને મોડેથી બધા ઘેર પહોંચ્યા. બા જાગતા હતા. છોકરાંઓ આવી જાય પછી સૂવા જઉં એમ વિચારી બેઠા હતા. બધા ખૂબ આનંદમાં હતા. આજે તો બાનો જનમ દિવસ મસ્ત ઊજવ્યો એથી રાજી હતા. બધા થાક્યા હતા. એટલે સૌ પોતપોતાના રૂમમાં જઈ પોઢી ગયા.

આનંદના અતિરેકમાં કોઈને બાને એ પૂછવાનું યાદ જ ન આવ્યું કે, 'બા, તમે સાંજે શું જમ્યા?'

બાનો જનમ દિવસ પૂરો થયો. બા પણ પોતાના રૂમમાં જઈને પોઢી ગયા.

પણ રાત્રે ૩-૪ વાગે અચાનક જ બાની ઊંઘ ઊડી ગઈ. પડખાં ફેરવ્યાં પણ ઊંઘ ન આવી.

બેઠા થઈને બા માળા ફેરવવા લાગ્યા. પણ કોણ જાણે કેમ બાની બંને આંખમાંથી આંસુનું એક્કેક ટીપું ગાલ પરથી સરી પડ્યું.

*આરએચ/૨, પુણ્યશ્રી એપાર્ટમેન્ટ, કાશીરામ અગ્રવાલ હોલ પાસે, ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ-૧૫.*

## એલર્જીના લક્ષણો અને નિદાન

**(અનુસંધાન : પાના નં.-૫૪ ઉપરથી ચાલુ)**

જો તે એલર્જનની એલર્જી હોય તો ચામડી લાલ બની ફૂલી જાય છે. જો ઇંજેક્શન આપ્યા પછી ૧૫ મિનિટમાં ૫ મિ.મિ. કરતાં વધારે લાલ બની ફૂલી જાય તો તે વસ્તુની એલર્જી છે, તે નક્કી કરી શકાય છે. જેમ ચામડી લાલ બનીને ફૂલવાની સાઇઝ મોટી તેમ તે વસ્તુની એલર્જીની શક્યતા વધારે છતાં પણ અમુક પ્રકારની એલર્જીમાં આ ટેસ્ટોની બહુ વધારે અગત્યતા નથી.

***એલર્જીનો હુમલો ના આવે તેની અને હુમલા દરમ્યાન કરવાની સારવાર હવે પછી જોઈશું.***

*ગુંજન બાળકોની હોસ્પિટલ, તારા સદન, મિરઝાપુર પોલિસ ચોકી સામે, મેઇન રોડ, મિરઝાપુર, અમદાવાદ-૧. ફોન : (૦૭૯) ૨૫૬૨૨૨૦૭*

હળવાશની ક્ષણોમાં

# નિરંજન ત્રિવેદીના વાઈડ બોલ...

● નિરંજન ત્રિવેદી ●

### સમાચાર

'શૂટિંગમાં દેશને મેડલ અપાવનાર લજ્જા ગોસ્વામી પાસે પોતાની ગન પણ નથી' – સમાચાર.

'આ લજ્જાસ્પદ બાબત છે.'

❀ ❀ ❀ ❀ ❀

### તફાવત

ગુજરાતમાં તમારે શરાબની બોટલ સંતાડવી પડે.

કાશ્મીરમાં તમારે દેશનો રાષ્ટ્રધ્વજ સંતાડવો પડે.

❀ ❀ ❀ ❀ ❀

### આ પણ તફાવત

આઈ.પી.એલ.માં રમનાર ક્રિકેટરોને કરોડ રૂપિયા મળેછે.

જ્યારે નક્સલવાદ સામે લડતા શહીદ થયેલા સૈનિકના કુટુંબને લાખ રૂપિયા સરકાર આપે છે.

❀ ❀ ❀ ❀ ❀

### શું?

ગોલ્ફ અંગેના એક સમાચારમાં કહેવાયું કે આગામી ટાઈગરવૂડ ગુજરાતમાંથી મળશે.

'એવો ખેલાડી કે એવો લફરાંબાજ?'

❀ ❀ ❀ ❀ ❀

મશહુર ટેનિસ સ્ટાર ફેડરરે કહ્યું, 'તમારી એક સફળતા પાછળ હજાર નિષ્ફળતામાંથી મળેલું શિક્ષણ કારણભૂત છે.'

❀ ❀ ❀ ❀ ❀

### વાંચે ગુજરાત

છગન કહે છે, 'અમારા વિસ્તારમાં સાત આઠ બુટ-ચંપલની દુકાનો છે, પણ પુસ્તકની એક પણ નથી.'

લાગે છે કે લોકો પગની ચિંતા કરે છે, માથાની નહિ.

❀ ❀ ❀ ❀ ❀

### કહેવત

કહેવત છે કે 'ઘરડા ગાડાં વાળે.'

પણ કેટલાક કિસ્સા જાણવા મળ્યા છે કે વૃદ્ધજનો લગ્ન કરવા તરફ વળ્યા છે. એટલે કહી શકાય 'ઘરડા ઘોડે ચડે.'

❀ ❀ ❀ ❀ ❀

### સ્કીમ

જોડિયા બાળક (ટ્વીન્સ) એ ભગવાનની એક સાથે એકની સ્કીમનો ભાગ છે.

❀ ❀ ❀ ❀ ❀

### ફેર ખરો

'તમે બેંકમાં કામ કરો છો?' એક કર્મચારીને પૂછવામાં આવ્યું.

'ના, હું બેંકમાં જઉં છું.'

❀ ❀ ❀ ❀ ❀

### હોદ્દો

વિશ્વ હિંદુ પરિષદના ડ્રાઈવરને શું કહેવાય?

'કાર સેવક.'

*૫૦, લેઈક વ્યૂ સોસાયટી, ૧૩૨' રોડ, ગોવિંદવાડી પાસે, ઈસનપુર, અમદાવાદ-૩૮૨ ૪૪૩.*

*કપરા કે વિપરીત સંજોગોમાં તમારી ધીરજની કસોટી થાય છે.*

# લખે ગુજરાત....

• ચિત્રસેન શાહ •

ગુજરાતના આદરણીય મુખ્યપ્રધાનશ્રીના 'વાંચે ગુજરાત' અભિયાનને જબ્બર પ્રતિસાદ અને સફળતા મળી રહ્યા છે ત્યારે 'વાંચે ગુજરાત' પછીનું સોપાન હશે – 'લખે ગુજરાત...' 'હસે ગુજરાત...'

આ બંને અભિયાનની સફળતાના પગલે વર્ષો પછી ગુજરાતમાં ઘેર ઘેર કલાપી, રમણલાલ વસંતલાલ દેસાઈ, જ્યોતિન્દ્ર દવે, હરકિશન મહેતા અને ધૂમકેતુ જેવા સ્ટાર્સ પેદા થશે! એ લોકો આસમાનમાં નહીં હોય પણ આપણી વચ્ચે જમીન પર હશે! જાણે તારે જમીં પર!

'ઘેર ઘેર માટીનાં ચૂલા' નહીં પણ 'ઘેર ઘેર મેઘાણી હશે!'

'સાત રંગનું સરનામું!' અને 'છ અક્ષરનું નામ!' એવા શબ્દસ્થ કવિશ્રી સ્વ. રમેશ પારેખે તેમના એક લેખમાં કાંઈક આ મતલબનું લખેલ છે કે – 'મારી સાત પેઢીમાં કોઈ સાહિત્યકાર જન્મ્યાનો ઈતિહાસ નથી! ઘરમાં પણ સાહિત્યનું કોઈ વાતાવરણ નહીં! ગામમાં તો શું આજુબાજુના ગામોમાં પણ નહીં! મને હસવું આવે છે કે તો પછી હું વેપારી બનવાને બદલે કવિ કેવી રીતે થઈ ગયો?!'

કોઈપણ વ્યક્તિને પ્રથમવાર લખતી વખતે આવા તો હજાર વિચાર આવે! જેટલીવાર લખે તેનાથી વધારે વાર ભૂંસવાનું થાય! પરંતુ કંટાળ્યા વગર લખવાનું ચાલુ રાખે તો એક દિવસ ચોક્કસ સફળતા મળે. અને ત્યારે ગુજરાતી સાહિત્ય જગતને એક નવી પ્રતિભા મળે. ગુજરાતની અસ્મિતામાં ઉમેરો થાય.

પ્રયત્નો કરવાથી મૂર્ખ લોકો પણ મહાપંડિતમાં ફેરવાઈ ગયાના દાખલા ઈતિહાસમાં પણ નોંધાયેલા છે.

પોતે જે ડાળ પર બેઠો હોય તેને જ કાપતો હોય તે માણસને તમે શું કહેશો? મૂર્ખજ ને! મહાકવિ બનતા પહેલાં ઉજ્જૈનનો કાલીદાસ એવો હતો!

*ગુજરાતના સ્વર્ણિમ જયંતીના વર્ષમાં એક સિનેમાગૃહમાં વીતેલા જમાનામાં સ્વર્ણિમ જયંતી ઉજવેલ હોય તેવા જૂના ક્લાસિકલ અને મનોરંજક હિંદી પિક્ચરો જેવાં કે –*

*આંધી, ઝનક ઝનક પાયલ બાજે, બાવર્ચી, આનંદ, ખૂબસુરત, ચિત્તચોર, રજનીગંધા વગેરે દર્શાવાઈ રહ્યા હતા. પિક્ચરનો શોખીન અમારો 'રામો' આ પિક્ચરો જોઈ આવ્યો! અમે તેને પૂછ્યું, 'કેમ કેવા લાગ્યા?!'*

*તેનો જવાબ હતો, 'બધા જ પિક્ચરો બકવાસ હતા!'*

*ઋષિકેશ મુખરજી, બાસુ ચેટરજી, ગુલઝાર, વ્હી. શાંતારામ જેવા વર્લ્ડ ક્લાસ નિર્માતા - દિગ્દર્શકોના પિક્ચર તેને બકવાસ લાગ્યા હતા!*

*એકવાર ઉપરોક્ત દિગ્દર્શકોમાંથી કોઈના કાને આવા 'રામા' જેવાનો અભિપ્રાય સંભળાયો ત્યારે તે દિગ્દર્શકે ગ્રેઈસફુલ્લી ફક્ત એટલું જ કહેલું કે – 'અમારા પિક્ચરો પીટ ક્લાસના પ્રેક્ષકો માટે હોતા જ નથી!'*

*ફક્ત સિનેમા માટે જ નહીં, પરંતુ સાહિત્ય સહિતના બીજા અનેક ક્ષેત્રોને પણ આ વાત એટલી જ લાગુ પડે છે!*

પરંતુ પ્રયત્નો પછી કાલીદાસ મહાકવિ કાલીદાસ બની ગયો! અને તેનું મહાકાવ્ય 'મેઘદૂત' જગવિખ્યાત બની ગયું!

આવા કાલીદાસની ઐતિહાસિક નગરી અવંતિકા એટલે કે ઉજ્જૈનની તેમજ મધ્ય પ્રદેશના બીજા ઐતિહાસિક સ્થળોની મુલાકાત તાજેતરમાં આ લખનારે એક ટૂરિસ્ટ તરીકે લીધી હતી. ચાલો, આજે એ ઐતિહાસિક સ્થળોની મુલાકાત આપને પણ અહીં શાબ્દિક રીતે કરાવવાની રજા લઉં!

પ્રથમ તો ઉજ્જૈન સ્થિત સાંદીપનિ આશ્રમ જઈએ. જ્યાં સુદામા અને ભગવાન શ્રીકૃષ્ણે મહર્ષિ સાંદીપનિ પાસે શિક્ષણ લીધું હતું! શ્રીકૃષ્ણ અને સુદામા માથે લાકડાંની ભારી લઈને આવતા હોય તેવા ચિત્રે અમને રોમાંચિત કરી દીધા!

અમારા ગાઈડના કહેવા અનુસાર એકવાર ભોલેનાથ - શિવજી અને શ્રીકૃષ્ણનું મિલન આ જગ્યાએ થયું ત્યારે એ પવિત્ર મિલનને શિવજીના નંદીએ ઊભા રહીને સન્માન આપ્યું હતું! વિશ્વમાં કોઈ પણ જગ્યાએ નંદી બેઠેલા સ્થિતિમાં જ હોય એ ફક્ત અહીં જ ઊભેલી સ્થિતિમાં છે!

સાચી હકીકત તો શિવજી જાણે ને નંદી જાણે! પરંતુ 'ગાઈડો' આવી રસપ્રદ વાતો જોડી કાઢતા હોય છે! દાખલા તરીકે બીજી એક ઐતિહાસિક જગ્યા માન્ડુ (માંડવગઢ) ગયેલા ત્યાં રાણી રૂપમતીના મહેલની એક જગ્યાએ મારા પત્ની થાક ખાવા (ખરેખર તો થાક ઉતારવા એમ લખાય! પરંતુ એ વખતે અમને કકળીને ભૂખ લાગી હતી. એટલે આમ લખાઈ ગયું છે.) બેઠેલ ત્યારે ત્યાંના ગાઈડે મારા પત્નીને ઉદ્દેશીને કહેલું કે, – 'સાહેબ, જુઓ આ મેડમ બેઠા છે ને ત્યાં જ રાણી રૂપમતી બેસતા!'

આ સાંભળીને કોઈને પણ સ્વાભાવિકપણે જ રોમાંચ થાય! અને આપણે મનમાં જ ગાઈડને તેના ચાર્જ ઉપરાંત બક્ષિસ આપવાનું નક્કી કરી નાંખીએ!

ઉજ્જૈનમાં બીજી એક જગ્યા છે – કાલ ભૈરવ. જ્યાં કાલ ભૈરવની મૂર્તિને 'મદિરા પાન' કરાવાય છે! આ અમે નજરોનજર જોયું

*જો આપણે સાચા માર્ગે હોઈએ તો દુનિયાની કોઈપણ તાકાત આપણું કશું બગાડી શકતી નથી.*

છે! ઘણા સમય પહેલાં આખા ભારતમાં ઘણી જગ્યાએ ગણેશજીની મૂર્તિ દૂધ પીતી હતી તે ઘણાએ જોયું હતું તેવી જ રીતે!

અમારા મિત્રને કાલ ભૈરવની ઈર્ષ્યા આવી!

ગાઈડના કહેવા પ્રમાણે એ મદિરા ક્યાં જાય છે તે હજુ સુધી શોધી શકાયું નથી!

ત્યારબાદ અમે ઉજ્જૈનના મહાકાલેશ્વર જ્યોતિર્લિંગના દર્શન કરવા ગયા. આ જ્યોતિર્લિંગ ભારતના બાર જ્યોતિર્લિંગોમાંનું એક છે. દરરોજ વહેલી સવારે પાંચ વાગે જે આરતી થાય છે તેને ભસ્મ આરતી કહે છે. કારણકે ક્ષીપ્રા નદીના ઘાટ પર આગલી રાત્રિના બાર વાગ્યા પહેલાં જે છેલ્લા શબને અગ્નિદાહ દેવાયો હોય છે તેની ભસ્મથી જ્યોતિર્લિંગનો શૃંગાર થાય છે!

ઉજ્જૈનની સાથે સાથે રાજા વિક્રમાદિત્યનું નામ પણ જોડાયેલું છે. ત્યાંના રાજા ગંધર્વસેન (ચિત્રસેનને આ 'સેન' સાથે કોઈ લેવાદેવા નથી!) ના બે પુત્રોમાંથી એકનું નામ ભર્તૃહરિ (ભરથરી) અને બીજાનું નામ વિક્રમાદિત્ય.

વિક્રમાદિત્ય બહુ પરાક્રમી અને ન્યાયપ્રિય હતો. તેણે ઈસવીસન પૂર્વે ૫૭ વર્ષ પહેલાં 'શક' જાતિના લોકો પાસેથી ઉજ્જૈન ફરીથી જીતી લીધું હતું. તે વિજયની યાદગીરીમાં જે સંવત શરૂ થઈ તેને વિક્રમ સંવત કહે છે. (આજે ઇસુ સંવત ૨૦૧૦ છે જ્યારે વિક્રમ સંવત ૨૦૬૭ છે.)

રાજા ભરથરી અને રાણી પિંગલા વચ્ચે અણબનાવ થવાથી (પતિ-પત્નીના ઝઘડા આજના નથી! ઈસવીસન પૂર્વેથી ચાલ્યા આવે છે!) રાજા ભરથરી સંન્યાસી બનીને ગુફામાં ચાલ્યો ગયો! અમારા મિત્રે કહ્યું, 'ચાલો આપણે પણ એ ગુફા જોઈ લઈએ - ક્યારેક કામ લાગશે! પત્ની સાથે ઝઘડા થશે ત્યારે અશાંતિના માહોલમાં આ બંદા તો સીધા જ ગાંધીનગર - ઇંદોર 'શાંતિ એક્સપ્રેસ' પકડી ઉજ્જૈન ઉતરીને આ ગુફામાં પ્રવેશ કરશે!' આ રીતે અમે ભર્તૃહરિ ગુફા પણ જોઈ!

રાજા વિક્રમાદિત્યનું બત્રીસ પૂતળીઓવાળું સિંહાસન તો જોવા મળી શકે તેમ નથી પરંતુ તે જે ટેકરી નીચે દટાયેલું હોવાનું મનાય છે, તે સ્થળ શ્રી મહાકાલ મંદિરની નજીક રૂદ્રસાગરની વચ્ચોવચ છે! કહે છે કે જે કોઈ પણ એ ટેકરી પર જાય છે તેનું વર્તન રાજા વિક્રમાદિત્ય જેવું થઈ જાય છે! એક વાર એક અશિક્ષિત ગાયો ચરાવનાર ગોવાળ તે જગ્યાએ સૂઈ ગયો અને થોડીવાર પછી ઊઠ્યો ત્યારે તેનું વર્તન અલગ જ — રાજા વિક્રમાદિત્ય જેવું થઈ ગયું હતું! એ તબક્કે અમને વિચાર આવ્યો કે ભારતના વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ જો એ સિંહાસનવાળી જગ્યાએ જાય અને ત્યાં બેસવાનો પ્રયત્ન કરે તો સિંહાસન બત્રીસીવાળી બત્રીસ પૂતળીઓ ઉપરાંતની એક વધારાની પુતળી (તેંત્રીસમી! - પછી તે વાર્તાઓને સિંહાસન તેંત્રીસી કહેવું પડે!)

બોલી ઊઠે —

'કલિયુગના ભારતવર્ષના હે રાજા! આ સિંહાસન પર બેસવાનો તેને જ અધિકાર છે કે જે —

- તાત્કાલિક મોંઘવારી દૂર કરે!
- ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન મિ. રાજાને દાખલારૂપ સજા કરે!
- ભયંકર આતંકવાદી અફઝલ ગુરુ કે જેને સુપ્રીમ કોર્ટે ફાંસીની સજા કરી છે તેમજ મુંબઈ હુમલામાં પકડાયેલા આતંકવાદી કસાબને તત્કાલ ફાંસીને માંચડે લટકાવે!

આમ બોલી, તેંત્રીસમી પૂતળી અલોપ થઈ ગઈ અને મનમોહનસિંહે (આ આપણું કામ નહીં એમ સ્વગત બબડી!) ચૂપચાપ ન્યુદિલ્હીની વાટ પકડી!

*પ્લોટ નં.-૩૧૪/એ, સેક્ટર-૨૦,*
*રાજશ્રી સિનેમા પાસે,*
*ગાંધીનગર-૩૮૨ ૦૨૦.*
*ફોન : (૦૭૯) ૨૩૨૬૦૫૮૨*

## ચોક્ખું મધ – લગભગ અશક્ય

દિલ્હીની 'સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટ' નામની સંસ્થાએ બજારમાં વેચાતા મધના ૧૨ સેમ્પલ લીધા. તેમાં માત્ર એકને બાદ કરતાં બાકીના ૧૧ સેમ્પલમાં ઝેરી રસાયણોના અવશેષ નીકળ્યા.

એક સેમ્પલ જે સાવ નાની કંપની — મે. હિતકારી ફાર્મસીનું હતું. બાકીના ૧૧ સેમ્પલોમાં બે વિદેશી કંપની (ઓસ્ટ્રેલિયાની એપીલામો) અને (સ્વિટ્ઝરલેન્ડની નેક્ટાફ્લોર)નાં હતા, બાકીની ૯ કંપનીઓ ભારતની હતી. જેમાં ડાબર, હિમાલયા ડ્રગ કું., બાબા રામદેવની પતંજલિ, વૈદ્યનાથ આયુર્વેદ ભવન, બિહારની ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા, દિલ્હીની ખાદી સંસ્થા તથા ઉદ્યોગભારતી વગેરે હતા. આ બધામાં ૬ પ્રકારના ઝેરી રસાયણો મળ્યા. જેમ ગાય પાસેથી વધુ દૂધ મેળવવા તેને રાસાયણિક હોરમોન વગેરે અપાય છે તેમજ મધમાખીઓ પાસેથી મધમાખી ઉછેર કેન્દ્રોમાં વધુ મધ મેળવવા રસાયણોનો ઉપયોગ થાય છે.

આયુર્વેદની દૃષ્ટિએ ચોક્ખા મધમાં કેટલાક ગુણો જરૂર છે, પણ ચોક્ખું મધ મળવું લગભગ અશક્ય છે.

***'ભૂમિપુત્ર' તા. ૧૬-૧૦-૧૦ના અંકમાંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

## ટેન્શનમાં પણ શાંત રહી શકે તેવી માનસિકતા

દાંડીયાત્રાની આગલી રાત. સૌ જાગે. હજારો લોકો જાગે. ગાંધી ટેસથી ઊંઘે! સવારે ચાર વાગે જાગી પ્રાર્થના કરી પૂછ્યું, 'આપણે કેટલા વાગે નીકળવાનું છે?'

'છ વાગે નીકળીશું.'

'તો હજી ૨૯ મિનિટ બાકી છે ને?'

ગાંધી ઊંઘી ગયા. બરાબર ૨૯ મિનિટે જાગી ગયા.

***'કુમાર' ઓક્ટોબર-૨૦૧૦માંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજી બાજુ મેં જુકો જોઈતારામ કાકા રેંતા તેંજો પોતરો મોં તે કપડો બંધેને ફરેતો. સે કુરો વડોથેને ડૉક્ટર ભનધો તેંજી પ્રેક્ટિસ કરેતો? જરા તપાસ ત કર...

બચુડો : પ્રેક્ટિસ નતો કરે પણ પરીક્ષામેં નાપાસ થ્યો આય.

અધા : નાપાસ થ્યો આય ઈં તા સમજ્યા પણ તેંમેં મોં તે કપડો - રૂમાલ બંધેને સજો ડીં કુલા ફરેતો?

બચુડો : અનજા અધા અનકે ચ્યાં વા ક પરીક્ષામેં નાપાસ થીયેં ત તોજો મોં મુંકે ન વતાઈજ... તેંલા કે સજો ડીં મોં તે કપડો બંધેને ફરેતો...

## ખિલજા મ ભલા

ન્યાયાધીશ : (સ્ત્રીને) તો તમે તમારા પતિના માથા પર ખુરશી ફટકારી ખરું ને...?

સ્ત્રી : ના... પણ જજ સાહેબ મારો એવો કોઈ ઈરાદો નહોતો.

જજ સાહેબ : એટલે, તમારા પતિનું માથું ફોડવાનો ઈરાદો નહોતો?

સ્ત્રી : મારો ખુરશી તોડવાનો ઈરાદો નહોતો.

☺ ☺ ☺ ☺ ☺

ગમનલાલ : આપણે કમાતા કમાતા થાકી જઈએ છીએ છતાંય પૂરું થતું નથી. કંઈ એવું થાય કે આપણે ફક્ત કામ કરીએ અને આપણા રહેવા, ખાવા-પીવા, પહેરવા - ઓઢવાની જવાબદારી સરકાર ઉપાડે?

હિંમતલાલ : જેલમાં આ જ પ્રકારની વ્યવસ્થા છે, મારા ભાઈ...

☺ ☺ ☺ ☺ ☺

ઈન્સ્પેક્ટર : જ્યારે તમે કબાટમાંથી બહાર પડેલી વેરણછેરણ પડેલી બધી વસ્તુઓ જોઈ ત્યારે તમને ખ્યાલ ન આવ્યો કે ચોરી થઈ છે. ફરિયાદ કરવામાં આટલીવાર કેમ લાગે?

શોભનાબહેન: ઈન્સ્પેક્ટર સાહેબ, મને એમ થયું કે મારા પતિએ એમની ટાઈ અને ટાઈપીન શોધવા કબાટ ફેંદી નાખ્યું છે.

☺ ☺ ☺ ☺ ☺

રાહદારી : (ભિખારીને) તું સ્ત્રીઓની જેમ આટલા લાંબા વાળ કેમ રાખે છે?

ભિખારી : આ લાંબા વાળાના કારણે લોકો ગેરસમજમાં મને રૂપિયાને બદલે બે-પાંચ રૂપિયા આપી જાય છે.

☺ ☺ ☺ ☺ ☺

શૈલા : મારો પતિ મને દુનિયાની સહુથી સુંદર સ્ત્રી ગણાવે છે.

બકુલા : તો પછી તું એને કોઈ સારા આંખોના ડૉક્ટર પાસે કેમ નથી લઈ જતી...

☺ ☺ ☺ ☺ ☺

જગન : મેડમ, તમને કોઈ ગાંડો માણસ બચકું ભરે તો તમે શું કરશો?

જસી : તમારી હિંમત કઈ રીતે થઈ મારા પતિને ગાળ આપવાની!

☺ ☺ ☺ ☺ ☺

રીટા : મારા પતિ દરરોજ સેંકડો લોકોને જમાડે છે.

ગીતા : તારા પતિ તો માણસ નહીં દેવતા છે. પણ એ કરે છે શું?

રીટા : એક રેસ્ટોરન્ટમાં વેઈટર છે.

☺ ☺ ☺ ☺ ☺

જ્યોતિષી : બહેન, તમે તમારા પ્રેમીનું ભવિષ્ય જાણવા માંગો છો?

પ્રેમિકા : એનું ભવિષ્ય તો મારા હાથમાં છે. હું એનો ભૂતકાળ જાણવા માગું છું.

☺ ☺ ☺ ☺ ☺

સુમન : યાર, તું પણ ખરો છે. ઉનાળામાં ટિફીનમાં તું ચારચાર શાક લાવે છે અને શિયાળામાં એક જ શાક લાવે છે. આવું કેમ?

મનસુખ : ઉનાળાની ગરમીમાં બધા પડોશીઓ અમારા ફ્રીજમાં એમની શાકભાજી મૂકી જાય છે.

☺ ☺ ☺ ☺ ☺

ગીતા : તું શું લઈશ? ચા કે પછી ઠંડું?

સીતા : બંને.

ગીતા : કેમ?

સીતા : આજકાલ ડબલ સીઝન ચાલે છે. ઘડીકમાં ગરમી પડે છે તો ઘડીકમાં ઠંડી.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંત નગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*વિવેકપૂર્ણ કમાઓ અને વિચારપૂર્વક ખર્ચ કરો.*

મહિલા વિશ્વ

# રેસીપી – જૈન વાનગી માટે

• સુરભિ નીરવ વસા •

## કેક

હાલમાં ડિસેમ્બર માસમાં ક્રિસમસના તહેવારની ઉજવણી ખૂબ પ્રચલિત છે. તેને અનુરૂપ કેક (CAKE)નો વિષય પસંદ કરી કેક બનાવવાની માહિતી તથા તેની રેસીપી આપેલ છે.

કેકના અનેક અને વિવિધ પ્રકાર છે. જેમ કે સ્પોંજ કેક, પેસ્ટ્રી, ટી ટાઈમ કેક, બ્રાઉની, માવા કેક, બિસ્કિટ કેક વગેરે વગેરે.

આજે હું તમને કેક બનાવવાની પ્રાથમિક (બેઝીક) રેસીપી આપી રહી છું. જેનો બેઝ લઈ વિવિધ પ્રકારના ડેઝર્ટ અને ડિફ્રન્ટ ફ્લેવર તથા આઈસીંગવાળી પેસ્ટ્રી / કેક બનાવી શકાય છે.

- **કેક બનાવતી વખતે ધ્યાનમાં રાખવા જેવી બાબતો :**

☞ કેક માટે વપરાતી દરેક સામગ્રીના માપ માટે ખૂબ જ ચોક્કસ રહેવું જરૂરી છે. બને ત્યાં સુધી માપ માટે મેઝરમેન્ટ કપ અને ટી સ્પુન, ટેબલ સ્પૂનનો ઉપયોગ કરવો.

☞ કોઈ પણ કેક બનાવતી વખતે બટરને ફ્રિજમાંથી અડધો કલાક પહેલાં બહાર કાઢી લેવું. જેથી પ્રમાણસર તથા જલદી મિક્સ થાય.

☞ કેકના ફ્લોર (મેંદા)ને અડધો કલાક ફ્રિજમાં રાખી ઠંડું વાપરવું. જેથી ટેમ્પરેચર જળવાઈ રહે અને બીટ કરતી વખતે બટરમાંથી ઘી છૂટું પડે નહીં.

☞ કેક બનાવતી વખતે બેટર (ખીરુ)ની કન્સીસ્ટન્સી ખૂબ જ અગત્યની છે. હંમેશાં ડ્રોપિંગ કન્સીસ્ટન્સી રાખવી.

☞ ઑવનને જે ટેમ્પરેચર પર કેક બૅક કરવી હોય તે જ ટેમ્પરેચર પર જ પ્રિ-હીટ કરવું.

## વેનીલા સ્પોંજ કેક

**સામગ્રી :**

૧ કપ મેંદો (મેઝરમેન્ટ કપ), ૧/૨ કપ બટર, ૧/૨ ટી સ્પૂન બેકિંગ પાવડર, ૧/૪ ટી-સ્પૂન બેકિંગ સોડા, ૧ કપ દળેલી ખાંડ (બુરુ ખાંડ), ૧ કપ દૂધ, ૧/૨ ટી-સ્પૂન વેનીલા એસન્સ.

**રીત :**

★ સૌ પ્રથમ મેંદો, બેકિંગ પાવડર, બેકિંગ સોડાને ૩-૫ વખત ચાળીને એક બાઉલમાં તૈયાર કરવું. ચાળવાથી તેમાં એરેશન થશે અને કેક સરસ સ્પોન્જી બનશે.

★ એક બાઉલ લઈ તેમાં બટર અને બુરુ ખાંડ મિક્ષ કરી બીટરથી એકદમ સરસ સ્મુધ અને હલકું થાય ત્યાં સુધી બીટ કરવું. પરંતુ ધ્યાન રાખવાનું કે બટરમાંથી ઘી છૂટું ન પડવું જોઈએ. ત્યારબાદ વેનીલા એસેન્સ ઉમેરી મિક્ષ કરો.

★ હવે વારાફરતી મિક્ષ કરેલ ફ્લોર અને ઠંડું દૂધ બટર અને બુરુ ખાંડના મિશ્રણમાં ઉમેરતા જવું અને બીટ કરતા જવું. એકદમ સરસ બીટ થઈ જાય અને બેટરની કન્સીસ્ટન્સી આવી જાય એટલે ગ્રીઝ કરીને ડસ્ટીંગ કરેલા કેકના મોલ્ડમાં બેટર પાથરી પ્રિ-હીટેડ ઑવનમાં ૧૮૦ ડિગ્રી સેલ્સિયસ પર ૨૫-૩૦ મિનિટ માટે બૅક કરવી.

★ ત્યારબાદ ઑવનમાંથી બહાર કાઢી, ઠંડી પડે પછી કેકને અનમોલ્ડ કરવી. તૈયાર છે વેનીલા સ્પોંજ કેક.

## બ્લેક ફોરેસ્ટ કેક

**સામગ્રી :**

૧ નંગ ચોકલેટ સ્પોંજ કેક, ૧/૨ કપ સુગર સીરપ, ૧૦૦ ગ્રામ છીણેલી ડાર્ક ચોકલેટ (મોટી છીણ કરવી), ૨-૩ નંગ ચેરી.

**આઈસીંગ માટે :**

૨૫૦ ગ્રામ ક્રીમ, ૨ ટે.સ્પૂન આઈસીંગ સુગર.

**રીત :**

★ આગળ જણાવેલ વેનીલા સ્પોંજ કેકની રેસીપી મુજબ સામગ્રી લઈ તેમાં ૧।। ટે.સ્પૂન કોકો પાવડર ઉમેરી, ચોકલેટ સ્પોંજ કેકનો બેઝ તૈયાર કરવો.

★ કેક એકદમ ઠંડી પડે પછી તેને વચ્ચેથી આડી (ફ્લેટ) કટ કરવી અને કટ કરેલ કેકના બંને પડ ઉપર ચમચીથી સુગર સીરપ ફેલાવી કેકને સૉક કરવી. જેથી તે ડ્રાય ન લાગે.

**આઈસીંગ :**


★ ક્રીમમાં આઈસીંગ સુગર ઉમેરી તે બાઉલને બરફના ટુકડા પર મૂકી ક્રીમ એકદમ ઘટ્ટ અને હલકી થાય ત્યાં સુધી બીટ કરવું.

★ તૈયાર કરેલ આઈસીંગને પેલેટ નાઈફ (આઈસીંગ માટે વપરાતું ધાર વગરનું ચપ્પુ)થી એક ભાગ પર લગાવી કેકનો બીજો ભાગ મૂકી આખી કેકને ઈવનલી દરેક સાઈડથી આઈસીંગથી કવર કરવું.

★ હવે કેક પર તથા સાઈડમાં પણ છીણેલી ડાર્ક ચોકલેટ સરસ રીતે છાંટી વચ્ચે ચેરીના ફુલથી ગારનીશ કરી સર્વ કરો.

*એ/૩, નિર્માણ ફ્લેટ, પ્રજરાયજી કોલોની,*
*સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે, નવરંગપુરા, અમદાવાદ-૯.*

*કોઈપણ સારું કામ જો સો ટકા સમર્પણ અને એકાગ્રતાથી કરાય તો તેના પરિણામ પણ ફળદાયી - સુખદ હોય છે.*




### દીપોત્સવી અંકના લેખો

'મંગલ મંદિર'ના દીપોત્સવી અંકમાં આદિથી અંત સુધીના તમામ લખાણ ખૂબ ગમ્યા. બધા જ લેખ સરસ. એટલે કોઈ એક-બેના નામોલ્લેખ નથી કરતો. પણ રસના વિષયો સૌના જુદા જુદા હોય. તત્ત્વજ્ઞાનનો વિષય મને જરા વધુ ગમે. અને તેથી સ્વાભાવિક રીતે જ શ્રી મુરજીભાઈ ગડાનો લેખ બે વાર વાંચ્યું. શ્રી મુરજીભાઈએ તેમના લેખમાં માત્ર જરા ઈશારો કરીને વિસ્તાર કર્યો નથી એવી એક બાબતમાં મારે સવાલ પૂછવાનો છે.

કર્મનો સિદ્ધાંત ૮૪ લાખ જીવયોનિના તમામ જીવોને લાગુ પડે છે કે માત્ર મનુષ્ય જાતિને? મનુષ્ય જે પણ કર્મ કરે છે તે ઈચ્છાથી, મરજીથી, સંકલ્પથી, રાગદ્વેષથી પ્રેરાઈને, કર્તાપણાના ભાન સાથે, મનથી કરે છે. એટલે એને સારો કે નરસો કર્મદોષ લાગે તે સમજાય એવી વાત છે. પરંતુ એજ મનુષ્ય જો રાગદ્વેષથી મુક્ત બનીને, કર્તાપણાની સભાનતાથી મુક્ત બનીને ગીતાની ભાષામાં 'સ્થિતપ્રજ્ઞ' બનીને કોઈપણ કર્મ કરે તો તેને કશો કર્મદોષ લાગતો નથી એવી મારી સમજ છે. જુદા શબ્દોમાં આ થિયરી જૈન મતને પણ સ્વીકાર્ય છે.

મનુષ્ય સિવાયના જીવો પાસે મન નથી, મરજી નથી, ઈચ્છા નથી, સંકલ્પ નથી, કર્તાપણાનું ભાન નથી, રાગદ્વેષ નથી. તેઓ બધા જ પ્રાકૃતિક પ્રેરણા અનુસાર વર્તે છે. એમના એકપણ કર્મ-કાર્યની એમની પોતાની કશી જ જવાબદારી હોતી નથી.

એક મચ્છર અનેક લોકોને કરડે છે. કેટલાકને મેલેરિયા, કેટલાકને ચીકન ગુનિયા, કેટલાકને ડેન્ગ્યુ થાય છે. તો કેટલાક આવા રોગમાં મૃત્યુ પણ પામે છે. તો તે મચ્છરને કર્મદોષ લાગે? આજ નિયમ પૃથ્વી પરના તમામ જળચર, ખેચર તથા ભૂચર જીવો માટે લાગુ પડે છે. તેઓ પોતે કશું જ કર્મ સભાનતાથી કરતા જ નથી. નાની માછલી મોટી માછલી તથા પાણીના મોટા જીવોનો ખોરાક છે. નાની માછળીને ગળી જનાર મોટી માછલીને પાપ લાગે? આપણે ઘરની દિવાલો પર ફરતી છીપકલી (અંધીચીચી)ને જીવડાં ઝડપી લેતાં જોઈએ છીએ. જીવડાં, એ કુદરતે એને માટે સર્જેલો ખોરાક છે. આ જીવડાંને મારીને ખાઈ જવા માટે છીપકલીને પાપ લાગે?

આજ વાતના અનુસંધાનમાં પછીનો પ્રશ્ન આપોઆપ જાગે છે. એક ઉંદર સદાકાળ અનંતકાળ સુધી ઉંદર જ જન્મે છે? ઉંદરે કેવા કર્મો કરવા જોઈએ જેથી તેને બિલાડીનો અવતાર મળી શકે? બિલાડીએ કેવાં કર્મો કરવાં જોઈએ, જેથી તેને કૂતરાનો અવતાર મળી શકે? ગાય, ભેંસ, બકરી, સિંહ, વાઘ, હાથી, કબૂતર, ચકલી વગેરેએ કેવા કેવા કર્મો કરવા જોઈએ, જેથી તેમને મનુષ્ય અવતાર મળે?

રાગદ્વેષ ન હોવાના કારણે, મનની ઈચ્છાથી કોઈ કર્મ ન કરવાના કારણે, કર્તાપણાના બિલકુલ અભાવ સાથે કુદરતી પ્રેરણા મુજબ જો બધા જીવો જીવતા હોય તો તેમને કોઈપણ કર્મ માટે પાપ અથવા પુણ્ય સ્પર્શી શકે નહિ. એનો અર્થ એ થયો કે એ તમામ જીવો ક્યારેય કશું જ પાપ કરતા નથી કે પુણ્ય કરતા નથી.

એટલે આપોઆપ ત્રીજો પ્રશ્ન ઉદ્ભવે છે કે જે જીવના ખાતામાં એકપણ પાપ કે પુણ્ય જમા કે ખાતે ન હોય તે જીવને મોક્ષ મળે? પાપ અને પુણ્યથી સંપૂર્ણપણે મુક્ત થવાથી મનુષ્યને મોક્ષ મળે એમ આપણે માનીએ છીએ. તો મનુષ્ય સિવાયના જીવોને તો સ્વાભાવિકપણે મોક્ષ મળવો જોઈએ કારણકે તેના ખાતામાં નથી એકેય પાપ કે નથી એકેય પુણ્ય.

મંગલ મંદિરના સૌ વાંચકોને - શ્રી મુરજીભાઈને તો ખાસ વિનંતી કે આ વિષયમાં પ્રકાશ પાડે અને માર્ગદર્શન આપે.

*શાંતિલાલ સંઘવી*

• • • • •

### મંગલ મંદિર સમયસર ન મળવા બાબતે

મંગલ મંદિર ન મળવા અંગે તમારી સાથે વિગતે વાત થયેલ. સપ્ટેમ્બર-૨૦૧૦ના મંગલ મંદિર (મને - મારા ભાઈને - મારી દીકરીને) ઓક્ટોબરના પહેલા અઠવાડિયામાં મળેલ છે અને મંગલ મંદિર ઓક્ટોબર-૨૦૧૦ની નકલ મને ૧૫-૧૦-૧૦ના મળેલ છે.

આ માત્ર આપની જાણ માટે છે.

ટપાલ ખાતું - under staffed છે. વસતિ લાંબે લાંબે અને ઊંચે ઊંચે પ્રસરતી જાય છે. એના પ્રમાણમાં સ્ટાફ વધતો નથી. વધુમાં નવા સ્ટાફ કેઝ્યુઅલ લેબરની રીતે વરસો લગી રખાય છે. આમાં efficiency ને devotion ક્યાંથી લાવવા?

કુરિયર કંપનીઓ પ્રમાણમાં (ટપાલના પ્રમાણમાં) ઘણો ચાર્જ લે છે. એમને કોઈ લેબર કાનૂન લાગતા નથી એટલે ધાર્યું કામ કરાવે છે.

બંને પક્ષે બેકારીની બલિહારી. બાકી આનંદ.

*કીર્તિચંદ્ર શાહ - મલાડ (ઈસ્ટ), મુંબઈ.*

• • • • •

### સમાજ માટે કાર્યો કરે તેને મહાનતા કહેવાય

"આવાસ યોજના"થી કચ્છી સમાજના ભાઈઓની ત્રણ પેઢી તરશે અને કાયમ માટે કાર્યકર્તા ભાઈઓને (નામી - અનામી) જે કાર્યો છે તેના માટે તન-મન-ધનથી અને જેમણે ભોગ આપેલ છે એમને આજથી ત્રણ પેઢી સુધી અંતઃકરણથી આશીર્વાદ આપતા રહેશે.

પોતાના માટે કોઈપણ કરે પરંતુ સમાજ માટે, આપણા ભાઈઓ માટે જે કાર્ય કરે છે એને મહાનતા કહેવાય છે.

*વિનંતી*

અમદાવાદમાં રહેતા કચ્છી ભાઈઓને ખાસ વિનંતી. આપણે ઘરમાં તથા સમાજમાં કચ્છી ભાષા બોલવી જોઈએ. નહિં તો આવતી

*વ્યક્તિના પહેરવેશ પરથી તેની બુદ્ધિપ્રતિભા આંકવી અયોગ્ય છે. – વિશ્વેશ્વરૈયા*

પેઢી કચ્છનું મહત્ત્વ તથા કચ્છી ભાષાની મીઠાશથી વંચિત રહેશે. તેથી વડીલોને ખાસ વિનંતી કે ઘરમાં કચ્છી ભાષાનો ઉપયોગ કાયમ રાખે. આપણે અમદાવાદમાં રહીએ છીએ, ગુજરાતીમાં બોલવું પડે પરંતુ આપણી માતૃભાષા ભૂલાય નહીં.

*જગશી શિવજી છેડા (ગામ મોખાવાળા) - કુર્લા, મુંબઈ*

• • • • •

### દીપોત્સવી અંક

સુંદર, માહિતીસભર દીપોત્સવી અંક આપવા માટે ધન્યવાદ.

વિશેષ તો સંસ્થાના દરેક વિભાગની માહિતી, કાર્યવાહક સમિતિઓના અહેવાલો, સંસ્થાની આર્થિક બાજુ વગેરે સવિસ્તર દરેક અંકમાં આપો છો તે તથા 'આંજો કાગર'માં મળતાં પત્રોને વિના હિચકિચાટ પ્રસિદ્ધ કરો છો તે (તંત્રી મંડળનો ઉદારમતવાદી અભિગમ દર્શાવે છે) આપના વહીવટની પારદર્શિતતા માટે સૌને ધન્યવાદ.

નવેમ્બર-૧૦ના અંકમાં પાના નં.-૧૬૮ પર તપસ્વીઓની અનુમોદના વિશે શ્રી નીતિનભાઈના વિચાર જાણી આનંદ થયો. સાથે સાથે શ્રી પ્રતાપભાઈની નોંધમાં દર્શાવાયેલ પરિસ્થિતિ પણ જાણી. વાસ્તવિક્તા સ્વીકારીએ તો લેવાયેલ નિર્ણય વાજબી લાગે છે.

આમેય જૈન ધર્મમાં તપસ્વીઓ - આરાધકોને આવી સાંસારિક ઉપાધિની ખેવના - મોહ હોતા નથી. અપરિગ્રહ અને વિરક્તતાના ઉપાસકો આ બાબતમાં તદ્દન નિઃસ્પૃહ હોય એવું મારી સમજમાં છે.

આ અંકના પાના નં.-૧૬૯ પરનો શ્રી ચિત્રસેનભાઈ શાહનો પત્ર વાંચ્યો. 'મર્જર - એક્વિઝીશન' અંગે એમણે દર્શાવેલ વિચાર - સૂચન આદર્શ છે. ઉભય સંસ્થાના કાર્યવાહકોના વિચારો તથા કારભારની નીતિ-રીતિમાં એકરૂપતા હોવી જરૂરી ગણાય. એમણે એક વિચાર બીજ રોપ્યું છે. સાનુકૂળ માવજત મળે તો અંકુરિત થવાની શક્યતા ખરી...

અગાઉ લેખના અંતે લેખકના નામ સાથે સરનામું અપાતું. આ અંકમાં 'સમાજ દર્પણ' વિભાગમાં 'પિતાનું આપણા જીવનમાં કેટલું મહત્ત્વ' — શ્રી કેતનભાઈનો લેખ વાંચ્યો. લેખકના સંદર્ભમાં વિચારોની આપ-લે કરવામાં અગાઉની પ્રથા મદદરૂપ હતી. વાંચક પરબારો લેખકનો સંપર્ક કરી શકતો.

વાંધાજનક ન હોય - અનુકૂળ હોય તો શ્રી કેતનભાઈનું સરનામું આગામી અંકમાં પ્રસિદ્ધ કરશો તો આનંદ થશે.

પુનઃ આપ સૌને હાર્દિક અભિનંદન. નૂતન વર્ષમાં સંસ્થાના દરેક કાર્યવાહકોને પ્રભુ દીર્ઘ તંદુરસ્તી, સુખ સંતોષ સભર શક્તિ બક્ષે એવી પ્રાર્થના - શુભેચ્છા....

*કિશોર જે. શાહ - ભુજ, કચ્છ*

***નોંધ : શ્રી કેતન કે. શાહનું સરનામું અમારી પાસે ન હોવાથી તે પ્રસારિત કરી શકાયેલ નથી.***

*— મુખ્યતંત્રી*

• • • • •

### રુકમાવતી રિવર બેઝિન

રુકમાવતી રિવર બેઝિનના લેખ પર તમે જેટલો સરસ પ્રતિભાવ આપ્યો છે એને કારણે થોડુંક આગળ વિચારી રહ્યા છીએ. આપણે કચ્છીઓની સફળતાનું કારણ આપણું સ્વમાની અને સ્વાવલંબીપણું અને એક બીજાનો સાથ લેવાની આદત. આપણે આપણા કચ્છનાં વરસાદનાં પાણીને વ્યવસ્થિત રીતે ભેગા મળી ચોક્કસ સાચવી શકીએ અને તમે લખ્યું છે તેમ સારા જગતને એક સરસ સ્વાવલંબનનું મોડેલ બનાવી બતાવીએ એમાં કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલ ખૂબ સરસ અગ્રગણ્ય ભાગ ભજવી શકે.

ખૂબ શ્રદ્ધાથી સ્નેહ વંદન.

*કાંતિસેન શ્રોફ - ભુજ, કચ્છ*

• • • • •

### હાજી કાસમની વીજળી

હાજી કાસમ તારી વીજળી, વિશેનો ધનજીભાઈ ભાનુશાળીનો લેખ વાંચ્યો. ખૂબ જાણવા મળ્યું. તેમજ નરેશભાઈ અંતાણી લેખિત હાજી કાસમની વીજળી વિશે વાંચ્યું. જે નહોતા જાણતા તે જાણવા મળ્યું. ખૂબ જ ધન્યવાદ. હવે એક વાત વીજળી વિશેની કવિતા દુલેરાય કારાણી લિખિત એહીં રજૂ કરું છું.

આપને યોગ્ય લાગે તો પ્રગટ કરશોજી.

*દેવજી એચ. સાલિયા - મુલુંડ*

***નોંધ : 'મંગલ મંદિર'માં હાલે કાવ્ય લેવાતા ન હોવાથી કાવ્ય ન લેવા બદલ ક્ષમા.***

*— મુખ્ય તંત્રી*

• • • • •

### દીકરાના જન્મને વધાવતી કવિતાની શોધ

ભાઈશ્રી કેતન કે. શાહનો પિતાના મહત્ત્વ વિશેનો લેખ દીપોત્સવી અંકમાં વાંચ્યો. તે સાથે નીલમબહેન દોશીનો સહિયારી યાત્રાનો લેખ પણ વાંચ્યો.

આપણા કાવ્ય સાહિત્યમાં દીકરીના જન્મને વધાવતી ઘણી કવિતાઓ છે. મારી ઓળખાણવાળા કુટુંબમાં કોઈને ત્યાં દીકરીનો જન્મ થાય છે તો હું તેમને નીચેની મકરંદ દવેની કવિતા લખી મોકલું છું. કેટલાક લોકો તે વાંચીને ખૂબ ખુશ થાય છે.

*પ્રભુએ બંધાવ્યું ઘરે પારણું રે લોલ*
*પારણીએ ઝૂલે ઝીણી જ્યોત રે*
*અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ*

*નભથી પધારી મારી તારલી રે લોલ.*
*કન્યા તો તેજની કટાર રે*
*અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ*

*લેજો રે લોક સૌ ઓવારણા રે લોલ*
*પુત્રી તો આપણી પુનાઈ રે*
*અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ*

*અમૃત દેવોનું દેવલોકમાં રે લોલ*

*જેવી જેની ભાવના, તેવી તેની સિદ્ધિ.*

*લાડલી આ લાવી મારે ઘેર રે*
*અદકાં અજવાળાં એની આંખમાં રે લોલ.*

દીકરીના જન્મને આવકારતી આ તથા બીજી થોડી સરસ કવિતાઓ છે. પણ, દીકરાના જન્મને આવકારતી એક પણ કવિતા નથી એ કડવું સત્ય છે. કોઈને ત્યાં દીકરો જન્મે ત્યારે તેને કઈ કવિતા લખી મોકલવી? એ મારી જૂની મૂંઝવણ છે.

આવી કોઈ કવિતા હોય તો મને જણાવવા માટે મેં શ્રી સુરેશ દલાલ, શ્રી ચંદ્રકાંત બક્ષી, શ્રી રાજેશ વ્યાસ વગેરેને પત્રો લખ્યા પણ કોઈનો જવાબ નથી. લતા હીરાણીને લખ્યું તો તેણે પોતાના દીકરાના જન્મ વખતે પોતે રચેલી એક અછાંદસ કવિતા મોકલી. પણ હું અંગત રીતે અછાંદસને કવિતા ગણવા તૈયાર નથી. કવિતા ગેય હોવી જ જોઈએ એવી મારી માન્યતા છે.

એકમાત્ર શ્રી મહેન્દ્ર મેઘાણીએ લખી જણાવ્યું કે ''આવી કોઈ કવિતા મારા ધ્યાનમાં નથી.''

પછી 'જન્મભૂમિ પ્રવાસી'માં મેં ખુલ્લો પત્ર લખ્યો. પરંતુ કોઈ તરફથી કશો જ રિસ્પોન્સ મળેલ નથી.

'દીકરી વહાલનો દરિયો' એ તો સાવ સાચું. પણ દીકરો કશું જ નહિ? વહાલનો સરોવર પણ નહિ?

હજુ આજ સુધી સતત શોધતો રહું છું - દીકરાના જન્મની ખુશી મનાવતી અને દીકરાના જન્મને વધાવતી એક પણ કવિતા મળી નથી.

મંગલ મંદિરના વાંચકો તરફથી એકાદ કવિતા મળી શકે તો?

***શાંતિલાલ સંઘવી***

• • • • •

## કચ્છની અસ્મિતા દર્શાવતા કચ્છી કાવ્ય ગાન

કુશળ હશો. કચ્છની અસ્મિતાના દર્શન કરાવતા બે કાવ્ય-ગાન 'કચ્છી' ભાષામાં કેટલાંક વર્ષો અગાઉ સાંભળેલ.

૧. કવિ 'નિરંજન' કૃત 'મુંજી માતૃભૂમિ કે નમન.'

૨. 'કચ્છડો ભલો અસાંજો યાર, જેંજી (કે તેંજી) શોભા જો નાય પાર' કવિના નામની માહિતી નથી.

પ્રથમ ગાનની ગ્રામોફોન રેકોર્ડ વર્ષો અગાઉ - સાઠના દાયકામાં, તત્કાલીન કચ્છ જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ સ્વ. આદરણીય શ્રી હીરજીભાઈ ર. કોટક દ્વારા સ્વ. રમઝાન કવ્વાલ અને પાર્ટી પાસે ગવડાવીને બહાર પાડેલ. જે ક્યાંક ક્યાંક પ્રાપ્ય હોવાનું મારું માનવું છે.

બીજું ગાન, મુંદ્રા અથવા માંડવી તાલુકાના ગ્રામ્ય પ્રદેશના કચ્છી માડુએ રચેલ, જેના નામ-ઠામ વિશે માહિતી મારી પાસે નથી. તે ગાનમાં કચ્છ રાજયના નવ તાલુકા, મહાલોની વિશિષ્ટતા - ખાસિયત વર્ણવામાં આવેલ. મળતી માહિતી મુજબ તે આઝાદી અગાઉના સમયમાં રચાયેલ. અત્યારે તે ગાન, લખાણમાં પ્રાપ્ય જણાતું નથી.

દેશ-વિદેશમાં વસતા વડીલ કચ્છી માડુ તથા અભ્યાસી પાસે તેની અસલ શબ્દાવલિ (મૌખિક અથવા લેખિત) પ્રાપ્ય હોય તો તે મેળવીને આપના મુખપત્રમાં પ્રકાશિત કરશો તો ખરેખર સાનંદ ઉપકાર થશે. હું માનું છું કે એ દ્વારા કચ્છી વર્તમાન પેઢીને માદરે વતનની અસલિયત જાણવા મળશે. સાથે સાથે વડીલ પેઢીને અતીત સંભારીને મમળાવવાની લિજ્જત આવશે.

આશા છે, આપ મારી નમ્ર રજૂઆતને સમજી શકશો. શ્રદ્ધા છે, આપ આપના બહોળા સંપર્ક સાધનો દ્વારા આ કાવ્યગાન મેળવી આપવામાં સહયોગ કરી સફળતા અપાવશો તો ઘણો ઘણો આભાર થશે.

***કિશોર જે. શાહ***
***"આલય", સંતોષીમાતાના મંદિર સામે,***
***રોકડિયા હનુમાનની બાજુમાં, એન.સી.સી. ઓફિસ રોડ,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ફોન : (૦૨૮૩૨) ૨૨૩૯૦૬***

***અગર કોઈ અભ્યાસી પાસે અસલ શબ્દાવલિવાળા ઉપરોક્ત કાવ્યો હોય તો તે મંગલ મંદિર કાર્યાલય પર અથવા શ્રી કિશોર જે. શાહને સીધા મોકલી શકે છે.***

***– મુખ્ય તંત્રી***

• • • • •

## સમાજ-સંઘને જોડવાનું કાર્ય કરો

શ્રી સકળ જૈન સંઘ ભારત વર્ષના તમામ જૈન બાંધવોને વિનંતી કે કોઈપણ સંસ્થા - સાધુ સાધ્વી કે સંસ્થાના કાર્યકર વહીવટ કર્તા કે પદાધિકારીઓ ઉપર અંગત રોષના ભોગ બનેલ તકવાદીઓ કોઈપણ જાતનું કીચડ ઉછાળતા કે ખોટા પરિપત્રો બહાર પાડતા એસ.એમ.એસ. કે અન્ય રીતે પ્રચાર કરતાં ખૂબ જ ગંભીરતાથી વિચારશો!

સારી વાત પ્રજા સુધી પહોંચાડતા અતિ વધુ સમય - શક્તિ લાગે છે, પણ ખરાબ હવા ફેલાવતાં ટેકાની જરૂરત પડતી નથી, વાયુવેગે પ્રસરી જાય છે. સમાજ સંઘને જોડવાનું કાર્ય કરો, કાતર લઈ કાપવાનું તોડવાનું ન કરો. કારણ ઘણા પરિશ્રમ, તપશ્ચર્યા પછી જીવનની નામનાકારક સ્થિતિ ઉત્પન્ન થાય છે. બગાડવું સહેલું છે, બનાવવું મુશ્કેલ છે.

ખરાબ હવા ફેલાતા સમાજ સંઘનું જ ખરાબ થાય છે. જેને ઈશ્વર ક્યારેય માફ કરતો નથી.

***લબ્ધિ મોમાયા - સામાજિક કાર્યકર, ગાંધીધામ (કચ્છ)***

• • • • •

## પ્રતિયોગિતાના ઈનામો બાબત

ચાલુ વર્ષે આપણા સમાજ તરફથી અલગ અલગ લગભગ ૩૫ જેટલી પ્રતિયોગિતાઓ યોજાઈ અને તેમાં બહુ વ્યક્તિઓએ ઈનામને પાત્ર યોગ્ય પોતાનું પરફોર્મન્સ બતાવેલ તે સર્વેને અભિનંદન.

આ બાબત પ્રતિયોગિતાના ઈનામી વિજેતાઓને કે જેઓ પ્રથમ અને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ તેઓને સમાજ તરફથી શિલ્ડથી નવાજવામાં આવ્યા હતા. તેના સંદર્ભમાં જણાવવાનું કે આપણે આ બધી પ્રતિયોગિતાના વિજેતાઓને જો તેમને ઉપયોગી કોઈપણ વસ્તુ આપી હોત તો તે વધુ યોગ્ય લેખાત અને તેનું મહત્ત્વ પણ રહેત.

***શ્રદ્ધા એ ઈશ્વર પ્રાપ્તિનો બીજમંત્ર છે.***

જયારે શિલ્ડ અમુક સમય બાદ બિનઉપયોગી સમજી તેનો નિકાલ કરવામાં આવે છે તેવું અનુભવાયેલ છે. માટે આ બાબત કોઈ એવો નિર્ણય લેવામાં આવે કે જેથી ઉપયોગી વસ્તુનું સંભારણું કાયમી બની રહે. અને એવી વસ્તુઓ શોધવાની જો કડાકુટ લાગતી હોય તો રોકડ રકમ સૌથી શ્રેષ્ઠ ગણાય.

આશા રાખું છું કે આ બાબત યોગ્ય નિર્ણય લઈ ઉપર મુજબની વ્યવસ્થા કરવાનું વિચારશો.

***સૌ. સરલા ચંદ્રકાંત શાહ - અમદાવાદ***

• • • • •

**સભ્યોને વિના મૂલ્યે મળતું મંગલ મંદિર**

ઘણા સમયથી એવી જાણકારી અવારનવાર મળતી રહે છે કે અનેક લોકો 'મંગલ મંદિર' વાંચતા જ નથી અથવા સરનામા, ફોન નંબર ફેરફાર તથા અન્ય કાર્યક્રમોની વિગત અને બીજું થોડુંક વાંચી મોટાભાગનું લખાણ વાંચતા નથી. કેટલાક લોકોના ઘેર મેં જાત અનુભવે જોયું છે કે તેઓ રેપર ખોલવાની પણ તકલીફ ઉઠાવતા નથી.

એ પણ જાણવા મળે છે કે જે જે લોકો લવાજમ ભરીને મંગલ મંદિર મંગાવે છે તે લોકો તો અવશ્ય ઠીક ઠીક પ્રમાણમાં વાંચે છે પરંતુ જે જે લોકોને ફ્રીમાં મોકલવામાં આવે છે તેઓ વાંચવાની તસ્દી ખાસ લેતા નથી.

આ સંજોગોમાં એવું થઈ શકે કે આપણે કોઈ કહેતા કોઈને મંગલ મંદિર ફ્રીમાં મોકલવાનું બંધ કરીએ. સમાજના સભ્યોને ફ્રી મોકલવામાં આવે છે તેમની પાસેથી લવાજમના ૫૦% એટલે કે માત્ર રૂા. ૭૫/- (રીપીટ, માત્ર રૂા. ૭૫/-) લવાજમ રાખીએ. જેને પણ વાંચવાની લગની હશે તે મહિને રૂા. ૬.૨૫ ખર્ચ કરશે જ. નિયમ છે કે જે વસ્તુ ફ્રી મળે - મફત મળે તેની ઝાઝી કિંમત ન થાય. શક્ય હોય તો આ બાબત વિચારશો. આભાર.

***શાંતિલાલ સંઘવી***

## પોથીમાંનાં રીંગણા

બે વર્ષ પહેલાં એક સવારે બી.એ.ના વર્ષમાં અભ્યાસ કરતા ૫૫ વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછવામાં આવ્યો, 'રવીન્દ્રનાથ ટાગોરની તસવીર કેટલા વિદ્યાર્થીઓએ જોઈ છે?' જવાબમાં ચાર હાથ ઊંચા થયા. બીજો પ્રશ્ન પૂછાયો, 'હિમેશ રેશમિયાની તસવીર કેટલા વિદ્યાર્થીઓએ જોઈ છે?' જવાબમાં ૪૫ હાથ ઊંચા થયા.

ગુજરાતના મુખ્યસેવક નરેન્દ્ર મોદીએ 'વાંચે ગુજરાત' અંતર્ગત 'તરતું પુસ્તક'નો વિચાર વહેતો મૂક્યો છે. ખેડા જિલ્લાના માતર તાલુકાની એક શાળામાં, તંત્રના એક સક્ષમ અધિકારીની વિશેષ હાજરીમાં, 'તરતું પુસ્તક'ના વિચારને 'સાર્થક' પરિણામ આપવા શિક્ષકશ્રીએ પાણીની ભરેલ ડોલ મંગાવીને પદ્ધતિસર પાણીમાં પુસ્તકને તરતું મૂક્યું! (જ્ઞાનનું વિસર્જન કર્યું) ખેદ એ વાતનો છે કે આ શિક્ષકને 'આદર્શ શિક્ષક'નો ઍવૉર્ડ અગાઉ મળી ચૂક્યો છે!

***– ડૉ. યોગેન્દ્ર પારેખ***
***'પ્રબુદ્ધ જીવન' ઓક્ટોબર-૨૦૧૦માંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

# અન્ય સંસ્થાઓના સમાચાર

## કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલનો માસિક અહેવાલ

### સપ્ટેમ્બર-૧૦ થી નવેમ્બર-૧૦ના સમાચાર

- **શનિવાર, તા. ૪-૯-૨૦૧૦**

☆ આજરોજ કચ્છ મિત્ર ભવન - ભુજ ખાતે ઇતિહાસ આલેખન અંગેની પરામર્શ સમિતિના કેટલાક સભ્યો સાથે એક મિટિંગ યોજવામાં આવેલ હતી કે જયારે નીચેની વ્યક્તિઓ ઉપસ્થિત રહેલ હતી : (૧) શ્રી અશોક મહેતા, (૨) શ્રી પ્રતાપભાઈ દંડ, (૩) ડૉ. કાંતિ ગોર તથા (૪) શ્રી નરેશ અંતાણી. ડૉ. કાંતિ ગોરે વિવિધ વિષયે ૧૧ લેખ તૈયાર કરાવડાવી સંપાદન સમિતિ માટે સુપરત કરેલ હતા. અન્ય લેખો કે જે તેમની પાસે આવી ગયેલ છે તે ચકાસી પાછળથી મોકલી આપશે.

- **શુક્રવાર, તા. ૮-૧૦-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ઇતિહાસ આલેખનની વિગતોની ચર્ચા કરવા (૧) શ્રી અશોક મહેતા, (૨) ડૉ. કાંતિ ગોર, (૩) શ્રી હંસરાજ કંસારા, (૪) શ્રી રવિ પેથાણી તથા (૫) શ્રી મનુભાઈ શાહ મળેલ હતા. અને વિવિધ સમય ખંડમાં પ્રિન્ટિંગ, ચિત્રો મૂકવા, પાદનોંધ વગેરે વિષયે ચર્ચા કરેલ હતી. આ સમયે ડૉ. કાંતિ ગોરે બે વધુ લેખો સંપાદન સમિતિને સુપરત કરેલ હતા.

- **બુધવાર, તા. ૧૩-૧૦-૨૦૧૦**

☆ ૧૯૪૭થી ૧૯૫૬ સુધીનો ઇતિહાસ લખી આપવાની જવાબદારી શ્રી પૃથ્વી શાહે સ્વીકારેલ હોવાથી આજરોજ શ્રી હંસરાજ કંસારાને ત્યાં (૧) શ્રી હંસરાજ કંસારા, (૨) શ્રી પૃથ્વી શાહ તથા (૩) શ્રી અશોક મહેતા રૂબરૂ મળેલ હતા અને આ સમયગાળાના ઇતિહાસ આલેખન અંગે કેટલીક ચર્ચાઓ કરેલ હતી.

- **ગુરુવાર, તા. ૨૧-૧૦-૨૦૧૦**

☆ કચ્છ આર્કિટેક્ચરલ કૉલેજ અંગેના સ્કીમેટિક પ્લાન તૈયાર કરાવડાવી, આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ અને આર્કિટેક્ટ શ્રી પાર્થ શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા કે જે સમયે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તેમજ ડૉ. ચંદ્રકાંત દેઢિયા ઉપસ્થિત રહેલ હતા. લાખોંદ - ભુજ ખાતેની સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજના પ્લાનિંગ અંગે ચર્ચા કરવામાં આવેલ હતી.

- **રવિવાર, તા. ૨૪-૧૦-૨૦૧૦**

☆ આજરોજ કચ્છમિત્ર ભવન - ભુજ ખાતે ઇતિહાસ આલેખન અંગેની પરામર્શ સમિતિની આમંત્રિતો સહિતની એક મિટિંગ મળેલ હતી કે જેમાં ડૉ. કાંતિ ગોર, શ્રી અશોક મહેતા, શ્રી શશીકાંત ઠક્કર, શ્રી પ્રતાપ દંડ, શ્રી દામજીભાઈ એન્કરવાલા, શ્રી કીર્તિભાઈ ખત્રી, શ્રી હંસરાજ કંસારા, શ્રી નરેશ અંતાણી, શ્રી ઉમાશંકર અજાણી, શ્રી હરેશ ધોળકિયા, શ્રી દિનકર મહેતા, શ્રી દિલીપ વૈદ્ય તથા શ્રી મૂળજી નરશી શાહ ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં આવી ગયેલ લેખો તથા હવે પછી આવનાર લેખો અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. ટોટલ કેટલા પાના થશે, દરેક ભાગમાં કેટલા પાના લેવા, કેટલા ભાગ પ્રસારિત કરવા, અંદર ફોટોગ્રાફ્સ વગેરે મૂકવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. કચ્છ મ્યુઝિયમ વિશેનો લેખ ઉમેરવાનું નક્કી કરવામાં આવેલ હતું. એ સિવાયના વિષયોમાં કચ્છની પુરાતત્ત્વીય સાઈટો પર ઉત્ખનન કરાવવું, કચ્છમાં વિવિધ વિષયોના સંશોધન અંગે રિસર્ચ સેન્ટર સ્થાપવું, મેડમ તુષાડ પ્રકારના મ્યુઝિયમની સ્થાપના કરવી વગેરે વિષયે પણ ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૨૮-૧૦-૨૦૧૦**

☆ આજરોજ આર્કિટેક્ટ શ્રી મુકુલ શેઠ, સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજના રિવાઈઝ્ડ ડ્રોઈંગ શ્રી કચ્છી જૈન ભવન પર આપી ગયા હતા. એ સમયે પ્લાનિંગ અંગેની કેટલીક વિગતો તેઓશ્રીએ સમજાવેલ હતી. એ સમયે શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી મણિલાલ કુંવરજી ગોસર ઉપસ્થિત રહેલ હતા.

- **શુક્રવાર, તા. ૨૯-૧૦-૨૦૧૦**

☆ એવા સમાચાર જાણવા મળેલ છે કે આજરોજ કચ્છ બ્રાંચ કેનાલના કાર્યો અંગે ભુજ ખાતે કચ્છ કલેક્ટરશ્રીની ઓફિસમાં ઉચ્ચ કક્ષાના અધિકારીશ્રીઓની એક મિટિંગ મળેલ હતી કે જેમાં કચ્છના કલેક્ટરશ્રી, નર્મદા નિગમના મેનેજિંગ ડિરેક્ટર શ્રી જગદીશન્, કચ્છ ખાતેથી વરાયેલ નર્મદા નિગમના અન્ય એક ડિરેક્ટર શ્રી મુકેશભાઈ ઝવેરી, જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટર શ્રી શ્રીનિવાસન, આદિપુરની નર્મદા નિગમના અધિક્ષક ઈજનેરશ્રી એસ.ડી. મિસ્ત્રી વગેરે ઉપસ્થિત રહેલ હતા અને મુખ્યત્વે રાપર - ભચાઉ તાલુકાની જમીન સંપાદનની પ્રક્રિયા (કે જે હજુ ૧૦૦ ટકા પૂરી થયેલ નથી) અંગે ચર્ચા કરેલ હતી.

- **શનિવાર, તા. ૩૦-૧૦-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી સુરેશચંદ્ર મહેતા,

*વૃક્ષારોપણ કરતાં વધારે મહત્ત્વનું તેનું જતન, ઉછેર અને માવજતનું છે.*

તથા ફોકિઆના અધ્યક્ષ શ્રી નિમેષ ફડકે મળેલ હતા અને "ફોકિઆ" (ફેડરેશન ઑફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન) કચ્છમાં સ્થાપિત થયેલા ઉદ્યોગોની પાણીની જરૂરિયાતને પહોંચી વળવા એક ડી-સેલિનેશન પ્લાન્ટ સ્થાપે તેની શક્યતા અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.

- **મંગળવાર, તા. ૨-૧૧-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી પ્રતાપ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી કે.આર. શાહ મળેલ હતા અને ભુજ ખાતેની સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજના પ્લાન પરથી જરૂરી ફંડ એકત્રિત કરવા એક સ્કીમ વર્કઆઉટ કરવામાં આવેલ હતી અને સૂચિત પ્લાનની એકેક કોપી તથા સૂચિત સ્કીમની એકેક કોપી કે.ડી.સી.ના બધા જ સભ્યોને મોકલી આપવામાં આવેલ હતી.

- **બુધવાર, તા. ૧૭-૧૧-૨૦૧૦**

☆ આજરોજ ગુજરાત વિશ્વકોશની મુલાકાત લઈ કચ્છમાં પણ ગુજરાત વિશ્વકોશ પ્રકારનું સાહિત્ય, પુરાતત્ત્વીય વગેરે પ્રકારનું એક સંશોધન કેન્દ્ર સ્થાપવાની ચર્ચા અંગે કે.ડી.સી.ના એક પ્રતિનિધિ મંડળે ડૉ. શ્રી કુમારપાળ દેસાઈની મુલાકાત લીધેલ હતી. આ પ્રતિનિધિ મંડળમાં શ્રી અશોક મહેતા, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી હરેશ ધોળકિયા, શ્રી નરેશ અંતાણી તથા શ્રી મનુભાઈ શાહનો સમાવેશ થયેલ હતો. સૂચિત સંશોધન કેન્દ્રની સ્થાપના અંગેના ઉદ્ભવિત પ્રશ્નોની ચર્ચા અને જરૂરી જાણકારી ડૉ. શ્રી કુમારપાળ દેસાઈ પાસેથી મેળવવામાં આવેલ હતી. પ્રોજેક્ટની અંદાજિત કિંમતની પણ આકારણી કરવામાં આવેલ હતી. ત્યારબાદ તેઓ શ્રી ધીરુભાઈ ઠક્કરને પણ મળેલ હતા.



*ગુજરાત વિશ્વકોશની મુલાકાત.*
*ડાબેથી જમણે ઊભેલા : શ્રી મનુભાઈ શાહ (ગુર્જર ગ્રંથરત્ન), શ્રીઅશોકભાઈ મહેતા, ડૉ કુમારપાળ દેસાઈ, શ્રી હરેશ ધોળકિયા, શ્રી કાંતિભાઈ ગોર અને શ્રી નરેશભાઈ અંતાણી.*

☆ સાંજના સમયે શ્રી અશોક મહેતા, ડૉ. કાંતિભાઈ ગોર, શ્રી હરેશભાઈ ધોળકિયા તથા શ્રી નરેશભાઈ અંતાણીએ શ્રી કચ્છી જૈન ભવન પર ઇતિહાસ આલેખન અંગે એક મિટિંગ યોજેલ હતી. અત્યાર સુધી પરામર્શ સમિતિ દ્વારા મંજૂર કરાયેલ લેખો, કે જે સંપાદન સમિતિને સુપરત કરવામાં આવેલ હતા તે બધા જ લેખોની બે ઝેરોક્ષ સેટ પરામર્શ સમિતિ સમયખંડ-૧ના બધા જ લેખો વિહંગાવલોકન કરી સત્વરે સંપાદન સમિતિ પર આગળની કાર્યવાહી કરવા મોકલી આપશે તેવું નક્કી કરવામાં આવેલ હતું. અન્ય લેખો પણ ત્યારબાદના તબક્કામાં સંપાદન સમિતિ પર મોકલી આપે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

- **રવિવાર, તા. ૨૧-૧૧-૨૦૧૦**

☆ આજરોજ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલની વાર્ષિક સામાન્ય સભા શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. આ સભામાં શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી હંસરાજ કંસારા, શ્રી ભરત ઓઝા, શ્રી ભાઈલાલભાઈ પટેલ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં કચ્છના સર્વાંગપણે ઇતિહાસ આલેખન અંગેનો રિપોર્ટ તથા નર્મદા નદીની કચ્છ બ્રાંચ કેનાલ અંગેનો અહેવાલ રજૂ કરવામાં આવેલ હતા. લાખોંદ - ભુજ ખાતે પણ ૫૦ વિદ્યાર્થી x ૪ ક્લાસ = ૨૦૦ વિદ્યાર્થીની કેપેસિટીની આર્કિટેક્ચરલ કૉલેજ સ્થાપવાનું નક્કી કરવામાં આવેલ હતું. આ આર્કિટેક્ચરલ કૉલેજ અંગે જરૂરી ફંડ એકત્રિત કરવા નકરાની એક યોજના મંજૂર કરવામાં આવેલ હતી. ભવિષ્યમાં ભુજ ખાતે એક સંશાધન કેન્દ્ર સ્થાપવાનું કે જેના પ્રીમાઈસિસમાં મેડમ તુષાડ મ્યુઝિયમ પ્રકારનું મ્યુઝિયમ પણ બનાવવાનું નક્કી કરવામાં આવેલ હતું. કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલે પબ્લિક લિટીગેશનમાં હાલે ના જવું તેવું નક્કી કરવામાં આવેલ હતું. વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના ઑડિટેડ હિસાબો મંજૂર કરવામાં આવેલ હતા. વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે ઓડિટરશ્રીની નિમણૂક કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૦-૨૦૧૧ માટે ચેરમેન તરીકે શ્રી અશોક મહેતા, ઉપાધ્યક્ષ તરીકે શ્રી શશીકાંત ઠક્કર, સેક્રેટરી તરીકે શ્રી પ્રતાપ દંડ તથા ખજાનચી તરીકે શ્રી કે.ડી. શાહની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવેલ હતી.

- **શુક્રવાર, તા. ૨૬-૧૧-૨૦૧૦**

☆ કચ્છ ડેવલપમેન્ટ કાઉન્સિલના ઉપાધ્યક્ષ શ્રી શશીકાંત ઠક્કર વગેરે આજરોજ અમદાવાદ પધારેલ હતા. તેમની સાથે શ્રી અશોક મહેતાએ સૂચિત આર્કિટેક્ચરલ કૉલેજ વગેરે અંગે જરૂરી ચર્ચાઓ કરેલ હતી. ■

## બૃહદ્ લોસ એન્જેલસના જૈનોએ ઉલ્લાસભેર ઉજવ્યા પર્યુષણ પર્વ

જૈનોના સૌથી મહત્ત્વના ધાર્મિક પર્વ એટલે પર્યુષણ પર્વ. આ વર્ષે સધર્ન કેલિફોર્નિયાના જૈનોએ ખૂબ રસભેર અને આનંદસહ આ ધાર્મિક પર્વની ઉજવણી કરી.

વડોદરાના શ્રી હિતેશભાઈએ લોસ એન્જેલસના જૈનોને બહુજ ભાવપૂર્વક અને રૂડી રીતે ધર્મ આરાધના કરાવી. નવા નિર્માણ થયેલા અંજન શલાકાવાળા પ્રતિમાજી સાથેના જિનાલયના અવલંબનથી લોસ એન્જેલસના જૈનો ઉત્તરોત્તર કઈ રીતે આધ્યાત્મિક વિકાસ કરી શકે એ એમણે બહુ સુંદર રીતે શાસ્ત્રના સિદ્ધાંતના આધારે સમજ આપી હતી.

આવા પર્યુષણ પર્વ દરેક વર્ષે સુંદર રીતે ઉજવાય અને જૈનોનો આ ક્ષમાપનાના સુંદર પર્વ જગતના સર્વે જીવોને ક્ષમાપના પાઠવી મહાવીર સ્વામીની અહિંસા અને અનેકાંતતાનું માર્ગદર્શન સર્વેને મળે તેવા સમાજના સર્વે સભ્યોએ ભાવ વ્યક્ત કર્યો હતો.

*પ્રેષક : જીતુ ભાટિયા*

## રોટરી ક્લબ ઓફ ધનબાદના શ્રી કમલ ચંદ્રકાંત સંઘવીની ઈન્ટરનેશનલ ટ્રેનર ૨૦૧૦-૧૧ તરીકે વરણી

શ્રી કમલ ચંદ્રકાંત સંઘવી તથા શ્રીમતી સોનલ સંઘવીને આર.આર.પી.ઈ. કલ્યાણ બેનર્જી દ્વારા જાન્યુઆરી, ૨૦૧૧માં સાનડિયેગો, યુ.એસ.એ.માં યોજાનાર ઈન્ટરનેશનલ એસેમ્બલીમાં ટ્રેઈનિંગ લીડર તરીકે સેવા આપવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે. આ કાર્ય અંતર્ગત કમલ સંઘવી વિશ્વભરના ગવર્નર્સને તેમના ડિસ્ટ્રિક્ટ્સ, પેટ્સ, સહાયક ગવર્નર્સ, ડિસ્ટ્રિક્ટ લીડર્સ, ઈન્ટરેક્ટ, રોટરેક્ટને પ્રશિક્ષણ કાર્યક્રમો તૈયાર કરવા માટે તાલીમ આપશે.

કમલ સંઘવી રોટરી ક્લબ ઓફ ધનબાદના સભ્ય છે. આ ડિસ્ટ્રિક્ટના કોઈ પી.ડી.જી.ને આ રીતે ઈન્ટરનેશનલ ટ્રેઈનિંગ લીડર તરીકે સેવા આપવા માટે આમંત્રણ મળ્યું હોય તેવો આ પ્રથમ પ્રસંગ છે. કમલ સંઘવી મે. વીરજી એન્ડ કંપની (ફાઈનાન્સ) પ્રા.લિ.ના ડાયરેક્ટર છે. કમલ સંઘવી તથા સોનલ સંઘવીને હાર્દિક અભિનંદન.

## ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સમાં કચ્છના વતની શ્રી મહેન્દ્રભાઈ એસ. શાહની કો-ઓપ્ટ સભ્ય તરીકે વરણી

ગુજરાત રાજ્યની સૌથી મોટી સંસ્થા એવી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની વર્ષ ૨૦૧૦-૧૧ની કારોબારી સમિતિમાં મૂળ કચ્છના વતની પણ ભાવનગરને કર્મભૂમિ બનાવનાર શ્રી મહેન્દ્રભાઈ શાહની વરણી કરવામાં આવી છે. શ્રી મહેન્દ્રભાઈની વીજળીને લગતી કામગીરીને ધ્યાનમાં લઈ પાવર કમિટીમાં પણ તેઓની વરણી કરવામાં આવી છે.

## ભગવાન મહાવીર જૈન રિલીફ ફાઉન્ડેશન ટ્રસ્ટ - હૈદ્રાબાદ

ભગવાન મહાવીરે કહ્યું છે કે, 'જે માનવસેવા કરશે તે મારી સેવા કરે છે.' ભગવાન શ્રી મહાવીરના ઉપદેશને અનુસરીને હૈદ્રાબાદના માનવીય અભિગમ ધરાવતા સમાજ સેવકો દ્વારા કિડનીના દર્દીથી પીડાતા સામાન્યજનોને મોંઘી સારવારથી રાહત મળે તે માટે "ભગવાન મહાવીર જૈન રિલીફ ફાઉન્ડેશન ટ્રસ્ટ"ની રચના દ્વારા સામાન્યજનને કિફાયત દરે - રાહત દરે સારવાર ઉપલબ્ધ કરાવેલ છે.

જુલાઈ-૨૦૦૯થી ઓગસ્ટ-૨૦૧૦ સુધીમાં આ ટ્રસ્ટે ડાયાલિસીસના ૧૩૩૭ દર્દીઓ પાછળ આશરે રૂા. ૩૫ લાખ જેટલો ખર્ચ કરેલ છે. તેમાં દર્દી પાસે રૂા. ૩૦૦/- ડાયાલિસીસ કૂપનના અને રૂા. ૩૮૦/- દવાઓ તથા ઈન્જેક્શન વગેરેના લેવાય છે. વાસ્તવિક ખર્ચ રૂા. ૩,૦૦૦/- થાય છે.

આ બાબતમાં અન્ય સંસ્થાઓનો આર્થિક સહયોગ મેળવવા માટે ૧ વ્યક્તિના ડાયાલિસીસના એક વખત માટેનો સહયોગ રૂા. ૫૦૦/- રાખેલ છે, જેના ગુણાકાર દ્વારા કોઈપણ સંસ્થા ગમે તેટલી વ્યક્તિઓ માટે લાભ લઈ શકે તેમ છે. ઉપરોક્ત કોઈપણ કામ તેમજ માહિતી માટે : (૦૪૦) ૨૪૭૪૨૮૯૬, ૨૪૭૪૩૪૪૫ ઉપર તેમજ ઈ-મેઈલ : jaindialysis@gmail.com તથા વેબસાઈટ www.jaindialysistrust@org ઉપર સંપર્ક સાધવાનું જણાવેલ છે.

*અહેવાલ : દિનેશચંદ્ર જગજીવન શાહ*

## શ્રી વીસા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિ - ભુજ

શ્રી વીસા ઓસવાળ જૈન ગુર્જર જ્ઞાતિ - ભુજના, વર્ષ ૨૦૦૯-૧૦ના તેજસ્વી તારલાઓ તથા તપસ્વીઓને સન્માનવાનો કાર્યક્રમ તા. ૩-૧૦-૧૦ના ભુજ મુકામે યોજવામાં આવેલ.

બાળ મંદિરથી કોલેજ તથા ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ સિવાય અન્ય ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર તથા ઉગ્ર તપસ્વીઓનું સન્માન કરવામાં આવેલ.

અધ્યક્ષ સ્થાને શ્રી પી.સી. શાહે સમાજના ભાઈ-બહેનોને શિક્ષણ માટે સમાજની યોજનાનો મહત્તમ લાભ લેવા તથા સમાજ તરફથી વાંચનાલય શરૂ કરવા માટે રૂા. ૫૦,૦૦૦/-ના પુસ્તકો ખરીદી સમાજના મહિલા મંડળને વ્યવસ્થા સંભાળવા જાહેરાત કરેલ. ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં અભ્યાસ કરતા આર્થિક નબળા પરિવારને શ્રી જ્યોતિબહેન છોટાલાલ શાહ પરિવાર તરફથી જરૂરી સહાય આપવામાં આવશે એવી જાહેરાત કરવામાં આવેલ.

*ઈરાદો મક્કમ હોય તો સફળતા કદમ ચૂમે છે.*

## મંગલ મંદિર - પ્રશ્નો અને પ્રત્યુત્તર વિભાગ

*માસ ઓક્ટોબર-૨૦૧૦ના અંકના પ્રશ્નોના જવાબ નીચે મુજબ છે.*

૧. ઈબ્રાહીમ પ્રધાન. ખોજા જ્ઞાતિ. હરિજન શાળા. મુનિ કલ્યાણચંદ્રજીએ. (પાના : ૧૩)

૨. શ્રી કાંતિસેન શ્રોફ, વર્ષ ૧૯૭૫, વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટ (વી.આર.ટી.આઈ.) ચેક ડેમ બાંધ્યા. (પાના : ૨૬)

૩. *પંક્તિ પૂરી કરો :*
ચલો રેત નિચોડી, અપને હિસ્સે મેં સમંદર,
નારી તું ના હારી. – પ્રિયંકા વીસરિયા. (પાના : ૨૬)

૪. એનામાં રહેલી નિરાશાની નબળાઈ, આત્મવિશ્વાસનો અભાવ, ખુદમાં રહેલી અખૂટ શક્તિને ઓળખવી પડશે.(પાના : ૮૨)

૫. ખેડૂતના પરસેવાનું પાણી. વ્યક્તિ સંપૂર્ણ ઉત્સાહ સાથે મહેનત કરે ત્યારે. (પાના : ૪૯)

૬. ૨૪-૧૦-૨૦૧૦. ડૉ. નિમ્રત સિંઘ. (પાના : ૯૫)

૭. ફોટોગ્રાફ્સ માટે. (પાના : ૪૬)

*ઓક્ટોબર-૨૦૧૦ના અંકના બધા પ્રશ્નોના ખરા જવાબ આપનારની યાદી.*

૧. વર્ષાબહેન પારેખ - અમદાવાદ
૨. મીનાક્ષીબહેન પારેખ - અમદાવાદ
૩. પ્રતાપભાઈ દંડ - અમદાવાદ
૪. ઝરણાબહેન પારેખ - અમદાવાદ
૫. મધુરીબહેન ગોસર - અમદાવાદ
૬. રમણિકભાઈ ગોસર - અમદાવાદ
૭. કુ. મૈત્રી જે. શાહ - અમદાવાદ
૮. નયના એ. ગાલા - અમદાવાદ
૯. જયચંદ એમ. લોડાયા - ગદગ
૧૦. અમરકુમાર યુ. રાંભિયા - નડિયાદ
૧૧. નેહા પારેખ - અમદાવાદ
૧૨. જ્યોતીબહેન શાહ - અમદાવાદ
૧૩. મૈત્રી કે. શાહ - અમદાવાદ
૧૪. જિતેન્દ્ર સી. શાહ - અમદાવાદ
૧૫. સ્નેહલ શેઠ - અમદાવાદ
૧૬. કલ્પના એસ. ગાલા - અમદાવાદ
૧૭. અલકા એ. સંઘવી - અમદાવાદ
૧૮. જ્યોત્સના એ. શાહ - અમદાવાદ
૧૯. દક્ષાબહેન ડી. શાહ - અમદાવાદ
૨૦. લક્ષ્મીચંદ વી. ધરમશી - વીજાપુર

★

માસ સપ્ટેમ્બર-૨૦૧૦ના પ્રશ્નોના પાછળથી આવેલ અને બધા સાચા જવાબો આપનાર

૧. વર્ષાબહેન પારેખ - અમદાવાદ
૨. જ્યોત્સનાબહેન અરવિંદ શાહ - અમદાવાદ
૩. મૈત્રી કપીલ શાહ - અમદાવાદ
૪. જિતેન્દ્ર ચંદુલાલ શાહ - અમદાવાદ
૫. શોભનાબહેન ચીમનભાઈ દંડ - અમદાવાદ
૬. જ્યોતિબહેન એલ. શાહ - અમદાવાદ
૭. જાગૃતિ અરુણકુમાર જૈન - અમદાવાદ
૮. ભારતીબહેન સુરેન્દ્રભાઈ જૈન - અમદાવાદ
૯. કુ. મૈત્રી જયેશ શાહ - અમદાવાદ
૧૦. અલકાબહેન એ. સંઘવી - અમદાવાદ
૧૧. દક્ષાબહેન ડી. શાહ - અમદાવાદ
૧૨. કામિની સ્નેહલ શેઠ - અમદાવાદ
૧૩. પદ્મણી મહેન્દ્રભાઈ ગોસર - વડોદરા
૧૪. અમરકુમાર ઉમરશી રાંભિયા - નડિયાદ
૧૫. મોનાબહેન જે. શાહ - હૈદ્રાબાદ
૧૬. જયચંદ માણેકજી લોડાયા - ગદગ

★

માસ ઓગસ્ટ-૨૦૧૦ના પ્રશ્નોના પાછળથી આવેલ અને બધા સાચા જવાબો આપનાર

૧. જયચંદ માણેકજી લોડાયા - ગદગ

★

**★ માસ નવેમ્બર-૨૦૧૦ના અંકના પ્રશ્નો :**

૧. જ્યોર્જ આરવેલના ચર્ચાસ્પદ પુસ્તકનું નામ શું? પુસ્તકમાં લેખકે શાની ચિંતા દર્શાવી છે?

૨. ઈજિપ્તના નાસરે બીજા સાત આરબ મિત્ર રાજ્યોની મદદ લઈ કયા દેશ પર હુમલો કર્યો? પરિણામ શું આવ્યું?

૩. માસ્ટરદા સૂર્યસેનનું નામ શાની સાથે જોડાયેલું છે? શ્રી હેમ બરુઆ અને એમના પત્ની અનુરાધા બરુઆ શાના માટે જાણીતા છે?

૪. રશિયાના રાજા ઝારને ઉથલાવી, ત્યાં સામ્યવાદી શાસન સ્થાપવામાં કયા ક્રાંતિકારીઓ હતા?

૫. મનસુખ સુવાગિયાએ કઈ યોજનાનો પ્રચાર કર્યો?

૬. લલિત સાગર તળાવ ક્યાં આવ્યું? કોણે બંધાવ્યું? કઈ સાલમાં?

૭. ઉત્તર ધ્રુવ પર પહેલી પહોંચનારી મહિલા કોણ હતી?

૮. 'યુવા વિકાસ સમિતિ' એક એવા દાનની યોજના શરૂ કરવા જઈ રહી છે જેનો લાભ આપના બાળકોને મળશે. તે કઈ? તેણે માંગેલી વિગતો સત્વરે આપ કોને મોકલશો?

***નોંધ : ઉપરના બધા પ્રશ્નો ફરજિયાત છે. જવાબો મોકલવાની છેલ્લી તા. ૨૦-૧૨-૨૦૧૦ છે.***

*જવાબો મોકલવાનું સરનામુ :*
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

*આપના સહકાર બદલ ધન્યવાદ.*

***ચંદ્રા મહેન્દ્ર શાહ (ફોન : ૨૬૭૬૦૨૬૬)***

*બીજાને હેરાન કરનાર અંતે પોતે જ હેરાન થાય છે એ વાત હંમેશાં યાદ રાખવી જોઈએ.*

## "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

*ઓક્ટોબર / નવેમ્બર – ૨૦૧૦ દરમ્યાન નીચે મુજબના મહાનુભાવો તરફથી લવાજમની રકમ પ્રાપ્ત થયેલ છે.*

### રિન્યુ થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- જયંતીલાલ નાગજી મહેતા — ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ
- રવિલાલ કે. સંઘવી — ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ
- જિતેન્દ્ર ચંદુલાલ મહેતા — સાયન (ઈસ્ટ), મુંબઈ
- ચંદ્રકાંત આર. મહેતા — વડોદરા

#### ૫ વર્ષનું લવાજમ

- અશોક એસ. શાહ — રાઉરકેલા (ઓરીસ્સા)

### નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

#### ૧ વર્ષનું લવાજમ

- હસમુખ હરજીવન વોરા — અમદાવાદ
- ધીરજલાલ ટી. વીસરિયા — પરેલ, મુંબઈ
- ભૂપેશ આર. શાહ — ચેન્નાઈ
- કાંતિલાલ કુંવરજી ગાલા — અડાલજ, ગાંધીનગર
- ડૉ. રમેશભાઈ ઠક્કર — આદિપુર, કચ્છ
- મીનાબહેન અતુલ ભણશાલી — અંજાર (કચ્છ)
- પ્રવીણ ટી. મકવાણા — અમદાવાદ

#### ૫ વર્ષનું લવાજમ

- સતીષ પ્રવીણચંદ્ર લુઠિયા — ગદગ (કર્ણાટક)

#### આજીવન

- તલકશી શિવજી બાયડ — વિલે પારલા (ઈસ્ટ), મુંબઈ

## ગોળમેજી પરિષદ

લંડનમાં ગોળમેજી પરિષદ. ૧૫-૧૬ કલાક કામ રહે. ઊંઘવા માટે ગાંધીને માંડ ૪ કલાક મળે. એક જગ્યાએથી બીજી જગ્યાએ ગાડીમાં જવાનું થતાં તેમણે શૉફરને પૂછ્યું, 'ત્યાં પહોંચતા કેટલો સમય લાગશે?'

'દસ મિનિટ.'

'ઠીક ત્યારે હું ઊંઘી લઉં.' ઘસઘસાટ ઊંઘી ગયા.

બરાબર ૧૦ મિનિટે ગાંધી જાગી ગયા.

***'કુમાર' ઓક્ટોબર-૨૦૧૦માંથી***
***પ્રેષક : શાંતિલાલ સંઘવી***

# 'મંગલ મંદિર' પૂરાં થતાં લવાજમનાં ગ્રાહકોનું લિસ્ટ

'મંગલ મંદિર'ના ગ્રાહકોને જણાવવાનું કે (૧) ઓક્ટોબર - ૨૦૧૦માં જેઓના લવાજમ પૂરાં થઈ ગયાં છે, (૨) નવેમ્બર-૨૦૧૦માં પણ જેઓનાં લવાજમ પૂરાં થયેલ છે અને (૩) ડિસેમ્બર-૨૦૧૦માં જેઓનાં લવાજમ પૂરાં થવાં આવેલ છે એ બધા ગ્રાહકોની નામાવલી અત્રે આપવામાં આવેલ છે.

આ સામે જેઓએ પોતાના લવાજમ રિન્યુ કરાવેલ છે, તેમના નામની સામે '★'નું નિશાન કરેલ છે. બાકીના સભ્યોને વિનંતી કે તેઓ પોતાના રિન્યુઅલ લવાજમ મંગલ મંદિર કાર્યાલય પર સત્વરે મોકલી આપે. જો આ ગ્રાહકો પોતાના લવાજમો રિન્યુઅલ નહીં કરાવે તો હવે પછી તેઓને 'મંગલ મંદિર' મોકલવાનું બંધ કરવામાં આવશે.

## ઓક્ટોબર-૨૦૧૦ દરમ્યાન પૂરાં થતાં લવાજમના ગ્રાહકોનું લિસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | વિશનજી જેઠાલાલ રાજગોર | ભુજ, કચ્છ |
| ૨. | દિલીપ સુરેશભાઈ સાવલા | ગાંધીધામ, કચ્છ |
| ૩. | જેસલ ચંદ્રકાંત દંડ | આદિપુર, કચ્છ |
| ૪. | ગિરીશ ડુંગરશી નાગડા | પ્રાગપુર જંકશન, કચ્છ |
| ૫. | કાંતાબહેન વસંતલાલ ઠક્કર | માંડવી, કચ્છ |
| ૬. | પ્રવીણ સી. સંઘવી | માંડવી, કચ્છ |
| ૭. | હીરેન ધીરેન્દ્ર સત્યા | અમદાવાદ |
| ૮. | જગદીશ શાંતિલાલ શાહ | અમદાવાદ |
| ૯. | ધનજી કલ્યાણજી ગડા | વડોદરા |
| ૧૦. | ધીરજલાલ ખીમજી રાંભિયા | વડોદરા |
| ૧૧. | અશ્વિન કલ્યાણજી છેડા | વડોદરા |
| ૧૨. | ચંદ્રકાંત શિવજી શાહ | વડોદરા |
| ૧૩. | જયંતીલાલ કોરશી ગાલા | વડોદરા |
| ૧૪. | મહેન્દ્ર ભવાનજી ગોસર | વડોદરા |
| ૧૫. | મહેન્દ્ર ગાંગજી ગોગરી | વડોદરા |
| ૧૬. | મણિલાલ હંસરાજ શાહ | વડોદરા |
| ૧૭. | નીતિન નાનજી હરિયા | વડોદરા |
| ૧૮. | પ્રવીણ દેવજી વોરા | વડોદરા |
| ૧૯. | પ્રવીણ મૂળજી મારુ | વડોદરા |
| ૨૦. | રસિકલાલ વીજપાર ગડા | વડોદરા |
| ૨૧.★ | ચંદ્રકાંત આર. મહેતા | વડોદરા |
| ૨૨. | જયેશ કેશવજી ગડા | વડોદરા |
| ૨૩. | નીપા તુષાર દેઢિયા | સાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ |
| ૨૪. | રાજેન કાંતિલાલ ગાલા | મલાડ (વેસ્ટ), મુંબઈ |
| ૨૫. | મહેન્દ્ર જાદવજી છેડા | દહીંસર (વેસ્ટ), મુંબઈ |
| ૨૬. | ચંદુલાલ હાથીભાઈ શાહ | બોરીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૨૭. | હંસકુમાર રાયચંદ શાહ | હૈદ્રાબાદ |
| ૨૮.★ | જયંતીલાલ નાગજી મહેતા | ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૨૯.★ | રવિલાલ કે. સંઘવી | ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૩૦.★ | જિતેન્દ્ર ચંદુલાલ મહેતા | સાયન (ઈસ્ટ), મુંબઈ |
| ૩૧. | હિતેન્દ્ર ખીમજી વીરા | ગદગ (કર્ણાટક) |

## નવેમ્બર-૨૦૧૦ દરમ્યાન પૂરાં થતાં લવાજમના ગ્રાહકોનું લિસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | કિશોર જીવરાજ સાયા | ભુજ, કચ્છ |
| ૨. | સૂર્યકાંત ભટ્ટ | ભુજ, કચ્છ |
| ૩. | વિનોદચંદ્ર લક્ષ્મીચંદ શાહ | ભુજ, કચ્છ |
| ૪. | વસંત જીવરાજ ગોસર | કોટડા રોહા, માંડવી |
| ૫. | મહેન્દ્ર સુરેશભાઈ મોદી | પાલનપુર (બનાસકાંઠા) |
| ૬. | મનાલી લલિતભાઈ જૈન | અંકલેશ્વર |
| ૭. | ડૉ. ઉદય કે. ગડા | માટુંગા, મુંબઈ |
| ૮. | કિશોર એમ. શાહ | માટુંગા, મુંબઈ |
| ૯. | રવીન્દ્ર સી. જૈન | માટુંગા, મુંબઈ |
| ૧૦. | જયેશ આર. દોશી | મલાડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૧. | નાગજી જેઠાભાઈ ગોસર | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૨. | મહેશ શામજી ડાઘા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૩. | લક્ષ્મીકાંત શિવલાલ શાહ | બોરીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | કુંવરજી વિશનજી | કાંદિવલી (વેસ્ટ), મુંબઈ |
| ૧૫. | ભરત શાંતિલાલ શાહ | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૬. | પાસુભાઈ પી. શાહ | ઈંદોર (મ.પ્ર.) |
| ૧૭. | બંકીમ પ્રેમજી શિયાડ (શાહ) | ધમતરી (છત્તીસગઢ) |
| ૧૮. | શશીકાંત બી. ભણસાલી | બેંગ્લોર (કર્ણાટક) |
| ૧૯. | કસ્તુરીબાઈ હંસરાજ લોડાયા | કોચીન (કેરાલા) |
| ૨૦.★ | લતાબહેન હરિલાલ સોની | અમદાવાદ |

## ડિસેમ્બર-૨૦૧૦ દરમ્યાન પૂરાં થતાં લવાજમના ગ્રાહકોનું લિસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમતી અંકીબાઈ ઘમંડીરામ ગોવાણી ચેરિટેબલ ટ્રસ્ટ | પાલિતાણા |
| ૨. | આરીક કોમ્યુનિટિસ એન્ડ ટેકનોલોજીસ | ભુજ, કચ્છ |
| ૩. | હસમુખ ચમનલાલ શાહ | ભુજ, કચ્છ |
| ૪. | કમલેશ મનસુખભાઈ શાહ | ભુજ, કચ્છ |
| ૫. | દીપ્તિ નિરંજન લોડાયા | નવા અંજાર, કચ્છ |
| ૬. | મહેન્દ્ર જેઠાલાલ વોરા | ગાંધીધામ, કચ્છ |

*કાળા કલરને લોકો અશુભ કહે છે. પણ શાળાનું બ્લેકબોર્ડ વિદ્યાર્થીને બ્રાઈટ બનાવે છે.*

| | | |
|---|---|---|
| ૭. | મુકુંદ કે. મહેતા ‘અલ્પ’ | આદિપુર, કચ્છ |
| ૮. | રજનીશ રાજકુમાર મુરારકા | ગાંધીધામ, કચ્છ |
| ૯. | હેમેન્દ્ર જેવતલાલ શાહ | માંડવી, કચ્છ |
| ૧૦. | રાધિકાબહેન મોદી | માણેકબાગ, અમદાવાદ |
| ૧૧. | કલ્યાણજી કુંવરજી ખીમસરિયા | વડોદરા |
| ૧૨. | ભૂપેન્દ્ર પી. પારેખ | વાપી (ગુજરાત) |
| ૧૩. | મૂલચંદ શામજી સાવલા | દહીંસર (વેસ્ટ), મુંબઈ |
| ૧૪. | રામજી ઠાકરશી દેઢિયા | અંધેરી (ઈસ્ટ), મુંબઈ |
| ૧૫. | દિનેશચંદ્ર કરમચંદ શેઠ | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૬. | કમલેશ એમ. મોતા | ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ |
| ૧૭. | વિપુલ કલ્યાણજી દેઢિયા | ભાંડુપ (વેસ્ટ), મુંબઈ |
| ૧૮. | ભરત પી. ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૧૯. | દિનકર કે. ગડા | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૨૦. | ખીમજી હીરજી શાહ | મુલુંડ (વેસ્ટ), મુંબઈ |
| ૨૧. | નવીન નરશી સાવલા | ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ |
| ૨૨. | ભરત એલ. ભુજપુરિયા | ડોંબીવલી (ઈસ્ટ), મુંબઈ |
| ૨૩. | મુકેશ ઝુમખલાલ સંઘવી | ડોંબીવલી (વેસ્ટ), મુંબઈ |
| ૨૪. | સતીષ પદમશી ગોસર | ઇંદોર (મ.પ્ર.) |
| ૨૫. | હીરજી શામજી શાહ | જબલપુર (મ.પ્ર.) |
| ૨૬. | ચંદ્રકાંત એચ. શાહ | કુરૂનુલ (આંધ્ર પ્રદેશ) |
| ૨૭. | હંસરાજ આર. રાંભિયા | બેંગ્લોર (કર્ણાટક) |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની લાઈબ્રેરીને ભેટ મળેલ પુસ્તકો – સાભાર સ્વીકાર

| ક્રમ | પુસ્તકનું નામ | લેખક |
|---|---|---|
| **(૧)** | **શ્રીમતી કલ્પના નીતિન પાલાણી - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલાં પુસ્તકો** | |
| 1. | The World's greatest Speeches | Vijaya Kumar |
| 2. | Who Moved My Cheese? | Dr. Spencer Johnson |
| 3. | You Can Win | Shiv Khera |
| 4. | The Challenges of Indian Management | B.R. Virmani |
| 5. | In the Radiance of LOVE | Rolando A. Carbonell |
| 6. | Magnificence | Rolando A. Carbonell |
| 7. | Energy Work | Robert Bruce |
| 8. | A new look at Wellness | Osho Times |
| 9. | What is Love | Osho Times |
| 10. | Living Zen | Osho Times |
| 11. | True Luxury | Osho Times |
| 12. | Forever Young | Osho Times |
| 13. | Passion and Patience | Osho Times |
| 14. | Get Heart Smart | Apollo Life |
| 15. | Fighting Obesity | Apollo Life |
| 16. | Age Wise (A guide to senior health care) | Apollo Life |
| 17. | Cutting Edge (The miracles of modern medicine) | Apollo Life |
| 18. | Emergencies (A guide to medical) | Apollo Life |
| 19. | Understanding Women's Health | Apollo Life |
| 20. | Be stress wise | Apollo Life |
| 21. | Obesity (Fight for Fitness) | Wellbeing |
| 22. | Blood Pressure | Wellbeing |
| 23. | Arthritis (Protect your joints: stay active and eat well) | Wellbeing |
| 24. | Insomnia (Eyes Wide Open) | Wellbeing |
| 25. | Stress (Deal with it!!) | Wellbeing |
| 26. | Asthma (be in control) | Wellbeing |
| 27. | Collector's Edition... For a Holistic | Frozen Thoughts |
| 28. | Rogue | Danielle Steel |
| 29. | The 3 mistakes of my life | Chetan Bhagat |
| 30. | States (The story of my marriage) | Chetan Bhagat |
| 31. | Planet India | Mira Kamdar |
| 32. | Ancient Indian Wisdom for self development | HRM in Darsans-II |
| 33. | Ancient Indian Wisdom for motivation | HRM in Darsans |
| 34. | You can get to THE POWER OF SIX SIGMA | Subir Chowdhury |
| 35. | Cultivating Virtues Cultivating Mind | Swami Anubhavananda Saraswati |
| 36. | Cut your costs before they hit your profits | Naresh Jand & Naveen Jand |
| 37. | The Leadership Engine | Noel M. Tichy |
| 38. | NOTES INDUCTION for manager | Universities Press |
| 39. | How Do I Proceed | M.P. Pandit |
| 40. | HRM and Indian Scriptures | Swami Paramananda Bharati |
| 41. | Interpersonal skills – New Approach | Management & Technology Services |
| 42. | Siddhartha | Hermann Hesse |
| 43. | Bhagvad Gita (As it is) | A.C. Bhaktivedanta Swami Prabhupada |
| 44. | Building Sustainable Competitive Strength | All India Management Association |
| 45. | Managerial Performance Appraisal in India | Mihir K. Basu |
| 46. | Building Customer Loyalty | Ian Linton |
| 47. | Financial Management | M.Y. Khan & P.K. Jain |
| 48. | Choice of Baby Names (English - Gujarati) | Navneet |
| 49. | Personnel Management | V.G. Karnik |
| 50. | 25,000+ Baby Names | Bruce Lansky (Jaico) |
| 51. | Padham Health Guide | Chitra Sivakumar |
| 52. | Padham Health Guide-2 | Chitra Sivakumar |
| 53. | Probus way to Active Ageing | Probus Club of Chennai |
| 54. | Yoga for silvers | Shameem Akhtar |
| 55. | (Vadic path to) Healthy Living | Ojas Foundation |
| 56. | Global Ayurveda Handbook | Global Ayurveda Directory |
| 57. | Spiritual Masters of Modern India | Shilpa F.D'Mello |
| 58. | Thus Spake Ramana | Swami Rajeswarananda |
| 59. | Inspiring Thoughts for Harmonious Living | Swami Sukhabodhananda |
| 60. | Self Mastery | Swami Paramananda |
| 61. | In the Wonderland of Indian Managers | Sharu Rangnekar |
| 62. | The Bloom of Inner Glory | N.N. Ranjan |
| 63. | Guru - Ramana (Vachan-Mala) | WHO (Published by : |

*જિંદગીના રસ્તા પર સતત ચાલતા રહીને, જાગૃત રહીને આપણે પુષ્પ બનવાનું હોય છે.*

| | | |
|---|---|---|
| | | V.S. Ramanan) |
| 64. | Just A Moment | Brahma Kumaris |
| 65. | Self-Enquiry (Vichara Sanghram) of Bhagvan Sri Ramana Maharshi | Dr. T.M.P. Mahadevan |
| 66. | Glimpses of the Life and Teachings of Sri Ramana Maharshi | Frank H. Humphreys R.P.C. |
| 67. | Who Am I? (The Teachings of Bhagvan Sri Ramana Maharshi) | Shri Ramanasrman Tiruvannamalai |
| ૬૮. | કર વિચાર તો પામ | શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-અગાસ |
| ૬૯. | આરાધના કા આનંદ | મુનિશ્રી અમિતયશવિજયજી |
| ૭૦. | હું કોણ? ભગવાન શ્રી રમણમહર્ષિના મૂળ તામિલ બોધનો અનુવાદ 'આત્મવિદ્યા' સહિત | શ્રી રમણાશ્રમ |
| ૭૧. | જીવન : એક ખેલ | કુંદનિકા કાપડિયા |
| ૭૨. | ગીતાસાર | શ્રી શ્રીમદ્ એ.સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ |
| ૭૩. | યોગની પૂર્ણતા | પ.પૂ.શ્રી શ્રીમદ્ ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ |
| ૭૪. | શ્રી કોઠારા શાંતિનાથજી મહારાજ જૈન દેરાસર | શ્રી કોઠારા કચ્છી દસા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજન ટ્રસ્ટ |
| ૭૫. | ગાગરમાં સાગર શ્રેણી (આપનાં બાળક માટે નવાં નામો) | માધવી કપૂર, નીતા દત્ત, શર્મિષ્ઠા દાસ |
| ૭૬. | જન્મ અને મૃત્યુની પેલે પાર | શ્રી શ્રીમદ્ એ.સી. ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ |
| ૭૭. | ભગવાન શ્રી રમણમહર્ષિની જીવન લીલાનાં અંતિમ દિવસો તથા મહાનિર્વાણ | શ્રી વી. સુંદરરમણન્ |
| ૭૮. | આત્માનુસંધાન | શ્રી નિરંજનાનંદ સ્વામી |
| ૭૯. | શ્રી રમણચરિતામૃત | બે રમણ ભક્તો |
| ૮૦. | ભગવાન રમણ | શ્રી વી. એસ. રમણન |
| ૮૧. | શ્રી રમણ મહર્ષિ તેમનો પરિચય અને બોધ | સ્વામીશ્રી માધવતીર્થજી |
| ૮૨. | પ્રસન્ન માતૃત્વ | ડૉ. પ્રજ્ઞા પૈ |
| ૮૩. | મુક્તિપથ વિપશ્યના | મુનિશ્રી અમરેન્દ્રવિજયજી |
| ૮૪. | મોક્ષમાળા | શ્રીમદ્ રાજચંદ્ર રવજીભાઈ |
| ૮૫. | અમૃતનો ઓડકાર | ડૉ. આઈ.કે. વીજળીવાળા |
| ૮૬. | સમયને સથવારે | ડૉ. આઈ.કે. વીજળીવાળા |
| ૮૭. | નિત્યનિયમાદિ પાઠ | શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ - અગાસ |
| ૮૮. | હારિભદ્રી યોગદર્શન | આચાર્યદેવ શ્રી ભદ્રગુપ્તસૂરીશ્વરજી |
| ૮૯. | શ્રી કચ્છી દસા ઓસવાલ જૈન જ્ઞાતિ ઇતિહાસના પ્રેરકબળો | કુલીનકાંત ભોજરાજ શાહ (લોડાયા) સંપાદક : ચંદ્રસેન હીરાચંદ મોમાયા |
| ૯૦. | સંતો! સદા સ્વરૂપે રહેવું | શ્રી પ્રિયદર્શન |
| ૯૧. | રત્ન ચિંતામણિ | ડૉ. મિસીસ લક્ષ્મી સી. ખોના |
| ૯૨. | સાયલન્સ પ્લીઝ! | ડૉ. આઈ.કે. વીજળીવાળા |
| ૯૩. | મોતીચારો | ડૉ. આઈ.કે. વીજળીવાળા |
| ૯૪. | અંતરનો ઉજાસ | ડૉ. આઈ.કે. વીજળીવાળા |
| ૯૫. | મનનો માળો | ડૉ. આઈ.કે. વીજળીવાળા |
| ૯૬. | સાથીદારની શોધમાં | ડૉ. આઈ.કે. વીજળીવાળા |
| ૯૭. | કર્મ સિદ્ધાંત | ડૉ. ભંવર દેવી પાટની |
| ૯૮. | શ્રીમદ્ રાજચંદ્ર સ્મૃતિ બિંદુ | ગોવિંદજી જીવરાજ લોડાયા |
| ૯૯. | સંભારણાની સફર | શ્રીમતી સુધા મૂર્તિ અનુવાદ : સોનલ મોદી |
| ૧૦૦. | તમે જ તમારું અજવાળું | શ્રીમતી સુધા મૂર્તિ અનુવાદ : સોનલ મોદી |
| ૧૦૧. | મોહક બાળ નામાવલી (અર્થ સહિત) | યશ રાય |
| ૧૦૨. | નવકાર યાત્રા | સંકલન : જિજ્ઞાસુ (નવકાર યાત્રા ગ્રંથ પ્રકાશન સમિતિ) પ્રકાશક : નમસ્કાર, મુંબઈ |

**(૨) નવજીવન ટ્રસ્ટ - અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તકો**

| | | |
|---|---|---|
| ૧૦૩. | ઉપયોગી કાયદાઓની સમજ | કેશવલાલ આ. પટેલ |
| ૧૦૪. | સદ્ગુણને સથવારે | કનૈયાલાલ જોશી |
| ૧૦૫. | સારી ટેવો પાડીએ | શશીકાંત ત્રિવેદી |
| ૧૦૬. | દુહા અને સોરઠા | ગિજુભાઈ અને તારાબહેન |
| ૧૦૭. | કહેવત સંગ્રહ | ગિજુભાઈ અને તારાબહેન |
| ૧૦૮. | ઊભું હતું, ઊભું હતું | ગિજુભાઈ અને તારાબહેન |
| ૧૦૯. | બાળ સાહિત્ય ગુચ્છ | ગિજુભાઈ અને તારાબહેન |
| ૧૧૦. | ઘરમાં | ગિજુભાઈ અને તારાબહેન |
| ૧૧૧. | ધોબીડો ધુએ છે | ગિજુભાઈ અને તારાબહેન |
| ૧૧૧. | ચિઠ્ઠી પોથી | ગિજુભાઈ અને તારાબહેન |
| ૧૧૨. | હરીશચંદ્ર | ગિજુભાઈ અને તારાબહેન |
| ૧૧૩. | તીરંદાજ | ગિજુભાઈ અને તારાબહેન |
| ૧૧૪. | વિનોદ ટુચકા | ગિજુભાઈ અને તારાબહેન |
| ૧૧૫. | આવો, મને ઓળખો | લક્ષ્મણ અવેયા |
| ૧૧૬. | બાળકોને અપાતી વિવિધ રસી | ડૉ. હર્ષદ કામદાર |
| ૧૧૭. | ગેસ પ્લાન્ટ | નવલભાઈ શાહ |
| ૧૧૮. | સગર્ભા માતા | રમા દેસાઈ |
| ૧૧૯. | ચતુરંગ ભવાઈ | નટુભાઈ જોશી |

*પૈસા પાછળ સતત દોડતા રહેનાર જિંદગીને - કુદરતને ક્યારે માણશે?*

| | | |
|---|---|---|
| ૧૨૦. | ચેપી રોગો | ડૉ. હસમુખ સી. મહેતા |
| ૧૨૧. | લોહીની ફિકાશ (એનીમિયા) | રમા દેસાઈ |
| ૧૨૨. | મોડાં પરણી વસતી ઘટાડો | રમણલાલ પરીખ |
| ૧૨૩. | માતાની સંભાળ | સુરક્ષા મહારાજા |
| ૧૨૪. | જીવનની મહેક | રમા દેસાઈ |
| ૧૨૫. | નવ જાગરણ – ૧/૨ | રમા દેસાઈ |
| ૧૨૬. | ભૂલકાંઓની તંદુરસ્તી | રમા દેસાઈ |
| ૧૨૭. | મેઘધનુષ | મીનાક્ષી ઠાકર |
| ૧૨૮. | આઝાદીના અમૃતપુષ્પો | ડૉ. ચંદ્રકાંત મહેતા |
| ૧૨૯. | ભામાશાનો બીજો ફેરો | હરીશ નાયક |
| ૧૩૦. | ચંદુ ચેમ્પિયન | યશવંત મહેતા |
| ૧૩૧. | બીજું પરોઢ | બંસીધર શુક્લ |
| ૧૩૨. | પૃથ્વીની પરકમ્મા | રજની વ્યાસ |
| ૧૩૩. | કલાના જ્યોતિર્ધરો | માધવ રામાનુજ |
| ૧૩૪. | પ્રેરણાના પીયૂષ | યશવંત કડીકર |
| ૧૩૫. | સુખનો સૂરજ | નટવર ગોહેલ |
| ૧૩૬. | વડદાદાની વાતો | ડૉ. યજ્ઞેશ દવે/ડૉ. કલ્પના વ્યાસ |
| ૧૩૭. | જાતરા | ચિનુ મોદી |
| ૧૩૮. | હવે આવું નહિં ચાલે | મીનળ દિક્ષીત |
| ૧૩૯. | બહેનો કંઈ કમ નથી | રમા દેસાઈ |
| ૧૪૦. | આવું માનશું? | જયશ્રી મહેતા |
| ૧૪૧. | છબી ચંદાબહેનની | આશા રાવળ |
| ૧૪૨. | કચરા બાયોગેસ ખાતર કારખાનું | મીનુ કકલિયા |
| ૧૪૩. | એમ કેમ? | બાલકૃષ્ણ બોકીલ |
| ૧૪૪. | રુપા | પુષ્પા શાહ |
| ૧૪૫. | સોનાની સવાર | મીરાં ભટ્ટ |
| ૧૪૬. | દીકરીએ દીવા બળે | પદ્મા ફડિયા |
| ૧૪૭. | ઘર-ઘરની વાત | અદિતી દેસાઈ |
| ૧૪૮. | સવારથી માંડીને | ગિજુભાઈ / તારાબહેન |
| ૧૪૯. | ગિરિ શિખરો | ગિજુભાઈ / તારાબહેન |
| ૧૫૦. | દાદા દર્શને | ગિજુભાઈ / તારાબહેન |
| ૧૫૧. | ગુજરાત - મહારાષ્ટ્ર | ગિજુભાઈ / તારાબહેન |
| ૧૫૨. | છાણા થાપી આપ્યા | ગિજુભાઈ / તારાબહેન |
| ૧૫૩. | વાડામાં | ગિજુભાઈ / તારાબહેન |
| ૧૫૪. | મામાની ભવ્ય | ગિજુભાઈ / તારાબહેન |
| ૧૫૫. | ગામમાં | ગિજુભાઈ / તારાબહેન |
| ૧૫૬. | ઓતરાની દીવાલો | ગિજુભાઈ / તારાબહેન |
| ૧૫૭. | શેરીમાં | ગિજુભાઈ / તારાબહેન |
| ૧૫૮. | શિવાજી મહારાજ | ગિજુભાઈ / તારાબહેન |
| ૧૫૯. | દાદાજીની તલવાર | ગિજુભાઈ / તારાબહેન |

**(૩) નાસા ફાઉન્ડેશન અમદાવાદ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક**

| | | |
|---|---|---|
| ૧૬૦. | અમે સમાજને સમર્પી વારસાઈ સંપત્તિ | ક્રિસ્ટોફર મોગીલ અને એનસ્લેપિયન / પીટર વુડ્રો (અમેરિકા) |

**(૪) એલ.ડી. શાહ - બિદડા તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક**

| | | |
|---|---|---|
| ૧૬૧. | વસુંધરાનું વંઠેલું સંતાન | ડૉ. મહેરવાન ભમગરા |

**(૫) શ્રી અશ્વિન ઝિંઝુવાડિયા - મુંદ્રા તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક**

| | | |
|---|---|---|
| ૧૬૨. | સરદાર સરોવર યોજના પ્રક્રિયા, પરિણામ, વિશ્લેષણ અને સૂચનો | રજની દવે |
| ૧૬૩. | નક્સલવાદ અને સર્વોદય | કાંતિ શાહ |
| ૧૬૪. | રુંધાઈ રહ્યો છે ભારતનો આત્મા | રજની દવે / પારુલ દાંડીકર |

**(૬) ડૉ. યોગેશ જાડેજા - ભુજ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક**

| | | |
|---|---|---|
| ૧૬૫. | કચ્છની વિકાસયાત્રા | તરુણકાંત છાયા |

**(૭) શ્રી હરેશ ધોળકિયા - ભુજ તરફથી પ્રાપ્ત થયેલ પુસ્તક**

| | | |
|---|---|---|
| ૧૬૬. | એકવીસમી સદીના પડકારો | હરેશ ધોળકિયા |

*પળોજણમાં માણસ જીવવાનું ભૂલી ગયો છે. - માર્ગરેટ ફુલ્લર*

# સાર સમાચાર

૧. અત્યાર સુધી આપણા દેશે દુનિયાના જુદા જુદા દેશો પાસેથી અબજો રૂપિયાના વિવિધ પ્રકારના શસ્ત્રો અને વિમાનો અને હેલિકોપ્ટરો વગેરે ખરીદેલ છે. પરંતુ આજ દિવસ સુધીમાં દુનિયાના એક પણ દેશે ભારતીય બનાવટનું એક પણ શસ્ત્ર ખરીદેલ નથી. એક નાની બંદૂક પણ કોઈએ ખરીદેલ નથી.

૨. ડિરેક્ટર જનરલ ઑફ સિવિલ એવિએશન (D.G.C.A.)ના જણાવ્યા મુજબ આપણા દેશમાં ૨૦૦ સિવિલ હેલિકોપ્ટરના ઈન્સ્પેક્શન માટે માત્ર એક જ ફ્લાઈટ ઈન્સ્પેક્ટર છે.

૩. નવસારીમાં સયાજી વૈભવ લાઈબ્રેરી છે. ત્યાં 'મને ગમતું પુસ્તક' વિશે સંવાદ વર્ષોથી એક પણ બ્રેક વગર દર મહિને ચાલે છે. અહીં બાળકો માટે પુસ્તક વાંચનની અનોખી હરીફાઈ રાખેલી. જેમાં એક એક વિદ્યાર્થીએ સેંકડો પુસ્તકો (આંકડામાં ભૂલ નથી) વાંચેલા.

૪. 'મિત્રો ભાડે મેળવવા' એ આપણા માટે આંચકાજનક બાબત છે. પરંતુ Rentalfriend.com નામની વેબસાઈટ પરથી કલાકના હિસાબે ભાડેથી મિત્રો મળે છે. તે મિત્રો હરવામાં-ફરવામાં - સિનેમા જોવામાં - શોપિંગમાં વગેરે વગેરે કામમાં સાથ આપે છે અને કામના પ્રકાર અનુસાર કલાકના ૨૦થી ૩૦ ડોલર ચાર્જ કરે છે.

૫. માહિતી અધિકાર કાયદા હેઠળ શ્રી મહેશ પંડ્યાની અરજીના જવાબમાં વન અને પર્યાવરણ મંત્રાલયે જણાવ્યું કે મંત્રીશ્રી જયરામ રમેશે મે-૨૦૦૯થી મે-૨૦૧૦ના એક વર્ષના ગાળામાં ડેન્માર્કની ૩ વખત, ચીનની ૪ વખત, અમેરિકાની ૨ વખત અને દક્ષિણ આફ્રિકાની એક વખત મુલાકાત લીધી હતી. આ મુલાકાતો દરમ્યાન કોઈ પણ દેશ સાથે કોઈ પણ જાતના કરાર કરવામાં આવ્યા નથી. **મુલાકાતના હેતુ જણાવવાના પ્રશ્નનો જવાબ આપવામાં આવેલ નથી.**

૬. ભોપાલ ગેસ દુર્ઘટના થઈ ત્યારે ભારત સરકારે યુનિયન કાર્બાઈડ કંપની પાસે ૩૩૦૦ મિલિયન ડોલરના વળતરની માંગણી કરેલી. પછી કોઈ અકળ કારણસર (એટલે કે જાણીતા કારણોસર) આઠમા ભાગની રકમ એટલે કે માત્ર ૪૭૦ મિલિયન ડોલરનું વળતર સ્વીકારી સમાધાન કરી લીધું.

૭. તાજેતરમાં જ મેક્સિકોની ખાડીમાં બ્રિટનની ઓઈલ કંપનીનું લાખો ગેલન તેલ ઢોળાયું. અમેરિકાના પ્રમુખ ઓબામાએ કોઈને પૂછ્યા વગર તથા કોર્ટને જણાવ્યા વગર બ્રિટનની કંપનીને ૨૦૦૦ કરોડ ડોલર દંડ ફટકાર્યો છે. બ્રિટીશ કંપની આટલી રકમ ચૂકવી આપવા કબૂલ થઈ ગઈ છે. (ભારત સરકાર અને અમેરિકાની સરકારમાં આટલો તફાવત!)

૮. ખાણ ખાતાના મંત્રાલયે તાજેતરમાં બહાર પાડેલ આંકડા મુજબ મુખ્ય ખનિજો માટે ૨૪૯૬ તથા ગૌણ ખનિજો માટે ૨૮,૦૫૫ ગેરકાયદેસર ખાણો દેશમાં અસ્તિત્વ ધરાવે છે.

૯. છેલ્લા એક બે વર્ષમાં ચીને ભારત પર અનેક સાઈબર ઍટેક કર્યા છે અને અત્યાર સુધીમાં એણે ૩૩૦થી વધુ સંવેદનશીલ દસ્તાવેજો ચોરી લીધા છે. ભારતમાં મિસાઈલ પ્રોજેક્ટ, સેનાની ગોઠવણી અને અન્ય તમામ લશ્કરી માહિતી ચીનના હાથમાં આવી ગઈ છે. ભારતની નેશનલ સિક્યોરીટી કાઉન્સિલની કચેરીમાંથી મહત્ત્વના ચૌદ જેટલા દસ્તાવેજ પણ ચોરી લેવામાં આવ્યા છે. આપણી લશ્કરી બાબતો વિશેની જેટલી જાણકારી આપણા વડાપ્રધાન કે સંરક્ષણ પ્રધાનને નથી એટલી જાણકારી ચીન પાસે છે.

૧૦. અમેરિકાના મુખ્ય લશ્કરી મથક પેન્ટાગોન દરરોજ બે અબજ ડોલર, લશ્કર પાછળ ખર્ચે છે.

૧૧. ઈસ્લામમાં રોજ નીતનવા ફતવાઓ બહાર પડતા રહે છે. આવા ફતવાઓની કુલ્લે સંખ્યા ૨૫ લાખથી પણ વધારે છે. દેવબંદમાં આવેલી દારુલ ઉલુમ ભારતમાં સૌથી મોટી અને વગદાર સંસ્થા ગણાય છે. **દારુલ ઉલુમે જ અત્યાર સુધીમાં સાત લાખ વીસ હજાર ફતવાઓ બહાર પાડ્યા છે.** ભારતના તમામ રાજકીય પક્ષો આ બાબતમાં મૌન પાળે છે.

૧૨. સૌરાષ્ટ્રના ધારી ગામની યોગીજી મહારાજ કૉલેજમાં છેલ્લા ૧૩ વર્ષથી સંસ્કૃતના પ્રોફેસર મુસ્લિમ મહિલા મુમતાઝબહેને 'ૐ' પર પી.એચ.ડી.ની ડિગ્રી મેળવી છે. આ વિષય પર પી.એચ.ડી. થનાર તેઓ વિશ્વની એકમાત્ર વ્યક્તિ છે.

૧૩. આંધ્ર પ્રદેશમાં એલ.એલ.એમ.ની પરીક્ષા આપતા ૫ જજ અને ૪ વકીલો ચોપડી ને કાપલીઓની મદદથી પેપર લખતા ઑન કેમેરામાં ઝડપાઈ ગયા હતા.

૧૪. નેશનલ ક્રાઈમ રેકોર્ડ - અપરાધના રાષ્ટ્રીય આંકડાના તારણ મુજબ વર્ષ ૨૦૦૪થી ૨૦૦૬ સુધીમાં આપણા દેશમાં ૧૬૦૦૦ જેટલાં બાળકોએ આત્મહત્યા કરી છે.

૧૫. સરકારી ગોડાઉનોમાં સડી ગયેલું અનાજ ગરીબોને મફત આપવાની વાત સરકારને એટલા માટે કબૂલ નથી કે એ સડેલું અનાજ દારૂ બનાવવાની ફેક્ટરીઓ લઈ જાય છે.

૧૬. દર વર્ષે ૩૦થી ૫૦ કરોડ ટન ઔદ્યોગિક કચરો પેદા થાય છે. જેમાં ૯૦% હિસ્સો સમૃદ્ધ રાષ્ટ્રોનો હોય છે. પરંતુ કોઈ અનાથ બાળકની જેમ તે કચરાને ગરીબ રાષ્ટ્રોમાં ઠાલવવામાં આવે છે. ફેબ્રુઆરી ૨૦૦૧માં ૧૧૧ ટન પારા - મરક્યુરીનો કચરો 'કિંમતી રો મટીરિયલ'ના નામે ભારતમાં ઘૂસાડવામાં આવેલો. આ પ્રક્રિયા આપણા દેશમાં આજ સુધી ચાલુ છે.

૧૭. સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમવાર સાઈકલ સવારી કરનાર સ્ત્રી એટલે સરદાર પુત્રી મણિબહેન પટેલ.

૧૮. તા. ૧૭-૨-૧૯૭૩ના અમેરિકાના હેન્રી કિસિંજર ચીનની મુલાકાતે ગયેલા. માઓ-ત્સે-તુંગ સાથેની ચર્ચા દરમ્યાન માઓએ

*કેટલીકવાર ગુમાવવામાં જ સૌથી વધારે લાભ હોય છે. – હર્બર્ટ*

કહ્યું કે 'ચીન એક ગરીબ દેશ છે, તે અમેરિકાને કશું જ આપી શકે એમ નથી. પણ હા, અમારે ત્યાં સ્ત્રીઓ ઘણા મોટા પ્રમાણમાં છે. જો અમેરિકા ઈચ્છે તો ચીન એક કરોડ સ્ત્રીઓને અમેરિકામાં નિકાસ કરી શકે છે.' આ વાત વર્ષ ૧૯૭૩ની છે. આજે સમગ્ર દુનિયામાં વધુમાં વધુ સંખ્યામાં સ્ત્રી ભ્રૂણ હત્યા ચીનમાં થાય છે.

૧૯. તા. ૨૨-૯-૨૦૧૦ના રોજ જગતનું સૌથી મોંઘામાં મોંઘું પુસ્તક પ્રકાશિત થયું છે. જેની કિંમત ૮.૮ લાખ ડોલર એટલે કે રૂા. ૪૧૩.૬ કરોડ છે. આ પુસ્તકની માત્ર ૧૯ નકલો જ છાપવામાં આવેલ છે.

૨૦. ગુજરાત સરકારે રતન તાતાને રૂા. દસ હજાર કરોડ માત્ર ૦.૧% (૧% નહિ, ૦.૧%) વ્યાજે આપ્યા છે અને તે વ્યાજ પણ ૨૦ વર્ષ સુધી ચૂકવવાનું નથી! ઉપરાંત તાતાને ૧૦૦૦ એકર જમીન બજારભાવ કરતાં ૧/૧૦ દસમા ભાવે આપેલ છે. ક્યાં જે.આર.ડી. તાતા ને ક્યાં રતન તાતા? આસમાન - પાતાળ જેટલો ફરક!

૨૧. અને સરખાવો. ગુજરાત સરકારે માથે મેલું ઉપાડનાર (એટલે કે જૂની ભાષામાં ભંગી)ને જો નૅનો કાર ખરીદવી હોય તો રૂા. વીસ હજાર સબસિડી આપવાની જાહેરાત કરી છે. પણ સાથે શરત એ કે તેણે બેંકમાંથી ૧૧% વ્યાજે રૂા. ૮૦,૦૦૦/-ની લોન લેવી! (પાગલપણાની પણ સીમા હોવી જોઈએ.)

૨૨. ભારત સરકારે હાલમાં જ રમાયેલી કોમનવેલ્થ ગેમ વખતે રોજના એક લાખ કોન્ડોમ વપરાશે એમ ગણીને એટલા કોન્ડોમનો જથ્થો જુદી જુદી ૧૫૦ જગ્યાએ મૂકવાની સગવડ કરેલી. ગેમ વખતે રશિયા તથા અન્ય દેશોમાંથી મોટે પાયે આ વ્યવસાય અર્થે સ્ત્રીઓ ભારત આવેલી.

૨૩. વર્ષ ૧૯૬૯-૭૧ના ગાળામાં તારાપુર અણુ મથકનું યુનિટ નં.-૧ કુલ ૪૨ વખત અને યુનિટ નં.-૨ કુલ ૩૩ વખત ખામીના કારણે બંધ કરવું પડેલું. ક્યારેક વાલ્વ લીક થવાના કારણે તો ક્યારેક ફ્યુઅલ રોડને નુકસાન થવાના પ્રશ્ને પાવર પ્લાન્ટ બંધ કરવાની જરૂર પડેલી. પ્લાન્ટની હકીકતો બહાર ન પહોંચે તેની સરકાર તરફથી ખૂબ તકેદારી રાખવામાં આવેલી.

૨૪. F.A.O.ના ૨૦૦૭ના અહેવાલ મુજબ અનાજનો વપરાશ

| | | |
|---|---|---|
| પ્રતિદિન વ્યક્તિદીઠ | અમેરિકામાં | ૨૪૦૦ ગ્રામ |
| | ચીનમાં | ૭૨૯ ગ્રામ |
| | આફ્રિકામાં | ૫૩૮ ગ્રામ |
| | અન્ય અવિકસિત દેશોમાં | ૪૯૯ ગ્રામ |
| | ભારતમાં | ૪૭૭ ગ્રામ |

પછી ૨૦૦૮માં ભારતમાં ઘટીને વ્યક્તિદીઠ ૩૭૫ ગ્રામનો વપરાશ હતો. (૨૦૦૯-૨૦૧૦માં....?)

૨૫. આર.ટી.આઈ. હેઠળ પૂછાયેલા પ્રશ્નના જવાબમાં સરકારે જણાવેલ છે કે ૧૯૯૭થી ૨૦૦૭ સુધીમાં ૧૩ લાખ ટન અનાજ ગોદામોમાં જ સડી ગયું. જેનો નિકાલ કરવા માટે રૂા. ૨૫૯ કરોડનો ખર્ચ થયો!

૨૬. બનાસકાંઠામાં ૬૫૭૪ એકર જમીન દલિત કુટુંબોને ૧૯૮૨માં વહેંચી આપવા સરકારે કાયદો - ઠરાવ કર્યો. આજે ૨૮ વર્ષ પછી પણ દલિતોને જમીનનો કબજો મળેલ નથી. જોકે સરકારી રેકોર્ડ ઉપર માલિક તરીકે નામ દલિતોના છે! પણ કબજો એકેય પાસે નથી.

૨૭. ભારતના ૧૫ કરોડ ગ્રામીણ કુટુંબોમાંથી ૯ કરોડ કુટુંબો ખેડૂત છે. તેમાંના ૪૯% ખેડૂતો દેવાદાર છે. આંધ્રમાં ૮૨% તથા ગુજરાતમાં ૫૨% ખેડૂતો દેવાદાર છે.

૨૮. વર્ષ ૨૦૦૯માં S.S.C. બોર્ડમાં ૮૬,૦૦૦ વિદ્યાર્થીઓ માતૃભાષા ગુજરાતીમાં નાપાસ થયા છે.

*(ભૂમિપુત્ર, નયામાર્ગ, નિરીક્ષક, દલિત અધિકાર, નવનીત સમર્પણ, સાધના વગેરે વગેરેમાંથી)*
*સંકલન : શાંતિલાલ સંઘવી*

*હેલિકોપ્ટરની હાઈટ - સ્પીડ ઓછી, અવાજ વધુ.*
*વિમાનની હાઈટ - સ્પીડ વધુ, અવાજ ઓછો.*
*રોકેટની હાઈટ - સ્પીડ સૌથી વધુ, અવાજ બિલકુલ નહિ.*
*મહાપુરુષો રોકેટ જેવા હોય, બોલે ઓછું અને કરે વધુ.*
*પ્રેષક : પ્રભુલાલ સંઘવી*

*ઉતાવળ દરેક ધંધાને નિષ્ફળ બનાવે છે. - હિરોડોટ્સ*

# જાણવા જેવું

***સંકલન : સૂરજલાલ મહેતા***

૧. ભગવાન નટરાજને નૃત્યના આરાધ્યદેવ માનવામાં આવે છે અને નૃત્ય પણ ઈશ્વરને રિઝવવાનો એક પ્રકાર ગણવામાં આવે છે. એ સંદર્ભમાં ભારતમાં જે જુદા જુદા નૃત્ય પ્રકારો છે તેની માહિતી જોઈએ તો –

(ક) ભરત નાટ્યમ : ભરત નાટ્યમ્ એ નૃત્યના પ્રકારોમાં સૌથી જાણીતો પ્રકાર છે. લગભગ બે હજાર વર્ષ જૂનું એને માનવામાં આવે છે. કર્ણાટક અને તામિલનાડુમાં તે ઘણું પ્રખ્યાત છે.

(ખ) કથક : કથક શબ્દ મૂળભૂત રીતે કથા પરથી લેવામાં આવ્યો છે. કથા એટલે વાર્તા કહેવી કે તે કહેવાની શૈલી. કથક ભરત નાટ્યમને મળતું આવે છે પણ તે ઉત્તર ભારતની સાથે સંકળાયેલું છે.

(ગ) કથકલી : ઘણીવાર કથક અને કથકલી બંને નૃત્યોને એક જ માનવાની ભૂલ કરવામાં આવે છે. પણ બંને નૃત્ય પ્રકાર અલગ અલગ છે. કથકલી એ કેરળનું નૃત્ય છે. કથકલી એ તેના ભારે મેક-અપ અને વસ્ત્ર પરિધાનને કારણે જાણીતું છે. કથકલીમાં ભારતના શાસ્ત્રો પર વાર્તાનો આધાર રાખવામાં આવે છે.

(ઘ) કૂચીપૂડી : કૂચીપૂડી એ દક્ષિણ ભારતની સાથે સંબંધ ધરાવે છે. આંધ્ર પ્રદેશમાં કૂચીપૂડી નામનું ગામ આવેલું છે. તેના પરથી આ નૃત્યનું નામ રાખવામાં આવ્યું છે.

(ચ) મણિપુરી : મણિપુર નૃત્ય એ ભરત નાટ્યમ્ બાદ સૌથી જાણીતો નૃત્યનો પ્રકાર છે. તેના રંગબેરંગી વસ્ત્ર પરિધાન, પ્રકાશનો ઉપયોગ અને અભિવ્યક્તિની શૈલી અને કાવ્યાત્મક રજૂઆત તેનું મહત્ત્વનું પાસું છે.

(છ) મોહિની અટ્ટમ : મોહિની અટ્ટમ પણ કેરળનું નૃત્ય છે. જેનો અર્થ થાય છે સુંદર સ્ત્રી દ્વારા કરવામાં આવેલું નૃત્ય એમ માનવામાં આવે છે.

(જ) ઓડિસી : ઓડિસી, એ ઓરિસ્સાનું નૃત્ય છે. તેનો ઈતિહાસ પણ લગભગ બે હજાર વર્ષ જૂનો માનવામાં આવે છે.

આમ ભારતના શાસ્ત્રીય નૃત્યના પ્રકારો વર્ણવેલા છે.

૨. વિશ્વની ટોપ ટેન લાંબી નદીઓ

(૧) એમેઝોન - ૬૯૯૨ કિ.મી. દક્ષિણ અમેરિકા
(૨) નાઈલ - ૬૬૫૦ કિ.મી. ઈજિપ્ત
(૩) યાંગત્સેક્યાંગ - ૬૩૦૦ કિ.મી. ચીન
(૪) મીસીસીપી - ૬૨૭૫ કિ.મી. અમેરિકા
(૫) યેન સેઈ એંગારા - ૫૫૩૯ કિ.મી. રશિયા
(૬) હુઆંગ-હે - ૫૪૬૪ કિ.મી. ચીન
(૭) ઓલ-ઈરીશ - ૫૪૧૦ કિ.મી. ચીન-રશિયા
(૮) કોંગો - ૪૭૦૦ કિ.મી. કોંગો
(૯) હેલોગજિઆંગ - ૪૪૪૪ કિ.મી. ચીન રશિયા
(૧૦) લેના - ૪૪૦૦ કિ.મી. રશિયા

૩. સમુદ્રમાં સફર કરતા જહાજો ક્યારેક તો નાનકડા ગામ જેટલાં મોટાં હોય છે. આવાં તોતિંગ જહાજો પાણી પર તરે તે જોઈને નવાઈ લાગે. વિશ્વના સૌથી મોટા જહાજ વિશે પણ જાણવા જેવું છે. અમેરિકાનું અમેરિકન ક્વીન જહાજ સ્ટીમ એન્જિન ડીઝલ તેમજ ઈલેક્ટ્રિક વડે ચાલે છે. ૬ ડેકના આ જહાજમાં ૪૩૬ પ્રવાસી સમાય છે. ૩૭૦૭ ટન વજનનું આ જહાજ ૪૧૮ ફૂટ લાંબું અને ૧૦૯ ફૂટ ઊંચું છે.

## શબ્દ રમત-૫૪નો ઉકેલ

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દી | પ | | તા | | પા | લ | વ | | સ | ત્તા | | ક | ર | ચ |
| પો | ળ | | જ | | દ | | છ | ક | ડો | | વ | ર્ણ | | મ |
| ત્સ | | ભા | ગી | દા | ર | | પા | | | પ | સં | | ધા | ર |
| વ | સ | ઈ | | મ | | સ | લ | ગ | મ | | ત | પ | | બં |
| | | બી | | ન | ય | ન | | ર | ગ | ડો | | સા | વ | ધ |
| | ગા | જ | | | જ | | ના | જ | ર | | દ | રો | | |
| વા | મ | | ગ | રિ | મા | | ગ | | | વા | રી | | હ | ર્ષ |
| | ત | ર | ણ | | ન | ર | કે | સ | રી | | ખા | ત | રી | |
| સા | રું | | વે | ગ | | | સ | | ત | પ | ન | | ફા | ર્મ |
| | | પો | શ | | અં | કુ | ર | | ભા | | | રા | ઈ | |
| મ | ને | ખ | | ન | ગ | મા | | કો | ત | ર | કા | મ | | ત |
| ધુ | | ર | વિ | | ત | ર | ક | ટ | | સા | | ફ | જ | ર |
| સૂ | ડી | | પુ | ર | | | ઠિ | | ચ | ળ | વ | ળ | | તો |
| દ | | બી | લ | | ર | શિ | યા | | મ | | ર | | સો | ફા |
| ન | ર | ક | | વી | જ | | રો | ન | ક | | મ | હા | જ | ન |

*ઓક્ટોબર-૨૦૧૦ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૫૩ના ઉકેલ મોકલાવનારના બાકી રહી ગયેલ નામ*


| | | | |
|---|---|---|---|
| ૧. | હેમાબહેન આર. દેઢિયા | મુંબઈ | બધા સાચા |
| ૨. | ચંદ્રાબહેન મહેન્દ્ર શાહ | અમદાવાદ | બધા સાચા |
| ૩. | મોના જિતેન્દ્ર શાહ | હૈદ્રાબાદ | ૧ ભૂલ |
| ૪. | એ. જે. ભટ્ટ | અમદાવાદ | ૧ ભૂલ |
| ૫. | સરોજબહેન ચંદુરા | સુરત | ૨ ભૂલ |
| ૬. | પ્રભા મહેન્દ્ર શેઠિયા | વલસાડ | ૩ ભૂલ |
| ૭. | રોહિત આર. ગાંધી | અમદાવાદ | ૫ ભૂલ |
| ૮. | જ્યોતિ લક્ષ્મીચંદ શાહ | અમદાવાદ | ૬ ભૂલ |

*નવેમ્બર-૨૦૧૦ના અંકમાં છપાયેલ શબ્દ રમત-૫૪ના ઉકેલ મોકલાવનારના બાકી રહી ગયેલ નામ*

| | | | |
|---|---|---|---|
| ૧. | કિશોર જે. શાહ | ભુજ | બધા સાચા |
| ૨. | પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા | વલસાડ | બધા સાચા |
| ૩. | ચંદ્રાબહેન મહેન્દ્ર શાહ | અમદાવાદ | બધા સાચા |
| ૪. | સરલા ચંદ્રકાંત શાહ | અમદાવાદ | બધા સાચા |
| ૫. | અરવિંદ જયંતીલાલ ભટ્ટ | અમદાવાદ | બધા સાચા |
| ૬. | પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ | ૧ ભૂલ |
| ૭. | રોહિત ગાંધી | અમદાવાદ | ૫ ભૂલ |
| ૮. | મોના જિતેન્દ્ર શાહ | અમદાવાદ | ૫ ભૂલ |

## શબ્દ રમત-૫૫

*સંકલન : સૂરજલાલ મહેતા*



શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૨૧-૧૨-૨૦૧૦)*

### આડી ચાવીઓ

૧. એક પ્રાણીજ ચીકણો પદાર્થ (૪)
૩. એક વિદેશી આયાતી પૌષ્ટિક ફળ (૫)
૬. અસાધારણ, અનોખું (૪)
૯. ધાણાની ભાજી (૪)
૧૦. રામના પરમ ભક્ત, પવનપુત્ર (૪)
૧૧. લઘરવઘર, મુફલિસ (૪)
૧૪. પકડા-પકડીની બાળ રમત (૫)
૧૬. માણસાઈ, મનુષ્ય ઉપર પ્રેમ (૪)
૧૮. ઝાડાનો એક રોગ (૩)
૧૯. કુરાનમાં વર્ણવેલ એક વિદ્વાન પુરુષ (૪)
૨૧. .... કરે સો આજ કર (૨)
૨૪. પોતાનું (૨)
૨૬. દમામ, ભપકો, તેજ (૨)
૨૭. જોડે, ભેગું (૨)
૨૯. મજા, આનંદ (૫)
૩૧. ગુસ્સાનો બોલ, તુચ્છકાર (૩)
૩૩. ખરેખર, વસ્તુતઃ (૫)
૩૫. કસબ, સૌંદર્યયુક્ત રચના (૨)
૩૭. કાંટો, ત્રિશૂલ (૨)
૩૮. સો હજાર (૨)
૩૯. ગદ્યમાં લખેલી કલ્પિત વાર્તા (૫)
૪૦. અકળામણ, મૂંઝવણ (૫)
૪૨. બહુ વખતથી વપરાયા વિનાનું (૪)
૪૪. એક શરબત જેવું પીણું (૪)
૪૭. લોઢાની તવી, રોટલી શેકવાનું પાત્ર (૨)
૪૮. મારપીટ, મારવું-પીટવું (૪)
૫૦. મનની ધારણા, મુરાદ, ઈચ્છા (૪)
૫૧. ...પતિ મુંજ (૩)
૫૩. આંધળું, પ્રજ્ઞાચક્ષુ (૨)
૫૪. પિતાના ભાઈ (૨)
૫૫. વાલુકા (૨)
૫૬. ટૂંકી ધોતી (૩)
૫૭. સૂકવેલી વસ્તુ (૪)
૫૮. ઘઉંના લોટની પાતળી ગોળ શેકેલી વાની (૩)
૬૦. સ્વામી, પતિ (૨)
૬૧. ચાલતા દિવસની આગળ-પાછળનો દિવસ(૨)
૬૩. માલ મિલ્કત, દોલત (૨)
૬૪. યોજના કે વ્યવસ્થા કરવી (૪)
૬૬. અધિકારી (૫)
૬૭. બાળકને ઝુલાવતાં ગવાતું ગીત (૪)
૬૮. એક તેલી બી, ચામડીનો ડાઘ (૨)

### ઊભી ચાવીઓ

૧. આફ્રિકાનું લાંબી ડોકવાળું જંગલી પશુ (૩)
૨. કશું ખાધા વિનાનો ઉપવાસ (૪)
૩. નજીકનું, પાસે પડેલું (૪)
૪. ફેર, તફાવત (૩)
૫. એક સૂકો મેવો, આલૂ (૪)
૬. અટકળ, કલ્પના (૪)
૭. સામગ્રી, રાચરચીલું (૩)
૮. માણસનું ભલું કરવું (૬)
૧૨. ખેલાડીઓની ટુકડી (૨)
૧૩. ગાંધીજી સૂતર કાંતતા તે... (૩)
૧૫. વેચાણનું નાણું (૩)
૧૭. યુક્તિ, પ્રપંચ (૨)
૨૦. પેઠે, પ્રમાણે (૩)
૨૨. ગમતું, સ્વીકારેલું (૩)
૨૩. દશરથ પુત્ર.... ની જોડી (૫)
૨૪. ....નિરાકાર, શુદ્ધ ચૈતન્ય (૪)
૨૫. ન્યાયાધીશ (અં.) (૨)
૨૭. ખોટો લાભ, નુકસાન (૪)
૩૦. મૂળ ઉપરથી ઉભરેલું બીજું લખાણ ઊંટની નાથ (૩)
૩૧. ગાગર.... લાગી, ઊભરાવા લાગી (૪)
૩૨. તદ્દન કોરું - સૂકું (૪)
૩૪. અઘરા, મુશ્કેલ (કચ્છી) (૩)
૩૬. સોટી, લાઠી (૩)
૪૦. સન્ની દેઓલની એક ફિલ્મ (૩)
૪૧. મેઘ....., એક રાગ (૩)
૪૨. બે અને અડધું (૨)
૪૩. રથ, એક મોટું જળચર પ્રાણી (૩)
૪૪. થડકો, બીક (૪)
૪૫. સૌરાષ્ટ્રનું એક નગર (૪)
૪૬. પડતી દશા (૩)
૪૭. થાકી ગયેલું (૪)
૪૮. ... ક્યાંય નથી મધુવનમાં (૩)
૪૯. તંગી, હાડમારી (૨)
૫૧. બહાદુર માણસ (૪)
૫૨. સમુદ્રમાં રહેલો અગ્નિ (૫)
૫૩. કાકા (અં.) (૩)
૫૭. ટીમનો કેપ્ટન (૩)
૫૯. આંખમાં દેખાતી ઝીણી રગ (૩)
૬૦. ખ્રિસ્તી તહેવાર, ઈશુ જયંતી (૩)
૬૨. મન, ચિત્ત (૨)
૬૩. મોટું, મહાન (૨)
૬૪. સીધું નહિ તેવું (૨)
૬૫. ... લખવાનું કે (૨)

*આગથી ડરો છો તેમ દુષ્કર્મથી પણ ડરો - તિરુવલ્લુવર*

# સુડોકુ

– હરખચંદ સાવલા

સુડોકુ ક્રમાંક-૧૦૧૨ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને મંગલ મંદિર કાર્યાલય પર તા. ૨૧-૧૨-૨૦૧૦ સુધીમાં મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

સાચા જવાબો મોકલનારના નામ જાન્યુઆરી-૨૦૧૧ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

**શરતો :**

૧. **૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ.**

૨. **૧થી ૯ના આંકડા 3 X 3ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.**

## ક્રમાંક - ૧૦૧૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૬ | ૩ | | | | ૨ | |
| | ૧ | | ૬ | ૪ | | | ૭ | ૫ |
| | ૪ | | ૮ | | | ૬ | ૩ | |
| | ૮ | ૫ | | | | ૯ | | ૩ |
| | | ૩ | ૫ | ૮ | | ૧ | | ૭ |
| | ૯ | ૪ | | ૩ | ૬ | ૫ | | |
| ૪ | ૭ | | | ૧ | ૩ | | | ૬ |
| ૯ | | ૨ | | | ૪ | | | ૮ |
| ૫ | | | | | ૮ | ૭ | ૯ | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | ૬ | | | ૪ |
| | | ૫ | ૪ | ૩ | | | ૧ | |
| | ૯ | ૪ | | ૫ | | | ૮ | ૬ |
| ૪ | | | | | ૮ | | | ૩ |
| | ૭ | ૮ | | ૪ | ૫ | | ૨ | |
| | ૨ | | | ૬ | | ૮ | ૪ | |
| | ૪ | | | ૨ | ૩ | | ૬ | |
| | ૧ | ૨ | ૬ | | | ૫ | | |
| | | ૩ | | ૯ | | | ૭ | ૨ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | ૧ | ૬ | | | | ૯ | |
| | | ૯ | ૪ | | | | ૮ | |
| ૭ | ૪ | | ૯ | | | ૧ | | |
| ૪ | | | ૫ | | | ૬ | | |
| | | | ૭ | | ૧ | | | |
| | | ૬ | | | ૪ | | | |
| | | ૪ | | | ૭ | | ૨ | ૧ |
| | ૨ | | | | ૫ | ૯ | | |
| | ૩ | | | | ૬ | ૮ | | ૪ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | ૩ | | ૬ | | | | ૯ |
| | | ૮ | | ૪ | | ૬ | | ૩ |
| ૬ | ૨ | | ૩ | | | | | |
| ૨ | | | ૧ | | | | | |
| | | | ૬ | | ૫ | | | |
| | | ૭ | | | ૩ | ૧ | | |
| | | ૨ | | | ૪ | ૯ | | ૧ |
| | ૩ | | | | ૬ | | ૮ | |
| | ૭ | | | | ૨ | ૩ | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૧૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૭ | ૨ | ૫ | ૧ | ૩ | ૯ | ૪ |
| ૫ | ૯ | ૩ | ૮ | ૪ | ૬ | ૭ | ૨ | ૧ |
| ૪ | ૧ | ૨ | ૯ | ૭ | ૩ | ૫ | ૬ | ૮ |
| ૬ | ૮ | ૯ | ૧ | ૩ | ૭ | ૪ | ૫ | ૨ |
| ૭ | ૩ | ૫ | ૬ | ૨ | ૪ | ૮ | ૧ | ૯ |
| ૧ | ૨ | ૪ | ૫ | ૯ | ૮ | ૬ | ૩ | ૭ |
| ૩ | ૪ | ૬ | ૭ | ૧ | ૨ | ૯ | ૮ | ૫ |
| ૨ | ૫ | ૮ | ૪ | ૬ | ૯ | ૧ | ૭ | ૩ |
| ૯ | ૭ | ૧ | ૩ | ૮ | ૫ | ૨ | ૪ | ૬ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૩ | ૭ | ૯ | ૨ | ૮ | ૪ | ૬ | ૫ |
| ૨ | ૫ | ૪ | ૬ | ૧ | ૭ | ૩ | ૯ | ૮ |
| ૯ | ૬ | ૮ | ૩ | ૫ | ૪ | ૧ | ૭ | ૨ |
| ૩ | ૭ | ૯ | ૫ | ૪ | ૨ | ૬ | ૮ | ૧ |
| ૫ | ૪ | ૬ | ૧ | ૮ | ૯ | ૭ | ૨ | ૩ |
| ૮ | ૧ | ૨ | ૭ | ૩ | ૬ | ૯ | ૫ | ૪ |
| ૪ | ૯ | ૫ | ૨ | ૬ | ૧ | ૮ | ૩ | ૭ |
| ૬ | ૮ | ૩ | ૪ | ૭ | ૫ | ૨ | ૧ | ૯ |
| ૭ | ૨ | ૧ | ૮ | ૯ | ૩ | ૫ | ૪ | ૬ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨ | ૧ | ૪ | ૬ | ૫ | ૭ | ૮ | ૯ |
| ૯ | ૬ | ૫ | ૭ | ૮ | ૩ | ૧ | ૨ | ૪ |
| ૮ | ૪ | ૭ | ૧ | ૯ | ૨ | ૬ | ૫ | ૩ |
| ૬ | ૮ | ૪ | ૯ | ૭ | ૧ | ૨ | ૩ | ૫ |
| ૧ | ૩ | ૨ | ૫ | ૪ | ૮ | ૯ | ૭ | ૬ |
| ૫ | ૭ | ૯ | ૩ | ૨ | ૬ | ૪ | ૧ | ૮ |
| ૨ | ૧ | ૬ | ૮ | ૫ | ૪ | ૩ | ૯ | ૭ |
| ૪ | ૯ | ૮ | ૨ | ૩ | ૭ | ૫ | ૬ | ૧ |
| ૭ | ૫ | ૩ | ૬ | ૧ | ૯ | ૮ | ૪ | ૨ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૪ | ૬ | ૭ | ૯ | ૧ | ૫ | ૨ | ૮ |
| ૮ | ૯ | ૭ | ૩ | ૫ | ૨ | ૪ | ૬ | ૧ |
| ૨ | ૫ | ૧ | ૮ | ૬ | ૪ | ૩ | ૯ | ૭ |
| ૭ | ૨ | ૪ | ૬ | ૩ | ૫ | ૮ | ૧ | ૯ |
| ૯ | ૮ | ૫ | ૧ | ૨ | ૭ | ૬ | ૩ | ૪ |
| ૬ | ૧ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ | ૫ | ૨ |
| ૫ | ૬ | ૮ | ૨ | ૭ | ૯ | ૧ | ૪ | ૩ |
| ૪ | ૭ | ૯ | ૫ | ૧ | ૩ | ૨ | ૮ | ૬ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૮ | ૬ | ૯ | ૭ | ૫ |

### ઓક્ટોબર-૨૦૧૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૧૦નો સાચો ઉકેલ મોકલનારની બાકી રહી ગયેલ નામાવલિ

૧. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૨. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૩. મમતા જિતેન્દ્ર શાહ - અમદાવાદ
૪. પ્રભા મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૫. મૈત્રી જયેશ શાહ - અમદાવાદ
૬. તોરલ ડોલર છેડા - અમદાવાદ
૭. સરોજબહેન ચંદુરા - સુરત

**૧ ભૂલવાળાની નામાવલિ**

૮. અરવિંદ જે. ભટ્ટ - અમદાવાદ
૯. કામિની સ્નેહલ શેઠ - અમદાવાદ

### નવેમ્બર-૨૦૧૦ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૧૧નો સાચો ઉકેલ મોકલનારની નામાવલિ

૧. પ્રતાપ નારાણજી દંડ - અમદાવાદ
૨. હર્ષા પ્રવીણ મારુ - વડોદરા
૩. પ્રભાબહેન મહેન્દ્ર શેઠિયા - વલસાડ
૪. યોગિની ચેતન શાહ - અમદાવાદ

ઉપરના ૪ પ્રતિયોગીઓ સુડોકુ માસ્ટર છે કે જેમણે પ્રિન્ટીંગ ભૂલ સુધારીને સાચાં જવાબો લખેલ છે.

૫. ઉષ્મા વિશાલ શાહ - અમદાવાદ
૬. સ્મિતા વિશાલ શાહ - અમદાવાદ
૭. મમતા જિતેન્દ્ર શાહ - અમદાવાદ

**૧ ભૂલવાળાની નામાવલિ**

૮. કિરણ ઉમરશી રાંભિયા - નડિયાદ

મહેચ્છાના વિમાનમાં સવારી કરો,
સફળતાના એરપોર્ટ પર ઉતરાણ થશે
નસીબ તમારું જ છે.

ઈશ્વરે સંઘર્ષો સામે ઝઝૂમવા માટે જ તમને પૃથ્વી પર જન્મ આપ્યો છે.

**સંકલન : પોપટલાલ નેણશી ધરોડ**

★ રોમન ગ્રૂપના ચેરમેન ભૂપેન શામજી છેડાએ જણાવ્યું હતું કે જુહુની હોટલ તુલીપ સ્ટારમાં પૂરબહારમાં નવરાત્રિ ઉત્સવ જામી ગયેલ છે. શનિવાર, તા. ૧૬મી ઓક્ટોબર, ૨૦૧૦ની રાત્રિએ જાણીતા ટી.વી. સીરિયલ 'તારક મહેતા કા ઊલટા ચશ્મા'ની ટીમ ખેલૈયા જોડે દાંડિયા રમેલ હતી. આ નવરાત્રિમાં વિવિધ કેટેગરીમાં રોજ ભરપૂર ઈનામો આપવામાં આવેલ છે.

★ ચેમ્બર ઓફ કોમર્સ તથા રાજસ્થાન સેવા સમિતિની વર્ષો જૂની માંગણીના ફળ સ્વરૂપે જોધપુર - ગાંધીધામ ટ્રેન શરૂ કરાતાં રેલવે સ્ટેશન પર આવી પહોંચેલ ટ્રેનનું પરંપરાગત રીતે રાજસ્થાની ઢબે સ્વાગત કરવામાં આવ્યું હતું.

★ રણકાંધીએ હાજીપીરના દરબારમાં ઈશ્વર - અલ્લાહ એકની ઉક્તિને સાચા અર્થમાં સાર્થક કરતાં સીમા જન કલ્યાણ સમિતિના નેજા હેઠળ શરૂ કરાયેલી નવરાત્રિમાં આદ્યશક્તિ આરાધના રૂપ માતાજીની આરતીમાં મુસ્લિમ તેમજ કોળી જ્ઞાતિના લોકો ઉમંગભેર જોડાયા હતા.

★ કેન્દ્રના યુવા ખેલ મંત્રાલય દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય મહિલા ચેમ્પિયનશિપ યોજાય છે. આ વર્ષે પૂનામાં યોજાનારી આ ૩૬મી સ્પર્ધામાં કચ્છની, ભૂમિ પરમાર સાતમી વખત ટેનિસમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે. અગાઉ ભૂમિએ રાષ્ટ્રીય કક્ષાની મેચોમાં બે કાંસ્ય અને ત્રણ રજત મેડલ મેળવ્યા છે.

★ કચ્છમિત્ર દૈનિકના વ્યવસ્થાપક શ્રી શૈલેષભાઈ કંસારાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કવિ મુકુંદ મહેતા 'અલ્પ'ના પુસ્તક વિમોચન પ્રસંગે કવિ તેજે 'કચ્છીમાં બોલવું એ તો પ્રત્યેક કચ્છી માટે ગૌરવપ્રદ છે જ પરંતુ કચ્છીમાં સર્જન કરવું એ સવાયું ગૌરવ છે' આ શબ્દો 'અખમેં પાણી અખ ભિજાણી'ના વિમોચન વખતે જણાવ્યું હતું.

★ આદિપુરની તોલાણી કૉલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સના ઉપક્રમે યોજાયેલ રાષ્ટ્રીય સિંધી સ્ત્રી પરિષદમાં ઉપપ્રમુખ શ્રીકાંત ભાટિયાએ જણાવેલ કે પચાસ હજાર જેટલા મોબાઈલ ફોન નંબરોની ડિરેક્ટરી બનાવેલ છે. છેલ્લા ૧૩ વર્ષોમાં યોજાયેલા સેમિનારોમાં 'અસાંજી વિરાસત' અને 'સિંધી ફેમિલી નંબર વન' રજૂ થયેલ કાર્યક્રમોમાં ખૂબ સફળ થયા છે. તેમણે જણાવેલ કે આપણા સમાજના ૨૫ સિંધીઓ સનદી અધિકારીઓ તરીકે ફરજ બજાવે છે.

★ પૂર્વ મુખ્યમંત્રી સુરેશભાઈ મહેતાના કન્વીનરપણા હેઠળ માંડવી શહેરના બૌદ્ધિક નાગરિકોના સંગઠન હેઠળ વર્તમાન શાસકોની સામે અવાજ ઉઠાવવા બૌદ્ધિક નાગરિકો એકસંપ થયા છે તે બદલ તેમણે આભાર વ્યક્ત કરેલ.

★ ૨૦૦૧ના કચ્છમાં આવેલ ભયંકર ભૂકંપ બાદ કચ્છના અંજાર શહેર નજીક સ્થાપિત થયેલ 'વેલસ્પન' કં઼ું.નું આયકર દરોડામાં રૂા. ૫૯૯ કરોડનું ડિસ્ક્લોઝર થતાં તેને રૂા. ૨૦૦ કરોડનો ટેક્ષ ભરવો પડશે તેવું આયકર વિભાગના સૂત્રોનું કહેવું છે.

★ રાજ્યભરમાં કડવા પાટીદાર સમાજમાં ચર્ચાસ્પદ બનેલ નખત્રાણા તાલુકાના ભડલી - થરાવડા જમીનોના ૩૪-૩૪ બોગસ દસ્તાવેજ કેસમાં અંતે પોલીસે આ સમગ્ર કિસ્સાના મુખ્ય કલાકાર ગાંધીધામના દેવજી ઉઠા મહેશ્વરની ધરપકડ કરી હતી. જેને નખત્રાણાની અદાલતે તા. ૨૫-૧૦ સુધી દસ દિવસના રિમાન્ડ ઉપર લેવાનો હુકમ કરેલ. આ તહોમતદાર મોં ખોલે તો 'અનેક' આંટામાં આવે તેવી સંભાવના છે.

★ પ્રસિદ્ધ તીર્થધામ માતાના મઢ ખાતે આશ્વિન નવરાત્રિએ ૭ લાખ લોકોએ માતાજીના દર્શન કર્યા હતા. હવન, સાતમની રાત્રે ૧૨.૪૫ કલાકે, માજી મહારાવ પ્રાગમલજી ત્રીજાની તબિયત અસ્વસ્થ હોતાં પતરીની વિધિ રાજા બાવા યોગેન્દ્રસિંહજીના હસ્તે થયેલ અને તેમણે હવનમાં બીડું હોમ્યું હતું. મા આશાપુરાના દર્શન માટે એસ.ટી. વ્યવસ્થા તંત્ર તરફથી ખાસ બસો દોડાવવામાં આવેલ. જેમાં તંત્રને રૂા. ૬ લાખ જેટલી આવક થવા પામેલ.

★ ભુજમાં ક્રિકેટના સટ્ટામાં પકડાયેલ ત્રણ આરોપીઓ રાજેશ જેંતીલાલ ઠક્કર, નીરવ અશોક સોની અને ચિંતન મનસુખલાલ વોરાને જ્યુડિશિયલ કસ્ટડીમાંથી તેમના વડીલો દ્વારા ચીફ કોર્ટમાં રજૂ કરાતાં ત્રણેયને ન્યાયાધીશે જામીન પર છોડેલ હતા.

★ ભચાઉ તાલુકાના આધોઈ ગામની બેરા પ્રાથમિક શાળામાંથી વર્ષ ૨૦૧૦ની પ્રથમ રાત્રિએ ટી.વી. રીસીવર તથા ફિલીપ્સ કંપનીના ટેપ રેકર્ડરની ચોરી કરનાર કોઠારાના ભોજરાજ ઉર્ફે રાજન હરજી મહેશ્વરીને ભચાઉની કોર્ટે બે વર્ષની સખત કેદની સજા તથા રૂા. ૩,૦૦૦/-નો દંડ ફટકારેલ છે.

★ સરહદી જિલ્લાની કોમી એકતાની દીવાદાંડી સમાન રણકાંધીએ

સોઢ્રાણાના શહેનશાહ હાજીપીરના દરબારમાં મુંજાવર પરિવારના સહયોગથી શરૂ થયેલ નવરાત્રિ રાસ ગરબામાં હિંદુ તથા મુસ્લિમ અને કોળી જાતના લોકોએ ઉમંગ-ઉત્સાહભેર ભાગ લઈ જોડાયા હતા.

★ એકાદ વર્ષ અગાઉ બંદરીય શહેર માંડવી તથા તાલુકાની વિવિધ બેંકોમાંથી રૂા. ૮૦ લાખની ખોટી રીતે લોન મેળવી, પરત ન કરનાર બે શખ્સોમાંથી એક મૂળ બિદડા અને હાલમાં મિરાજપર રહેતા વિનોદ રતિલાલ લીંબાણીને પોલીસે મિરજાપર, કચ્છમાંથી પકડી પાડેલ છે.

★ રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ કચ્છની આદિપુર સ્થિત કચેરીના એક્ઝિક્યુટિવ એન્જિનિયર નવીન હરખચંદ ઠક્કર તથા સિનિયર ક્લાર્ક હરેશ ગોપાલ ઓઝાને ફરિયાદી કોન્ટ્રાક્ટર પીયૂષ ઉર્ફે પ્રવીણકુમાર પટેલ પાસેથી નેશનલ હાઈવે ખાતે નકરી નદીના પુલનું સમારકામ પૂર્ણ થવાથી ડિપોઝિટની રકમ પરત રૂા. ૩૦,૦૦૦/- મેળવવા રૂા. ૫,૦૦૦/-ની લાંચ લેવા બદલ એ.સી.બી. મહેસાણાની સૂચના મુજબ ભુજ ખાતેના એ.સી.બી. પી.આઈ. શ્રી ઝાલાએ ધરપકડ કરી કાર્યવાહી શરૂ કરેલ છે.

★ ઉનાળુ અસરે સરહદી જિલ્લા પર પક્કડ જમાવેલ ગરમીએ જિલ્લા મથક ભુજ ખાતે ૩૮.૪ ડિગ્રી સે.એ પહોંચાડી ઉનાળાનો અનુભવ કરાવેલ હતો. આમ, સમગ્ર કચ્છમાં ગરમીનો પ્રકોપ ફરી વળ્યો હતો.

★ વિરાયતન સંકુલમાં અમેરિકા સ્થિત સ્વ. રાજશેખર પરિવાર તરફથી અદ્યતન પુસ્તકાલય માટે ૮૦ હજાર યુ.એસ. ડોલરનું માતબર દાન અર્પણ થયેલ તે પ્રસંગે સાધ્વી શિલાપીજી મ.સા.એ જણાવ્યું હતું કે સ્વ. શ્રી રાજશેખરની સ્મૃતિઓને આ દાન હંમેશાં જીવિત રાખશે. તેમજ આ પ્રસંગે 'નેશનલ સોસાયટી ઓફ ધી ફ્રેન્ડ્ઝ ઑફ ટ્રી' દ્વારા પ્રકાશિત અને અશોક કોઠારી દ્વારા લિખિત 'સેલિબ્રેશન ઑફ ઈન્ડિયન ટ્રીઝ' અને 'લિવિંગ જ્વેલ્સ ફ્રોમ ઈન્ડિયન જંગલ' પુસ્તકોને વિરાયતન સંસ્થાને અર્પણ કરવામાં આવ્યા હતા.

★ કુંવરબેટ, ઈન્ડિયા બ્રિજને જોડતો માર્ગ ખખડધજ બનતાં રાહદારી તેમજ વાહન ચાલકોને પડતી મુશ્કેલી અંગેની રાવ ઊઠી છે. જેને તાકીદે સમારકામ કરી યોગ્ય કરવાની માંગણી સંબંધિત સંસ્થાને કરવામાં આવી છે.

★ આરાધ્યદેવી મા જગદંબે, આશાપુરા તથા અંબામાંની સાચી આરાધના તો ત્યારે જ ગણાશે કે ભ્રૂણ હત્યાના ભસ્માસુરને ભોંયભેગો કરી દૈવી શક્તિને ઘર આંગણે અવતરવા દેવી તેવું જિલ્લા આરોગ્ય વિભાગે 'બેટી વધાવો'નો સંદેશો નવરાત્રિ પર્વ દરમ્યાન આપેલ હતો.

★ દશેરાના શુભ મુહૂર્તે જિલ્લામાં મોટરકાર, દ્વિચક્રી વાહનોનું ૪.૫ કરોડ રૂપિયાનું વાહનાભિષેક થયેલ છે. તેમજ ટી.વી., ઘરઘંટી વગેરે ઈલેક્ટ્રોનિક્સ આઈટમોનું પણ ધૂમ વેચાણ થયેલ છે.

★ દશેરાના શુભ દિવસે સહભાગી એવા શસ્ત્રોનું પૂજન અને શમી વૃક્ષનું પૂજન વિવિધ સ્થળોએ ક્ષત્રિય સમાજ દ્વારા કરાયેલ અને તે પ્રસંગે શોભાયાત્રા પણ આયોજિત થયેલ હતી.

★ હબાય ગામના રણછોડ નારાયણ જખુ કેસરિયાને ચોરેલ બાઈક સાથે પકડી, તેને ભુજ શહેરની પોલીસના હવાલે કરવામાં આવેલ.

★ ભુજના શ્રી વિજય નાનાલાલ પ્રેમચંદ શાહનું જિલ્લા પંચાયતની મહેકમ શાખામાં ચાલુ ફરજે અવસાન થતાં જિલ્લા પંચાયત પ્રમુખ જીવાભાઈ આહીર તેમજ જિલ્લા શિક્ષક સમાજે અંજલિ અર્પણ કરેલ.

★ કચ્છ જિલ્લામાં બદલાયેલા હવામાન સાથે ગરમી વધતા સાંધાણના ૨૫ વર્ષના યુવાનનું સ્વાઈન ફ્લુના વાઈરસથી મરણ થવાની શંકા જિલ્લા રોગચાળા અધિકારી ડૉ. બી.એસ. ડાભીએ વ્યક્ત કરેલ. તેના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે.

★ ચૂંટણીના યજ્ઞને પાર પાડવા કચ્છ જિલ્લા સમાહર્તા શ્રી એમ. થેન્નારસનને એક જાહેરનામું બહાર પાડી તા. ૧૫-૧૦-૧૦થી તા. ૨૧-૧૦-૧૦ સુધી સમગ્ર કચ્છ જિલ્લામાં તથા મતદાન મથકોની ૨૦૦ મીટરની ત્રિજ્યાની હદ મર્યાદામાં ૧૪૪મી કલમ લાગુ કરેલ છે.

★ અસુરી શક્તિનો પરાજય અને દૈવી શક્તિનો વિજય એવા દશેરાના પર્વને ઉજવવા નિમિત્તે કચ્છ જિલ્લાના ભુજ-ગાંધીધામ વગેરે શહેરમાં તેમજ અન્ય સ્થળોએ સવારથી જ લોકોની જલેબી, ફાફડા, પાપડી, ચોળાફળી વગેરે ખરીદવા માટે લાઈન લાગેલ હતી. લગભગ આ દિવસે ભુજ ગાંધીધામ શહેરોમાં જ લગભગ રૂપિયા ૧૦ લાખના જલેબી ફાફડાની જયાફત લોકોએ ઉડાવી, પર્વનો આનંદ માણેલ હતો.

★ ગાંધીધામમાં સ્વર્ણિમ ગુજરાત નિમિત્તે દ્રોણાચાર્ય શાળા વિકાસ સંકુલ દ્વારા મેરેથોન દોડનું આયોજન કરાયેલ હતું. આ અંતર્ગત ૮૦૦થી વધુ વિદ્યાર્થીઓએ દોડમાં ભાગ લીધેલ હતો.

★ વિરાયતનના સાધ્વી શિલાપીજી મ.સા.ની પ્રેરણાથી પૂનાની ફિરોદિયા ટ્રસ્ટ દ્વારા અદ્યતન સુવિધા ધરાવતી બે આઈ.સી.યુ. એમ્બ્યુલન્સની ભુજની સર્વ સેવાસંઘ તથા માંડવીના તાઈ ફાઉન્ડેશનને અનુક્રમે ભેટ મળેલ હતી. જેથી આ એમ્બ્યુલન્સનો લાભ વધુમાં વધુ ગરીબ લોકો લઈ શકે અને 'નહીં નફો, નહીં

નુકસાન'ના ધોરણે આ સેવાનો લાભ લોકોને મળતો રહેશે તેવી ભાવના સર્વસેવા સંઘના શ્રી તારાચંદ છેડાએ વ્યક્ત કરી હતી.

★ પંચાયત - સુધરાઈ ચૂંટણીમાં મોદી મેજીક ફેલાતાં ભાજપે કચ્છમાં જિલ્લા પંચાયત જંગી બહુમતી સાથે કબજે કરી છે. ભુજ, માંડવી, અંજાર અને ગાંધીધામ એમ ચારે નગરપાલિકા પર ફરી જીત મેળવી હતી. પરંતુ ૧૦ તાલુકા પંચાયતમાંથી લખપત, ગાંધીધામ અને મુંદ્રામાં હાર થતાં વિજય ઝંખવાયો હતો.

★ મુંદ્રા તાલુકાના શિરાચા ગ્રામ સ્થિત કચ્છના અગ્રગણ્ય બિઝનેસ ગ્રૂપ એસ.વી.ટી.સી. દ્વારા કચ્છની સૌથી વિશાળ ટાઉનશિપનું ભૂમિપૂજન ચીફ ગેસ્ટ કેપ્ટન ઉન્મેશ અભ્યાંકર, અનંતભાઈ દવે, રમેશભાઈ મહેશ્વરી, તારાચંદભાઈ છેડા અને મુકેશભાઈ ઝવેરી સહિત ઘણા મહાનુભાવોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

★ ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના અતિથિ ગૃહનું ઉદ્‌ઘાટન કુલપતિ ડૉ. શશીરંજન યાદવની હાજરીમાં કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાનપદે રાજ્યકક્ષાના સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ કલ્યાણમંત્રી વાસણભાઈ આહીર ઉપસ્થિત હતા.

★ કચ્છ જિલ્લામાં, જિલ્લા પંચાયતની ૩૨ બેઠક, દસ તાલુકા પંચાયતની બેઠક તથા ભુજ, માંડવી, અંજાર, ગાંધીધામ — એમ ચાર નગરપાલિકા માટે અનુક્રમે પંચાયતોની બેઠક માટે સરેરાશ ૬૨ ટકા તથા નગરપાલિકા માટે સરેરાશ ૫૬ ટકા જેટલું ઊંચું મતદાન થયેલ છે.


★ ચૂંટણીમાં પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરવા બદલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વી.કે. હુબ્બલ દ્વારા પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ વેલજીભાઈ બીજલ હુબલ, ચેરમેન શ્રી ભીખાભાઈ તથા અન્ય કોંગ્રેસી અગ્રણીઓને કોંગ્રેસ પક્ષે ૧૦ વર્ષ માટે સસ્પેન્ડ કરેલ છે.

★ વિધાનસભાના માજી અધ્યક્ષ સ્વ. શ્રી ધીરુભાઈ શાહની પ્રતિમાનું અનાવરણ કરવા તથા આદિપુર ખાતે નિર્માણ પામેલી જૈન સેવા સમિતિની નૂતન હોસ્પિટલનું ઉદ્‌ઘાટન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે અનિવાર્ય સંજોગોના કારણે થઈ શકેલ ન હતું.

★ ભાવનગરને કર્મભૂમિ બનાવનાર મૂળ કચ્છના શ્રી મહેન્દ્રભાઈ શાહનો ઉદ્યોગ જગતનો અનુભવ અને તેની સક્રિય ભૂમિકાને ધ્યાનમાં લઈ ગુજરાત ચેમ્બરની પાવર કમિટીમાં સમાવેશ કરવામાં આવેલ છે.

★ કચ્છી સપૂત શ્રી શ્યામજી કૃષ્ણવર્માની ૧૫૪મી જન્મ જયંતી પ્રસંગે ફિલાટેલિક એસોસિએશન દ્વારા સ્મૃતિ વંદનાનો કાર્યક્રમ કિશોરદાસ સાહેબની નિશ્રામાં યોજાયો હતો. માંડવી મધ્યે તેમની યાદમાં પોસ્ટ વિભાગે પ્રસિદ્ધ કરેલ ટપાલ ટિકિટનું વિમોચન કરવામાં આવ્યું હતું.

*સી/૮૧, કર્મચારી નગર, વિભાગ-૧, રન્ના પાર્કની સામે, ઘાટલોડિયા,*
*અમદાવાદ-૬૧. ફોન : (૦૭૯) ૨૭૪૮૫૮૧૨*




## સરનામા ફેરફાર

- **કિરણ ચંદુલાલ દંડ**
  જયંતીભાઈ ભરવાડના મકાનમાં, પુરુષોત્તમ નગર,
  મ્યુનિ. સ્કૂલ પાસે, નવા વાડજ બસ સ્ટેન્ડ પાસે,
  નવા વાડજ, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
- **પારસ રાજેન્દ્ર દંડ**
  આણંદજી કલ્યાણજી જૈન નગર, બ્લોક - ડી/૨૪,
  ત્રીજો માળ, બહેરામપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
- **જિતેન કલ્યાણજી વેરશી ગડા**
  ડી-૧૦૨, સહજાનંદ પાર્ક,
  કૃષ્ણકુંજ ફ્લેટ્સની બાજુમાં,
  વૃંદાવન બંગ્લોઝની પાછળ, કુડાસણ જિલ્લો : ગાંધીનગર.

## સગપણ

- **અમદાવાદ, તા. ૨૧-૧૧-૨૦૧૦**

  **પ્રિયેન ચંદ્રકાંત બાબુભાઈ લોડાયા (સાંધવ - અમદાવાદ)**
  **અદિતિ જિતેન્દ્ર દેવજીભાઈ ખોના (આરીખાણા - અમદાવાદ)**

## પુત્ર જન્મ

★ તા. ૧૮-૧૧-૨૦૧૦ના રોજ **હિતેશ પ્રભુદાસ પોપટલાલ મહેતા (કટારિયા - અમદાવાદ)**ને ત્યાં પુત્ર જન્મ થયેલ છે.

★ **પ્રતીક નાનાલાલ છગનલાલ કોરડિયા (ફતેહગઢ - અમદાવાદ)**ને ત્યાં પુત્ર જન્મ (નામ : તીર્થ) થયેલ છે.

## અવસાન નોંધ

- **વસંતલાલ કાંતિલાલ વિશનજી સંઘવી** (ઉં.વ. ૭૭) (અંજાર - અમદાવાદ)નું સોમવાર, તા. ૨૨-૧૧-૨૦૧૦ના રોજ અમદાવાદ મધ્યે દુઃખદ અવસાન થયેલ છે.
- **નરેન્દ્ર અમરચંદ શામજી શાહ** (ઉં.વ. ૬૩) (માંડવી - અમદાવાદ)નું શનિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૦ના રોજ અમદાવાદ મધ્યે દુઃખદ અવસાન થયેલ છે.

*સદ્‌ગત આત્માઓના શ્રેયાર્થે પ્રાર્થના.*

## સાભાર સ્વીકાર

- **હિતેશ પ્રભુદાસ પોપટલાલ મહેતા (કટારિયા - અમદાવાદ)** તરફથી તેમને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે સમાજને રૂા. ૨૫૧/-ની ભેટ આપેલ છે. જેનો સમાજ સાભાર સ્વીકાર કરે છે.
- **પ્રતીક નાનાલાલ છગનલાલ કોરડિયા (ફતેહગઢ - અમદાવાદ)** તરફથી તેમને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે સમાજને રૂા. ૨૦૧/-ની ભેટ આપેલ છે. જેનો સમાજ સાભાર સ્વીકાર કરે છે.

## અભિનંદન



**માનસી નિમેષ ધીરજલાલ સંઘવી (અમદાવાદ)**ને ફાઈન આર્ટસ ઍકેડેમી - હૈદ્રાબાદ તરફથી ૧૫મી ઑલ ઈન્ડિયા ચિલ્ડ્રન્સ પેઈન્ટિંગ કોમ્પિટિશન, જે માર્ચ-૨૦૦૯માં લેવાયેલ, તેમાં પ્રથમ ઈનામ (ગોલ્ડ મેડલ) મળેલ છે. ચિ.માનસી હાલ ધોરણ-૮માં એન.આર. સ્કૂલમાં અભ્યાસ કરી રહી છે.



આપણી સંસ્થાના ઑડિટર **શ્રી જૈનીકભાઈ નૌતમભાઈ વકીલ** અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં જંગી બહુમતીથી વિજયી બન્યા છે. તેઓ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ચૂંટાયેલા એકમાત્ર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે.

## ભૂલ સુધાર

'મંગલ મંદિર', નવેમ્બર-૨૦૧૦ના અંકમાં 'સમાજ દર્પણ' વિભાગમાં છપાયેલ લેખ "આપણે ઘર વ્યવસાયમાં દીપક કેમ પ્રગટાવીએ છીએ?"માં ભૂલથી લેખક તરીકે મોક્ષા નવીનભાઈ લાલકાનું નામ છપાઈ ગયેલ છે. ખરેખર તો તેઓ આ લેખના પ્રેષક છે.

***– મુખ્યતંત્રી***

## ચાલવાની તૈયારી રાખો

સૂર્યના ઊગવા અને આથમવાનો સમય નિશ્ચિત છે પરંતુ જિંદગીની બાબતે કશું નિશ્ચિત નથી. જીવનની ગાડી ક્યારે પણ છૂટી શકે છે. એટલે ચાલવાની પૂરી તૈયારી રાખો. તૈયારી નહીં હોય તો ગરબડ થઈ જશે. સ્કૂલે જવાથી તે બાળક ડરે છે, જેણે હોમવર્ક નથી કર્યું. ઈન્કમટેક્સ અધિકારીને જોઈને એ વેપારી ગભરાય છે, જેના ચોપડાં બરાબર નથી હોતા અને મોતને નજીક આવતું જોઈને તે ડરે છે, જેની જવાની પૂરી તૈયારી નથી હોતી.

***સાભાર : 'પરિત્રાણ'***

***પ્રેષક : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ)***

*વસ્તુનો અભાવ એ વ્યવસાયિક તપ કહેવાય.*

# સામૂહિક પ્રાર્થના – ભક્તિ સંગીતનો કાર્યક્રમ

ગત વર્ષે શરૂ કરેલ પ્રણાલી મુજબ આ વર્ષે પણ, સમાજના સભ્ય પરિવારોને ત્યાં વર્ષ દરમ્યાન મૃત્યુ પામેલ સ્વજનોને શ્રદ્ધાંજલિ અર્પવા, એક ભક્તિ સંગીતનો કાર્યક્રમ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તરફથી યોજવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૦ દરમ્યાન એટલે કે તા. ૧-૧-૨૦૧૦થી તા. ૩૧-૧૨-૨૦૧૦ દરમ્યાન સમાજના સભ્ય પરિવારોના જે આત્મીયજનોના દુઃખદ અવસાન થયેલ છે તેઓને સામૂહિક અંજલિ અર્પવા રવિવાર તા. ૯-૧-૨૦૧૧ના સવારમાં ૯.૩૦થી ૧૧.૩૦ દરમ્યાન, શ્રી કચ્છી જૈન ભવન પર આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

સમાજના દરેક સભ્ય પરિવારને વિનંતી કે આ "સ્મરણાંજલિ સભા"માં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી, આપણા આ સમાજ-પરિવારના આત્મીયજનોને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરે.

કાર્યક્રમની વિગત નીચે મુજબ રાખવામાં આવેલ છે.

- *કાર્યક્રમ : સામૂહિક પ્રાર્થના – ભક્તિ સંગીતના સ્વરૂપે*
- *તારીખ : રવિવાર, તા. ૯-૧-૨૦૧૧*
- *સમય : સવારમાં ૯.૩૦થી ૧૧.૩૦*
- *સ્થળ : શ્રી પ્રેમજી જેઠાભાઈ છેડા (લાયજાવાલા) સાંસ્કૃતિક કેન્દ્ર,<br>શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.*
- *સૂર : ડૉ. મોનિકાબહેન શાહ*
- *સંગીત : આરાધના સંગીત એકેડેમી*
- *ઉદ્‌બોધક : શ્રીમતી સુધાબહેન ભટ્ટ*

## અવસાન પામેલ આપ્તજનોની યાદી

| ક્રમ | અવસાન તારીખ | નામ | ઉં.વ. | કચ્છમાં ગામ |
|---|---|---|---|---|
| ૧. | શુક્રવાર, તા. ૧૯-૧-૨૦૧૦ | માતુશ્રી હીરબાઈ હીરજી ઘેલાભાઈ વોરા | ૭૨ | નારાયણપુર |
| ૨. | ગુરુવાર, તા. ૨૫-૨-૨૦૧૦ | કીર્તિલાલ ગેલચંદ સંઘવી | ૭૨ | સાંતલપુર |
| ૩. | શનિવાર, તા. ૧૯-૬-૨૦૧૦ | નવીનચંદ્ર લહેરચંદ સંઘવી | ૬૦ | સાંતલપુર |
| ૪. | મંગળવાર, તા. ૨૦-૭-૨૦૧૦ | કેસરબહેન દામજી હીરજી શાહ | ૭૭ | કપાયા |
| ૫. | સોમવાર, તા. ૧૩-૯-૨૦૧૦ | કાતાંબહેન ઠાકરશી લોડાયા | ૭૫ | પરજાઉ |
| ૬. | ગુરુવાર, તા. ૩૦-૯-૨૦૧૦ | નાનાલાલ પ્રેમચંદ કોરડિયા | ૮૩ | ફતેહગઢ |
| ૭. | બુધવાર, તા. ૧૩-૧૦-૨૦૧૦ | રતિલાલ કલ્યાણજી હીરજી શાહ (મોતા) | ૭૧ | નવા વાસ |
| ૮. | મંગળવાર, તા. ૨૩-૧૧-૨૦૧૦ | વસંતલાલ કાંતિલાલ વિશનજી સંઘવી | ૭૭ | અંજાર |
| ૯. | શનિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૦ | નરેન્દ્ર અમરચંદ શામજી શાહ | ૬૩ | માંડવી |

- **નોંધ :**

૧. ઉપરોક્ત લિસ્ટમાં કોઈ નામોનો સમાવેશ કરવાનો બાકી રહી ગયેલ હોય તો સત્વરે અમને જણાવવા વિનંતી.

૨. દરેક સ્વર્ગસ્થના પરિવારે મોટી સાઈઝના એક ફોટાની છબી મોડામાં મોડી, ગુરુવાર તા. ૬-૧-૨૦૧૧ અગાઉ શ્રી કચ્છી જૈન ભવન પર પહોંચાડવાની રહેશે. ભક્તિ સંગીતના કાર્યક્રમ બાદ તરતમાં તે છબી પરત લઈ જઈ શકાશે.

૩. સમાજના સહુ સભ્ય પરિવારોને તથા સ્વર્ગસ્થના આત્મીયજનો મોડામાં મોડા એ દિવસે સવારમાં ૯.૧૫ વાગ્યા સુધીમાં પોતાની સીટ પર ગોઠવાઈ જવા વિનંતી. કાર્યક્રમ બરાબર ૯.૩૦ વાગે શરૂ કરી દેવામાં આવશે. ૯.૩૦ વાગ્યા બાદ કાર્યક્રમમાં ખલેલ ન પહોંચાડવા વિનંતી.

૪. શક્ય હોય ત્યાં સુધી નાના બાળકોને સાથે ન લાવવા વિનંતી.

*બાળકોને બાળક બનીને તાલીમ આપવી જોઈએ.*

૫. સફેદ પોષાકમાં ઉપસ્થિત રહેવું ઉચિત રહેશે.

૬. શ્રી કચ્છી જૈન ભવનના સાંસ્કૃતિક કેન્દ્રમાં વધુમાં વધુ ૩૦૦ ખુરશી રહી શકતી હોવાના કારણે, વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

૭. ઉપસ્થિત રહેનાર દરેકને ગાવામાં આવનાર ભક્તિ ગીતની એક બુક આપવામાં આવશે.

૮. કાર્યક્રમનું સૌજન્ય રૂા. ૧૧,૦૦૦/- રાખવામાં આવેલ છે. સૌજન્ય દાતાના એકથી વધુ નામ લઈ શકાશે.

૯. ભક્તિ સંગીતની સી.ડી. જેઓને જોઈતી હશે તેઓએ તા. ૩૦-૧૨-૨૦૧૦ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન પર લેખિતમાં જણાવવાનું રહેશે.

૧૦. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની મહિલા ઉત્કર્ષ સમિતિ, શ્રી કચ્છી મહિલા સમાજ તથા અન્ય ઘટક મહિલા મંડળની બહેનોને શક્ય હોય તો સમયસર ઉપસ્થિત રહેવા વિનંતી.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## અડદિયા લાડુ

દીપોત્સવી તહેવારના સમયે આ સમાજ દ્વારા વિવિધ જાતના મિષ્ટાન્ન તથા ફરસાણ બનાવી તેનું વિતરણ સમાજના સભ્યોમાં ખૂબ જ કિફાયત દરે કરવામાં આવેલ હતું. સાથે ડ્રાયફ્રૂટનું વિતરણ પણ કરવામાં આવેલ હતું.

એજ રીતે હવે શિયાળાની સીઝનની શરૂઆત થતા આ સમાજ જાતે અડદિયા લાડુ બનાવડાવી અથવા તો ભુજ (કચ્છ)ના વિખ્યાત લાડુ બનાવડાવી તેનું વિતરણ કરવાની ઈચ્છા ધરાવે છે. અડદિયા લાડુ ખૂબ જ સાત્ત્વિક રીતે બનાવવામાં આવશે અને તેના દરો પણ ખૂબ જ કિફાયતી ધોરણે રાખવામાં આવેલ છે.

આ અડદિયા લાડુના પ્રથમ લોટનું વિતરણ તા. ૨૦મી ડિસેમ્બર, ૨૦૧૦ના કરવામાં આવશે. ત્યારબાદ અન્ય લોટોનું વિતરણ પણ નિયમિત અંતરે રાખવાની ગણના રાખવામાં આવેલ છે.

અડદિયા લાડુ માત્ર ૫૦૦ ગ્રામના કાગળના બોક્સના પેકિંગમાં આપવામાં આવશે. ૫૦૦ ગ્રામનો ભાવ ખૂબ જ કિફાયતી ધોરણે રાખવામાં આવનાર છે. (મંગલ મંદિરનો આ અંક પ્રિન્ટીંગમાં જવા સુધી હજુ આ ભાવ નક્કી થઈ શકેલ નથી.)

જેઓને આ ઉત્તમ પ્રકારના તથા શુદ્ધ વાનગીમાંથી બનાવેલ આ અડદિયા લાડુની જરૂરિયાત હોય તેઓએ પોતાના ઓર્ડર મેનેજરશ્રીને, શ્રી કચ્છી જૈન ભવન પર નોંધાવી દેવા વિનંતી કરવામાં આવે છે.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## દેખ તેરે સંસાર કી હાલત ક્યા હો ગઈ ભગવાન

મેં એક હાસ્યવ્યંગ વાંચ્યું. એક આશ્રમમાં ભૂખ્યા લોકોને રોટલી જમાડવાનું કાર્ય ચાલતું હતું. પચાસ ગરીબ લોકો બેઠા હતા. પચાસ રૂપિયામાં પચાસ રોટલી મળે. આપણે પોતે દરેકને એક રોટલી જમાડવાની. એક મધ્યમ આવકનો સાત્ત્વિક ભક્ત આવ્યો. તેણે પચીસ રૂપિયામાં પચીસ રોટલી લીધી. દરેક ગરીબને અડધી રોટલી આપવાનું ચાલુ કર્યું. બધા ભીખારીઓએ અડધી રોટલી લેવાની ના પાડી. તેનું કારણ ભક્તને જાણવા મળ્યું કે દરેક ગરીબો રોટલી ભક્ત પાસેથી લેતા હતા, પરંતુ તેઓ ખાતા નહોતા. આખી રોટલી આશ્રમમાં પાછી આવતી હતી. આશ્રમવાળા ગરીબોને રોજ અમુક રૂપિયા આપતા. જો અડધી રોટલી આપે, તો ભીખારીને પૈસા મળે નહિ.

ધર્મમાં અધર્મ આવે, પૈસાની બોલબાલા, મની અને મસલ પાવર અને ભ્રષ્ટાચાર વધે ત્યારે સમાજનો વિકાસ અટકી જાય. ધર્મગુરુઓ અને ધાર્મિક સંસ્થાઓના સંચાલકોનું વર્તન એવું જોઈએ કે ભક્તજનોની ધાર્મિક ભાવના વિકસિત થાય, ભક્તોને માનસિક સુખશાંતિ મળે. આપણે એક ધાર્મિક વ્યક્તિ સમાજમાં વધારીએ તો સારું, બાકી કોઈ ધાર્મિક વ્યક્તિની ધાર્મિક સમજણને દુઃખ પહોંચાડીએ નહિ તો પણ પૃથ્વી ઉપરથી કલિયુગ જલદી દૂર થશે અને સુખ શાંતિ આવશે. કોઈપણ સંસ્થાઓએ પૈસા ભેગા કરવાની જરૂરત નથી, પૈસા ભેગા કરવામાં સંસ્થામાં પાપાચાર - ભ્રષ્ટાચાર સત્તા મેળવવા ઝઘડા વધશે. સંસ્થા શુભ કાર્યો સારી રીતે કરતી હશે તો તેને સમાજના લોકો તરફથી દાનમાં પૂરતા પૈસા જરૂર મળશે.

*રસિક શુક્લ*

*સમય જેવું સ્થિતિસ્થાપક બીજું કોઈ નથી.*

# ગૃહ ઉદ્યોગના ઉત્તેજન માટે રિટેઈલ આઉટલેટ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કેટલાક પરિવારો પોતાના ઘેર રહી ગૃહ ઉદ્યોગને લગતી અનેક ખાદ્ય સામગ્રીઓ બનાવે છે. આ ખાદ્ય સામગ્રીમાં મુખ્યત્વે ખાખરા, ગાંઠિયા, સેવ, ફરસી પુરી, ચકરી, ચવાણું, પેંડા, ફિણિયા લાડુ, મોહનથાળ, ચિક્કી, કેડબરી ટાઈપની ચૉકલેટ, ઘુઘરા, મઠિયા, ચોળાફળી, ભાખરવડી, વડી વગેરે રહેવા પામેલ છે. સાથે સાથે વિવિધ પ્રકારની બૅગો, રૂમાલ, ફોટો ફ્રેઈમ, અગરબત્તી જેવી ચીજો પણ બનાવવામાં આવે છે. સામાન્યપણે આ ખાદ્યસામગ્રી એક પરિવાર દ્વારા દરરોજની બે થી ત્રણ કિલો બની શકતી હોય છે. જો કે તેઓનું વેચાણ પણ લગભગ તેટલું જ રહેવા પામે છે.

આ પ્રકારના ગૃહ ઉદ્યોગની બનાવટોને ઉત્તેજન આપવા સમાજના ટ્રસ્ટ મંડળ દ્વારા પ્રથમ સ્વરૂપે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ઓક્ટોબર-૨૦૧૦માં એક રિટેઈલ આઉટલેટ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવેલ કે જેના કારણે એ આઉટલેટ પર એક પરિવારને રોજી રોટી મળી શકે અને દરેક આઈટમનું વેચાણ પણ મોટા પ્રમાણમાં થઈ શકે. ઓક્ટોબર-૨૦૧૦માં શરૂ કરવામાં આવેલ આ રિટેઈલ આઉટલેટ પરનું વેચાણ ખૂબ જ ઉત્સાહજનક જણાતા દરેક પરિવારને તેમની બનાવટોની ઉત્પાદન પ્રક્રિયા સારા એવા પ્રમાણમાં વધારી દેવા જણાવવામાં આવેલ છે.

સમાજના એ માનવંતા પરિવારો કે જેઓને પોતાના જીવનની જરૂરિયાતોને પહોંચી વળવા પોતાના પરિવારની આવકને વધારવાની જરૂરિયાત છે તેઓની સાથે આ સમાજ ખભેખભો મિલાવીને ચાલવા માંગે છે અને તેઓનું આર્થિક ઉપાર્જન વધારવા પોતાનાથી શક્ય બધા જ પ્રયાસો આદરવા આ સમાજ કટિબદ્ધ છે. અને તેના અનુસંધાને જ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર પ્રયોગાત્મક રીતે પ્રથમ રિટેઈલ આઉટલેટ શરૂ કરવામાં આવેલ છે.

***આ પ્રકારના રિટેઈલ આઉટલેટો આ સમાજ (૧) શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, (૨) શ્રી કચ્છી જૈન સેવા ભવન - ગીતા મંદિર તથા (૩) શ્રી નવનીત ભવન (આવાસ યોજના) - બહેરામપુરા ખાતે પણ શરૂ કરવા માંગે છે. જે પરિવારોને આ આઉટલેટ ચલાવવાની ઈચ્છા હોય તેઓએ તરતમાં લેખિત સ્વરૂપે કન્વીનરશ્રી, ગૃહ ઉદ્યોગ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર પોતાની વિગતો રજૂ કરતી અરજી મોકલી આપવા અપીલ કરવામાં આવે છે.***

આ બધા જ રિટેઈલ કાઉન્ટર્સ શરૂ કર્યા બાદ અગર સમાજના પરિવારો પોતાને ત્યાં ગૃહઉદ્યોગ દ્વારા વધુને વધુ માલ બનાવશે તો તેના વેચાણની પ્રક્રિયા પણ સમાજે વિચારી રાખેલ છે. આ માટે જરૂરિયાત મુજબના સેલ્સમેનો નિમી અમદાવાદની લત્તેલત્તાની દુકાનો પર આ માલનું વિતરણ કરવાના પ્રયાસો કરવામાં આવશે. ગૃહઉદ્યોગ સાથે સંકળાયેલ દરેક પરિવાર વધુને વધુ માલ બનાવી પોતાની આવક વધારે તે જ આ સમાજનો અગ્રતાક્રમ રહેશે.

ગૃહઉદ્યોગ દ્વારા જે આઈટમો બનાવવામાં આવે તેની ગુણવત્તા ઉચ્ચ પ્રકારની હોવી જોઈએ અને તેની ચકાસણી આ સમાજની ગૃહઉદ્યોગ સમિતિ દ્વારા વારંવાર કરવામાં આવશે. નિમ્ન કક્ષાના બનેલ માલને કોઈ પણ રીતે આ સમાજ દ્વારા ઉત્તેજન આપવામાં નહીં આવે તેની સહુએ નોંધ લેવા અપીલ કરવામાં આવે છે.

જરૂરિયાતવાળા જે પરિવારોએ પોતાને ત્યાં હજુ ગૃહઉદ્યોગ શરૂ કરેલ નથી તે પરિવારોને પણ પોતાને અનુભવ હોય તે આઈટમ બનાવવા આ સમાજ અપીલ કરે છે. ગૃહઉદ્યોગ અંગે જે કંઈ જરૂરિયાત આ સમાજ પાસે રજૂ કરવામાં આવશે તેને જરૂરથી સહાનુભૂતિપૂર્વક વિચારી તેનો અમલ કરવા પૂરેપૂરી કોશિશ કરવામાં આવશે.

સમાજની સેવાભાવી અને સાધન સંપન્ન મહિલાઓને સમાજે શરૂ કરેલ આ અભિયાનમાં જોડાવા અને આ કાર્યના વહીવટનું સંચાલન કરવા પણ અત્રેથી આ જાહેર અપીલ કરવામાં આવે છે.

આવો, આપણે સહુ સાથે મળી, સમાજનો એકે એક પરિવાર સુખી અને આનંદિત રહે તેવા પ્રયાસો જારી રાખીએ.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

***નોંધ : શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે પણ એક રિટેઈલ કાઉન્ટર શરૂ કરી દેવામાં આવેલ છે. અન્ય બે સ્થળે રિટેઈલ કાઉન્ટરો શરૂ કરવાના બાકી રહે છે.***

*— માનદ્ મંત્રી*

*જેનું મન અશાંત હોય, ઉદ્વેગવાળું હોય તેને સુખ મળે નહિ.*

# સાઈકોલોજી – સમજ અને જરૂરિયાત

વાતચીત એટલે પોતાની મનની વાત કોઈને કહેવી!

આનું ઘણુંયે મહત્ત્વ છે અને મોટાભાગના લોકો આ મહત્ત્વને સમજે પણ છે. સદીઓથી આપણી ઘણી સમસ્યાઓનું સમાધાન આ પદ્ધતિથી જ થાય છે. સમસ્યાનો પ્રકાર ગમે તે હોય, આપણે સૌ એ વાત જાણીએ જ છીએ કે મનની વાત કરવાથી ચોક્કસ જ ફાયદો થાય છે! મનની વાત કરવાનો એકમાત્ર રસ્તો છે – બોલવાનો - કહેવાનો. પહેલાના જમાનામાં લોકો લખીને પોતાની મનની વાત અભિવ્યક્ત કરતા હતા. આજે પણ ઘણા મિત્રો પોતાની અંગત ડાયરી લખીને પોતાની મનની વાત વ્યક્ત કરતા હોય છે. કેટલાક ટેલિફોન કે ઈ-મેઈલ દ્વારા પોતાનાં મનની વાતો મિત્રો પાસે કરીને હળવા થાય છે. આ પ્રકારનો કોઈપણ પ્રયત્ન લોકોને પોતાનું હૈયું ઠાલવવાનો મોકો આપે છે – અને વ્યક્તિ હળવીફુલ બને છે.

છતાં ઘણા લોકો એવા પણ છે કે જેમને પોતાની લાગણીઓને વ્યવસ્થિત રીતે વ્યક્ત કરવાની આવડત નથી – યાને કે તકલીફ જ પડે છે! એવા લોકોને જરૂર છે એક એવા મિત્રની કે જે તેમની વાત સાંભળે (અને કોઈપણ પ્રકારનો અભિપ્રાય બાંધ્યા વિના શાંતિથી સાંભળે) અને વળી વાતોમાંથી તેમાં રહેલાં ગર્ભિત અર્થો પણ કાઢી લે અને વ્યક્તિને સમજી શકે!!

- **ક્લિનિકલ સાઈકોલોજિસ્ટ :**

ક્લિનિકલ સાઈકોલોજિસ્ટ એક એવા મિત્રની ગરજ સારે છે કે જે આપણને સાંભળે છે. આપણી લાગણીઓને અંતરથી સમજી શકે છે અને તેમની આંતરસૂઝ પ્રમાણે આપણને આપણી વધુ સારી ઓળખ આપે છે. આ એક એવી પદ્ધતિ છે કે જેમાં વ્યક્તિ પોતે પોતાની વાતો, ડર, ચિંતાઓ, ખાનગી માહિતી વગેરે કોઈપણ જાતની શરમ રાખ્યા વિના કરી શકે છે. વ્યક્તિની પોતીકી વાતો સાંભળ્યા પછી સાઈકોલોજિસ્ટ તેને પોતાની જાત સાથેના સંપર્કમાં લાવે છે, કે જે અનુભૂતિ પછી વ્યક્તિ ખૂબ જ આત્મવિશ્વાસ સાથે બહાર આવે છે અને પોતાના બધા જ નાના-મોટા પ્રશ્નોનું નિરાકરણ જાતે લાવવા સમર્થ બને છે.

બાળકોની સમસ્યાઓ – મા-બાપના પ્રશ્નો – સંબંધોની સમસ્યાઓ – સ્ટ્રેસ - કામના કારણે ઉપજતી ચિંતાઓ – ભણતર અને કેરિયર સંબંધી પ્રશ્નો વગેરે ઘણા બધા વિવિધ પાસાંઓમાં ઉદ્‌ભવતી સમસ્યાઓનું નિરાકરણ કાઉન્સેલિંગ અને સાઈકોથેરાપી દ્વારા લાવી શકાય છે.

કાઉન્સેલિંગ એક પેરા-મેડિકલ ચિકિત્સા પદ્ધતિ છે જે પશ્ચિમના દેશોમાં ખૂબ જ પ્રચલિત છે અને ભારતમાં પણ ધીમે ધીમે પ્રચલિત થઈ રહી છે.

***પૂર્ણિમા ગુપ્તા , કન્સલ્ટિંગ સાઈકોલોજિસ્ટ***

*(નોંધ : શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની "શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ" સમાજના વિદ્યાર્થીઓ / વાલીઓને લાભકારક બને અને સમાજના લોકો કોઈ માનસિકતાના રોગોની અસર હેઠળ હોય તો તે નિવારવા પ્રયાસ કરે છે. તેના ફળ સ્વરૂપે દરેકને પોતાની સમજ અને જરૂરિયાતમાં એક સાઈકોલોજિસ્ટ શું ભાગ ભજવી શકે તેની સમજ આપતો આ લેખ અત્રે પ્રસ્તુત કરવામાં આવેલ છે.*

*તદુપરાંત આ સમિતિએ સમાજ સહિત જાહેર જનતાના લાભ માટે શ્રી કચ્છી જૈન ભવનના તબીબી સેવા કેન્દ્રના કાર્યાલયમાં નિયમિતપણે એક સાઈકોલોજિસ્ટની સેવા લેવાનું નક્કી કરેલ છે. જેઓને સાઈકોલોજિસ્ટની સેવાની જરૂરત હોય તેઓને સમાજના કાર્યાલયનો અથવા તો શ્રી હીરેન કે. શાહનો ૯૮૨૫૦ ૧૩૭૧૫ નંબર પર કોન્ટેક્ટ કરવા વિનંતી કરવામાં આવે છે.*

*સાઈકોલોજિસ્ટની સેવા શ્રી કચ્છી જૈન ભવન પર તા. ૧ જાન્યુઆરી, ૨૦૧૧થી દર શનિવારે સાંજના ૫ થી ૭ દરમ્યાન નિયમિતપણે શરૂ કરવામાં આવનાર છે. તેનો લાભ લેવા ઈચ્છનારે પોતાનું બુકિંગ મેડિકલ સેન્ટરમાં કરાવી લેવા વિનંતી કરવામાં આવે છે.*

***હીરેન કે. શાહ***
***કન્વીનર, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ,***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# સ્વીસ બેંકમાં બ્લેક મની

ભારતના અનેક ધનવાનોના રૂપિયા સ્વીસ બેંકમાં જમા છે. અનેક રાજકીય પક્ષોએ ઘણા સમય પહેલાં કહ્યું હતું કે તેઓ આ રૂપિયા ભારતમાં લાવશે, જેથી ભારતની જનતા સુખી થશે. આના માટે રાજનેતાઓએ કોઈ યોગ્ય સખત પગલાં લીધા નથી કારણકે સ્વીસ બેંકમાં રાજકીય નેતાઓ અને તેઓના સંબંધીઓના રૂપિયા જમા છે.

રાજકીય નેતાઓ ખરેખર ભારતીય પ્રજાનું ભલું ઈચ્છતા હોય તો ભારતમાં જ ઘણા ધનવાનો પાસે કાળા બજારના રૂપિયા ઘરમાં અને ધંધામાં રોકાયેલા છે. જેવા કે રાજકીય નેતાઓ, બિલ્ડરો, ગુંડાઓ, શેરબજાર, સોની, વકીલો, ડૉક્ટરો, ફિલ્મી કલાકારો, સરકારી ઓફિસરો વગેરે... આ બધા સામે જો ઈમાનદારીથી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે તો સ્વીસ બેંકમાં જમા છે તેના કરતાં ઘણા વધારે રૂપિયા સરકાર પાસે આવે. જેનાથી પરદેશનું બધું જ દેવું ચૂકવાઈ જાય અને ભારતમાં સુખ-શાંતિ આવે. સબકો સન્મતિ દે ભગવાન અથવા ઈશ્વર બ્લેક મનીવાળા ધનવાનોને સખત સજા કરે.

***– રસિક શુક્લ***

*ક્ષણિક નિષ્ફળતાને પૂર્ણ નિષ્ફળતા ના માની લેવી.*

## યુવા વિકાસ સમિતિ દ્વારા આયોજિત ઔદ્યોગિક પ્રવાસ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોના ધોરણ-૧૧ અથવા તેનાથી ઉપરના ધોરણમાં અભ્યાસ કરતા બાળકો માટેના એક ઔદ્યોગિક પ્રવાસનું આયોજન તા. ૨૫-૧૨-૨૦૧૦ને શનિવારના રોજ કરવામાં આવેલ છે. હર્ષા એન્જિનિયરિંગ, ચાંગોદરની મુલાકાત, પ્રવાસના પ્રથમ ચરણમાં ગોઠવવામાં આવી છે. ત્યાં મુલાકાત તથા ભોજન પછી બીજા ચરણમાં બીજા એક ઔદ્યોગિક એકમની મુલાકાત માટે વાટાઘાટો ચાલે છે.

‘વહેલા તે પહેલા’ના ધોરણે માત્ર ૨૫ નામ નોંધવાના હોવાથી આપ સૌને સમાજની પાલડી ઓફિસે રૂા. ૧૦૦/-ની રિફંડેબલ ડિપોઝિટ ભરી તાત્કાલિક નામ લખાવવા વિનંતી કરવામાં આવે છે. નામ નોંધાવીને ગેરહાજર રહેનાર વ્યક્તિની ડિપોઝિટ પરત કરવામાં નહીં આવે. પ્રવાસ પતી ગયા પછી ભાગ લેનાર સૌને ડિપોઝિટ પરત કરવામાં આવશે.

જો બીજા કોઈ ઔદ્યોગિક એકમની મુલાકાત ન ગોઠવાય તો બીજા ચરણમાં સૌ બાળકોને રસ પડે તેવા સ્થળની મુલાકાત ગોઠવવામાં આવશે. ભાગ લેનાર સૌ બાળકોએ સવારના ૯.૩૦ વાગે ભવન પર હાજર થઈ જવાનું રહેશે. ભવનથી નીકળી ગયા બાદ મોડા આવનારને વચ્ચેથી લેવામાં નહીં આવે. સાંજે ૬ વાગે બાળકો પ્રવાસ પતાવી ભવન પર પાછા ફરશે.

*કન્વીનર, યુવા વિકાસ સમિતિ*

## યુવા વિકાસ સમિતિ યોજે છે....

### શ્રીમતી છાયાબહેન વિનોદચંદ્ર દેઢિયા ચિત્રકલા હરીફાઈ

આગામી તા. ૬-૨-૨૦૧૧ને રવિવારના રોજ શ્રીમતી છાયાબહેન વિનોદચંદ્ર દેઢિયા ચિત્રકલા હરીફાઈનું આયોજન કરવામાં આવેલ છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સભ્યોએ પોતાના નામ નીચે જણાવેલ કાર્યકરોને તા. ૨૮-૧-૨૦૧૧ સુધી લખાવવાના રહેશે.

*શ્રી વિમેશ શાહ : મો. ૯૮૭૯૧૧૦૪૬૭*

*શ્રી હીરેન એ. શાહ : મો. ૯૮૨૫૪૦૩૬૦૦*

સ્પર્ધકે અથવા વાલીએ નામ, ઉંમર અને ફોન નંબર લખાવવો જરૂરી છે.

**હરીફાઈની તારીખ : રવિવાર, તા. ૬-૨-૨૦૧૧**

**હરીફાઈનો સમય : સવારે ૯ કલાકે (પાલડી ભવન)**

- **નિયમો :**

૧. સ્પર્ધકોએ પોતાના નામ લખાવવા જરૂરી છે.
૨. અમદાવાદ - ગાંધીનગર જિલ્લામાં વસતા ફક્ત કચ્છી જૈન સભ્યોના પરિવારજનો જ ભાગ લઈ શકશે.
૩. ભાગ લેનાર સ્પર્ધકે ફક્ત પેન્સિલ કલર કે ચોક કલર (ક્રેયોન)નો ઉપયોગ કરી શકશે. જે તેમણે પોતાની રીતે લાવવાના રહેશે.
૪. સ્કેચપેનનો ઉપયોગ ફક્ત આઉટલાઈન માટે જ કરી શકાશે.
૫. ચિત્ર દોરવા માટે કાગળની વ્યવસ્થા યુવા વિકાસ સમિતિ દ્વારા કરવામાં આવશે.
૬. ચિત્રનો વિષય હરીફાઈના દિવસે આપવામાં આવશે.
૭. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.
૮. ઉપરોક્ત સ્પર્ધાના સમય - તારીખમાં સંજોગો પ્રમાણે જરૂરી ફેરફાર કરવાની સત્તા યુવા વિકાસ સમિતિ પાસે રહેશે.

*કન્વીનર, યુવા વિકાસ સમિતિ*

## યુવા વિકાસ સમિતિ યોજે છે....

### બુકશેલ્ફ - બ્લડ ડોનેશન પારિતોષિક યોજના

**“જીવન પર્યંત રક્તદાન, મૃત્યુ બાદ ચક્ષુદાન”**

શું આપ નિયમિત રક્તદાન કરો છો? જો આપનો જવાબ ‘હા’માં છે તો આપ ખરેખર ઉમદા કાર્ય કરો છો. એક માનવી તરીકે અન્ય માનવી પ્રત્યેની આપની ફરજનિષ્ઠા બદલ આપને અમે અભિનંદન આપીએ છીએ. આપ અને આપના જેવી અન્ય રક્તદાતાઓની ભાવનાઓને પ્રોત્સાહિત કરવાના એક નાનાકડા પ્રયાસ સ્વરૂપે યુવા વિકાસ સમિતિ યોજે છે “બુક શેલ્ફ” રક્તદાન પારિતોષિક યોજના.

જો આપ નિયમિત રક્તદાન કરતા હો તો આપે અત્યાર સુધી કરેલા રક્તદાનની સંખ્યા અને છેલ્લે ક્યારે રક્તદાન કરેલ છે તેની તારીખની વિગત અમોને લખી મોકલાવજો.

આપનું નામ, ઉંમર, ટેલિફોન નંબર (મોબાઈલ), અત્યાર સુધી આપે કરેલ કુલ રક્તદાનની સંખ્યા (જો યાદ હોય તો) અને વર્ષ દરમિયાન (તા. ૧-૪-૧૦થી ૩૧-૩-૧૧ સુધી) આપે કેટલી વખત રક્તદાન (તારીખ યાદ હોય તો તે સાથે), કોને માટે (કોઈ દર્દી માટે કે રક્તદાન કેમ્પમાં) કરેલ છે તે તમામ વિગત અમોને એક પેપર ઉપર તા. ૩૦-૪-૨૦૧૧ સુધી મોકલાવી આપશો.

આપની વિગત નીચે દર્શાવેલ સરનામે મોકલાવી આપશો.

**રાજેશ ધરમશી**
**સભ્ય, યુવા વિકાસ સમિતિ**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન - પાલડી,
અમદાવાદ.

*નોંધ : કવર ઉપર “રક્તદાન” લખવું જરૂરી છે.*

*કન્વીનર, યુવા વિકાસ સમિતિ*

*નિષ્ફળતા એ અવસર છે, જે આપણને આગળ ઉપર કાર્ય કઈ રીતે કરવું તે શીખવે છે.*

## દેહદાન, અવયવદાન, ચક્ષુદાન સમિતિ

### દિવાળી સંકલ્પ

આ વખતની દિવાળીએ આપણે સહુએ એક સંકલ્પ કર્યો જ હશે અને બની શકે તો અન્યોને પણ કરાવ્યો જ હશે કે જીવનમાં આપણા મૃત્યુ પહેલાં બે વ્યક્તિના જીવનમાં ફટાકડા ફોડ્યા વગર આર્થિક રોશની પ્રગટાવવા પ્રયત્ન કરીશું અને મૃત્યુ પછી ચક્ષુદાન કરીને બે અંધજનોના નયનદીપ પ્રગટાવી તેમના જીવનમાં ઊજાસ પાથરવાનો પ્રયત્ન કરીશું અને વર્ષમાં ઓછામાં ઓછા બે વખત રક્તદાન કરીને જીવનપર્યંત અનેક લોકોના અમૂલ્ય જીવન બચાવવા સંન્નિષ્ઠ પ્રયત્નો કરીએ.

જો આવો કોઈ સંકલ્પ ન કર્યો હોય તો હવે જાગ્યા ત્યારથી સવાર. સારો સંકલ્પ કરવા માટે દરેક દિવસે સોનાનો સૂરજ ઊગે જ છે.

- **ચક્ષુદાન અંગેની અગત્યની જાણકારી :**

☞ જન્મથી માંડીને કોઈપણ ઉંમરની વ્યક્તિનું ચક્ષુદાન થઈ શકે છે.

☞ ચક્ષુદાન માટે કોઈપણ જાતિ, ધર્મ, બ્લડગ્રૂપનો બાધ નથી. *અથવા* કોઈપણ જાતિ, બ્લડગ્રૂપ, ધર્મની વ્યક્તિ ચક્ષુદાન કરી શકે છે.

☞ ચક્ષુદાનની પ્રક્રિયા ૨૦ થી ૩૦ મિનિટમાં પૂર્ણ થઈ જાય છે.

☞ વચનબદ્ધ પત્ર (ફૉર્મ) ન ભર્યું હોય તો પણ ચક્ષુદાન થઈ શકે છે.

☞ ચક્ષુદાન માટે મૃત શરીરને હોસ્પિટલમાં લઈ જવો પડતો નથી.

☞ ચક્ષુદાન માટે કોઈપણ જાતનો ખર્ચ થતો નથી.

☞ ચક્ષુદાન કોઈપણ ચક્ષુબેંકમાં થઈ શકે છે.

☞ ચશ્માં પહેરતી વ્યક્તિ, ડાયાબિટીસ, બ્લડપ્રેશરવાળા, ગળાથી નીચેના ભાગમાં કેન્સર હોય તેઓ પણ ચક્ષુદાન કરી શકે છે.

☞ જે આંખની કોર્નિયા ટ્રાન્સપ્લાન્ટ માટે ન વપરાય તે સંશોધન માટે પણ અમૂલ્ય છે.

- **અગત્યનાં સૂચનો :**

૧. ડેથ સર્ટિફિકેટ અને તેની ઝેરોક્ષ તૈયાર રાખવા.
૨. આંખની ગુણવત્તા જાળવવા ૫ થી ૬ કલાકની અંદર જ ચક્ષુદાન થઈ જાય તે જરૂરી છે. નેત્રદાન જેટલું વહેલું તેટલું સારું.
૩. મૃતદેહના માથાં નીચે બે તકિયા મૂકવા.
૪. મૃતદેહના પોપચાં બંધ કરી રૂના પોતાં કે રૂમાલ મૂકવા.
૫. પંખો શક્ય હોય તો બંધ રાખવો. એ.સી. હોય તો ચાલુ રખાય.
૬. શક્ય હોય તો મૃતદેહને પલંગ પર રાખવાથી ચક્ષુદાનની પ્રક્રિયામાં સરળતા રહે છે.
૭. ચક્ષુબેંકનાં તેમજ ચક્ષુદાનનું કામ કરતા સામાજિક કાર્યકરોનાં ટેલિફોન નંબર સરળતાથી મળી શકે તેમ રાખવા.

- **ચક્ષુદાન - અવયવદાન સમિતિ :**

| | | |
|---|---|---|
| *કન્વીનર* | *શ્રી કમલેશભાઈ બાબુભાઈ શાહ* | *મો. ૯૮૯૮૭ ૪૨૬૨૪* |
| *સભ્ય* | *શ્રી ટોકરશી કેશવજી શાહ* | *મો. ૯૮૨૫૦ ૦૮૫૦૦* |
| *સભ્ય* | *શ્રી નવીન જેઠાભાઈ લાલકા* | *મો. ૯૩૭૭૭ ૪૨૪૨૧* |
| *સભ્ય* | *શ્રી કિશોરભાઈ મુળજીભાઈ લાલકા* | *મો. ૯૮૨૫૦ ૬૫૮૪૪* |
| *સભ્ય* | *ડૉ. કેતન ઈન્દ્રજિત શાહ* | *મો. ૯૮૨૫૬ ૮૭૭૪૧* |
| *સભ્ય* | *શ્રીમતી સુલુબહેન જલદીપભાઈ શાહ* | *ફોન : ૨૬૬૦૭૯૯૦* |

***Make Eye Donation Your Family Tradition.***

***કમલેશભાઈ બાબુભાઈ શાહ,***
***કન્વીનર, ચક્ષુદાન - અવયવદાન સમિતિ***

## દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ આયોજિત બ્લડ ડોનેશન કેમ્પ

કચ્છથી અનેક લોકો સારવાર કરાવવાના અર્થે અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં આવે છે. તેઓમાંના મુખ્યત્વે વિવિધ જાતના કેન્સરથી પીડાતા દર્દીઓ હોય છે. તેઓમાંના અનેક લોકો, તેમની સાથે આવેલ સગાસંબંધી સાથે શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે રહે છે. ત્યાં આપણે આપણા એક ભાઈશ્રી રશ્મિન સંઘોઈની નિમણૂક કરેલ છે કે જેમનું કામ માત્ર આ દર્દીઓની સંભાળ રાખવાનું – સારવાર કરાવવાનું હોય છે. (રશ્મિન સંઘોઈ, મો. ૯૪૨૬૮ ૬૪૧૭૪)

કચ્છથી આવનાર આ દર્દીઓને અવારનવાર લોહીની જરૂરિયાત રહે છે. જો કે સિવિલ હોસ્પિટલના ડૉક્ટરો તથા સ્ટાફના સભ્યો આ અંગે આપણને પૂરેપૂરો સહકાર આપે છે. તેમ છતાં લોહીની અછત તો વરતાય જ છે.

તેના અનુસંધાને તેના એક ઉપચાર તરીકે આપણે (૧) ગુજરાત કેન્સર સોસાયટી (ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ) તથા (૨) ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી - અમદાવાદના સૌજન્યથી નીચે મુજબ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ગોઠવેલ છે.

આશા છે કે સમાજ તથા સમાજ બહારના લોકો પણ આ કાર્યની અગ્રીમતા સમજી, પોતાના રક્તનું દાન કરવા બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી, ઉપરોક્ત ઉમદા કાર્યને પૂરેપૂરો સહકાર આપશે.

**૧. બ્લડ ડોનેશન કેમ્પ – ૧**

*દિવસ : રવિવાર, તા. ૯-૧-૨૦૧૧*
*સમય : સવારના ૯.૩૦થી ૧૨.૩૦*
*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.*
*ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૭૯૪૬૮, ૨૬૫૭૯૪૬૯*

**૨. બ્લડ ડોનેશન કેમ્પ – ૨**

*દિવસ : બુધવાર, તા. ૨૬-૧-૨૦૧૧ (પ્રજાસત્તાક દિવસ)*
*સમય : સવારના ૯.૩૦થી ૧૨.૩૦*
*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ.*
*ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૭૯૪૬૮, ૨૬૫૭૯૪૬૯*

સમાજના યુવા-યુવતીઓ પાસેથી વિશેષ અપેક્ષા અસ્થાને નહીં ગણાય.

***કમલેશ બાબુભાઈ શાહ***
***કન્વીનર - દેહદાન, અવયવદાન, બ્લડ ડોનેશન સમિતિ***
***શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

*પોતાનાં દુ:ખમાં કર્મને કારણ માને તે જ્ઞાની, પોતાનાં દુ:ખમાં અન્યને કારણ માને તે અજ્ઞાની.*

## યુવા વિકાસ સમિતિ

### બુક બેંક યોજના

બેંક એટલે આપણા આર્થિક વ્યવહારોને સુગમતા બક્ષતી એક સંસ્થા કે જેના વિવિધ પ્રકારના કાર્યોથી આપ સૌ સુવિદિત છો જ. બેંક આપણને લોન આપે છે, આપણી બચતો ઉપર વ્યાજ આપે છે, આપણને સુરક્ષિત લોકરની સુવિધા આપે છે, આપણા નાણાકીય વ્યવહારોને સુરક્ષિત અને સુગમ બનાવે છે. **જરા વિચારો! આપણે જેને મહાદાન તરીકે માનીએ છીએ એવા અક્ષરદાન, જ્ઞાનદાનનો લાભ આપને આવી કોઈ બેંક દ્વારા પ્રાપ્ત થાય તો આપ તેનો લાભ લો કે નહીં?** અગર તમારો જવાબ 'હા' છે તો જ આગળ વાંચજો, અન્યથા વાંચવા પાછળ આપનો અમૂલ્ય સમય વેડફતા નહિ.

**અક્ષર દાન / જ્ઞાન દાનનો લાભ કરાવતી, લાભ આપતી બેંક એટલે બુક બેંક.**

આપ સૌ જ્ઞાતિજનોના સાથ સહકારથી યુવા વિકાસ સમિતિ બુક બેંક યોજના શરૂ કરવા જઈ રહી છે. આપની પાસે રહેલા શૈક્ષણિક પુસ્તકોનો સદુપયોગ થાય એવા ઉમદા હેતુથી અમે આપની સમક્ષ ઉપરોક્ત યોજના લઈને આવ્યા છીએ. **બહુ સાદી ને સરળ ભાષામાં વાત કરીએ તો આપ આપના બાળકના શૈક્ષણિક પુસ્તકો વર્ષાંતે અમારી પાસે જમા કરાવો અને આપને જોઈતા આગામી વર્ષના પુસ્તકો અમારી પાસેથી મેળવો.** તમારે સત્વરે તમારું નામ, બાળકનું નામ, હાલનું ધોરણ, માધ્યમ (અંગ્રેજી / ગુજરાતી), (સી.બી.એસ.ઈ. બોર્ડ કે ગુજરાત બોર્ડ વગેરે) વિગતવાર વિદ્યાર્થી દીઠ અલગ અલગ આપના નામ સરનામા / ફોન નંબર સાથે લખીને મોકલાવવાનું રહેશે. જેથી આપની પાસેથી કયા ધોરણના પુસ્તકો અમોને પ્રાપ્ત થવાના છે અને આપને કયા ધોરણના પુસ્તકો જોઈશે તેની અમોને જાણ રહે અને તે માટે યોગ્ય વ્યવસ્થા અમો કરી શકીએ.

આ સાથે સમાજના સર્વે સભ્યોને અપીલ કરીએ છીએ કે હજી તો શૈક્ષણિક વર્ષ પૂરું થવાની વાર છે. લખીશું, જણાવીશું, શું ઉતાવળ છે વગેરે પ્રકારની આળસને ત્યજીને આપની જરૂરિયાત અને આપના તરફથી પ્રાપ્ત થનાર સહયોગ (પુસ્તકો સ્વરૂપે) અમોને સત્વરે લખી મોકલાવશોજી.

**વિગત મોકલવાનું સરનામું :**
વિમેશ જી. શાહ
(યુવા વિકાસ સમિતિ)
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, અમદાવાદ.

**વધારે માહિતી માટે સંપર્ક :**
શ્રી વિમેશ શાહ (મો. ૯૮૭૯૧ ૧૦૪૬૭) (રાત્રે ૮ થી સવારે ૮)

*નવીન લાલકા - કન્વીનર, યુવા વિકાસ સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

## યુવા વિકાસ સમિતિ

આયોજિત

### નોટબુક તથા ચોપડા વિતરણ કાર્યક્રમ (વર્ષ ૨૦૧૦-૨૦૧૧)

બુક બેંક યોજનાની વિગતો સહુએ મંગલ મંદિરના ઓક્ટોબર-નવેમ્બર ૨૦૧૦ના અંકમાં વાંચેલ હશે. ચાલુ અંકમાં પણ આ અંગેની વિગતો અન્યત્ર આપવામાં આવેલ છે.

યુવા વિકાસ સમિતિએ વર્ષ ૨૦૧૧-૨૦૧૨થી નોટબુક તથા ચોપડા વિતરણની યોજનામાં પણ આગળ વધવાનું નક્કી કરેલ છે. આ યોજના હેઠળ સારા એવા કન્સેશનના દરથી (લગભગ ૪૦થી ૫૦ ટકા) શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના, અમદાવાદ તથા ગાંધીનગર સ્થિત સભ્યોના બાળકોને જરૂરિયાત મુજબ નોટબુક / ચોપડાનું વિતરણ નવા સત્રની શરૂઆતથી કરવામાં આવનાર છે.

સમાજના દરેક સભ્ય પરિવારને આ યોજનાનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે.

ધોરણ-૧થી ૭ સુધીમાં અભ્યાસ કરતા બાળકોને ૧૪૪ પાનાની નોટબુક દરેક બાળકના હિસાબે વધુમાં વધુ અઢી ડઝન આપવામાં આવશે.

ધોરણ-૮થી ઉપર અભ્યાસ કરતા શાળાના બાળકોને અને કૉલેજના વિદ્યાર્થીઓને ૧૪૪ પાનાના ચોપડા દરેક વિદ્યાર્થી દીઠ વધુમાં વધુ અઢી ડઝનના હિસાબે આપવામાં આવશે.

ધોરણ-૧થી ૭ના ૧૨૫ વિદ્યાર્થી અને ધોરણ-૮થી ઉપરના ૨૦૦ વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મળી શકશે. વહેલા તે પહેલાના ધોરણે નોંધણી કરવામાં આવશે.

નોટબુક તથા ચોપડાના ભાવો જો કે આવતા અંકમાં જાહેર કરવામાં આવશે. તેમ છતાં આ યોજનામાં જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓના વાલીઓએ પોતાના બાળકોના નામો અત્યારથી જ નીચેના સરનામે મોકલી આપવાના રહેશે.

*કન્વીનરશ્રી, યુવા વિકાસ સમિતિ,*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ,*
*શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ-૬.*

બાળકનું નામ, કયા ધોરણમાં અભ્યાસ કરે છે અને નોટબુક અથવા ચોપડા કેટલા જોઈએ છે તેની વિગતવાર માહિતી દરેકે મોકલી આપવાની રહેશે.

**આ યોજનાના સ્પોન્સરર બનવાની ઈચ્છા ધરાવનારે નીચે સહી કરનારનો સંપર્ક સાધવા વિનંતી.**

**નોટબુક તથા ચોપડા પર જાહેરાત પણ લેવાની હોવાથી, જ્યારે અમારા કાર્યકરો જરૂરી જાહેરાત માટે આપશ્રીનો સંપર્ક સાધે ત્યારે સહકાર આપવા વિનંતી.**

*નવીન લાલકા (૯૩૭૭૭ ૪૨૪૨૧)*
*કન્વીનર, યુવા વિકાસ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*પોતે સર્જેલી સૃષ્ટિમાં દરેક ઠેકાણે પહોંચી વળવાનું ઈશ્વર માટે અશક્ય થયું એટલે જ તેણે 'મા'નું સર્જન કર્યું.*

# યુવા વિકાસ સમિતિ આયોજિત શરદોત્સવ



ફક્ત તોફાન મસ્તીમાં નહીં,
રાસ ગરબામાં પણ "હમ કિસીસે કમ નહીં"



શોખ અને લગ્નને ઉંમરનો કોઈ બાધ નથી નડતો.
દાદા વિજયભાઈ પાસે રાસના તાલ શીખતો પૌત્ર.



દાંડિયાની રમઝટ નિહાળવામાં મશગુલ વડીલ વર્ગ



રાસ રમવામાં મગ્ન ખેલૈયા



બીનની ધૂન ઉપર નાગીન ડાન્સ કરતા
શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ અને સંદીપ અશોકભાઈ મહેતા

બાપ દીકરીની જોડી નં.-૧.
શ્રી ભરત રાંભિયા અને દીકરી કુ. ઝીલ ભરત રાંભિયા



ગ્રૂપ-એ ના વિજેતા
કુ. પૂજા પરેશ ડાઘાને ઈનામ આપતા
શ્રીમતી શીલ્પિબહેન પી. શાહ
(ગુર્જર પરિવાર)



"પર્સન ઑફ ધી ડે"ના વિજેતા
ઈશા શાહને
ટ્રોફી એનાયત કરતા
શ્રીમતી શીલ્પિબહેન શાહ



# રંગોળી હરીફાઈ
## શનિવાર, તા. ૬-૧૧-૨૦૧૦



રંગોળી બનાવવામાં તલ્લીન સ્પર્ધકો



રંગોળીનું નિરીક્ષણ કરતા
સમાજના સભ્યો
ડાબેથી શ્રી પીયૂષ પારેખ,
શ્રી કાંતિભાઈ સાવલા,
શ્રી લહેરચંદભાઈ મૈશેરી



ગ્રૂપ-એ (૧૫ વર્ષ સુધીના)ના
પ્રથમ વિજેતા
ખૂશ્બુ પરેશ શાહને
શિલ્ડ અર્પણ કરતા
શીલ્પિબહેન શાહ



ગ્રૂપ-બી (૧૬ વર્ષથી ઉપર)ના
પ્રથમ વિજેતા
બંસરી સંદીપ મહેતાને
શિલ્ડ અર્પણ કરતા
શીલ્પિબહેન શાહ

## નૂતન વર્ષ સ્નેહ મિલન સમારંભ ● શનિવાર, તા. ૬-૧૧-૨૦૧૦



સ્નેહ મિલન સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવો



સ્નેહ મિલન સમારંભમાં ઉપસ્થિત બહેનો



સ્નેહ મિલન સાથે મિજબાની



સ્નેહ મિલન સમયે બૂફેની મજા માણતા કાર્યકરો

# યુવા વિકાસ સમિતિ યોજે છે....

## શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા કાવ્ય હરીફાઈ (૨૦૧૦-૧૧)

આ કાવ્ય હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક, શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના સભ્યોએ પોતાની મૌલિક કૃતિ (કે જે અગાઉ ક્યાંય પણ પ્રકાશિત થયેલ ના હોય), તા. ૩૧-૧૨-૨૦૧૦ સુધીમાં લખીને બંધ કવરમાં શ્રી કચ્છી જૈન ભવન, પાલડી પર પહોંચાડવાની રહેશે. કવર ઉપર "કાવ્ય હરીફાઈની કૃતિ" એમ લખવું.

## શ્રીમતી મંજુલાબહેન હરખચંદ સાવલા વાર્તા હરીફાઈ (૨૦૧૦-૧૧)

આ વાર્તા હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છુક, શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્ય પરિવારના સભ્યોએ પોતાની મૌલિક કૃતિ (કે જે અગાઉ ક્યાંય પ્રકાશિત થયેલ ન હોય) વધુમાં વધુ ૪૦૦ શબ્દોમાં પાનાની એક બાજુ પર સુંદર અક્ષરોમાં તા. ૩૧-૧૨-૧૦ સુધી લખીને બંધ કવરમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર પહોંચાડવાની રહેશે. કવર ઉપર "વાર્તા હરીફાઈની કૃતિ" એમ લખવું જરૂરી છે.

**ઉપરોક્ત બંને હરીફાઈઓ માટેના નિયમો :**

૧. સ્પર્ધકે પોતાનું પૂરું નામ / સરનામું / ફોન નંબર અવશ્ય સારા અક્ષરોમાં લખવું.
૨. બંને હરીફાઈઓની કૃતિ અલગ અલગ કવરમાં મોકલવી.
૩. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.
૪. સ્પર્ધામાં વિજેતા કૃતિઓને શક્ય હશે તો મંગલ મંદિરમાં સ્થાન આપવામાં આવશે.
૫. આ હરીફાઈમાં ૧૫ વર્ષ સુધી અને ૧૬ વર્ષથી વધુ ઉંમરના – એમ બે ગ્રૂપ પાડવામાં આવશે.
૬. આ હરીફાઈમાં અમદાવાદ / ગાંધીનગર જિલ્લામાં વસતા કચ્છી જૈન પરિવારના સભ્યો જ ભાગ લઈ શકશે.
૭. કવર ઉપર, કન્વીનરશ્રી, યુવા વિકાસ સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ, શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ લખવું.

***કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

# શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ દ્વારા <u>આયોજિત</u> એપ્ટિટ્યૂડ ટેસ્ટ

ધોરણ-૯ તથા ૧૦માં ભણતા બાળકોની એપ્ટિટ્યૂડ ટેસ્ટ રવિવાર તા. ૧૯-૧૨-૨૦૧૦ના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે સવારે ૧૦થી સાંજે ૪ દરમ્યાન લેવાશે. જ્યારે ધોરણ-૧૧ તથા ધોરણ-૧૨માં ભણતા બાળકોના ટેસ્ટ રવિવાર તા. ૨૬-૧૨-૨૦૧૦ના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે સવારે ૧૦થી બપોરે ૨ દરમ્યાન લેવાશે.

રજિસ્ટ્રેશન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે રૂા. ૧૦૦/-ની રિફંડેબલ ડિપોઝિટ ભરી કરવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવાના હોવાથી ત્વરિત રજિસ્ટ્રેશન કરાવવા વિનંતી. પરિણામ મેળવી લઈ અને કાઉન્સેલિંગ કર્યા પછી દરેકની ડિપોઝિટ પરત કરવામાં આવશે. નામ નોંધાવતી વખતે તમારો કોન્ટેક્ટ નંબર તથા ગુજરાતી કે અંગ્રેજી માધ્યમ, તે જરૂરથી લખાવશો.

ટેસ્ટ દરમ્યાન જમવાની તથા ચા-નાસ્તાની વ્યવસ્થા સમાજ દ્વારા કરવામાં આવશે. ટેસ્ટ આપનારે ફક્ત કમ્પાસ બોક્સ તથા ટેસ્ટ આપતી વખતે તથા પેપર લખતી વખતે નીચે મૂકીને લખવા માટે કડક રજિસ્ટર / રાઈટિંગ પેડ જોડે લાવવાના રહેશે.

વધારાની કોઈ પણ માહિતી માટે એચ.કે. શાહ (૯૮૨૫૦ ૧૩૭૧૫) અથવા વિશાલ શાહ (૯૪૨૮૩ ૫૦૦૩૮) અથવા વિમેશ શાહ (૯૮૭૯૧ ૧૦૪૬૭)નો સંપર્ક કરવા વિનંતી.

**બહાર જે ટેસ્ટની કિંમત રૂા. ૧૦૦૦/- થી રૂા. ૧૫૦૦/- જેટલી હોય છે તે સમાજ પોતાના ખર્ચે આપણા બાળકોના ટેસ્ટ કરાવવા માટે વ્યવસ્થા કરે છે. તો આશા છે, કે સૌ સભ્યો જરૂરથી આનો લાભ લેશે.**

***કન્વીનર, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ***

# યુવા વિકાસ સમિતિ <u>આયોજિત</u>

## શરદ પૂનમોત્સવ તેમજ "શ્રી ગૂર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈ"

### <u>એક અહેવાલ</u>

નવરાત્રિના નવ દિવસ પલકવારમાં પસાર થઈ ગયા ને જોતજોતામાં આવી આસો સુદ પૂનમ - શરદ પૂનમની રઢિયાળી રાત. સોળે કળાએ ખીલેલા પૂનમના ચાંદની, ચાંદની શીતળતા તો બક્ષતી હતી પણ એ રેલાયેલી દૂધ જેવી ચાંદનીમાં ધ્વનિ ઓરકેસ્ટ્રાના સાંજિદાઓ દ્વારા રેલાતો મધૂર ને જોશીલો સંગીત તનમાં થનગનાટ ભરતો રહ્યો, ને શરૂ થયો રાસ-ગરબાની રમઝટનો દોર. જી હા, હું વાત કરી રહ્યો છું શ્રી કચ્છી જૈન સેવા સમાજના પટાંગણમાં યોજાયેલ શ્રી ગૂર્જર પરિવાર દાંડિયા રાસ સ્પર્ધા અને શરદ પૂનમોત્સવની.

નાના-મોટા સૌ અવનવા સુંદર વસ્ત્રો પરિધાન કરીને આજે શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના પટાંગણમાં દાંડિયાથી સજ્જ થઈને હાજર થયેલ. શ્રી ગૂર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈના વિજેતાઓની યાદીમાં પોતાનું નામ અંકિત કરવા. સૂરીલા સૂરને ઢબકતા ઢોલનો તાલ, સૌ ખેલૈયાઓને જાણે પોરસ ચડાવતા હોય તેમ ધીમે ધીમે રાસની રમઝટનો રંગ જામતો ગયો. કચ્છી ધમાલ, બાર દાંડિયા ને પાંચ દાંડિયાની રંગતને રાસ રમતા નાના-મોટા યુવાનો વડીલોને નિહાળવાનો લહાવો અનેરો હતો. દાંડિયાની રમઝટ બાદ સનેડો અને ભાંગડા તેમજ વિઠ્ઠલા-વિઠ્ઠલની મોજ માણ્યા બાદ સૌએ દૂધ પૌંઆ તેમજ મેથીના ગોટાની લિજ્જત માણી. વિજેતાઓને શ્રી ગૂર્જર પરિવાર તરફથી શ્રીમતી શીલ્પિબહેન પી. શાહે ઈનામો એનાયત કરેલ.

**વિજેતાઓના નામ :**

★ **ગ્રૂપ-૧ : ૧-૧૨ વર્ષ**
**M** : જૈનમ જિજ્ઞેશ શાહ **F** : પૂજા પરેશ ડાઘા

★ **ગ્રૂપ-૨ : ૧૩થી ૨૫ વર્ષ**
**M** : પારસ કિશોર વીરા **F** : મૌલી વોરા

★ **ગ્રૂપ-૩ : ૨૬થી ૫૦ વર્ષ**
**M** : પીયૂષ એચ. સાવલા **F** : ભાવિની જૈન

★ **ગ્રૂપ-૪ : ૫૧ વર્ષથી વધુ**
**M** : વિજયભાઈ શાહ **F** : નયનાબહેન વી. શાહ

★ *જોડી નં.-૧ :* શ્રી ભરત રાંભિયા, કુ. ઝીલ રાંભિયા

★ **Person of the Day :** ઈશા શાહ.

***કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

# દીપોત્સવી ઉજવી ઉમંગભેર

"ઉજવો દીપોત્સવી ઉમંગભેર"ના નેજા હેઠળ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે તેના ૫૦ વર્ષના ઇતિહાસમાં આ વર્ષે એક નવીન પ્રયાસ કરેલ હતો કે જે તેના કાર્યકરો અને સ્ટાફના સભ્યોની ધગશ અને દિન-રાત ઉજાગર કરી કામ કરવાની પદ્ધતિના કારણે ખૂબ જ સફળ રહેવા પામેલ હતો.

મંગલ મંદિરના ઓક્ટોબર-૨૦૧૦ના અંકમાં જાહેરાત કરવામાં આવેલ હતી કે દીપોત્સવી તહેવાર દરમ્યાન જેઓને ભવન પર જાત દેખરેખ હેઠળ બનાવવામાં આવેલ શુદ્ધ અને સાત્ત્વિક મિષ્ટાન્ન, ફરસાણ અને ડ્રાયફ્રૂટ જોઈતા હશે તેઓ માટે આ વાનગીઓ બજારભાવ કરતાં ખૂબ જ કિફાયતી દરે ભવન પરથી વિતરણ કરવામાં આવશે.

આ જાહેરાતનો ખૂબ જ સરસ પડઘો પડેલ હતો અને શ્રી કચ્છી જૈન સેવા સમાજના સભ્યો, શ્રી કચ્છી સમાજના સભ્યો, મેડિકલ સેન્ટરના ડૉક્ટરો, સ્ટાફ મેમ્બર તથા અન્ય હિતેચ્છુઓએ તેનો સારો એવો લાભ ઉઠાવેલ હતો. લગભગ ૨૧૫ જેટલા વ્યક્તિગત સભ્યો તથા ૧૦ જેટલી કોર્પોરેટ કંપનીઓએ પોતાના ઓર્ડર, પોતાની જરૂરિયાત અનુસાર નોંધાવેલ હતા અને બધા જ લોકોને ભવન પરથી ઓર્ડર કરેલ આઈટમનું વિતરણ ખૂબ જ સમયસર કરવામાં આવેલ હતું. જે કુટુંબો હાલે ગૃહઉદ્યોગ ચલાવી રહ્યા છે તેઓએ પણ આ વિભાગમાં પોતાની બનાવટની આઈટમોનું વિતરણ કરેલ હતું.

વિતરણ કરવામાં આવેલ આઈટમોની અંદાજિત વિગત નીચે મુજબ છે.

| મિષ્ટાન્ન | | | ફરસાણ | | | ડ્રાયફ્રૂટ | | |
|---|---|---|---|---|---|---|---|---|
| કાજુ કતરી | – | ૬૫૦ કિલો | ખસ્તા કચોરી | – | ૬૫ કિલો | કાજુ | – | ૬૦ કિલો |
| અંજીર રોલ | – | ૧૭૦ કિલો | ખારી બુંદી | – | ૩૦ કિલો | કિસમિસ દ્રાક્ષ | – | ૩૫ કિલો |
| ખજૂર રોલ | – | ૨૨૫ કિલો | ચકરી | – | ૩૦ કિલો | બદામ | – | ૪૫ કિલો |
| બુંદીના લાડુ | – | ૧૦૦ કિલો | મઠિયા | – | ૩૫ કિલો | પીસ્તા | – | ૩૦ કિલો |
| મોહનથાળ | – | ૨૦૦ કિલો | ચોળાફળી | – | ૨૫ કિલો | અખરોટ મગજ | – | ૩૦ કિલો |
| કોપરા પાક | – | ૧૫૦ કિલો | | | | અંજીર | – | ૩૦ કિલો |
| ફીણિયા લાડુ | – | ૧૫ કિલો | | | | જરદાલુ | – | ૨૦ કિલો |
| કચ્છી પેંડા | – | ૬૦ કિલો | | | | | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ડ્રાય ફ્રૂટના બોક્સ** | ડ્રાય ફ્રૂટ બોક્સ | – | ૨૦૦ ગ્રામ વજન | (૫૦ x ૪) | – | ૧૦ નંગ |
| | ડ્રાય ફ્રૂટ બોક્સ | – | ૩૦૦ ગ્રામ વજન | (૫૦ x ૬) | – | ૫૦ નંગ |
| | ડ્રાય ફ્રૂટ બોક્સ | – | ૫૦૦ ગ્રામ વજન | (૧૨૫ x ૪) | – | ૬૦ નંગ |
| | ડ્રાય ફ્રૂટ બોક્સ | – | ૬૦૦ ગ્રામ વજન | (૧૦૦ x ૬) | – | ૧૭૦ નંગ |

નિયત કરેલ સમયમાં આવેલ મિષ્ટાન્નના ઓર્ડર પ્રમાણે મિષ્ટાન્ન બનાવવામાં આવેલ હતી. મિષ્ટાન્નની શુદ્ધતા સાત્ત્વિક્તા અને વિતરણ કરવાના દર જાણ્યા બાદ લગભગ ૪૦૦૦ કિલો જેટલા મિષ્ટાન્નના અન્ય ઑર્ડરો, સભ્યોમાંથી આવેલ હતા. પરંતુ તેને પહોંચી વળવાનું શક્ય ન જણાતા એ ઓર્ડરોનો સ્વીકાર કરવામાં આવેલ ન હતો.

શ્રી હસમુખભાઈ ખાંડવાલા, શ્રી પંકજ રસિકલાલ શાહ, શ્રી પરાશર વ્યાસ, કિન્નરીબહેન શાહ, શ્રી કિરણભાઈ શાહ, શ્રી કિશોરભાઈ ઠક્કર, કલ્પેશ શાહ, અજય રાણા, નીરવ જાદવ તથા જયસુખ સંઘવીની જહેમત અને મહેનતે આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

દીપ ઈન્ડસ્ટ્રીઝ ગ્રૂપ, ગુર્જર ગ્રૂપ તથા જે.આર.જે. મિચી ફૂડ્સે મિષ્ટાન્ન તથા ડ્રાય ફ્રૂટના બોક્સના ઓર્ડર મોટા પ્રમાણમાં આપી સુંદર સાથ અને સહકાર આપેલ હતો.

આ યોજનાના કારણે સમાજના અનેક ઘરોને શુદ્ધ અને સાત્ત્વિક તેમજ ભરોસાપાત્ર વસ્તુઓ તો મળી રહી પણ સાથે સાથે દરેક પરિવારને આર્થિક રીતે સારો એવો ફાયદો પણ થવા પામેલ હતો.

ગૃહ ઉદ્યોગ દ્વારા વિવિધ વાનગીઓ બનાવતા પરિવારોને પણ સુંદર આર્થિક સહકાર મળી રહેલ હતો.

અગર સમાજ આવતા વર્ષે પણ આ યોજના અમલમાં મૂકવાનું ચાલુ રાખશે તો સમાજના સભ્યો તથા અન્યોનો સહકાર ઉત્તરોત્તર વધતો જ રહેવાનો.

**પ્રતાપ નારાણજી દંડ**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

*બાળપણમાં ગોદ આપનારને ઘડપણમાં દગો ન દેશો.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે ઉજવ્યો નૂતન વર્ષ સ્નેહ મિલન સમારંભ

આ વર્ષે ૨૦૬૬નો આખરી દિવસ એટલે દિવાળી, શુક્રવાર, તા. ૫ નવેમ્બરના હતી, જ્યારે ૨૦૬૭નું નૂતન વર્ષ રવિવાર તા. ૭ નવેમ્બરના શરૂ થતું હતું. વચ્ચે શનિવાર તા. ૬ નવેમ્બરનો દિવસ ખાલી હતો. જે લોકો દીપોત્સવી રજામાં બહારગામ ફરવા ના ગયા હોય તેઓ ખાલી દિવસે કોઈ પણ જાતની પ્રવૃત્તિ વિના ઘરમાં રહીને પાસ કરતા હોય છે. આ અવસરનો લાભ લઈ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદે નૂતન વર્ષ મિલન સમારંભ શનિવાર, તા. ૬-૧૧-૨૦૧૦ના ઉજવેલ કે જેથી વધુને વધુ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી આ અવસરને માણી શકે. વધુને વધુ લોકો એકબીજાને મળી શકે.

બપોરના ૩ વાગે રાખવામાં આવેલ રંગોળી હરીફાઈનો કાર્યક્રમ પૂરો થતાં સાંજના ૫ વાગે સહુ મિલન સમારંભમાં ભાગ લેવા સાંસ્કૃતિક કેન્દ્રમાં આવવા લાગ્યા. લગભગ ૬ વાગે તો હોલ ખીચોખીચ ભરાઈ ગયેલ હતો. સહુ આનંદથી એકબીજાને મળતા હતા અને નૂતન વર્ષની મુબારકબાદી આપતા હતા.

ત્યારબાદ એક તરફ મિજબાની શરૂ થઈ જ્યારે અન્ય તરફ યુવા વિકાસ સમિતિના કન્વીનર શ્રી નવીનભાઈ લાલકાએ સહુને એકત્રિત કરી રંગોળી હરીફાઈના વિજેતાઓના નામો જાહેર કર્યા અને સહુ વિજેતાઓને રંગોળી હરીફાઈના પ્રયોજક શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી પરિવાર વતી શ્રીમતી શીલ્પિબહેન પ્રકાશભાઈ શાહે ઈનામો અર્પણ કર્યા.

મિજબાનીમાં ઉપસ્થત લોકોએ પાણીપૂરી, સમોસા-રગડા, ઈડલી-વડા તથા પાઈનેબલ જલેબીનો રસાસ્વાદ માણ્યો. જમણવાર સમિતિની કામગીરી પ્રશંસનીય રહેવા પામેલ હતી.

ઉપસ્થિત મહાનુભાવોમાં શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી હસમુખ ખાંડવાલા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી કે.આર. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી સૂરજલાલ મહેતા, શ્રી પોપટભાઈ ધરોડ, શ્રી દિનેશભાઈ શાહ, શ્રી શાંતિલાલ છ. શાહ, શ્રી પદમશીભાઈ ડાઘા, શ્રી હીરેન શાહ, શ્રી નવીન લાલકા, શ્રી ગિરીશ પોલડિયા, શ્રી સંદીપ મહેતા, શ્રી પ્રદીપ મહેતા, વગેરે અનેક લોકો સહપરિવાર હાજર રહેલ હતા.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના શ્રી વાડીલાલ પંચાલ, શ્રી ઘનશ્યામભાઈ ઠક્કર, શ્રી ભરત ઓઝા, શ્રી રઘુરામભાઈ ઠક્કર વગેરે પણ આમંત્રણને માન આપી ઉપસ્થિત રહેલ હતા.

લગભગ ૩૫૦ની સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેવા પામેલ હતા.

એકબીજાને નૂતન વર્ષની મુબારકબાદી આપી, મિજબાની માણી, સહુ વિખરાયા હતા.

## યુવા વિકાસ સમિતિ <u>*આયોજિત*</u> "નવીનચંદ્ર લહેરચંદ સંઘવી" રંગોળી હરીફાઈ

### <u>અહેવાલ</u>

દિવાળીનો તહેવાર એટલે વર્ષની સમાપ્તિનો દિવસ. ને ત્યારબાદ થાય નવા વર્ષનું આગમન. આ દિવસોના સ્વાગત માટે લોકો પોતાના ઘરોની સફાઈ કરે છે તેમજ રંગરોગાન પણ કરાવે છે. ઘરના આંગણે વિવિધ રંગોળીઓ દ્વારા ઘરનું સુશોભન કરે છે.

તા. ૬-૧૧-૨૦૧૦ના રોજ નૂતન વર્ષ સ્નેહ મિલન સાથે શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી રંગોળી હરીફાઈનું આયોજન યુવા વિકાસ સમિતિ દ્વારા કરવામાં આવેલ હતું. નાના મોટા ૨૬ સ્પર્ધકોએ આ હરીફાઈમાં ભાગ લીધેલ. ૧૫ વર્ષ સુધી અને ૧૬ વર્ષથી ઉપર એમ બે વિભાગોમાં હરીફાઈનું આયોજન કરવામાં આવેલ. ઘણા સ્પર્ધકોએ સતત બીજા વર્ષે આ હરીફાઈમાં ભાગ લઈ પોતાની કલાના દર્શન કરાવેલ. ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે દરેક કલાકારની રજૂઆત દમદાર હતી. દરેકે ખૂબ જ સારો પ્રયત્ન કરેલ. નિર્ણાયકશ્રી માટે પ્રથમ અને દ્વિતીય ક્રમાંક આપવો ખરેખર કઠિન સાબિત થયેલ.

દરેક વિજેતાઓને ખૂબ ખૂબ અભિનંદન અને ભાગ લેનાર દરેક સ્પર્ધકોનો ખૂબ ખૂબ આભાર. સૌએ ખૂબ જ સારો પ્રયત્ન કરેલ. વિજેતાઓને શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી પરિવાર વતી શ્રીમતી શીલ્પિબહેન પી. શાહે ઈનામો અર્પણ કરેલ હતા.

વિજેતાઓના નામ નીચે મુજબ છે :

- **ગ્રૂપ-એ (૧૫ વર્ષ સુધી)**

૧. ખૂશ્બુ પરેશ શાહ (૮ વર્ષ)
૨. ભૂમિ જયેશ લોડાયા (૧૫ વર્ષ)
૩. હીરલ અશોક શાહ (૧૪ વર્ષ)

- **ગ્રૂપ-બી (૧૬ વર્ષથી ઉપર)**

૧. બંસરી સંદીપ મહેતા (૧૮ વર્ષ)
૨. યોગિની ચેતન શાહ (૩૦ વર્ષ)
૩. સલોની નવીન લાલકા (૧૮ વર્ષ)

***કન્વીનર, યુવા વિકાસ સમિતિ***

*ભગવાનને ભજવાથી 'મા' મળતી નથી, પરંતુ 'મા'ને ભજવાથી ભગવાન અવશ્ય મળે છે.*

## શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ *આયોજિત*
## વર્કશોપ

### અહેવાલ

પાંચ વર્ષથી નીચેની ઉંમરના બાળકોના મા-બાપ તથા વડીલો માટે યોજાયેલ પેરેન્ટિંગના વર્કશોપની અભૂતપૂર્વ સફળતા બાદ સમિતિ દ્વારા રવિવાર તા. ૨૪-૧૦-૧૦ના રોજ શ્રી કચ્છી જૈન ભવન, પાલડી ખાતે ૧૦.૩૦થી ૧.૩૦ દરમ્યાન ૬ થી ૧૧ વર્ષની ઉંમરના બાળકોના માતા-પિતા તેમજ વાલીઓ માટે એક વર્કશોપનું "પેરેન્ટિંગ" વિષય પર આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના ૫૦થી વધુ જાગૃત મા-બાપ, વાલીઓએ ખૂબજ રસ લઈ આ વર્કશોપમાં ભાગ લીધો હતો. ટેન્ગ્રામ સંસ્થાના ડૉ. નિમ્રત સિંઘ દ્વારા લાક્ષણિક શૈલીમાં બાળ માનસ, બાળ ઉછેરમાં ઉદ્‌ભવતા પ્રશ્નો તથા તેનું નિરાકરણ કેવી રીતે લાવવું તે અંગેની રજૂઆત કરવામાં આવી હતી. સમિતિના દરેક સભ્ય તથા સ્ટાફે ખંતપૂર્વક કામગીરી બજાવી, વર્કશોપની સફળતાને ચાર ચાંદ લગાવી દીધા હતા. નીચે મુજબના પ્રતિભાવ કાર્યક્રમની સફળતા અંગે ઘણું બધું કહી જાય છે.

*કન્વીનર, શિક્ષણ તથા ઇતર ડેવલપમેન્ટ સમિતિ*

### વર્કશોપ માટેના પ્રત્યાઘાતો

★ ખૂબ જ સરસ, ઉપયોગી કાર્યક્રમ. વારંવાર સમયાંતરે યોજાવા જોઈએ. *રાજેન્દ્ર વી. મહેતા, નીરવ વસા, જિજ્ઞેશ કે. મહેતા*

★ સારું માર્ગદર્શન મળ્યું. *સુનિતા એ. રાંભિયા*

★ બાળકના ભવિષ્ય માટે સારું. નાની નાની સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. *વૃદ્ધિ એસ. મહેતા*

★ મૂંઝવણની લેખિત રજૂઆત તથા તેના ઉપયોગની ચર્ચા થઈ શકે તો વધુ ઉપયોગી થાય. *દિનેશ એમ. શાહ*

★ પ્રોબ્લેમ્સના ઉપાય થોડા વધારે ઉદાહરણ સાથે સમજાવાય તો વધુ સારું રહે. *અલ્પા શાહ*

★ મગજ શાંત રાખી, બાળકોની ઈચ્છા જાણી, સમજવામાં ઉપયોગી. *દક્ષાબહેન શાહ*

★ બાળકોનું વર્તન તથા માનસિકતા સમજવામાં ખૂબ જ ઉપયોગી. *કુંજલ ગોસર*

### *આ દેશમાં ભાઈચારો કાયમી ધોરણે રાખવા*

*"આ દેશમાં ભાઈચારો કાયમી રાખવા માટે એ જરૂરી છે કે આ દેશમાં રહેવાવાળા મુસલમાનો, ઈસાઈઓ એ વાતનો સ્વીકાર કરે કે હિંદુઓ તેમના પૂર્વજો છે અને હિંદુઓ માને કે મુસ્લિમો અને ઈસાઈઓ તેમની ઓલાદ છે."*

## તબીબી સેવા સમિતિ

તા. ૨૩-૧૦-૧૦ને શનિવારના રોજ રાત્રે ૯.૦૦ વાગે રૂમ નં.-૨૦૬માં તબીબી સેવા સમિતિની મિટિંગ મળી હતી. જેમાં મેડિકલ કન્વીનરશ્રી ડૉ. ચંદ્રકાંતભાઈ દેઢિયા, કચ્છી જૈન સેવા સમાજના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અશોક મહેતા તથા શ્રી કે.આર. શાહ, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી કાંતિભાઈ સાવલા તથા દક્ષાબહેન રાણાવત હાજર રહ્યા હતા. જેમાં પેથોલોજી લેબોરેટરી માટે ઉત્તમ ગુણવત્તા જાળવવા એક્સ્ટર્નલ તેમજ ઈન્ટર્નલ ક્વોલિટી કન્ટ્રોલ માટે તથા લેબોરેટરીના રોજેરોજ વધતા કામને પહોંચી વળવા વધારાનું એક ૧૬ ટ્યુબનું સેન્ટ્રિફ્યુઝ મશીન તથા વધારાનું પ્રિન્ટર ખરીદવાની મંજૂરી આપવામાં આવી. તેવી જ રીતે આંખ વિભાગમાં નવું સ્લીટ લેમ્પ મશીન ખરીદવાની મંજૂરી આપવામાં આવી હતી.

તા. ૧૬-૧૧-૧૦ને મંગળવારના રાત્રે ૯.૦૦ વાગે એક મિટિંગ મળેલ હતી કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી કે.આર. શાહ, ડૉ. હિતેન્દ્ર શાહ તથા શ્રીમતી દક્ષાબહેન રામાવત ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં પેથોલોજી વિભાગ માટે તથા આંખના વિભાગ માટે અન્ય મશીનરી ખરીદવા બાબત તેમજ રાજીનામા આવેલ મેડિકલ સુપ્રિન્ટેન્ડન્ટ તથા અન્ય ડૉક્ટરોની નિમણૂક અંગે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

*કન્વીનર, તબીબી સેવા સમિતિ*

## 'સંકલ્પ'
### શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન - અમદાવાદ

શ્રી કચ્છી જૈન યુથ એસોસિએશન "સંકલ્પ" દ્વારા આયોજિત ગેટ ટુ ગેધર દિવાળીના વેકેશન બાદ તરત જ નવા સ્કૂલના સત્રના પહેલા જ રવિવારે શ્રી કચ્છી જૈન સેવા સમાજના સર્વે સભ્યો સાથે રહી અવનવી રમતો "સિક્રેટ" ગેમ રમ્યા હતા. જેમાં અલગ અલગ સવાલો ઉપર બે મિનિટ અભિપ્રાય આપવાનું કહેલ. આ અલગ અલગ વિષયો ઉપર સમાજના દરેક વયના લોકોએ ભાગ લીધેલ અને ઘણું સારું પરફોર્મન્સ આપેલ. આ પ્રોગ્રામમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજના ટ્રસ્ટી તથા વડીલ શ્રી હીરજીબાપા તથા શ્રી રમણિકભાઈ ગોસર તથા સમાજના અન્ય વડીલો, સો જેટલા યુવાનોએ સાથે મળીને આ પ્રોગ્રામની મજા માણી. ત્યારબાદ સૌએ વન શોટ હાઉસીની રમત રમી. સૌએ નવી કારોબારીની ઓળખવિધિ કરી અને અલ્પાહાર લીધેલ. ત્યારબાદ 'સંકલ્પ'ના આગામી પ્રોગ્રામ તા. ૩૧-૧૨ના રોજ નવા વર્ષની ઉજવણી રૂપે મળવાના નિર્ધાર સાથે છૂટા પડેલ.

*પીયૂષ પારેખ - પ્રમુખ, સંજય સંઘવી - મંત્રી*

# સમાજ સુરક્ષા સમિતિ

## તબીબી વીમા યોજના અંગે અગત્યની જાહેરાત

સમાજ મારફતે લેવામાં આવેલ સભ્ય પરિવારોના આરોગ્ય વીમાની મુદત તા. ૨૮-૧૨-૨૦૧૦ના રોજ પૂરી થાય છે. આથી જે પરિવારોના વીમા ચાલુ હોય તેઓએ રિન્યૂ કરાવવાના રહેશે અને વર્ષ દરમિયાન નવા થયેલા સભ્ય પરિવારોએ આ સાથે આપેલ વિગત મુજબ યોજના પસંદ કરીને પ્રીમિયમના કોઠા મુજબ ગણતરી કરીને રકમ તા. ૧૫-૧૨-૨૦૧૦ સુધીમાં ભરીને ગ્રૂપ વીમા યોજનામાં દાખલ થવાનું રહેશે.

ન્યુ ઇન્ડિયા એસ્યુ. ક.લિ., જેમાં આપણે જોડાયેલા છીએ તેની ૩ જુદી જુદી યોજનાઓ છે, જેની વિગત ટૂંકમાં નીચે આપેલ છે.

### (૧) વ્યક્તિગત વીમા

૧. આમાં પરિવારની દરેક વ્યક્તિના જરૂરત મુજબ અલગ અલગ રકમની વીમા લઈ શકાય છે અને એ મુજબ વ્યક્તિગત સીમાની અંદર ક્લેઈમ મળે છે. વીમાની ઓછામાં ઓછી રકમ રૂપિયા ૧ લાખ છે. ત્યારબાદ ૨૫ હજારના ગુણાંકમાં રકમ વધારી શકાય.

૨. હૉસ્પિટલમાં રૂમ ભાડું અને આઈ.સી.યુ.નું ભાડું વીમાની રકમના ૧% અને ૨% સુધી જ મંજૂર થશે અને એમ્બ્યુલન્સનું ભાડું પણ રકમના ૧% અને મહત્તમ ૨૫૦૦/- સુધી જ મંજૂર થશે.

૩. શીડ્યુલ-૧ માં આપેલ બીમારીઓમાં ૨૪ કલાક માટે હૉસ્પિટલમાં રહેવાની જરૂરત નહીં રહે.

૪. આ યોજનામાં હાલ ચાલુ છે એ પરિવારો અન્ય ૨ માંથી કોઈપણ યોજનાની પસંદગી કરી શકશે.

૫. આ યોજનામાં ભરવાપાત્ર પ્રીમિયમનો કોઠો શીડ્યુલ-૨ મુજબ છે. ૭૦ વર્ષથી ઉપરની ઉંમર માટે ૭૦ વર્ષના પ્રીમિયમમાં દરેક વધારાના વર્ષ માટે ૨.૫૦%ની રકમ ઉમેરવી. કુલ પ્રીમિયમની રકમમાં સર્વિસ ટેક્સ ૧૦.૩૦% ઉમેરવો.

૬. પ્રીમિયમની રકમ ત્રણે યોજનામાં ઈન્કમટેક્ષમાં બાદ મળશે.

૭. હોમિયોપેથિક તથા આયુર્વેદિક સારવાર, જો સરકારી હૉસ્પિટલમાં લીધેલ હોય તો વીમાની રકમના ૨૫% જ મંજૂર થશે.

### (૨) ફેમિલી ફ્લોટર

૧. આ પૂરા પરિવાર માટેની યોજના છે. વીમાની રકમ વ્યક્તિગત ન રહેતાં પૂરા પરિવાર દીઠ નક્કી થાય છે અને પરિવારના કોઈપણ સભ્યની બીમારીમાં પૂરી રકમ માટે ક્લેઈમ કરી શકાય છે.

૨. વીમાની રકમ પતિ-પત્ની ઉપરાંત ૩ માસથી ૨૫ વર્ષના ૨ અપરિણીત સંતાનો માટે ઓછામાં ઓછી ૨ લાખ અને વધારેમાં વધારે ૫ લાખ છે.

૩. માતા-પિતા, સાસુ-સસરા, ભાઈ-બહેન સાથે રહેતા હોય તો પણ તેઓનો વીમો અલગ પરિવાર ગણીને લેવાનો રહેશે. ૨ સિવાયના બાળકનો વીમો પણ ઉંમર મુજબ અલગથી પ્રીમિયમ ભરીને લઈ શકાશે.

૪. ફ્લોટરના પ્રીમિયમની ગણતરી માટે શીડ્યુલ-૨ માં આપેલ કોઠા મુજબ પ્રથમ પરિવારની મોટી ઉંમરની વ્યક્તિનું પ્રીમિયમ લેવું. ત્યારબાદ પત્નીના ૫૦% ગણવા અને બે બાળકો દરેકના ૨૫% ગણવા. માતા-પિતા વગેરે અન્ય સભ્યોનું પ્રીમિયમ પણ આ રીતે ગણવું. ફ્લોટરના પ્રીમિયમમાં વધારાની શક્યતા છે, પણ હાલ આ પ્રમાણે રકમ ભરવી. વધારાની રકમ પાછળથી ભરી શકાશે.

### (૩) જનતા મેડિક્લેઈમ પોલિસી

અગાઉ આપેલ બંને યોજનાનું પ્રીમિયમ જેઓને વધારે લાગે તથા પતિ-પત્ની, બાળકો નાની ઉંમરના હોય તેવા પરિવારો આ યોજના પસંદ કરી શકે છે. મુખ્ય જોગવાઈઓ નીચે મુજબ છે :

૧. ૫૦ હજાર અને ૭૫ હજાર એમ બે જ રકમના વીમા મળી શકે છે.

૨. શરૂઆત અને રિન્યુઅલ - બંનેમાં ૭૦ વર્ષની ઉંમર સુધી જ વીમો મળશે.

૩. પ્રીમિયમના દરો સાથેના શીડ્યુલ-૩ મુજબ ગણવા. જે વ્યક્તિ દીઠ ગણવાના છે.

૪. આ યોજનામાં દરેક બીમારી - સારવાર જે કંપનીના નિયમો મુજબ વળતરને પાત્ર છે, તેના ક્લેઈમમાં મળવાપાત્ર રકમ નિશ્ચિત (ફિક્સ) કરવામાં આવેલ છે. આ રકમથી વધારે ખર્ચ થાય તો એ ખર્ચ વીમાધારકે જાતે ભોગવવાનો રહેશે. આ વિગત શીડ્યુલ-૪ માં આપેલ છે.

### • અગત્યની માહિતી તથા સૂચનાઓ :

ચાલુ વર્ષ દરમ્યાન નવા નોંધાયેલા સભ્યો અને જૂના, પણ પહેલીવાર દાખલ થતા પરિવારો માટે નીચે મુજબની જોગવાઈઓ લાગુ પડશે.

૧. પહેલા ૩૦ દિવસ સુધી અકસ્માત સિવાય કોઈ જ દાવો નહીં કરી શકાય.

૨. જૂના દરદોનો વીમો નહીં મળે. જો ૪ વર્ષ સુધી એવા દરદોનું ક્લેઈમ ન થાય તો ૫મા વર્ષથી વીમો મળશે. ૬૦ વર્ષ ઉપર વીમો શરૂમાં નહીં મળે. રિન્યુઅલમાં જ મળશે.

*જે ધરતી પર પહેલો શ્વાસ તેં લીધો ત્યારે તારી માતા તારી પાસે હતા, પરંતુ મા-બાપ છેલ્લો શ્વાસ લે ત્યારે તું પાસે રહેજે.*

૩. અમુક બીમારીઓ અને સારવારમાં ૨થી ૪ વર્ષ સુધી વીમો નહીં મળે. આની વિગત શીડ્યુલ-૫ માં આપેલ છે. જે પરિવારો હાલની ગ્રૂપ યોજનામાં ચાલુ રહેલ છે તેઓ ૩ માંથી કોઈપણ યોજનામાં જોડાશે તો તેઓને માટે ઉપરના કોઈ પ્રતિબંધ લાગુ નહીં પડે.

૪. ઉપર મુજબ જે નવા પરિવારોને ૨ થી ૪ વર્ષ સુધી જે સારવારનો વીમો નથી મળી શકતો તેઓ સમાજ દ્વારા વીમા કંપનીના નિયમો મુજબ ચલાવાતી રૂા. ૨૫ હજાર સુધીની રાહત યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજનામાં પણ અમુક સારવારની રકમ નિશ્ચિત કરવામાં આવી છે. વિગત આગામી અંકમાં આપવામાં આવશે.

૫. ડાયાબિટિસ અને બ્લડ પ્રેશરમાં જો હૉસ્પિટલમાં દાખલ થયા હશે તો નવા દાખલ થયેલ સભ્યને ત્રીજા વરસે વીમાની રકમના ૫૦% અને ચોથા વરસે ૭૫% સુધી જ ક્લેઈમ મળશે. ૫માં વર્ષથી જ પૂરો ક્લેઈમ મળી શકશે.

૬. ફેમિલી ફ્લોટરમાં જો એ પરિવારમાં ૬૦ વર્ષથી ઉપરની વ્યક્તિ હશે તો નવા દાખલ થતા પરિવારને એ ૬૦ વર્ષની ઉપરની વ્યક્તિનો અલગ વ્યક્તિગત વીમો લેવાનો રહેશે. હાલ ચાલુ છે એ પરિવારોને આ શરત લાગુ નહિ પડે.

૭. વીમા કંપનીએ નિયમોમાં નીચેના ફેરફાર કર્યા છે જેની નોંધ લેવા વિનંતી.
   (૧) આંખના મોતિયાના ઑપરેશનમાં એક આંખના દાવાની રકમ રૂા. ૨૪,૦૦૦/- (અંકે રૂપિયા ચોવીસ હજાર) નિશ્ચિત કરવામાં આવેલ છે. એથી વધારે રકમનો ક્લેઈમ નહીં મળે. વધારાની રકમ સભ્યએ જાતે ભોગવવાની રહેશે.
   (૨) ઉંમરના કારણે થતી આંખની અને અન્ય તકલીફોની સારવાર, જે ઓ.પી.ડી. ટાઈપની હોય છે અને ઈંજેક્શનથી જ સારવાર થાય છે એમાં કોઈ હોસ્પિટલ દાખલ કરીને સારવાર આપે તો પણ તેનો ક્લેઈમ નહીં મળે.

૮. કંપનીની શરતો વિસ્તૃત રૂપમાં જોવી હોય તો સમાજની ઓફિસમાં જોઈ શકાશે. શરતો માટે કંપનીનું અંગ્રેજી લખાણ જ અધિકૃત ગણાશે. વીમાઓ અંગેની કોઈપણ બાબતે પૂછપરછ કરવાની હોય તો નીચેની વ્યક્તિઓનો સંપર્ક કરી શકાય છે.
   ૧. મેનેજર શ્રી પરાશર વ્યાસ - સમાજની ઓફિસ — ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
   ૨. કન્વીનર શ્રી અશ્વિનભાઈ સાવલા — મો. ૯૮૨૫૯ ૩૮૭૭૧
   ૩. સભ્યશ્રી મગનભાઈ સંઘવી — ફોન : ૨૬૮૭૧૯૨૫ (સવારે ૯ થી ૧)
   (તથા સોમ અને ગુરુવારે સાંજે ૪ થી ૬ સમાજની ઓફિસે)
   ૪. સભ્યશ્રી રજનીકાંત પારેખ. — ફોન : ૨૬૬૩૪૩૮૮, મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

છેલ્લે ખાસ જણાવવાનું કે સમાજ સેવાભાવે સભ્ય પરિવારોનું વીમાનું કામ કરે છે. દરેક બાબત તથા દાવાના નિકાલનો આધાર સંપૂર્ણ રીતે વીમા કંપનીઓના નિયમોને અધીન રહેશે. એટલે એમાં સમાજની નાણાકીય કે અન્ય કોઈપણ જાતની જવાબદારી રહેશે નહીં.

***અશ્વિન સાવલા, કન્વીનર - સમાજ સુરક્ષા સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# શીડ્યુલ

## શીડ્યુલ-૧

### HOSPITALISATION FOR DAY CARE PROCEDURE

**The time limit of 24 hours of hospitalization will not be applicable for following surgical procedures.**

| | |
|---|---|
| • Anti Rabies Vaccination | • Appendectomy |
| • Coronary Angiography | • Coronary Angioplasty |
| • Dental surgery following an accident | • Dilatation & Curettage (D & C) of Cervix |
| • Eye surgery | • Fracture / dislocation excluding hariline fracture |
| • Gastrointestinal Tract system | • Haemo-Dialysis |
| • Hydrocele | • Hysterectomy |
| • Inguinal / Ventral / Umbilical / Femoral Hernia repair | • Lithotripsy (Kidney Stone Removal) |
| • Parenteral Chemotherapy | • Piles / Fistula |
| • Prostate | • Radiotherapy |
| • Sinusitis | • Stone in Gall Bladder, Pancreas and Bile Duct |
| • Tonsillectomy | • Urinary Tract System |

***OR any other surgeries / Procedures agreed by TPA/Company which required less than 24 hours hospitalization due to advancement in Medical Technology.***

*જગતમાં 'મા' બનીને જોશો તો... ક્યાંક દુર્ગુણ નહીં દેખાય. 'દુશ્મન' બનીને જોશો તો ક્યાંય સદ્‌ગુણ નહીં દેખાય.*

## શીડ્યુલ-૨

*(Premium in Rupees)*

| SUM INSURED | 3 months to 5 years | OVER 5 YEARS TO 35 YEARS | OVER 35 YEARS TO 40 YEARS | OVER 40 YEARS TO 45 YEARS | OVER 45 YEARS TO 50 YEARS | OVER 50 YEARS TO 55 YEARS | OVER 55 YEARS TO 60 YEARS | OVER 60 YEARS TO 65 YEARS | OVER 65 YEARS TO 70 YEARS |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 100000 | 1315 | 1250 | 1480 | 1850 | 2500 | 2810 | 3260 | 3650 | 4110 |
| 125000 | 1695 | 1615 | 1860 | 2280 | 2990 | 3530 | 4010 | 4510 | 5060 |
| 150000 | 2015 | 1920 | 2210 | 2715 | 3770 | 4240 | 4840 | 5450 | 6060 |
| 175000 | 2305 | 2195 | 2530 | 3100 | 4340 | 4880 | 5660 | 6360 | 7090 |
| 200000 | 2595 | 2470 | 2845 | 3490 | 4910 | 5660 | 6420 | 7310 | 8210 |
| 225000 | 2850 | 2715 | 3130 | 3830 | 5440 | 6270 | 7110 | 8260 | 9180 |
| 250000 | 3105 | 2955 | 3405 | 4175 | 5960 | 6880 | 7810 | 9070 | 10120 |
| 275000 | 3360 | 3200 | 3685 | 4520 | 6480 | 7490 | 8500 | 9840 | 10920 |
| 300000 | 3615 | 3445 | 3970 | 4865 | 6990 | 8090 | 9200 | 10540 | 11820 |
| 350000 | 4065 | 3870 | 4460 | 5470 | 7950 | 9210 | 10480 | 12030 | 13440 |
| 400000 | 4510 | 4295 | 4950 | 6070 | 8910 | 10340 | 11780 | 13530 | 15030 |
| 450000 | 4960 | 4725 | 5470 | 6735 | 7860 | 11460 | 13070 | 15040 | 16790 |
| 500000 | 5410 | 5150 | 5935 | 7275 | 10820 | 12580 | 14350 | 16520 | 18460 |

## શીડ્યુલ-૩

*(Premium in Rupees)*

| SUM INSURED | 3 months to 5 years | OVER 5 YEARS TO 35 YEARS | OVER 35 YEARS TO 40 YEARS | OVER 40 YEARS TO 45 YEARS | OVER 45 YEARS TO 50 YEARS | OVER 50 YEARS TO 55 YEARS | OVER 55 YEARS TO 60 YEARS | OVER 60 YEARS TO 65 YEARS | OVER 65 YEARS TO 70 YEARS |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 50000 | 750 | 700 | 800 | 1100 | 1400 | 1550 | 1800 | 2050 | 2300 |
| 75000 | 1125 | 1050 | 1200 | 1650 | 2100 | 2350 | 2700 | 3050 | 3450 |

## શીડ્યુલ-૪

### JANTA MEDICLAIM POLICY - SCHEDULE OF PAYMENT *(in Rupees)*

| NAME OF ILLNESS / OPERATION | *Maximum Charges inclusive of Room/ ICU/OT Charges /Surgeons. Anesthetist, doctors fees, medicines, internal appliances and other charges incurred during hospitalization period* |
|---|---|
| • Cataract with imported foldable lens | 10,000/- |
| • Hysterectomy | 22,000/- |
| • Appendicectomy | 16,000/- |
| • Cholecystectomy | 18,000/- |
| • Prostate | 18000/- |
| • Hemia-Inguinal | 16000/- |

*ઘરડી માને રડાવે ને મંદિરની માને ચુંદડી ઓઢાડે છે. વાહ દીકરા વાહ...!!!*

| | | |
|---|---|---|
| ● | Hernia - Ventral / Incisional | 20000/- |
| ● | Septoplasty | 9000/- |
| ● | Haemarrhoidectomy | 8000/- |
| ● | Fissurectomy | 9000/- |
| ● | Fistulectomy | 10000/- |
| ● | Angiography | 12000/- |
| ● | Tonsillectomy | 7000/- |
| ● | Tympanoplasty | 13000/- |
| ● | Kidney stone / lithotripsy | 13000/- |
| ● | Arthoscopy | 10000/- |
| ● | PID-Disectomy | 31000/- |
| ● | Mastectomy (Radical) | 36000/- |
| ● | Explaratory Laprotomy | 18000/- |
| ● | Other Surgeries / Hospitalization expenses | |
| **PER DAY CHARGES** | | |
| ● | Room rent (inclusive of nursing / treatment charges) | 450/- |
| ● | Minor Surgery / Day care room rent per day | 450/- |
| ● | Operation Theater Charges | 1250/- |
| ● | Anesthesia Fees | 650/- |
| ● | Anesthetics Fees | 950/- |
| ● | Surgeon Fees | 3150/- |
| **INTERMEDIATE SURGERY** | | |
| ● | Room rent | 450/- |
| ● | Operation Theatre Charges | 1800/- |
| ● | Anesthesia Fees | 1500/- |
| ● | Surgeon Fees | 4500/- |
| ● | MAJOR SURGERY | |
| ● | Room Rent | 450/- |
| ● | Operation Theatre Charges | 2500/- |
| ● | Anesthesia Fees | 2000/- |
| ● | Surgeon Fees | 6500/- |
| **SUPRA MAJOR SURGERY** | | |
| ● | Room rent | 450/- |
| ● | Operation Theatre Charges | 5000/- |
| ● | Anesthesia Fees | 4000/- |
| ● | Surgeon Fees | 12000/- |
| ● | ICU Charges (per day with all intensive care infrastructure & facilities) | 1800/- |
| ● | Ventilator Charges (per day) | 450/- |
| ● | Visit Charges (Per day irrespective of number of visits) | 350/- |

***NOTE : Any charges which are not mentioned in the schedule of payment will be considered as per Central Government Health Scheme (CGHS) rates prevalent at the time of claims.***

*ગંગાના નીર તો વધે ઘટે રે લોલ, સરખો એ પ્રેમનો પ્રવાહ રે જનની... વરસે ઘડીક વ્યોમ વાદળી રે લોલ, માડીનો મેઘ બારે માસ રે જનની...*

## શીડ્યુલ-૫

| Sr.No. | Name of Disease / Ailment / Surgery not covered for | Duration |
|---|---|---|
| 1. | Any Skin disorder | Two years |
| 2. | All internal & external benign tumors, cysts, polyps of any kind, including benign breast lumps | Two years |
| 3. | Benign Ear, Nose, Throat disorders | Two years |
| 4. | Benign Prostate Hypertrophy | Two years |
| 5. | Cataract & age related eye ailments | Two years |
| 6. | Diabetese melitus | Two years |
| 7. | Gastric / Duodenal Ulcer | Two years |
| 8. | Gout & Rheumatism | Two Years |
| 9. | Hernia of all types | Two years |
| 10. | Hydrocele | Two years |
| 11. | Hypertension | Two years |
| 12. | ysterectomy for Menorrhagia/Fibromyoma, Myomectomy and Prolapse to uters | Two years |
| 13. | Non Infective Arthritis | Two years |
| 14. | Piles, Fissure and Fistula in Anus | Two years |
| 15. | Pilonidal Sinus, Sinusitis and related disorders | Two years |
| 16. | Prolapse Inter Vertebral Disc unless arising from accident | Two years |
| 17. | Stone in Gall Bladder & Bile duct | Two years |
| 18. | Stones in Urinary Systems | Two years |
| 19. | Unknown Congenital internal disease/defects | Two years |
| 20. | Varicose Veins and Varicose Ulcers | Two years |
| 21. | Age related Osteoarthritis & Osteoporosis | Four years |
| 22. | Joint Replacement due to Degenerative condition | Four years |

# સામાજિક સુરક્ષા સમિતિ

## અમદાવાદ સ્થિત બાકી રહેતા દરેક સભ્યો તથા બહારગામના સભ્યોની એક્સિડન્ટ વીમા પોલિસી

અત્યાર સુધી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, તેની સામાજિક સુરક્ષા સમિતિ દ્વારા, અમદાવાદ - ગાંધીનગર સ્થિત સભ્ય પરિવારોના, કુટુંબ દીઠ એક વ્યક્તિના હિસાબે, દરેકના રૂા. ૨.૫૦ લાખના એક્સિડન્ટ મૃત્યુની વીમા પોલિસી લેતી આવેલ છે. આ પ્રકારની વીમા પોલિસીનું પ્રીમિયમ સમાજ પોતે ભરે છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળની તા. ૩૦-૧૧-૨૦૧૦ની મિટિંગમાં લેવાયેલ નિર્ણય પ્રમાણે ચાલુ વર્ષથી સમાજના બધા જ નોંધાયેલ સભ્યોના એક્સિડન્ટ મૃત્યુના વીમા લેવાનું નક્કી કરવામાં આવેલ છે. આ રીતે આ સમાજે તેના સમાજલક્ષી કાર્યનો વ્યાપ વધારેલ છે.

ઉપરોક્ત ઠરાવનો મતલબ એ થયો કે એક ઘરમાં એકથી વધુ મેમ્બરો, જો આ સમાજના નોંધાયેલા સભ્યો હોય તો તે બધાનો, તેમજ અમદાવાદથી બહાર વસવાટ કરતા સભ્યોનો પણ આ સમાજ રૂા. ૨.૫૦ લાખના (દરેકનો) એક્સિડન્ટનો વીમો લેવા માંગે છે.

તદ્ અનુસાર બાકી રહેતા સભ્યો કે જેની સભ્ય સંખ્યા ૨૨૦ની છે, તેની નામાવલી આ સાથે આપેલ છે અને તે બધાના પણ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન એક્સિડન્ટ વીમા આ સમાજ દ્વારા લેવામાં આવેલ છે કે જેની સહુ કોઈએ નોંધ લેવા વિનંતી.

*અશ્વિન હીરજી સાવલા*
*કન્વીનર, સામાજિક સુરક્ષા સમિતિ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*મા-બાપ વગરનું ઘર એટલે... ધબકારા વિનાનું હૃદય.*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | હાલ વસવાટ |
|---|---|
| • અજય વલ્લભજી ગાલા | વડોદરા |
| • અજિત જશવંત જયંતીલાલ કોઠારી | અમદાવાદ |
| • અજિત વલ્લભજી ગાલા | મુંબઈ |
| • અલ્પા અતુલ પોપટલાલ ધરોડ | અમદાવાદ |
| • અમરચંદ રામજી તેજશી ગાલા | મુંબઈ |
| • આણંદજી વેલજી લખમશી શાહ (વીરા) | અમદાવાદ |
| • અનિલા મયૂર ચંદ્રકાંત દેઢિયા | મુંબઈ |
| • અંજલિ વિશાલ પદમશી લાલકા | આદિપુર |
| • અરુણકુમાર ગોપાલજી વર્ધમાન સંઘવી | મુંબઈ |
| • અશોકકુમાર ગોપાલજી વર્ધમાન સંઘવી | ધનબાદ |
| • અશોકકુમાર સાકરચંદ દેવશી મહેતા | અમદાવાદ |
| • અશ્વિન સુંદરજી ગાલા | વડોદરા |
| • અવની ધરેન શાંતિલાલ સાવલા | અમદાવાદ |
| • બંસીલાલ મગનલાલ ધનજી ગડા | મુંબઈ |
| • ભરત દેવચંદ શાહ | બેંગ્લોર |
| • ભરત ખેતશી ગાલા | મુંબઈ |
| • ભવાનજી (જયંતીલાલ) પ્રેમજી કેશવજી દેઢિયા | અમદાવાદ |
| • ભૂપેન્દ્ર જવેરચંદ ખીમજી મોમાયા | મુંબઈ |
| • બીજલ વિપુલ નવીનભાઈ હરિયા | અમદાવાદ |
| • બીજલબહેન નિશિત ગિરીશ પોલડિયા | અમદાવાદ |
| • બિપીન હરીલાલ રાયશી શાહ | પૂના |
| • બિપીનભાઈ કાનજી રવજી જૈન (દેઢિયા) | મુંબઈ |
| • ચંદ્રકાંત દામજી કુંવરજી શાહ (પોલડિયા) | અમદાવાદ |
| • ચંદ્રકાંત વીરજી રતનશી સંઘવી | ઝરિયા |
| • ચંદ્રિકા ચંદ્રકાંત કાનજી દેઢિયા | અમદાવાદ |
| • ચૌલાબહેન ઉમરશી જેઠાભાઈ કુરુવા | અમદાવાદ |
| • ચિરાગ નેમચંદ ખીમજી ગડા | વડોદરા |
| • દામજી જીવરાજ ખીંયશી નાગડા | હૈદ્રાબાદ |
| • ધરેન શાંતિલાલ મૂલજી સાવલા | અમદાવાદ |
| • ધર્મેશભાઈ રમણિકલાલ મણિલાલ મહેતા | ભુજ |
| • ધવલ કલ્યાણજી રવજી રાંભિયા | અમદાવાદ |
| • ધીરજલાલ કરશનજી શિવરાજ સંઘવી | અમદાવાદ |
| • દિલીપ કુંવરજી જેઠાભાઈ દંડ | અમદાવાદ |
| • દિનેશ રતિલાલ જીવરાજ મહેતા | અમદાવાદ |
| • દિપીકાબહેન રાકેશકુમાર દામજી નીસર | અમદાવાદ |
| • ડુંગરશી રામજી તેજશી ગાલા | મુંબઈ |
| • ફાલ્ગુની હીરેન કુંવરજી શાહ (નાગડા) | અમદાવાદ |
| • ગિરીશ હીરજી પાસુભાઈ દેઢિયા | મુંબઈ |
| • હેતલ રાહુલ પ્રતાપ દંડ | અમદાવાદ |
| • હીના સંજય કારાણી | મુંબઈ |
| • હીરજી હંસરાજ જેવત સાવલા | અમદાવાદ |
| • હીરજી પાસુ ખેતશી શાહ (દેઢિયા) | અમદાવાદ |
| • જગશી જેઠાભાઈ છેડા | મુંબઈ |
| • જક્ષા મહેન્દ્ર રવજી શાહ | અમદાવાદ |

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | હાલ વસવાટ |
|---|---|
| • જસ્માબહેન હિતેશ નલિન મોમાયા | અમદાવાદ |
| • જતીન વીરેન્દ્ર રાઘવજી લોડાયા | અમદાવાદ |
| • જયંતીલાલ ડુંગરશી શાહ (મોતા) | માંડવી |
| • જયેશ ટોકરશી શાહ | મુંબઈ |
| • જયશ્રી જિતેન્દ્ર ઉમરશી કુરુવા | અમદાવાદ |
| • જિગીષા સંદીપ અશોક મહેતા | અમદાવાદ |
| • જિતેન્દ્ર લાલજી રામજી ગાલા | મુંબઈ |
| • કૈલાસ દલીચંદ મણિલાલ મહેતા | ભુજ |
| • કલ્પના હરખચંદ નાનજી પોલડિયા | અમદાવાદ |
| • કલ્યાણજી રવજી દેવરાજ રાંભિયા | અમદાવાદ |
| • કનકલાલ સાકરચંદ દેવશી મહેતા | અમદાવાદ |
| • કંચનબહેન નવીનચંદ્ર નાનજી પોલડિયા | અમદાવાદ |
| • કાંતિલાલ ગોવિંદલાલ જગશી શાહ (કોરડિયા) | અમદાવાદ |
| • કાંતિલાલ મેઘજી ખીંયશી છેડા | મુંબઈ |
| • કાંતિલાલ રામજી રણશી શાહ (સાવલા) | અમદાવાદ |
| • કાંતિલાલ વેલજી કોરશી સાવલા | અમદાવાદ |
| • કર્ણિકા કમલેશ શામજી લાલન | અમદાવાદ |
| • કવિતા બિપીન હરિલાલ શાહ | પૂના |
| • કેકીન અમૃતલાલ નાનજી પોલડિયા | અમદાવાદ |
| • કેવલ કાંતિલાલ શામજી શાહ (વીરા) | મુંબઈ |
| • કિન્નરીબહેન ચંદ્રેશ વીરેન્દ્ર લોડાયા | અમદાવાદ |
| • કિરણ પ્રતાપ ગોવિંદજી શાહ (લોડાયા) | મુંબઈ |
| • કિરીટ શામજી સંઘવી | મુંબઈ |
| • કીર્તિ પદમશી આણંદજી લોડાયા | અમદાવાદ |
| • કીર્તિકુમાર નેણશી લાલજી મોમાયા | મુંબઈ |
| • કિશોર મૂલજી ભીંયશી લાલકા | અમદાવાદ |
| • કિશોર શામજી છેડા | મુંબઈ |
| • કૃણાલ નરેન્દ્ર છગનલાલ શાહ | અમદાવાદ |
| • કુણાલ પ્રવીણ વેરશી હરિયા | અમદાવાદ |
| • કુંજલ વિપુલ રમણિકલાલ ગોસર | અમદાવાદ |
| • લક્ષ્મીબહેન આણંદજી વેલજી વીરા | અમદાવાદ |
| • લક્ષ્મીચંદ શામજી કરમશી છેડા | મુંબઈ |
| • લક્ષ્મીચંદ વેરશી ગોવા કારાણી | મુંબઈ |
| • લીલાવતી અમૃતલાલ પોલડિયા | અમદાવાદ |
| • લિસ્બન હસમુખલાલ મોરારજી શેઠ | કોલકત્તા |
| • મધુરી પદમશી ચત્રભોજ ડાઘા | અમદાવાદ |
| • મધુરી રમણિકલાલ કુંવરજી ગોસર | અમદાવાદ |
| • મગનલાલ મોતીચંદ વર્ધમાન સંઘવી | અમદાવાદ |
| • મહેન્દ્ર કુંવરજી ખીમજી શાહ | મુંબઈ |
| • મહેન્દ્ર પાલણભાઈ ભીંયશી શાહ (ખુથિયા) | અમદાવાદ |
| • માલશી હંસરાજ દેઢિયા | મુંબઈ |
| • મનહરલાલ વિશનજી મોનજી શાહ (દેઢિયા) | અમદાવાદ |
| • મણિલાલ કુંવરજી શાહ (ગોસર) | અમદાવાદ |
| • મનીષા અલ્પેશ અશોક મહેતા | અમદાવાદ |

*૮ વરસનો તારો બાબલો જો તારા પ્રેમને ઈચ્છે છે તો... ૮૦ વરસના તારા મા-બાપ તારા પ્રેમને કેમ ન ઈચ્છે?*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | હાલ વસવાટ |
|---|---|
| • મંજુલા મણિલાલ લક્ષ્મીચંદ વોરા | મુંબઈ |
| • મનોજ વલ્લભજી ગાલા | મુંબઈ |
| • મયૂર ચંદ્રકાંત કાનજી દેઢિયા | મુંબઈ |
| • મીરા પ્રતાપ નારાણજી દંડ | અમદાવાદ |
| • મીતા મનોજ શાંતિલાલ સાવલા | અમદાવાદ |
| • મુરજી નરશી ભારમલ શાહ (લોડાયા) | મુંબઈ |
| • નલિન કેશવજી વેલજી મોમાયા | અમદાવાદ |
| • નલિની કિશોર મુલજી લાલકા | અમદાવાદ |
| • નંદન કાંતિલાલ ગોવિંદલાલ શાહ | અમદાવાદ |
| • નરેન્દ્ર ખેતશી ગાલા | મુંબઈ |
| • નવીનચંદ્ર વેરશી લખમશી હરિયા | અમદાવાદ |
| • નેહાબહેન હિમાંશુ નવીનચંદ્ર હરિયા | અમદાવાદ |
| • નિર્મલા પદમશી લખમશી લાલકા | આદિપુર |
| • નિશિત ગિરીશ દામજી પોલડિયા | અમદાવાદ |
| • નીતિન તારાચંદ કારાણી | અમદાવાદ |
| • પદમશી ચત્રભોજ ભીંયશી ડાઘા | અમદાવાદ |
| • પદમશી લખમશી લધાભાઈ લાલકા | ગાંધીધામ |
| • પારસ પદમશી કાનજી મૈશેરી | મુંબઈ |
| • પૂનમ કિશોર રવજી રાંભિયા | અમદાવાદ |
| • પોપટલાલ નેણશી કેશવજી ધરોડ | અમદાવાદ |
| • પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા | અમદાવાદ |
| • પ્રભાબહેન શાંતિલાલ મુળજી સાવલા | અમદાવાદ |
| • પ્રદીપ ખેતશી ગાલા | વડોદરા |
| • પ્રતાપ નારાણજી શિવજી દંડ | અમદાવાદ |
| • પ્રતીક અનિલ રામજી હરિયા | અમદાવાદ |
| • પ્રતીક કિશોર મુલજી લાલકા | અમદાવાદ |
| • પ્રીતિ પારસ શાંતિલાલ સાવલા | અમદાવાદ |
| • પુનિત નરેન્દ્ર છગનલાલ શાહ | અમદાવાદ |
| • પૂર્વી હરમેશ લક્ષ્મીચંદ વીરા | અમદાવાદ |
| • પુષ્પા ભવાનજી પ્રેમજી દેઢિયા | અમદાવાદ |
| • પુષ્પા હસમુખ ઉગરચંદ ગઢેચા | અમદાવાદ |
| • રજનીકાંત ધરમશી વર્ધમાન પારેખ | અમદાવાદ |
| • રજનીકાંત રવિલાલ નારાણજી દોશી | મુંબઈ |
| • રજનીશ વલ્લભજી ગાલા | વડોદરા |
| • રાજુલાબહેન નલિન કેશવજી મોમાયા | અમદાવાદ |
| • રમણિકલાલ કુંવરજી વેલજી ગોસર | અમદાવાદ |
| • રંજન કલ્યાણજી રવજી રાંભિયા | અમદાવાદ |
| • રસિકલાલ મોરારજી કેશવજી સાવલા | મુંબઈ |
| • રતનશી રામજી ગાલા | અમદાવાદ |
| • રતિલાલ લખમશી લધાભાઈ લાલકા | ગાંધીધામ |
| • રવિલાલ પોપટલાલ કલ્યાણજી પારેખ | અમદાવાદ |
| • રેવંતીબહેન મણિલાલ કુંવરજી ગોસર | અમદાવાદ |
| • રીટા કેવલ કાંતિલાલ શાહ (વીરા) | મુંબઈ |
| • સમીર અનિલ લક્ષ્મીચંદ ખોના | મુંબઈ |

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | હાલ વસવાટ |
|---|---|
| • સંગીતા મનીષભાઈ આણંદજી વીરા | અમદાવાદ |
| • સંજય કીર્તિલાલ ઘેલચંદ સંઘવી | અમદાવાદ |
| • સંજય લક્ષ્મીચંદ વેરશી કારાણી | મુંબઈ |
| • સરલા શાંતિલાલ રવજી રાંભિયા | મુંબઈ |
| • સરોજ ગિરીશ દામજી પોલડિયા | અમદાવાદ |
| • શાંતાબહેન પોપટલાલ નેણશી ધરોડ | અમદાવાદ |
| • શાંતિલાલ મોતીચંદ વર્ધમાન સંઘવી | અમદાવાદ |
| • શાંતિલાલ મૂરજી ચાંપશી સાવલા | અમદાવાદ |
| • શાંતિલાલ રામજી તેજશી ગાલા | અમદાવાદ |
| • શાંતિલાલ શામજી ખેતશી સાવલા | મુંબઈ |
| • શીલ્પિ પ્રકાશ ગોવિંદલાલ શાહ | અમદાવાદ |
| • શીતલ પ્રદીપ સૂરજલાલ મહેતા | અમદાવાદ |
| • શીતલ રૂપેશકુમાર કાંતિલાલ સાવલા | અમદાવાદ |
| • સોમચંદ વેલજી વેરશી લોડાયા | મુંબઈ |
| • સુલુ જલદીપ કુંવરજી શાહ | અમદાવાદ |
| • સૂરજલાલ મોતીલાલ ચત્રભુજ મહેતા | અમદાવાદ |
| • સ્વીટી મનીષ મણિલાલ ગોસર | અમદાવાદ |
| • તારાચંદ વેરશી ગોવા કારાણી | મુંબઈ |
| • તારક નરેન્દ્ર રવિલાલ શાહ | મુંબઈ |
| • તિલક ખીમજી પાલણ સતિયા | મુંબઈ |
| • ત્ર્યંબકલાલ કરશનજી ગોપાલજી શેઠ | ગાંધીધામ |
| • ઉગરચંદ પોપટલાલ વાઘજી ગઢેચા | અમદાવાદ |
| • ઉમરશી જેઠાભાઈ રાયશી કુરુવા | અમદાવાદ |
| • ઉપેન્દ્રકુમાર સુધાકર શાહ | ભાવનગર |
| • ઉર્વિબહેન હેમાંગભાઈ નવીનભાઈ હરિયા | અમદાવાદ |
| • વાડીલાલ રતનશી ભીમજી સાવલા | રાપર |
| • વલ્લભ ભાણજી ગડા | મુંબઈ |
| • વલ્લભજી ખેતશી શાહ (ગાલા) | મુંબઈ |
| • વસુમતી પ્રવીણ વેરશી હરિયા | અમદાવાદ |
| • વિજ્યા વીરેન્દ્ર રાઘવજી લોડાયા | અમદાવાદ |
| • વિમળાબહેન શાંતિલાલ કેશવજી શાહ | અમદાવાદ |
| • વિપુલ જયંતીલાલ પ્રેમજી દેઢિયા | અમદાવાદ |
| • વિરલ મહેન્દ્ર મણિલાલ મહેતા | ભુજ |
| • વીરેન્દ્ર રાઘવજી હીરજી લોડાયા | અમદાવાદ |
| • વિશાલ પદમશી લખમશી લાલકા | આદિપુર |
| • ઝવેરબહેન હીરજી હંસરાજ સાવલા | અમદાવાદ |
| • અમૃતલાલ મણિલાલ વ્રજલાલ મહેતા | અમદાવાદ |
| • નાગજી પાલણ મુલજી સાવલા | અમદાવાદ |
| • સીમાબહેન લબ્ધિકુમાર મોમાયા | ગાંધીધામ |
| • તારાબહેન માણેકજી કેશવજી મોતા | મુંબઈ |
| • અમૃતલાલ મણિલાલ વીજપાર મહેતા | મુંબઈ |
| • નાગજી પાલણ મુળજી સાવલા | પૂના |
| • ઉદય વસંત જેઠાલાલ નાગડા | અમદાવાદ |
| • કમલેશ પ્રેમચંદ લક્ષ્મીચંદ સંઘવી | ભુજ |

*પ્રથમ પ્રણામ મારી માને હોજો, માન્યું જેણે માટીને રતન. ભૂખ્યા રહી જમાડ્યા અમને, કીધારે અમ કાયાના જતન.*

| એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | હાલ વસવાટ | એક્સિડન્ટ વીમો લેવાયેલ વ્યક્તિનું નામ | હાલ વસવાટ |
|---|---|---|---|
| • ગૌરવ પ્રદીપ લાલજી દૌલત | અમદાવાદ | • કિન્નરી ચંદ્રેશ વીરેન્દ્ર લોડાયા | અમદાવાદ |
| • જયેશ ભાગચંદ દામજી જૈન | મુંબઈ | • કિરણ ચંદુલાલ દેવરાજ દંડ | અમદાવાદ |
| • વિમલ મનસુખલાલ મહેતા | અમદાવાદ | • કૌશિક ચંદ્રહાસ રતનશી ખોના | મુંબઈ |
| • હેમંત કલ્યાણજી જીવરાજ મહેતા | અમદાવાદ | • મેહુલ વિનોદભાઈ ભવાનજી દોશી | અમદાવાદ |
| • ચારુલબહેન પ્રફુલ મૂળજી શાહ | અમદાવાદ | • નિમેષ ધીરજલાલ કરશનજી સંઘવી | અમદાવાદ |
| • ધર્મેશ વસંતલાલ મેઘજી વીસરિયા | અમદાવાદ | • નિરંજન ઠાકરશી રામજી સાવલા | અમદાવાદ |
| • હિંમતભાઈ મણિલાલ ગરમાણિયા | અમદાવાદ | • રતિલાલ નેણશી હીરજી નાગડા | અમદાવાદ |
| • હસમુખ મણિલાલ કાલીદાસ શાહ | અમદાવાદ | • શાંતિલાલ સોમચંદ શંભુલાલ શેઠ | અમદાવાદ |
| • જગદીશ અજિતકુમાર મનહરલાલ મહેતા | અમદાવાદ | • તરુલતા નરેન્દ્ર છગનલાલ શાહ | અમદાવાદ |
| • જીવીબહેન નરપતલાલ મોથારિયા | અમદાવાદ | • વીણાબહેન પ્રવીણચંદ્ર વોરા | અમદાવાદ |

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## ઓક્ટોબર / નવેમ્બર – ૨૦૧૦

• **બુધવાર, તા. ૨૦-૧૦-૨૦૧૦**

✰ આજરોજ શ્રી અશોક મહેતા તથા શ્રી હસમુખભાઈ ખાંડવાલાએ સાથે બેસી સોમવાર, તા. ૨૫-૧૦-૨૦૧૦થી દીપોત્સવી મીઠાઈ બનાવવાના પ્લાનિંગ ઘડેલ હતા.

• **ગુરુવાર, તા. ૨૧-૧૦-૨૦૧૦**

✰ શ્રી જગદીશભાઈ ઠક્કરે ૦.૫ કિ.ગ્રા.ના મીઠાઈના ૩૦૦ બોક્સની જરૂરિયાત જણાવેલ હતી.

• **શુક્રવાર, તા. ૨૨-૧૦-૨૦૧૦**

✰ આજરોજ રાત્રે શરદ પૂનમના ઉત્સવની ઉજવણી શ્રી કચ્છી જૈન ભવન પર કરવામાં આવેલ હતી. શરૂમાં ગરબા લીધા પછી દાંડિયા રાસની રમઝટ બોલાવવામાં આવેલ હતી. યુવા વિકાસ સમિતિ આયોજિત "ગુર્જર પરિવાર દાંડિયા રાસ હરીફાઈ" આજરોજ યોજવામાં આવેલ હતી. લગભગ ૧૨ જેટલા વિજેતાઓને ગુર્જર પરિવારના શ્રીમતી શીલ્પિબહેનના વરદ્ હસ્તે ઈનામો આપવામાં આવેલ હતા. લગભગ ૩૦૦-૩૫૦ની હાજરી હતી. મુંબઈ સ્થિત કાયમી ટ્રસ્ટી શ્રી બિપિનભાઈ જૈન સહપરિવાર તથા મુંબઈથી શ્રી મૂળજી નરશી શાહ તથા શ્રી બંસીલાલ મગનલાલ ગડા પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ હતા.

• **શનિવાર, તા. ૨૩-૧૦-૨૦૧૦**

✰ આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર મેડિકલ સમિતિની એક મિટિંગ મળેલ હતી. જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી અશોક મહેતા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી કે.આર. શાહ તથા શ્રીમતી દક્ષાબહેન રાણાવત ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં મેમોગ્રાફી માટે ટાઈઅપ કરવા અંગે, મેડિકલ સેન્ટરમાં એક રજિસ્ટર રાખી તેમાં દરરોજનો રિપોર્ટ લખવા અંગે, પેથોલોજી લેબોરેટરીમાં એક્સ્ટર્નલ તથા ઈન્ટર્નલ ક્વોલિટી કંટ્રોલ માટે એજન્સી નીમવા બાબતે, પેથોલોજી લેબોરેટરીમાં ૧૬ ટ્યુબના નવા સેન્ટ્રીફ્યુઝ મશીન ખરીદવા બાબતે, પેથોલોજી લેબોરેટરી માટે એક નવું પ્રિન્ટર મશીન ખરીદવા બાબતે, આંખ વિભાગમાં જૂના મશીનની જગ્યાએ નવું મશીન ખરીદવા બાબતે, ડેન્ટલમાં સવારના ભાગે વધુ યોગ્ય ડૉક્ટરની નિમણૂક બાબતે તથા ડૉ. દેવીન્દ્રાબહેન શાહના રાજીનામાથી ખાલી પડેલ જગ્યા માટે નવા ડૉક્ટરની નિમણૂક કરવા માટે જરૂરી ચર્ચા કરી, યોગ્ય નિર્ણયો લેવામાં આવેલ હતા.

• **રવિવાર, તા. ૨૪-૧૦-૨૦૧૦**

✰ આજરોજ શ્રી પંકજ રસિકલાલ શાહે દીપોત્સવી ઓર્ડરના ડ્રાયફ્રુટની ડિલીવરી ભવન પર આપેલ હતી.

• **સોમવાર, તા. ૨૫-૧૦-૨૦૧૦**

✰ શ્રીમતી ભાવનાબહેન રતિલાલ નેણશી નાગડા કે જેઓ ગૃહઉદ્યોગ તરીકે વિવિધ ફરસાણ બનાવે છે, તેઓ લગભગ ૧૨ જાતની ફરસાણ લઈને ભવન પર આવેલ હતા. તેમની બધા જ પ્રકારની પ્રોડક્ટ ભવન પરના રીટેઈલ કાઉન્ટર પર મુકવાની આજથી શરૂઆત કરવામાં આવેલ હતી.

✰ આજરોજ સોમપુરા સમાજના શ્રી ધીરજભાઈ સોમપુરા, તેઓના પ્રમુખ શ્રી સુરેશભાઈ સોમપુરા તથા અન્ય એક ટ્રસ્ટીશ્રીને લઈ ભવન પર આવેલ હતા. તેઓએ શ્રી અશોક મહેતા સાથે મિટિંગ કરેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજની પ્રવૃત્તિઓની વિગતો તેઓને સમજાવવામાં આવેલ હતી. પ્રથમ માળ પરનું સાંસ્કૃતિક કેન્દ્ર તથા ત્રીજા માળ પરનું મેડિકલ સેન્ટર તેમને બતાવવામાં આવેલ હતા. ભવિષ્યમાં કદાચ 'સોમપુરા સમાજ' ભવન પરના મેડિકલ સેન્ટરમાં જોડાય તેવી શક્યતા તેઓએ દર્શાવેલ હતી.

✰ દીપોત્સવી મિષ્ટાન્ન બનાવવાના ભાગરૂપે આજે સવારથી જ

*ઓ મા! તમારા વહાલની વહાલપથી, ઉઘાડ્યા મારા અંતરના દ્વારને. મારી આંખોથી માણી, મેં સોનેરી સવારને.*

ભવન પર કાજુ કતરી બનાવવાની શરૂઆત કરી દેવામાં આવેલ હતી. લગભગ ૧૫-૨૦ વર્કર્સ કામ કરતા હતા. સાંજ સુધી ૩૫૦થી ૩૭૫ કિલો કાજુ કતરી બનાવવામાં આવેલ હતી. સંપૂર્ણ પ્રોજેક્ટ શ્રી હસમુખભાઈ ખાંડવાલાની દેખરેખ હેઠળ શરૂ કરવામાં આવેલ. શ્રી પરાશર વ્યાસ, શ્રી કિશોરભાઈ ઠક્કર, શ્રી કિરણભાઈ શાહ વગેરે સુપરવિઝનના કામમાં જોઈન્ટ થઈ ગયેલ હતા.

☆ જેઓએ દીપોત્સવી પ્રસંગે ડ્રાયફ્રુટના ઓર્ડર નોંધાવેલ હતા તેઓને આજથી ડ્રાયફ્રુટની ડિલીવરી આપવાની શરૂઆત કરવામાં આવેલ હતી.

● **મંગળવાર, તા. ૨૬-૧૦-૨૦૧૦**

☆ આજરોજ ભવન પર દીપોત્સવી મીઠાઈના અનુસંધાને અંજીર રોલ તથા મોહનથાળ બનાવવામાં આવેલ હતા. અલકાબહેનની દેખરેખ હેઠળ આજે સાંજના લગભગ ૧૫ કિલો પાપડપુરી બનાવવામાં આવેલ કે જે કચ્છ જેવી જ અસલ સ્વાદિષ્ટ બનેલ હતી. પરંતુ વણવાવાળી બહેનોની તકલીફના કારણે પાપડપુરી બનાવવાનો પ્રોજેક્ટ સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. આજરોજ સાંજના બાકીની કાજુ કતરી બનાવવામાં આવેલ હતી.

● **બુધવાર, તા. ૨૭-૧૦-૨૦૧૦**

☆ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરથી ભદ્રેશ ભટ્ટને બોલાવી કેટલીક જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી. શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી નવીનભાઈ હરિયા, શ્રી મણિલાલભાઈ ગોસર વગેરેની હાજરીમાં જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ રીલીફ રોડ પરના અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંકના મકાનના ત્રીજા તથા ચોથા માળના ડૉ. ત્રિભોવનદાસ પટેલના પોલિક્લિનિકની ચર્ચા માટે આજરોજ ડૉ. ત્રિભોવનદાસ પટેલ તથા ડૉ. હર્ષદ મહેતા શ્રી કચ્છી જૈન ભવન પર પધારેલ ત્યારે શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા વગેરે ઉપસ્થિત રહેલ હતા. ઉપરોક્ત ક્લિનિક હવે પછી આપણે ચલાવીએ તેવી તેમની રજૂઆત હતી. સાંજના સમયે શ્રી અશોક મહેતા તથા ડૉ. ચંદ્રકાંત દેઢિયા તેનું લાંબા સમયથી બંધ હાલતનું ક્લિનિક જોવા ગયેલ હતા. તેઓની ટર્મ્સ આપણને અનુકૂળ આવે તેવું તેમની સાથે ચર્ચા કર્યા બાદ જણાતું ન હતું.

☆ શ્રી કચ્છી જૈન ભવન પર દીપોત્સવી મીઠાઈ બનાવવાનું કામ ચાલુ રહેલ છે.

● **ગુરુવાર, તા. ૨૮-૧૦-૨૦૧૦**

☆ આજરોજ ભવન પર શૈક્ષણિક સહાય સમિતિની એક મિટિંગ મળેલ હતી. જેમાં શ્રી સૂરજલાલ મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી આણંદજીભાઈ વીરા તથા શ્રી રજનીભાઈ ઉપસ્થિત રહેલ હતા. એક વ્યક્તિની એજ્યુકેશનલ સહાય માટે આવેલ અરજી પર ચર્ચા-વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવેલ હતા.

☆ આજરોજ ભવન પર સભ્યપદ સમિતિની એક મિટિંગ મળેલ હતી. જેમાં શ્રી સૂરજલાલ મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી આણંદજીભાઈ વીરા તથા શ્રી રજનીભાઈ પારેખ ઉપસ્થિત રહેલ હતા. સભ્યપદ માટે આવેલ નવી ૭ અરજીઓ પર ચર્ચા વિચારણા કરી જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

☆ આજરોજ ભવન પર સામાજિક સુરક્ષા સમિતિની એક મિટિંગ મળેલ હતી. જેમાં શ્રી અશ્વિનભાઈ સાવલા, શ્રી અશોક મહેતા, શ્રી મગનભાઈ સંઘવી, શ્રી સૂરજલાલ મહેતા તથા શ્રી રજનીભાઈ પારેખ ઉપસ્થિત રહેલ હતા. હવે પછી નોંધાયેલ બધા જ સભ્યોના એક્સિડન્ટ વીમા લેવા તેવું સર્વાનુમતે નક્કી કરી, યોગ્ય ભલામણ સાથે આ દરખાસ્ત ટ્રસ્ટમંડળ પર મોકલી આપવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજરોજ ભવન પર દીપોત્સવી મીઠાઈમાં બુંદીના લાડુ તથા કોપરાપાક બનાવવામાં આવેલ હતા.

● **શનિવાર, તા. ૩૦-૧૦-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર ભવન સમિતિની એક મિટિંગ મળેલ હતી. શ્રી મણિલાલભાઈ ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકભાઈ ગોસર, શ્રી રજનીકાંત પારેખ, શ્રી બચુભાઈ રાંભિયા વગેરે ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી જૈન ભવન પરની લિફ્ટનું રિપેરિંગ કામ, શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર બાકી રહેતા અંદાજિત ૨૦ રૂમના કલરકામ તથા ગીતા મંદિર પર નવું બૉર બનાવવા અંગે ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

● **રવિવાર, તા. ૩૧-૧૦-૨૦૧૦**

☆ આજરોજ સવારમાં ટ્રસ્ટ બોર્ડની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જ્યારે લગભગ ૧૫ ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં મુંબઈ

## દરેક સમિતિઓને અપીલ

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની દરેક સમિતિને અપીલ કરવામાં આવે છે કે પોતાની સમતિની મિટિંગની કાર્યવાહીની વિગત, સમિતિની મિટિંગ મળ્યા બાદ તરતમાં, 'મંગલ મંદિર' પર મોકલી આપવી. જે તે સમિતિની વિગત ન આવવાથી તેઓની કાર્યવાહી પારદર્શક રહી શકતી નથી અને સાથે સાથે એ વિગતોનું પ્રસારણ પણ 'મંગલ મંદિર'માં થઈ શકતું નથી. આથી દરેક સમિતિના કન્વીનરશ્રીને આ અંગેની જરૂરી કાર્યવાહી કરવા અપીલ કરવામાં આવે છે.*

*ત્રણ જગતનો નાથ પણ મા વિના અનાથ છે.*

અતિથિ ગૃહની થયેલ કાર્યવાહીની ચર્ચા કરવામાં આવેલ હતી. સમાજ સુરક્ષા સમિતિના આવેલ પત્ર પ્રમાણે હવે પછી સમાજના નોંધાયેલ બધા જ સભ્યોની એક્સિડન્ટ વીમા પોલિસી લેવાનું નક્કી કરવામાં આવેલ હતું. ઈતર ડેવલપમેન્ટ સમિતિની વિદ્યાર્થીઓના એપ્ટીટ્યૂડ ટેસ્ટ લેવા માટે આવેલ ખર્ચની દરખાસ્ત મંજૂર કરવામાં આવેલ હતી. યુવા વિકાસ સમિતિની નોટબુક યોજના અન્વયે આવેલ ખર્ચની દરખાસ્ત મંજૂર કરવામાં આવેલ હતી. સમાજ પર આવેલ વિવિધ પત્રોને વંચાણે લઈ યોગ્ય નિર્ણય લેવામાં આવેલ હતા. ભવન પર ચાલતા રીટેઈલ કાઉન્ટરને આવતા બાર મહિના સુધી ચલાવવાનો નિર્ણય લેવામાં આવેલ હતો. કચ્છ આર્ટ ગેલેરી બાબતે જરૂરી ચર્ચા કરવામાં આવેલ હતી.

☆ ટ્રસ્ટ મંડળની મિટિંગ બાદ ભવન પર કારોબારી સમિતિની એક મિટિંગ મળેલ હતી. જેમાં લગભગ ૨૦ જેટલા સભ્યો ઉપસ્થિત રહેલ હતા. સ્વામિવાત્સલ્ય જમણવારની સમયે કરવામાં આવેલ વ્યવસ્થાની ચર્ચા કરવામાં આવેલ હતી. મુંબઈ અતિથિ ભવન તથા ગર્લ્સ હોસ્ટેલની થયેલ કાર્યવાહી અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. વયસ્ક સમિતિના આગામી કાર્યક્રમ અંગેની આવેલ ખર્ચની દરખાસ્તને મંજૂર રાખવામાં આવેલ હતી. વર્ષ ૨૦૧૦-૨૦૧૧થી ઈન્ડોર ગેમ્સમાં ચેસ અને કેરમની હરીફાઈ યોજવાનું નક્કી કરવામાં આવેલ હતું કે જેની વ્યવસ્થા યુવા વિકાસ સમિતિને સુપરત કરવામાં આવેલ હતી. ઉપરોક્ત બંને ગેઈમ્સ માટે શ્રી પૃથ્વી નરેન્દ્ર શાહની સ્પોન્સરશિપને આવતા ૫ વર્ષ સુધીના સમયગાળા માટે મંજૂર રાખવાનું નક્કી કરવામાં આવેલ હતું.

• **સોમવાર, તા. ૧-૧૧-૨૦૧૦**

☆ તા. ૬-૧૧-૨૦૧૦ના નૂતન વર્ષ મિલન સમારંભના સમયે રાખવામાં આવેલ જમણવાર અંગે જમણવાર સમિતિની એક મિટિંગ આજરોજ રાત્રે ૯ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જ્યારે શ્રી સંદીપ મહેતા, શ્રી અશોક મહેતા, શ્રી પ્રદીપ મહેતા તથા શ્રી ગિરીશ પોલડિયા ઉપસ્થિત રહેલ હતા. જમણવારના મેનુ બાબત જરૂરી નિર્ણય લેવામાં આવેલ હતા. બે-ત્રણ પાર્ટીના ભાવ લઈ, કોઈ એક પાર્ટીને જમણવારનું કામ સુપરત કરવા માટે શ્રી સંદીપ મહેતા તથા શ્રી ગિરીશ પોલડિયાને જરૂરી સત્તા આપવામાં આવેલ હતી.

• **મંગળવાર, તા. ૨-૧૧-૨૦૧૦**

☆ નવેમ્બર-૨૦૧૦નો મંગલ મંદિરનો દીપોત્સવી અંક આજરોજ બધા જ સભ્યો, ગ્રાહકો તથા અન્યોને પોસ્ટ કરવામાં આવેલ હતો.

• **શનિવાર, તા. ૬-૧૧-૨૦૧૦**

☆ આજરોજ બપોરના ૩.૦૦ વાગે શ્રી કચ્છી જૈન ભવન પર યુવા વિકાસ સમિતિ આયોજિત "શ્રી નવીનચંદ્ર લહેરચંદ સંઘવી રંગોળી હરીફાઈ"નું આયોજન ગોઠવવામાં આવેલ હતું. ૨૩ હરીફોએ ભાગ લીધેલ હતો. વિજેતાઓને 'નૂતન વર્ષ મિલન સમારંભ'ના સમયે સન્માનવામાં આવેલ હતા.

☆ ત્યારબાદ સાંજના ૫ વાગે સાંસ્કૃતિક કેન્દ્રમાં 'નૂતન વર્ષ મિલન સમારંભ' યોજવામાં આવેલ હતો કે જ્યારે સભ્ય પરિવારોની લગભગ ૩૫૦ વ્યક્તિની ઉપસ્થિતિ રહેવા પામેલ હતી. નૂતન વર્ષે સાલ મુબારક કરી, સહુ આનંદના વાતાવરણમાં વિખરાયા હતા.

• **સોમવાર, તા. ૮-૧૧-૨૦૧૦**

☆ "કચ્છ દર્શન" પ્રવાસ માટે એક બસ જેટલા એટલે કે લગભગ ૩૫-૪૦ લોકો તૈયાર ન થતા એ પ્રવાસ મુલત્વી રાખવામાં આવેલ હતો પરંતુ શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી પ્રતાપભાઈ દંડ તથા શ્રી કે.આર. શાહ કુટુંબ સહિત લગભગ ૧૦ની સંખ્યામાં નક્કી કરેલ પ્રવાસ આયોજન મુજબ ૪ દિવસ માટે "કચ્છ દર્શન" કરવા આજરોજ અમદાવાદથી કચ્છના પ્રવાસે નીકળેલ હતા.

• **મંગળવાર, તા. ૯-૧૧-૨૦૧૦**

☆ આજરોજ સવારમાં શ્રી અશોક મહેતાએ ગાંધીધામ ખાતે શ્રી ગાંધીધામ જૈન સેવા સમાજ આયોજિત કુસુમબહેન કાંતિલાલ દેઢિયા હોસ્પિટલની મુલાકાત લીધેલ હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ભૂતપૂર્વ પદાધિકારી શ્રી પ્રભુલાલ સંઘવીએ આ હોસ્પિટલના આયોજનની દરેક વિગત સમજાવેલ હતી.

☆ સાંજના ૪ વાગે શ્રી અશોક મહેતાએ ગાંધીધામ ખાતે શ્રી વશનજી ગોપાલજી મહેતા અને તેમના ગ્રૂપ સાથે કચ્છના વિવિધ પ્રશ્ને વિગતવાર ચર્ચા કરેલ હતી.

☆ સાંજના ૬ વાગે આદિપુર ખાતે શ્રી જયંતીલાલ એસ. શાહ તથા શ્રી મુકુંદ એ. મહેતા 'અલ્પ' અને તેમના ગ્રૂપ સાથે મંગલ મંદિર તથા કચ્છના અન્ય વિષયે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી.

• **ગુરુવાર, તા. ૧૧-૧૦-૨૦૧૦**

☆ આજરોજ સવારમાં શ્રી કે.ડી. શાહ, શ્રી દિનેશભાઈ જગજીવન શાહ તથા શ્રી પરાશર વ્યાસે પ્રથમ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગની મુલાકાત લઈ, જરૂરી નિરીક્ષણ કરી ત્યાં નવા બનાવવામાં આવેલ નવા રૂમોમાં બારી, દરવાજા, ગ્રીલ લગાવવા માટે તથા કચ્છ આર્ટ ગેલેરીમાં કલરકામ માટે તથા પહેલા માળના કોમન બાથરૂમના ફ્લશ કોક બદલવા માટે જરૂરી સૂચનાઓ આપેલ હતી. ત્યારબાદ તેઓએ સેવા ભવન - ગીતા મંદિરની મુલાકાત લઈ ત્યાં પણ જરૂરી સૂચનાઓ આપેલ હતી.

• **ગુરુવાર, તા. ૧૧-૧૧-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર શૈક્ષણિક સહાય સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં શ્રી પોપટલાલ નેણશી ધરોડ, શ્રી સૂરજલાલ મહેતા, શ્રી કે.ડી. શાહ તથા શ્રી આણંદજીભાઈ વીરા ઉપસ્થિત રહેલ હતા. એક સભ્યની એજ્યુકેશનલ સહાય માટે મોડેથી

*માતાનો ખોળો એટલે... દુનિયાની સહુથી સલામત જગ્યા.*

આવેલ અરજીની આજે ફેર વિચારણા કરવામાં આવેલ હતી.

- **શનિવાર, તા. ૧૩-૧૧-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પરનું રિટેઈલ કાઉન્ટર દીપોત્સવી બાદ ફરી શરૂ કરવામાં આવ્યું.

- **રવિવાર, તા. ૧૪-૧૧-૨૦૧૦**

☆ આજરોજ શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિના કન્વીનર શ્રી હીરેન. કે. શાહને ત્યાં શ્રી હીરેન કે. શાહ, શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રીમતી ફાલ્ગુની હીરેન શાહ તથા ડૉ. દેવાંગ શાહે એક સ્ત્રી સાઈકોલોજિસ્ટ સાથે મિટિંગ કરી, શ્રી કચ્છી જૈન ભવન પર નિયમિતપણે સાઈકોલોજી સારવાર વિભાગ શરૂ કરવાની શક્યતા અંગે ચર્ચા વિચારણા કરેલ હતી.

- **સોમવાર, તા. ૧૫-૧૧-૨૦૧૦**

☆ આજરોજ 'સંકલ્પ'ના શ્રી પીયૂષ પારેખ તથા શ્રી પીયૂષ સાવલા સાથે શ્રી કચ્છી જૈન ભવન પર યોજવામાં આવનાર તેમના આગામી કાર્યક્રમો અંગે ચર્ચા કરવામાં આવેલ હતી. ચર્ચાના અંતે સંકલ્પના કાર્યકરો સમાજના ટ્રસ્ટીશ્રીઓને મળી વધુ ચર્ચા કરી શકે તેવું નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજરોજ દીપોત્સવી મિષ્ટાન્નનો હિસાબ તૈયાર કરી, મેનેજર શ્રી પરાશર વ્યાસે શ્રી અશોક મહેતા તથા શ્રી હસમુખ ખાંડવાલા સમક્ષ રજૂ કરેલ હતો. મિષ્ટાન્ન બનાવનાર રસોયાનો હિસાબ આવવાનો બાકી રહે છે.

- **મંગળવાર, તા. ૧૬-૧૧-૨૦૧૦**

☆ આજરોજ જન્મભૂમિ પત્ર - મુંબઈના તંત્રી વિભાગના શ્રી કનૈયાલાલ જોશીએ શ્રી કચ્છી જૈન ભવનની મુલાકાત લઈ ત્યાં શ્રી અશોક મહેતા સાથે વિવિધ વિષયે ચર્ચા કરેલ હતી.

☆ આજે રાત્રે શ્રી કચ્છી જૈન ભવન પર તબીબી સેવા સમિતિની એક મિટિંગ મળેલ હતી કે જેમાં ડૉ. ચંદ્રકાંત દેઢિયા, શ્રી કાંતિભાઈ સાવલા, શ્રી અશ્વિન સાવલા, ડૉ. હિતુભાઈ શાહ, શ્રી કે.આર. શાહ તથા શ્રીમતી દક્ષાબહેન રાણાવત્ ઉપસ્થિત રહેલ હતા. મેડિકલ વિભાગના પરંતુ મુખ્યત્વે પેથોલોજી તથા ડેન્ટલ વિભાગના રુટીન પ્રશ્નો અંગે ચર્ચા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પરનું રિટેઈલ કાઉન્ટર, તે કાઉન્ટર સંભાળનાર વ્યક્તિ દ્વારા કેટલાક પ્રશ્નો થકી એકાએક બંધ કરવામાં આવેલ હતું.

- **બુધવાર, તા. ૧૭-૧૧-૨૦૧૦**

☆ શ્રી કચ્છી જૈન ભવન તથા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર રિટેઈલ કાઉન્ટરો શરૂ કરવા શ્રી અશોક મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી રજનીકાંત પારેખ તથા શ્રી પરાશર વ્યાસે વિગતે ચર્ચાઓ કરેલ હતી. આ ચર્ચાઓ શ્રી દિનેશભાઈ મૈશેરી, શ્રી રાજુભાઈ ત્રેવાડિયા તથા અન્યો સાથે પણ કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૧૮-૧૧-૨૦૧૦**

☆ આજરોજ 'સંકલ્પ'ના હોદ્દેદારો તથા કાર્યકરો શ્રી પીયૂષ પારેખ, શ્રી પંકજ શાહ, શ્રી પીયૂષ સાવલા, શ્રી સંજય સંઘવી તથા શ્રી ચિરાગ મૈશેરી શ્રી કચ્છી જૈન ભવન પર કરવામાં આવનાર કાર્યક્રમો અંગેની સંકલ્પની વિગતો રજૂ કરવા શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. આ સમયે તેઓએ ત્યાં ઉપસ્થિત રહેલ શ્રી અશોક મહેતા, શ્રી હીરજી પાસુ શાહ, શ્રી મણિલાલ કુંવરજી ગોસર તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર સમક્ષ પોતાની રજૂઆતો કરેલ હતી. આ રજૂઆતોનો નિર્ણય ટ્રસ્ટ બોર્ડની આગામી તા. ૨૮-૧૧-૧૦ની મિટિંગમાં લેવામાં આવશે તેવું તેઓને જણાવવામાં આવેલ હતું.

- **શુક્રવાર, તા. ૧૯-૧૧-૨૦૧૦**

☆ આજરોજ ભવન પર શ્રી અશોક મહેતા, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે એકત્રિત થઈ શ્રી કચ્છી જૈન ભવન પરનું રિટેઈલ કાઉન્ટર શ્રી દિનેશ મૈશેરી શરૂ કરે અને શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરનું રિટેઈલ કાઉન્ટર શ્રી રાજુભાઈ ત્રેવાડિયા શરૂ કરે એવો નિર્ણય લીધેલ હતો અને બંનેને તે અંગેનો નિર્ણય પણ જણાવી દેવામાં આવેલ હતો. શ્રી રાજુભાઈ ત્રેવાડિયા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પરનું રિટેઈલ કાઉન્ટર રવિવાર તા. ૨૧-૧૧-૧૦થી અને શ્રી દિનેશભાઈ મૈશેરી શ્રી કચ્છી જૈન ભવન પરનું રિટેઈલ કાઉન્ટર મંગળવાર, તા. ૨૩-૧૧-૨૦૧૦થી શરૂ કરશે તેવું તેઓએ જણાવેલ હતું.

- **રવિવાર, તા. ૨૧-૧૧-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર સાઈકોલોજી વિભાગ શરૂ કરવા માટે "શિક્ષણ તથા ઈતર ડેવલપમેન્ટ સમિતિ"ના કન્વીનર શ્રી હીરેન કે. શાહ, શ્રી અશોક મહેતા, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી પ્રદીપ મહેતા એકત્રિત થયેલ હતા અને એક સાઈકોલોજિસ્ટે મોકલેલ ભાવપત્રક બાબત ચર્ચા-વિચારણા કરી યોગ્ય નિર્ણય લીધેલ હતો.

☆ આજરોજ બીના મેડિકલ સ્ટોર્સવાળા શ્રી જયેશ હરખચંદ શાહ (વીછીવોરા) શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. તેમની સાથે ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશોક મહેતાએ બ્રાન્ડેડ દવાના બદલે બ્રાન્ડેડ જનરીક દવા વાપરવા અંગે ચર્ચા-વિચારણા કરેલ હતી. શ્રી કચ્છી જૈન ભવન પરના મેડિકલ સ્ટોર્સમાંથી બ્રાન્ડેડ દવાના બદલે બ્રાંડેડ જનરીક દવા આપવામાં આવે તો તેના કારણે દર્દીઓને દવાના ખર્ચમાં ઘણો જ ફાયદો થઈ શકે તેમ હોવાથી આ બાબતે ચર્ચા વિચારણા કરવામાં આવી રહેલ છે.

☆ આજરોજ બપોરના ૩.૩૦ વાગે ગૃહ ઉદ્યોગ સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જયારે શ્રી રજનીભાઈ પારેખ, શ્રી અશોક મહેતા, શ્રીમતી ચંદ્રાબહેન શાહ, શ્રી

*મા એક એવી ઋતુ છે, જેને કદી પાનખર આવતી જ નથી.*

મહેન્દ્રભાઈ શાહ, શ્રી રાજુભાઈ ત્રેવાડિયા તથા શ્રી ભાવેશ હીરજી ગડા ઉપસ્થિત રહેલ હતા. આ મિટિંગમાં સમાજના જે લોકો ગૃહઉદ્યોગ ચલાવે છે તેઓ માટે ખાદ્ય પદાર્થની લગભગ ૪૦ આઈટમ અને અન્ય લગભગ ૧૦ આઈટમનું લિસ્ટ બનાવવામાં આવેલ હતું અને શક્ય હોય ત્યાં લગી દરેક પરિવાર ઉચ્ચ ધારાધોરણવાળી એકેક આઈટમ બનાવે તેવા પ્રયાસો કરવાનું નક્કી કરવામાં આવેલ હતું. જ્યાં લગી બધી આઈટમો બનાવનાર પરિવારો આગળ ના આવે ત્યાં લગી હાલે ગૃહઉદ્યોગ ચલાવનાર પરિવાર એકથી વધુ આઈટમ બનાવી શકે. એક સમિતિ બનાવવામાં આવે કે જે કદાચ મહિલા સમિતિ હોય, તેઓ દરેક બનાવનાર પાસે તેઓએ બનાવેલ આઈટમ ઉચ્ચ પ્રકારની છે કે નહીં તેનું ચેકિંગ કરતી રહે. આ આઈટમોનું વિતરણ સમાજના ચારે ભવનો પરના રિટેઈલ કાઉન્ટર દ્વારા કરવામાં આવે. જરૂરિયાત મુજબ સેલ્સમેન પણ મૂકી શકાય. આ પ્રમાણે જરૂરિયાતવાળા પરિવારો પોતાને ત્યાં ગૃહ ઉદ્યોગ શરૂ કરે તેવા પ્રયાસો કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

☆ આજરોજ સાંજના ગૃહ ઉદ્યોગ સમિતિએ ગૃહઉદ્યોગ શરૂ કરનાર પરિવારોને શ્રી કચ્છી જૈન ભવન પર એકત્રિત કરેલ હતા. સમિતિ સહિત પરિવારના સભ્યોની સંખ્યા લગભગ ૪૦ જેટલી રહેવા પામેલ હતી. આ સભાને શ્રી રજનીભાઈ પારેખ, શ્રી કિરણભાઈ મનસુખલાલ, ડૉ. ચંદ્રકાંત દેઢિયા તથા શ્રી અશોક મહેતાએ માર્ગદર્શન આપેલ હતું. દરેક પરિવાર ગૃહ ઉદ્યોગની ૪૦ ખાદ્ય પદાર્થની આઈટમો તથા ૧૦ અન્ય આઈટમોમાંથી શું બનાવી શકશે તેવું પૂછીને જે તે પરિવારોની જે-તે આઈટમોની નોંધ લેવામાં આવેલ હતી. તેઓએ તેમના વેચાણના ભાવ અને દરેક પરિવાર વધુમાં વધુ કેટલા જથ્થામાં જે તે આઈટમ બનાવી શકશે તેવું નક્કી થયા બાદ દરેક પરિવારને તે આઈટમ બનાવવાની શરૂઆત કરી દેવાનું કહેવામાં આવશે. ઉપસ્થિત લોકોએ ઉદ્ભવેલ પ્રશ્નોની રજૂઆત કરતાં, તેના નિરાકરણ સૂચવવામાં આવ્યા હતા. ત્યારબાદ આ સભાને બરખાસ્ત કરવામાં આવેલ હતી.

- **સોમવાર, તા. ૨૨-૧૧-૨૦૧૦**

☆ આજરોજ શૈક્ષણિક સહાય સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી કે જ્યારે શ્રી સૂરજલાલ મહેતા, શ્રી આણંદજીભાઈ વીરા, શ્રી કે.ડી. શાહ વગેરે હાજર હતા. આ મિટિંગમાં જે વિદ્યાર્થીની સહાય માટે અરજી ખૂબ જ મોડી આવેલ હતી તેની દરેક રીતે ચકાસણી કર્યા બાદ તેને સ્પેશિયલ કેસ તરીકે મંજૂર રાખવામાં આવેલ હતી.

- **મંગળવાર, તા. ૨૩-૧૧-૨૦૧૦**

☆ મુંબઈથી પધારેલ શ્રી પન્નાલાલ છેડાને લઈ શ્રી હરખચંદ સાવલા શ્રી કચ્છી જૈન ભવન પર આવેલ હતા. શ્રી અશોક મહેતા તથા શ્રી હીરજીભાઈ ઉપસ્થિત રહેલ હતા. મુખ્યત્વે મુંબઈના સમાજોની હાલની ગતિવિધિની ચર્ચા કરવામાં આવેલ હતી.

- **ગુરુવાર, તા. ૨૫-૧૧-૨૦૧૦**

☆ આજરોજ સભ્યપદ સમિતિની એક મિટિંગ શ્રી કચ્છી જૈન ભવન પર મળેલ હતી. શ્રી પોપટલાલ નેણશી ધરોડ, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ, શ્રી આણંદજીભાઈ વીરા ઉપસ્થિત રહેલ હતા. નવા સભ્યપદ માટે આવેલ ૪ અરજીને ચકાસી તેને મંજૂર રાખવા ટ્રસ્ટ મંડળ પર ભલામણ કરવાનું નક્કી કરવામાં આવેલ હતું.

- **શુક્રવાર, તા. ૨૬-૧૧-૨૦૧૦**

☆ શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર 'જલારામ અન્નક્ષેત્ર' શરૂ કરવા મુંબઈથી શ્રી જલારામ ચેરિટેબલ ટ્રસ્ટે (શ્રી એલ.ડી. શાહે) મોકલેલ રૂા. ૧૦ લાખ આજરોજ શ્રી ક.જૈ.સે.સ.ના ખાતામાં જમા થઈ ગયેલ હતા. તા. ૧-૧૨-૨૦૧૦થી શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર કચ્છથી પધારેલ જરૂરિયાતવાળા દર્દીઓ માટે 'જલારામ અન્નક્ષેત્ર' શરૂ થઈ જાય તેવી ગણના રાખવામાં આવેલ છે.

- **શનિવાર, તા. ૨૭-૧૧-૨૦૧૦**

☆ આજરોજ શ્રી કચ્છી જૈન ભવન પર ભવન સમિતિની એક મિટિંગ મળેલ હતી. જેમાં શ્રી મણિલાલ કુંવરજી ગોસર, શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર, શ્રી કે.ડી. શાહ, શ્રી રજનીભાઈ પારેખ, શ્રી હીરજી પાસુ શાહ વગેરે ઉપસ્થિત રહેલ હતા. કેન્ટીનમાંથી હાલે અપાતી ચા તથા કોફીના દર રૂા. ૮/- કરી આપવાનું, કચ્છી જૈન ભવન પર ડ્રેઈનેજની પાઈપો ખવાઈ ગયેલ હોવાથી જરૂરિયાત મુજબ બદલવા, ભવનની કેન્ટીનમાં સી.એન.જી. ગેસ લાઈનનું કનેક્શન લેવા વગેરે અંગે જરૂરી નિર્ણયો લેવાયેલ હતા.

- **રવિવાર, તા. ૨૮-૧૧-૨૦૧૦**

☆ શ્રી કચ્છી જૈન ભવન પર આજે સવારમાં કારોબારી સમિતિની એક મિટિંગ મળેલ હતી. અંદાજે ૧૫ સભ્યો ઉપસ્થિત રહેલ હતા. સામૂહિક પ્રાર્થના, મેડિકલ સમિતિ તરફથી આવેલ સાધનો ખરીદવા અંગેની વિવિધ દરખાસ્તો, અડદિયા લાડુ તેમજ વિવિધ અથાણા બનાવવા, અન્ય ભવનો પર ગૃહ ઉદ્યોગમાં બનેલ રિટેઈલ કાઉન્ટરો શરૂ કરવા, ખર્ચ કરવામાં આવેલ શિલ્ડ વગેરેના ખર્ચની મંજૂરી વગેરે અંગે ચર્ચા વિચારણા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા.

☆ શ્રી કચ્છી જૈન ભવન પર આજરોજ ટ્રસ્ટ મંડળની એક મિટિંગ મળેલ હતી. અંદાજે ૧૨ ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહેલ હતા. શ્રી કચ્છી વિશ્રામ ગૃહ પર 'જલારામ અન્નક્ષેત્ર' શરૂ કરવા તથા 'સંકલ્પ'ના આવેલ પત્ર પર ચર્ચા-વિચારણા કરી, જરૂરી નિર્ણયો લેવામાં આવેલ હતા. ■

*રોમે રોમ હેત ભર્યું... જેના વેણેવેણે વરદાન, ઘેર ઘેર એ જ બિરાજે... 'મા' રૂપે ભગવાન.*